સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૨ ■ Volume 67 ■ Issue 46
■ વિક્રમ સંવત ૨૦૭૯ ■ આશ્વિન વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2021-23
રવિવાર, ૧૨ નવેમ્બર, ૨૦૨૩, કિંમત ₹ ૧૦.૦૦ | ૧૨+૧૨ પાનાં દુબઈ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# સરયૂ નદીના કિનારે સર્જાયો ‘વિશ્વ વિક્રમ’






**અયોધ્યા ૨૨.૨૩ લાખ દીવાથી ઝગમગઃ સરયૂના કાંઠે ૫૧ ઘાટ પર દીપોત્સવ**

**દીપોત્સવઃ** અયોધ્યામાં ‘રામ કી પૌડી’ ખાતે અંદાજે ૨૨.૨૩ લાખ દીપ પ્રગટાવીને નવો વિશ્વ વિક્રમ કરાયો હતો. (પીટીઆઇ)

અયોધ્યાઃ અહીં સરયૂ નદીના કાંઠે ૫૧ ઘાટ પર ૨૨.૨૩ લાખ દીવા કરવામાં આવતા આખું અયોધ્યા ઝગમગી ઊઠ્યું હતું. નદીના અનેક ઘાટ પર દીપોત્સવ વખતે પુષ્પવર્ષા કરાઇ હતી અને લાઇટ અને સાઉન્ડ શો યોજાયો હતો.

‘પુષ્પક વિમાન’માંથી ભગવાન રામ, સીતા અને લક્ષ્મણની ભૂમિકા ભજવતા લોકોને રામકથા પાર્કમાં ઉતારવામાં આવ્યા હતા. તેઓની આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલ અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ હાજર હતાં. તેઓએ ભગવાન રામ, સીતા અને લક્ષ્મણના રથને પણ ખેંચ્યો હતો.

‘રામ કી પૌડી’ ખાતે બેસાડાયેલા વિશાળ સ્ક્રીન પર રામાયણને આધારિત વિવિધ ઘટનાને દર્શાવતો લાઇટ અને સાઉન્ડ શો યોજાયો હતો.

દેશ-વિદેશથી આવેલા હજારો લોકોની સાથે આશરે પચાસ દેશના રાજદૂતોએ અયોધ્યામાંના આ દીપોત્સવને માણ્યો હતો. પચીસ હજાર જેટલા સ્વયંસેવકોની મદદથી આ દીવા પ્રગટાવાયા હતા.

રામનગરીમાં ભગવાન રામના જન્મથી રાજ્યાભિષેક સુધીની સફર દર્શાવતી ૧૯ ઝાંખી રજૂ કરાઇ હતી.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે અયોધ્યામાં ૨૦૧૭થી સરયૂ નદીના

(જુઓ પાનું ૨) ▸▸






BIJAL ADS




## પાકિસ્તાન વિશ્વકપમાંથી બહાર ફેંકાયું

### ઇંગ્લેન્ડ સામે ૯૩ રનથી પરાજય

કોલકાતાઃ અહીં શનિવારે રમાયેલી વિશ્વકપની મેચમાં પાકિસ્તાન ઇંગ્લેન્ડ સામે ૯૩ રને હારી જતાં સેમિફાઇનલમાં પ્રવેશવાની તેની બચેલી થોડી આશા પર પણ પાણી ફરી વળ્યું હતું.

પાકિસ્તાનના બધા બૅટ્સમેન ૪૩.૩ ઓવરમાં ૨૪૪ રન કરી આઉટ થયા હતા.

પાકિસ્તાનની બૅટિંગની શરૂઆત બહુ ખરાબ રહી હતી. તેણે પહેલી વિકેટ એક પણ રનનું ખાતું ખોલાવ્યા વિના તુરત જ ગુમાવી હતી. બીજી વિકેટ દસ રનના જુમલે પડી હતી, જ્યારે ૬૧ રનના જુમલે ત્રીજી વિકેટ ગુમાવી હતી.

પાકિસ્તાનની બૅટિંગમાં બાબર આઝમે ૩૮, મહંમદ રિઝવાને ૩૬, સૌદ શકીલે ૨૯ અને આઘા સલમાને ૫૧ રન કર્યા હતા. શાહિન શાહ આફ્રિદી પચીસ રન કરીને આઉટ થયો હતો.

અગાઉ, ઇંગ્લેન્ડે પ્રથમ બૅટિંગ કરતા પચાસ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૩૩૭ રન કર્યા હતા. ઇંગ્લેન્ડ વતી ડેવિડ મેલને ૩૧, જૉની બેરસ્ટોએ

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં વિદેશી દારૂના વેચાણથી સરકારને ૨૦૦ કરોડની કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વિદેશી દારૂ અને બિયરના વેચાણ માટે પરવાના અપાયા છે. જેમાં દારૂના વેચાણથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૨૦૦ કરોડની આવક રાજ્ય સરકારને થઈ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૧.૮૪ કરોડની આવક થઈ હતી, જોકે છેલ્લે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૭૮.૧૪ કરોડની આવક દારૂના વેચાણ દ્વારા થઈ છે. વર્ષ ૨૦૨૦-૨૧ની સરખામણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં દારૂની આવકમાં ૬૬ ટકા જેટલો જંગી ઉછાળો નોંધાયો છે.

રાજ્યના ગૃહ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં સ્પિરિટ, વાઈનની સરખામણીએ બિયરનું વેચાણ વધ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અરસામાં ૭.૭૩ લાખ લિટર સ્પિરિટનું વેચાણ (જુઓ પાનું ૨) ▸▸

### મોદીની કલમનો કરિશ્મા

## ગીત ‘એબન્ડન્સ ઇન મિલેટ્સ’ ગ્રેમી એવોર્ડ માટે થયું નોમિનેટ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગ્રેમી એવોર્ડ વિજેતા ફાલ્ગુની શાહ અને તેના પતિ ગૌરવ શાહ સાથે મળીને લખવામાં આવેલું ગીત ‘એબન્ડન્સ ઇન મિલેટ્સ’ને ગ્રેમી અવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યું છે. આ ગીતને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ પહેલી વાર છે જ્યારે કોઇ રાજકારણીના ગીતને ગ્રેમી નોમિનેશન મળ્યું હોય. મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૩માં જાહેર કરાયેલ ઈન્ટરનેશનલ મિલેટ યર એટલે કે મિલેટ્સના વર્ષના અભિયાનને સમર્પિત આ ગીતને ફાલ્ગુની શાહ અને ગૌરવ શાહે સ્વર આપ્યો છે. મિલેટ યર અભિયાનને વેગ આપવા માટે લખાયેલ અને ગાયેલું ગીત ‘એબન્ડન્સ ઇન મિલેટ્સ’ આ વર્ષે ૧૬ જૂને રિલીઝ કરવામાં આવ્યું હતું. હાલમાં તેનો અન્ય ભાષાઓમાં અનુવાદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વિશ્વભરમાં ફાલુ તરીકે જાણીતી સિંગર ફાલ્ગુની શાહ સંગીતના ક્ષેત્રમાં અગાઉ ગ્રેમી અવોર્ડ જીતી ચૂકી છે. હવે તેણે બાજરી માટે જાગૃતિ લાવવાના હેતુથી આ ગીત લખ્યું છે.

(જુઓ પાનું ૨) ▸▸



2146.2018C

## સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની ભાગદોડઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં તહેવારોના કારણે ભારે ભીડ થતા ભાગદોડ મચી ગઈ હતી. જેના કારણે ચારથી પાંચ લોકો બેભાન થયા હતાં. તેમાંથી એક વ્યક્તિને સારવાર માટે ૧૦૮ દ્વારા હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં જેનું મોત થયું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરત રેલવે સ્ટેશન પર છેલ્લા બે દિવસથી દિવાળી અને છઠ્ઠ પૂજાને લઈને પરપ્રાંતીયોનો વતન જવા માટે ધસારો વધ્યો હતો. ટ્રેનની ક્ષમતા કરતાં ત્રણથી ચાર ગણા લોકો પ્લેટફોર્મ પર પહોંચી જતાં અરાજકતાનો માહોલ સર્જાયો હતો. પ્લેટફોર્મ પર ટ્રેનમાં બેસવા માટે ભારે ધક્કામુક્કી થતા ભાગદોડ મચી ગઇ હતી.

આ સમગ્ર ઘટના અંગે રેલવે એસીપીએ જણાવ્યું હતું કે, અગાઉથી પૂરતી વ્યવસ્થા કરાઇ હતી, પરંતુ ભારે ભીડના કારણે મુશ્કેલી ઊભી થઈ હતી. તેમજ આરપીએફ કર્મચારીઓ પણ હાજર જ હતા. આ ઉપરાંત પોલીસકર્મીઓ પણ તૈનાત જ હતા તેમ છતાં ભારે ભીડના કારણે દુર્ઘટના બની છે.

(જુઓ પાનું ૨) ▸▸



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૧૨–૧૧–૨૦૨૩ થી તા.૧૮–૧૧–૨૦૨૩

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૭મીએ તુલામાંથી વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે. મંગળ તા. ૧૬મીએ વૃશ્ચિકમાં પ્રવેશે છે. બુધ સમગ્ર સપ્તાહમાં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ વક્રી ગતિએ મેષ રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કન્યા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. સપ્તાહના આરંભે ચંદ્ર તુલા રાશિમાં રહે છે. તા. ૧૩મીએ વૃશ્ચિક રાશિમાં, તા. ૧૬મીએ ધનુ રાશિમાં, તા. ૧૮મીએ મકર રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારના કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીના હસ્તગત કામકાજમાં પરિવર્તનો જણાય છે. તા. ૧૨, ૧૩, ૧૮ના કામકાજ સફળ બની રહેશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. ભાગીદાર સાથેના વિવાદો હળવા થશે. મહિલાઓને પડોશ મિત્ર સાથેના વિવાદનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો એકંદરે અનુકૂળ બની રહેશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણ માટે અનુકૂળતાઓ અનુભવશો. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. તા. ૧૨, ૧૩, ૧૫ની કારોબારની વાટાઘાટો સફળ બની રહેશે. ભાગીદાર સાથેના નાણાંવ્યવહાર સંપન્ન થશે. મહિલાઓને કુટુંબના સદસ્યો પ્રાસંગિક જવાબદારી માટે ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓ નવા વિષયની જાણકારી મેળવી શકશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબનું નાણાં રોકાણ કરવાની તક મેળવશો. નોકરીના સ્થળની બદલી શક્ય જણાય છે. તા. ૧૪, ૧૫, ૧૮ના કાર્યક્ષેત્રના નિર્ણયો એકંદરે યશસ્વી પુરવાર થશે. નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓના ઉપરી અધિકારીઓ સાથેના જૂનાં મતભેદો, ગેરસમજણનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને રમતગમત, હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત થતી જણાય.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળતાઓ અનુભવશો. નોકરીમાં ધાર્યા મુજબના સહકાર્યકરોનો સહયોગ મેળવશો. તા. ૧૨, ૧૩, ૧૭ના સ્થાવર મિલકતના નિર્ણયો લઈ શકશો. જૂનાં નાણાંઉઘરાણીના કામકાજ સફળ બની રહેશે. વાહનના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ નવી નોકરીનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને રચનાત્મક, હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસ એકંદરે નિયમિત બની રહેશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા અનુસાર રોકાણની તક મેળવશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧૨, ૧૩, ૧૮નો કારોબાર અર્થેનો પ્રવાસ સફળ બની રહેશે. અધિકારીનો સહયોગ મેળવશો. સપ્તાહમાં કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. નાણાં વ્યવસ્થા જાળવણીના પ્રયત્નો સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધનો, પ્રોત્સાહન માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ તથા દૈનિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં માનમરતબો, યશ જળવાઈ રહેશે. તા. ૧૪, ૧૫, ૧૮ના કારોબારના કામકાજ એકંદરે પ્રોત્સાહક બની રહેશે. નાણાં આવકના સાધનોની વૃદ્ધિ થશે. મહિલાઓને પ્રવાસ દ્વારા પરિવારના જવાબદારીના કામકાજ પૂર્ણ કરવા માટે સફળતા પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને નબળા વિષયમાં સહઅધ્યાયીઓનું માર્ગદર્શન પ્રાપ્ત થાય.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણના નિર્ણયો સ્વપ્રયત્ને સફળ બની રહેશે. નોકરીના હસ્તગત કામકાજમાં દ્વિધા, મૂંઝવણ દૂર થશે. નાણાંની વ્યવસ્થા જાળવવા માટે સફળ રહેશો. પ્રવાસમાં ઓળખાણો ઉપયોગી થાય. મહિલાઓને રાજકારણ, સામાજિક પ્રવૃત્તિમાં યશ પ્રાપ્ત થતો જણાય. પરિવારની જરૂરિયાતોની ખરીદી પણ પૂર્ણ થતી જણાય. વિદ્યાર્થીઓને અભ્યાસના પ્રવાસ સફળ થતા જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં નવીન કામકાજ, જવાબદારી મેળવશો. તા. ૧૪, ૧૫, ૧૮ના કારોબારના નિર્ણયો સ્વપ્રયત્ને સફળ બની રહેશે. નાણાંની વ્યવસ્થા જાળવવા માટે સપ્તાહના ગોચરફળ શુભ જણાય છે. મહિલાઓનો પડોશના વિવાદોનો ઉકેલ પ્રાપ્ત થતો જણાય. જાહેર સામાજિક પ્રવૃત્તિઓ પણ યશ અપાવશે. વિદ્યાર્થીઓના દૈનિક અભ્યાસ સફળ પુરવાર થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટે સફળ તકો મેળવશો. નોકરી અર્થે સ્થળાંતર શક્ય જણાય છે. તા. ૧૨, ૧૩, ૧૭, ૧૮ કાર્યક્ષેત્રે રચનાત્મક, સકારાત્મક નિર્ણયો લેવા માટે સફળ દર્શાવે છે. નવા નાણાંઆવકના સાધનો ઉપલબ્ધ થાય. મહિલાઓને પરિવારના સદસ્યોનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓના કઠીન અભ્યાસ આ સપ્તાહમાં સરળ બનતા જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષાનુસાર નવું રોકાણ રોકાણ સફળ થતું જણાય છે. નોકરીના જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરવા માટે સફળ રહેશો. તા. ૧૨, ૧૩, ૧૮ના કાર્યક્ષેત્રની વાટાઘાટો સફળ બની રહેશે. નાણાંના આયોજનો માટે સફળ બની રહેશો. મહિલાઓને પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવી શકશો. તા. ૧૨, ૧૩, ૧૫, ૧૬ના નિર્ણયો કાર્યક્ષેત્રે લાભદાયી પુરવાર થશે. નાણાં આવકના સાધનો મેળવી શકશો. મહિલાઓને નોકરીના કામકાજમાં અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને સહ અધ્યાયીઓનો સહયોગ, માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં બ્રોકરેજના કામકાજમાં સફળતા મેળવશો. નોકરી માટે પ્રવાસ શક્ય છે. તા. ૧૬, ૧૭, ૧૮ના કામકાજ યશસ્વી બની રહેશે. કાર્યક્ષેત્રે દ્વિધાઓનો ઉકેલ આવશે. નાણાંઆવકના સાધનોની વૃદ્ધિ થાય. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે. ■

## આજનું પંચાંગ

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ), રવિવાર, તા. ૫–૧૧–૨૦૨૩ કાલાષ્ટમી, કરાષ્ટમી.

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ), રવિવાર, તા. ૧૨–૧૧–૨૦૨૩, દિવાળી, શ્રી શારદા પૂજન, નરક ચતુર્દશી, (ચોપડા),મહાસરસ્વતી પૂજન
ભારતીય દિનાંક ૨૧, માહે કાર્તિક, શકે ૧૯૪૫
વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ–૧૪
જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ–૧૪
પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૩
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સ ન ૧૩૯૨
મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
મીસરી રોજ ૨૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૦ સુધી (તા. ૧૩મી) પછી વિશાખા.
ચંદ્ર તુલામાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨ સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૫ સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતી : સવારે ક. ૧૦–૫૮, રાત્રે ક. ૨૩–૪૩
ઓટઃ સાંજે ક. ૧૬–૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૩૬ (તા. ૧૩)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ– ચતુર્દશી. નરક ચતુર્દશી, ચંદ્રોદય પ્રાતઃ ૦૫–૩૩, અભ્યંગ સ્નાન, લક્ષ્મી વ ઈન્દ્ર પૂજન, દિવાળી, મહાવીર નિર્વાણ દિન (જૈન)
શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વરાજ શ્રેષ્ઠ દિન
મુહૂર્ત વિશેષઃ મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજા દ્વારા આવનારા વર્ષના વધામણાં લેવાનો પવિત્ર દીપોત્સવી પર્વ છે. કંપનીના, વ્યક્તિગત હિસાબનાં ચોપડા તથા ઉપયોગી વાંચનનાં પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટરનું પૂજન તથા સ્ટેશનરીનું પૂજન,ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં,પ્રદોષકાળ અને નિષીધકાળ વ્યાપિની અમાસ હોવાથી બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ચોપડાપૂજન કરવું. ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છેઃ
(૧) સવારે ક. ૦૮–૦૯ થી ક. ૦૯–૩૪ (ચલ) (૨) સવારે ક. ૦૯–૩૪ થી ક. ૧૦–૫૮ (લાભ) (૩) બપોરે ક. ૧૦–૫૮ થી ક. ૧૨–૨૨ (અમૃત) (૪) બપોરે ક. ૧૩–૪૭ થી ક. ૧૫–૧૧ (શુભ) (૫) સાંજે ક. ૧૮–૦૦ થી ક. ૧૯–૩૫ (શુભ) (૬) સાંજે ક. ૧૯–૩૫ થી ક. ૨૧–૧૧ (અમૃત) (૭) રાત્રે ક. ૨૧–૧૧ થી ક. ૨૨–૪૭ (ચલ) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૮ થી ક. ૦૩–૩૩ (તા.૧૩) (લાભ) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫–૦૯ થી ક. ૦૬–૪૫ (તા.૧૩) (શુભ) (૧૦) પ્રદોષકાળ સાંજે ક. ૧૮–૦૦ થી રાત્રે ક. ૧૯–૪૨ (૧૧) નિશિથકાળ રાત્રે ક. ૨૩–૫૮ થી મધ્યરાત્રે ક. ૨૪–૪૮ સ્થિર લગ્નોઃ (૧) સવારે ક. ૦૭–૧૦ થી ક.૦૯–૨૪ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૩–૨૦ થી ક. ૧૪–૫૭ (કુંભ) (૩) સાંજે ક. ૧૮–૧૫ થી રાત્રે ક. ૨૦–૧૫ (વૃષભ) (૪)મધ્યરાત્રે ક. ૦૦–૪૩ થી ક. ૦૨–૫૨ (તા. ૧૩) (સિંહ) (૫) વૃષભ સ્થિર લગ્ન, કુંભ નવમાંશ ક.૧૮–૨૭ થી ક.૧૮–૪૦ (૬) વૃષભ સ્થિર લગ્ન, વૃષભ નવમાંશ ક. ૧૯–૦૬ થી ક. ૧૯–૧૯ (૭)વૃષભ સ્થિર લગ્ન સિંહ નવમાંશ ક. ૧૯–૪૬ થી ક. ૨૦–૦૦ (૮)સિંહ સ્થિર લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૦–૫૭ થી ક. ૦૧–૧૨. (તા. ૧૩મી) (૯) સિંહ સ્થિર લગ્ન, સિંહ નવમાંશ ક. ૦૧–૪૦ થી ક. ૦૧–૫૪ (તા. ૧૩મી) (૧૦) સિંહ સ્થિર લગ્ન ,વૃશ્ચિક નવમાંશ ક. ૦૨–૨૩ થી ક. ૦૨–૩૭ (તા. ૧૩મી)
(૧૧) કુંભ સ્થિર લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૧૩–૩૧ થી ક. ૧૩–૪૨
(૧૨) કુંભ સ્થિર લગ્ન, કુંભ નવમાંશ ક. ૧૪–૧૫ થી ક. ૧૪–૨૫
(૧૩) કુંભ સ્થિર લગ્ન વૃષભ નવમાંશ ક. ૧૪–૪૭ થી ક. ૧૪–૫૭
આચમનઃ ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ સટ્ટા કરવાનો સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ
ગોચરગ્રહોઃ સૂર્ય–તુલા, મંગળ–તુલા, બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–મેષ, શુક્ર–કન્યા, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ–મેષ, વક્રી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૧૨–૧૧–૨૦૨૩ થી તા. ૧૮–૧૧–૨૦૨૩

રવિવાર, આસો વદ–૧૪, તા. ૧૨મી, ૨૦૨૩. નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૦ સુધી (તા. ૧૩મી) પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. નરક ચતુર્દશી, ચંદ્રોદય પ્રાતઃ ૦૫–૩૩, અભ્યંગ સ્નાન, લક્ષ્મી વ ઈન્દ્ર પૂજન, દિવાળી, મહાવીર નિર્વાણ દિન (જૈન) મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજા દ્વારા આવનારા વર્ષના વધામણાં લેવાનો પવિત્ર દીપોત્સવી પર્વ છે. કંપનીના, વ્યક્તિગત હિસાબનાં ચોપડા તથા ઉપયોગી વાંચનના પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટરનું પૂજન તથા સ્ટેશનરીનું પૂજન,ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં,પ્રદોષકાળ અને નિષીધકાળ વ્યાપિની અમાસ હોવાથી બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ચોપડાપૂજન કરવું. ચોપડાપૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૮–૦૯ થી ક. ૦૯–૩૪ (ચલ) (૨) સવારે ક. ૦૯–૩૪ થી ક. ૧૦–૫૮ (લાભ) (૩) બપોરે ક. ૧૦–૫૮ થી ક. ૧૨–૨૨ (અમૃત) (૪) બપોરે ક. ૧૩–૪૭ થી ક. ૧૫–૧૧ (શુભ) (૫) સાંજે ક. ૧૮–૦૦ થી ક. ૧૯–૩૫ (શુભ) (૬) સાંજે ક. ૧૯–૩૫ થી ક. ૨૧–૧૧ (અમૃત) (૭) રાત્રે ક. ૨૧–૧૧ થી ક. ૨૨–૪૭ (ચલ) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૮ થી ક. ૦૩–૩૩ (તા.૧૩) (લાભ) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫–૦૯ થી ક. ૦૬–૪૫ (તા.૧૩) (શુભ) (૧૦) પ્રદોષકાળ સાંજે ક. ૧૮–૦૦ થી રાત્રે ક. ૧૯–૪૨ (૧૧) નિશિથકાળ રાત્રે ક. ૨૩–૫૮ થી મધ્યરાત્રે ક. ૨૪–૪૮ સ્થિર લગ્નોઃ (૧) સવારે ક. ૦૭–૧૦ થી ક.૦૯–૨૪ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૩–૨૦ થી ક. ૧૪–૫૭ (કુંભ) (૩) સાંજે ક. ૧૮–૧૫ થી રાત્રે ક. ૨૦–૧૫ (વૃષભ) (૪)મધ્યરાત્રે ક. ૦૦–૪૩ થી ક. ૦૨–૫૨ (તા. ૧૩) (સિંહ) (૫) વૃષભ સ્થિર લગ્ન, કુંભ નવમાંશ ક.૧૮–૨૭ થી ક.૧૮–૪૦ (૬) વૃષભ સ્થિર લગ્ન, વૃષભ નવમાંશ ક. ૧૯–૦૬ થી ક. ૧૯–૧૯ (૭)વૃષભ સ્થિર લગ્ન સિંહ નવમાંશ ક. ૧૯–૪૬ થી ક. ૨૦–૦૦ (૮)સિંહ સ્થિર લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૦–૫૭ થી ક. ૦૧–૧૨. (તા. ૧૩મી) (૯) સિંહ સ્થિર લગ્ન, સિંહ નવમાંશ ક. ૦૧–૪૦ થી ક. ૦૧–૫૪ (તા. ૧૩મી) (૧૦) સિંહ સ્થિર લગ્ન ,વૃશ્ચિક નવમાંશ ક. ૦૨–૨૩ થી ક. ૦૨–૩૭ (તા. ૧૩મી) (૧૧) કુંભ સ્થિર લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૧૩–૩૧ થી ક. ૧૩–૪૨ (૧૨) કુંભ સ્થિર લગ્ન, કુંભ નવમાંશ ક. ૧૪–૧૫ થી ક. ૧૪–૨૫ (૧૩) કુંભ સ્થિર લગ્ન વૃષભ નવમાંશ ક. ૧૪–૪૭ થી ક. ૧૪–૫૭

સોમવાર, આસો વદ–૩૦, તા. ૧૩મી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૨ સુધી (તા. ૧૪મી) પછી અનુરાધા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૧–૧૭ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, સોમવતી અમાવસ્યા બપોરે ક. ૧૪–૫૮ સુધી, અન્વાધાન, કેદાર ગૌરી વ્રત (દક્ષિણ ભારત), બલિપૂજા, ગોવર્ધનપૂજા, ગૌક્રીડા, અન્નકૂટ, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૧–૧૮.

મંગળવાર, કાર્તિક સુદ–૧, તા. ૧૪મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૩ સુધી (તા. ૧૫મી), પછી જયેષ્ઠા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સા રંભ, મહાવીર જૈન સંવત્સારંભ ૨૫૫૦, દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ, અભ્યંગ સ્નાન, ચંદ્રદર્શન મુ. ૩૦ સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૫૩ અંશ, બાલદિન – નહેરુ જયંતી, પારસી ૪થો તીર માસારંભ. વિંછુડો. કુલાચાર પ્રમાણે મિતિ નાખવી – કાંટો બાંધવો – નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો. મુર્હૂત સમયઃ (૧) સવારે ક. ૦૯–૩૪ થી ક. ૧૦–૫૮ (ચલ) (૨) સવારે ક. ૧૦–૫૮ થી ક. ૧૨–૨૨ (લાભ) (૩) બપોરે ક. ૧૨–૨૨ થી ક. ૧૩–૪૬ (અમૃત) (૪) બપોરે ક. ૧૫–૧૧ થી ક. ૧૬–૩૫ (શુભ)

બુધવાર, કાર્તિક સુદ–૨, તા. ૧૫મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૦ સુધી (તા. ૧૬) પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૦ સુધી (તા. ૧૬) પછી ધનુ રાશિ પર જન્માક્ષર. વિશ્વકર્મા ડે, ભાઈબીજ, યમદ્વિતીયા, ભરત દ્વિતીયા, મુસ્લિમ ૫મો જમાદુલ અવ્વલ માસારંભ, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૧.

ગુરુવાર, કાર્તિક સુદ–૩, તા. ૧૬મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૧૬ સુધી (તા. ૧૭મી) પછી પૂર્વાષાઢા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, મંગલ વૃશ્ચિકમાં સવારે ક. ૧૦–૪૫, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩–૫૨. સૂર્ય વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૭. મુ. ૩૦. સામ્યાર્ઘ, મહાલય સમાપ્તિ.

શુક્રવાર, કાર્તિક સુદ–૪, તા. ૧૭મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૬ સુધી (તા. ૧૮મી), પછી ઉત્તરાષાઢા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. લાલા લજપતરાય પુણ્યતિથિ, સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી ૧૨–૨૪, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧–૦૫

શનિવાર, કાર્તિક સુદ–૫, તા. ૧૮મી, નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૪–૦૬ સુધી, પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં ૦૬–૫૯ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. લાભપાંચમ, પાંડવ પંચમી. કુલાચાર પ્રમાણે આજનાં પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે. મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૮–૧૨ થી ક. ૦૯–૩૬ (શુભ) (૨) બપોરે ક. ૧૨–૨૩ થી ક. ૧૩–૪૭ (ચલ) (૩) બપોરે ક. ૧૩–૪૭ થી ક. ૧૫–૧૧ (લાભ) (૪) બપોરે ક. ૧૫–૧૧ થી સાંજે ક. ૧૬–૩૫ (અમૃત) ■

# કૅનેડામાં શિખ પિતા-પુત્રની ગોળી મારીને હત્યા

ઑટ્ટાવાઃ કૅનેડાના ઍડમૉન્ડનમાં થયેલી હિંસામાં ભારતીય મૂળના શિખ પિતા અને તેના ૧૧ વર્ષની પુત્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ૪૧ વર્ષના હરપ્રિતસિંહ ઉપલ અને તેના પુત્રને ગુરુવારે બપોરે ગૅસ સ્ટેશનની બહાર ઠાર મારવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. જોકે, ઠાર મરાયેલા પુત્રનો મિત્ર પણ કારમાં જ હતો, પરંતુ તેનો ચમત્કારિક બચાવ થયો હોવાનું પોલીસે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર શૂટરોએ ગોળીબાર કર્યો ત્યારે છોકરાઓ કારમાં હોવાની તેમને જાણ નહોતી, પરંતુ તેમને જ્યારે જાણ થઈ કે પુત્ર પણ કારમાં છે ત્યારે તેમણે ઈરાદાપૂર્વક ગોળીબાર કરીને તેને ઠાર માર્યો હતો. (એજન્સી) ■

# આઇસલેન્ડમાં ૧૪ કલાકમાં ભૂકંપના ૮૦૦ આંચકા

## જ્વાળામુખી વિસ્ફોટની સંભાવના

રેકજાવિકઃ આઇસલેન્ડના દક્ષિણ પશ્ચિમ રેકજેનેસ દ્વીપકલ્પમાં શુક્રવારે શ્રેણીબદ્ધ શક્તિશાળી ધરતીકંપના આંચકાઓ આવવાને કારણે સરકારે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. આ આંચકાઓ જ્વાળામુખી ફાટી નીકળવાના પૂર્વગામી સંકેતો તરીકે જોવામાં આવી રહ્યા છે.

સરકારના નાગરિક સુરક્ષા અને કટોકટી વ્યવસ્થાપન વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગ્રિંડાવિકની ઉત્તરે તીવ્ર ભૂકંપ હલચલને કારણે રાષ્ટ્રીય પોલીસ વડા નાગરિક સંરક્ષણ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરે છે. ભૂકંપના આંચકાઓ આવ્યા છે તેના કરતા વધુ તીવ્ર આંચકાઓ આવી શકે છે. જે જ્વાળામુખી વિસ્ફોટ તરફ દોરી જઈ શકે છે. વહીવટી તંત્રએ આગામી કેટલાક દિવસોમાં જ્વાળામુખી વિસ્ફોટ થવાની શક્યતા વ્યક્ત કરી હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારે મધ્યરાત્રિથી બપોરના બે વાગ્યા સુધીમાં લગભગ ૮૦૦ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઉપરાંત ઑક્ટોબરના અંતથી દ્વીપકલ્પ પર લગભગ ૨૪,૦૦૦ આંચકા નોંધાયા છે.

ગ્રિંડાવિકની ટાઉનમાં લગભગ ૪,૦૦૦ લોકો વસે છે. જ્યાં શુક્રવારના રોજ ભૂકંપના આંચકાઓનું કેન્દ્ર હતું ત્યાંથી આ ટાઉન લગભગ ત્રણ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં આવેલું છે. જ્વાળામુખી વિસ્ફોટના કિસ્સામાં તેની પાસે ખાલી કરાવવાની યોજના છે. ગ્રિંડાવિકમાં તેમજ દક્ષિણ આઇસલેન્ડમાં અન્ય ત્રણ સ્થળોએ કટોકટી આશ્રયસ્થાનો અને મદદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

રાજધાની રેકજાવિકથી લગભગ ૪૦ કિલોમીટર દૂર પણ બે જોરદાર ધરતીકંપના આંચકા આવ્યા હતા. દેશના મોટા ભાગના દક્ષિણ કિનારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

૨૦૨૧ થી, રેકજેનેસ દ્વીપકલ્પ પર માર્ચ ૨૦૨૧, ઑગસ્ટ ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ માં ત્રણ જ્વાળામુખી વિસ્ફોટ થઇ ચુક્યા છે. આઇસલેન્ડમાં ૩૩ સક્રિય જ્વાળામુખી પ્રણાલીઓ છે, જે યુરોપમાં સૌથી વધુ છે.

એપ્રિલ ૨૦૧૦માં આઇસલેન્ડ દક્ષિણે આવેલા ટાપુ પર જ્વાળામુખી વિસ્ફોટ થતા પશ્ચિમ યુરોપની લગભગ ૧,૦૦,૦૦૦ ફ્લાઇટ્સ રદ કરવાની ફરજ પડી હતી, જેનાથી એક કરોડથી વધુ પ્રવાસીઓ ફસાયા હતા. ■

# પ.બંગાળમાં ઓડિશા જતી બસમાં આગ 30 ઘાયલ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુર જિલ્લામાં ઓડિશાના પારાદીપ જતી લક્ઝરી બસમાં આગ ફાટી નીકળતા ૩૦ મુસાફરો ઘાયલ થયા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના ત્યારે બની હતી જ્યારે કોલકાતાના બાબુઘાટથી સાંજે પાંચ વાગ્યે ઉપડેલી બસ શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ માધબપુર વિસ્તારમાં પહોંચી હતી. એસી બસ ધીમે ધીમે આગળ વધી રહી હતી. બસમાં મુસાફરી કરી રહેલા ઓછામાં ઓછા ૩૦ લોકોએ બારીઓ તોડીને વાહનમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો. તેમાંથી કેટલાક રસ્તાની બાજુમાં આવેલા ખાડામાં પડી ગયા હતા. જેમાંથી કેટલાકને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બસમાં આગ લાગતાની સાથે બસને થંભાવીને ડ્રાઇવર અને હેલ્પર પણ બહાર કૂદી પડ્યા હતા. ■

# વાયુ પ્રદૂષણને રોકવા બિહાર પરાળી બાળનાર ખેડૂતોના નામ જાહેર કરશે

પટનાઃ પરાળીને બાળવાથી વધતા વાયુ પ્રદૂષણ અટકાવવા માટે બિહાર સરકારે આ પ્રથામાં સંડોવાયેલા ખેડૂતોની ઓળખ કરવાનો અને બ્લોક ઓફિસમાં તેમના નામ મૂકવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે નામ જાહેર કરીને એમને શરમમાં મુકવા ઉપરાંત, આવા ખેડૂતો સામે કાયદાની કલમ ૧૩૩ હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે પણ નિર્દેશો આપવામાં આવ્યા છે.

કૃષિ પ્રધાન કુમાર સર્વજીતે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે વાયુ પ્રદૂષણને રોકવા અને જમીનની ફળદ્રુપતાને બચાવવા માટે પરાળી બાળવા પર પ્રતિબંધ મૂક્યો છે. તેણે ખેડૂતોને કડક ચેતવણી આપી છે કે જો તેઓ પરાળી બાળશે, તો સરકારી યોજનાઓ હેઠળની આર્થિક સહાય અને સબસિડી એમને નહીં મળે.

મુખ્ય સચિવ અમીર સુભાનીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે પાકના અવશેષો બાળવા બદલ અગાઉ કાર્યવાહી કરવામાં આવી હોય તેવા ખેડૂતોના નામ પણ બ્લોક ઓફિસમાં મૂકવામાં આવશે.

બિહાર સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ દેવેન્દ્ર કુમાર શુક્લાએ જણાવ્યું હતું કે ખેડૂતોને પરાળી બાળવા અને પર્યાવરણને નુકસાન પહોંચાડવાથી નિરુત્સાહિત કરવા માટે આ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

રોહતાસ, કૈમુર, બક્સર, નાલંદા, ગયા અને પટના જિલ્લાના કેટલાક ખેડૂતોને એપ્રિલમાં કૃષિ વિભાગ દ્વારા પરાળી બાળવા સંબંધિત ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ કરવામાં આવ્યો હતો.

આવા સૌથી વધુ કેસ રોહતાસમાં ૧૨૯૮, ત્યારબાદ કૈમુરમાં ૪૩૮ કેસ અને પશ્ચિમ ચંપારણમાં ૨૭૯ કેસ નોંધાયા છે. ■

# મિઝોરમમાં ૧૮ કરોડથી વધુની કિંમતનું હેરોઈન, બિનહિસાબી રોકડ જપ્ત

આઈઝોલઃ મિઝોરમના ચંફઈ જિલ્લામાં ત્રણ અલગ-અલગ કાર્યવાહીમાં ₹ ૧૮ કરોડથી વધુનું હેરોઈન અને ₹ ૧.૨૧ કરોડની બિનહિસાબી રોકડ જપ્ત કર્યા બાદ મ્યાનમારની પાંચ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

ગુપ્ત સૂચનાને આધારે આસામ રાઇફલ્સ અને રાજ્ય પોલીસની સંયુક્ત ટીમોએ શુક્રવારે મિઝોરમ-મ્યાનમાર સરહદે આવેલા ઝોટે અને ઝોખાવથાર ગામોમાં ઓપરેશન હાથ ધર્યું હતું અને ૨.૬૧ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું. આસામ રાઈફલ્સના અધિકારીઓના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલ હેરોઈનની બજાર કિંમત ૧૮.૩૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે અને બિનહિસાબી રોકડ ભારતીય ચલણી નોટોમાં હતી. જપ્ત કરાયેલી રોકડ ₹ ૫૦૦, ₹ ૨૦૦, ₹ ૧૦૦ અને ₹ ૫૦ની કિંમતની હતી. આરોપી અને જપ્ત કરાયેલ ડ્રગ્સ કાયદેસરની કાર્યવાહી માટે ચંફઈ પોલીસને સોંપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, મંગળવારે ૪૦ સભ્યોની મિઝોરમ વિધાનસભાની ચૂંટણીના ત્રણ દિવસ બાદ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# ઉત્તર પ્રદેશમાં આઈએસઆઈએસ સાથે જોડાયેલા ચાર આતંકવાદીની ધરપકડ

લખનૌઃ ઉત્તર પ્રદેશ પોલીસની આતંકવાદ વિરોધી ટુકડીએ આઈએસઆઈએસના અલીગઢ મોડ્યુલ સાથે કથિત રીતે જોડાયેલા ચાર આતંકવાદીની ધરપકડ કરી છે.

એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ)એ શુક્રવારે અલીગઢથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના બીટેક અને એમટેક ગ્રેજ્યુએટ રાકીબ ઈમામ અન્સારીની (૨૯) ધરપકડ કરી હતી.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી બીએસ્સી કરી રહેલા નાવેદ સિદ્દીકી(૨૩)ને પકડ્યો હતો. ત્યાર બાદ શનિવારે સંભલથી યુનિવર્સિટીમાંથી બીએ (ઓનર્સ) કરી રહેલા નોમાન (૨૭) અને સ્નાતક મોહમ્મદ નાઝીમ (૨૩)ને પકડ્યા હતા. એટીએસની રીલીઝમાં જણાવાયું છે કે આરોપીઓ કથિત રીતે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા હતા અને ''હિંસક આતંકવાદી જેહાદ'' દ્વારા સરકારને ઉથલાવી અને 'શરિયા' સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા હતા. આરોપીઓ સમાન વિચારધારા ધરાવતા લોકોમાં હેતુસર આઈએસઆઈએસ સંબંધિત સાહિત્યનું વિતરણ કરતા હતા અને તેમને આતંકવાદી જૂથ સાથે જોડતા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી પ્રતિબંધિત આઈએસઆઈએસ સાહિત્ય, મોબાઈલ ફોન અને પેન ડ્રાઈવ જપ્ત કરવામાં આવી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સરયૂ નદી

કાંઠે શરૂ કરાયેલી દીપોત્સવની પરંપરા આજે પણ જાળવી રખાઇ છે.

સરયૂ નદીના ૫૧ ઘાટ પર ૨૪ લાખ દીવા કરવા માટે એક લાખ લિટરથી વધુ તેલનો ઉપયોગ કરાયો હોવાનું કહેવાય છે.

ગયા વર્ષે સરયૂ નદીના કાંઠે ૧૫.૭૬ લાખ દીવા પ્રગટાવીને વિશ્વ વિક્રમ કરાયો હતો.

રામજન્મભૂમિ અયોધ્યામાં ૨૦૨૪ના જાન્યુઆરીમાં રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા સહિતના કાર્યક્રમો હોવાથી તેને લગતી મોટા પાયે તૈયારી ચાલી રહી છે. પવિત્રનગરીમાં અનેક સ્થળે રામધૂન અને ભજન-કીર્તન થઇ રહ્યા છે. દેશભરના લોકોને ૨૨ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે સ્થાનિક મંદિરોમાં જઇને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની અને રામધૂન કરવાની વિનંતિ શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા કરાઇ છે. આ ઉપરાંત, તે દિવસે સાંજે સૂર્યાસ્ત પછી દરેક ઘરે દીવા પ્રગટાવવા આહ્‌વાન પણ કરાયું છે.

રામલલાના મંદિરમાંના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, કેન્દ્રના અનેક પ્રધાન સહિતના દેશના અનેક મહાનુભાવો હાજર રહેવાના છે. (એજન્સી) ■

### પાકિસ્તાન

૫૯, જો રૂટે ૬૦, બેન સ્ટોક્સે ૮૪, જોસ બટલરે ૨૭ અને હેરી બ્રુકે ૩૦ રન કર્યા હતા. પાકિસ્તાનના બૉલરોમાં શાહીન શાહ આફ્રિદીએ બે, હરીસ રૌફે ત્રણ, ઇફ્તિખાર અહમદે એક, મહંમદ વસીમે બે વિકેટ લીધી હતી.ઇંગ્લેન્ડના પ્રારંભિક બૅટ્સમેન ડેવિડ મેલન અને જાની બૈરસ્ટોએ ૮૨ રનનો મજબૂત પાયો નાખ્યો હતો. (એજન્સી) ■

### ગુજરાતમાં

થયું હતું જ્યારે ૭૮ હજાર લીટર વાઈન અને ૪૯.૨૧ લાખ લિટર બિયરના જથ્થાનું વેચાણ કરાયું હતું. વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૩.૫૨ લાખ લીટર બિયરનું વેચાણ થયું હતું, જોકે વર્ષ ૨૦૨૨-૨૩માં વેચાણ ૪૯.૨૧ લાખ લિટરને પાર થયું છે. વિદેશી દારૂનું વેચાણ સતત વધી રહ્યું છે. દારૂ પીવાની પરમિટ લેનારામાં મોટા ભાગના રાતે ઉંઘ આવતી ન હોવાનું કારણ બતાવે છે. ગુજરાતમાં માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ વિદેશી દારૂ અને બિયરના વેચાણ પરવાનેદારોની સંખ્યા ૭૬ છે, જ્યારે સંગ્રહના ૬૯ પરવાનેદારો છે. સૌથી વધુ અમદાવાદ શહેરમાં ૧૯ સંગ્રહ અને ૧૯ વેચાણ પરવાનેદારો છે. વેચાણ પરવાનેદારોમાં અમદાવાદ જિલ્લામાં બે, ગાંધીનગર શહેરમાં બે, ગાંધીનગર જિલ્લામાં બે, સુરત શહેરમાં પાંચ, સુરત જિલ્લામાં એક, ભરૂચમાં ચાર, વડોદરા શહેર અને રાજકોટ શહેરમાં સાત-સાત, રાજકોટ જિલ્લામાં બે, આણંદ શહેરમાં ત્રણ, આણંદ જિલ્લામાં એક, ભાવનગર શહેરમાં બે, ભાવનગર જિલ્લામાં એક, કચ્છ-ભૂજમાં સાત પરવાનેદારો છે. ■

### સુરત રેલવે સ્ટેશન

તહેવારને કારણે ભીડ વધારે જ હતી અને તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ લાઇન કરાવીને અમે ટ્રેનમાં એન્ટ્રી આપતા હતા. આ દરમિયાન સ્ટેશન પર ભારે ભીડના કારણે લોકોના શ્વાસ રુંધાયા હતા. એટલું જ નહીં ભીડ કંટ્રોલ કરવા પોલીસ ફોર્સ બોલાવાની ફરજ પડી હતી. તેમજ સ્ટેશન પર કેટલાંક મુસાફરોને સીપીઆર આપવાની પણ ફરજ પડી હતી. ■

### મોદીની કલમનો

ફાલ્ગુની જણાવે છે કે જ્યારે તે ગ્રેમી એવોર્ડ જીત્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળી હતી, ત્યારે તેણે પીએમ મોદી સાથે સંગીતની ચર્ચા કરી હતી. વડા પ્રધાને તેને બરછટ અનાજ પર ગીત લખવાનું સૂચન કર્યું, ત્યારે તેની વિનંતી પર વડા પ્રધાન પોતે આ ગીત રચવામાં સામેલ થયા હતા. આ ગીતમાં લોકો ફાલ્ગુની શાહ, તેના પતિ ગૌરવ શાહ ઉપરાંત વડા પ્રધાન મોદીનો અવાજ પણ સાંભળી શકે છે. ■



મુંબઈ સમાચાર આયોજિત...

Bachubhai Samjibhai Trust (Dinesh Zala, Borivali) સહયોગથી ઊજવીએ

રંગોળી હરીફાઈ

યાદ છેને રંગોળી મોકલવાનો આજે છેલ્લો દિવસ છે

તમારી રંગોળી આજે બપોરે ૧૨ વાગ્યા સુધી મોકલાવી દેજો

વિજેતાઓને મળશે રોકડ અને પૈઠણી-બાંધણી સાડીઓ

| પ્રથમ ઈનામ | બીજું ઈનામ | ત્રીજું ઈનામ | ચોથું ઈનામ | પાંચમું ઈનામ | આ ઉપરાંત |
|---|---|---|---|---|---|
| ૨૧,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧૧,૦૦૦ | ૭૫૦૦ | ૫૧૦૦ | ૧૦ સાડીઓ |

+ પચાસ જણને જ્યુરી સ્પેશિયલ ઈનામો અને પચાસ જણને ટ્રોફી

વય બાધ નથી અને તમામ લોકો આમાં ભાગ લઈ શકશે.

રંગોળી સ્પર્ધામાં મુંબઈના ટોચના જજો નિર્ણાયકની ભૂમિકા ભજવશે
મનીષા શેઠ, પુનીતા હીરાની, નેહા સોની, નીલમ સોની, મીરા ઝાલા, નિધિ પંડ્યા

કાર્યક્રમને રંગીન બનાવવા માટે સુભાષ ઠાકરનો હાસ્ય દરબાર અને પ્રખ્યાત સિંગર પંકજ કક્કડના કંઠે સુમધુર ગીતોની રમઝટ

કાર્યક્રમનું સંચાલન કરશે દૃષ્ટિ વાજાર

રંગોળી મોકલવાનું એકદમ આસાન છે

સૌપ્રથમ તમે રંગોળી બનાવતો વીડિયો ઉતારો અને બાદમાં રંગોળી તૈયાર થઈ ગઈ હોય એનો ફોટો મુંબઈ સમાચારને મોકલાવો. આટલું સિમ્પલ છે હરીફાઈમાં ભાગ લેવાનું.

નોંધઃ કોઈ પણ પ્રતિયોગી પોતાની બેસ્ટમાં બેસ્ટ રંગોળી મોકલી શકે છે. એકથી વધુ રંગોળી મોકલનારની રંગોળી માન્ય નહીં ગણાય અને મુંબઈ સમાચાર અને સહયોગી સંસ્થાના સભ્યો ભાગ નહીં લઈ શકે.

રંગોળી બનાવતો વીડિયો અને ફોટો તમારે અમારા નીચે આપેલા વૉટ્સઍપ નંબર પર મોકલવાનો રહેશે.
૯૩૨૬૧૫૨૯૪૨

ઈનામ વિતરણનું સ્થળ-સમયઃ મહાવીર બૅન્ક્વેટ, પંચશીલ આર્કેડ બિલ્ડિંગ, પહેલો માળ, મહાવીર નગર, ડી-માર્ટની સામે, કાંદિવલી (પશ્ચિમ). ૧૩મી નવે. સાંજે ૪ વાગ્યાથી

મરાઠી અને ગુજરાતીનો મેળાપ રોકડ ઈનામો સાથે મરાઠી ભાતીગળની પૈઠણી સાડી...

visit: www.bombaysamachar.com


# મારો વાળ પણ વાંકો થશે તો... ઉદ્ધવ ઠાકરેની શિંદે જૂથને ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ મુંબ્રાની શિવસેનાની શાખાને તોડી નાખવામાં આવી અને આ મુદ્દે શિંદે જૂથ અને ઠાકરે જૂથ આમને સામને આવી ગયા છે. શિંદે જૂથે મુંબ્રાની શાખાનું ડિમોલિશન કરી નાખ્યા બાદ ત્યાં કન્ટેનરમાં નવી શાખા ઊભી કરી છે. આ બધાને પગલે ઠાકરે જૂથના નેતા ઉદ્ધવ ઠાકરે ઘટનાસ્થળની મુલાકાતે પહોંચ્યા હતા. તેઓ હજારો કાર્યકર્તાની હાજરીમાં ઘટનાસ્થળે આવ્યા ત્યારે ત્યાં શિંદે જૂથના કાર્યકર્તા પણ હાજર હતા. બંને જૂથોને કારણે વાતાવરણ તંગ બન્યું હતું. પોલીસે વિનંતી કર્યા બાદ ઉદ્ધવ ઠાકરેએ બેરિકેડ્સની નજીકથી ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને શિંદે જૂથને ચેતવણી આપી હતી.

આ ખોખા સરકારે અમારી શાખા તોડીને ત્યાં એક ખોખા (કન્ટેનર) રોકી રાખી છે. અમારી જગ્યા પર અતિક્રમણ કર્યું છે. આ ખોખું વહેલામાં વહેલી તકે ખસેડવામાં નહીં આવે તો અમે તે ખોખું ઉંચકીને ફેંકી દીધા વગર રહેશું નહીં. આ શાખાના બધા જ દસ્તાવેજો અમારી પાસે છે, એમ પણ તેમણે કહ્યું હતું.

દિલ્હીની મહેરબાનીથી આજે તમે સત્તામાં બેઠા છો. કઠપુતળી અને ઢીંગલાઓ તમારામાં હિંમત નથી. મર્દની ઓલાદ હોય તો પોલીસને બાજુ પર રાખો અને અમારી સાથે મુકાબલો કરો. અમારી તૈયારી છે. તમારા બધાની સાથે હું ત્યાં જઈને ઊભો રહ્યો છું. જોઈએ કોનામાં કેટલી તાકાત છે. મારો વાળ પણ વાંકો થશેને તો તેમના (શિંદે જૂથના) બધા જ વાળ મહારાષ્ટ્ર ઉખાડી નાખ્યા વગર રહેશે નહીં, એમ પણ તેમણે કહ્યું હતું. ■

# ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હશે તે શિવસેના શાખાને જપ્ત કરાશેઃ શિંદે જૂથની ચિમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અયોગ્ય અથવા તો ગેરકાયદે પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવામાં આવતી હોય એવી અવિભાજિત શિવસેનાની શાખાઓને શિંદે જૂથના નેતૃત્વ હેઠળની પાર્ટી દ્વારા જપ્ત કરી નાખવામાં આવશે, એવી ચિમકી શિંદે જૂથના પ્રવક્તા નરેશ મ્હસ્કે દ્વારા શનિવારે ઉચ્ચારવામાં આવી હતી.

શિવસેનાએ મુંબ્રામાં આવી જ રીતે એક શાખાને હસ્તગત કરી હતી અને તેનું ડિમોલિશન કરાવીને નવી શાખા બાંધવાનું કામ ચાલુ કરી નાખ્યું હતું. આને કારણે ઉદ્ધવ ઠાકરે જૂથના પદાધિકારીઓ સાથે તંગદિલી થઈ હતી.

ઉદ્ધવ ઠાકરે પોતે મુંબ્રાના આ વિસ્તારની મુલાકાત લેવા ગયા હતા, પરંતુ તંગદિલીની સંભાવનાને ધ્યાનમાં રાખતા ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

મ્હસ્કેએ એવો દાવો કર્યો હતો કે એનસીપીના નેતા જિતેન્દ્ર આવ્હાડની સલાહ પર ઉદ્ધવ ઠાકરે મુંબ્રાની મુલાકાત લઈ રહ્યા છે, પરંતુ તેમને આવકારતા બેનર પર શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે અને દિવંગત નેતા આનંદ દીઘેના ફોટા મૂકવામાં આવ્યા નથી. ■

# આ શાખા તો મારા નામે છેઃ મુંબ્રાના વૃદ્ધ શિવસૈનિક

મુંબઈઃ મુંબ્રામાં શિવસેનાની શાખાના ડિમોલિશન બાદ રાજકીય વાતાવરણ ગરમ થયું છે ત્યારે શનિવારે તેમાં નવો ફણગો ફૂટ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ મુંબ્રામાં તોડી નાખવામાં આવેલી શાખાને મુદ્દે શિંદે જૂથને ચેતવણી આપી હતી. ત્યારબાદ એક વૃદ્ધ શિવસૈનિક સામે આવ્યા છે. તેમણે કહ્યું હતું કે જે શાખા તોડી પાડવામાં આવી તેની માલિકી તેમની છે અને તેઓ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સાથે છે. ૯૬ વર્ષના શિવસૈનિક ઉદ્ધવરાવ જગતાપે શનિવારે કહ્યું હતું કે શાખા મારા નામ પર છે અને તે શિવસેનાની છે. શિવસેના એકનાથ શિંદેની છે એટલે હું પણ એકનાથ શિંદેની જ સાથે રહેવાનો છું. દિઘે સાહેબ હતા ત્યારે આ શાખા બાંધવામાં આવી હતી અને ત્યારે હું હાજર હતો. તમારા નામ પર શાખા કરવાની છે એવું દિઘે સાહેબે પોતે જ કહ્યું હતું અને આજે પણ આનું એગ્રીમેન્ટ મારા નામ પર છે. ઉદ્ધવ ઠાકરેએ થાણેમાં એકેય શાખા બાંધી છે કે? એવો સવાલ પણ તેમણે કર્યો હતો.

મુંબ્રામાં શિવસેનાની મધ્યવર્તી શાખામાંથી ઠાકરે જૂથના પદાધિકારીઓને બહાર કાઢીને શિંદેએ જેસીબીથી શાખા તોડી પાડી હતી. તેને કારણે હોબાળો થયો હતો. ઠાકરે જૂથ આ શાખા તોડ્યા બાદ ભારે આક્રમક બની ગયું છે ત્યારે જગતાપે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે બાળાસાહેબના પુત્ર હોવાથી તેમને માટે આદર છે, પરંતુ તેમણે ક્યારેય અહીંની શાખાની મુલાકાત લીધી નહોતી. પછી આજે તેઓ કેમ આવી રહ્યા છે? તેઓ ક્યાંય જતા નહોતા, કોઈને મળતા નહોતા. આજે તેઓ એકનાથ શિંદેને કારણે ઘરની બહાર નીકળતા થયા છે. ■


પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ




માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩ મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


# બૅન્કના અધિકારીનો સી-લિંક પરથી કૂદકો મારી આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત ખાનગી બૅન્કના અધિકારીએ બાન્દ્રા-વરલી સી-લિંક પરથી દરિયામાં કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. વરલી પોલીસના જણાવ્યા મુજબ શુક્રવારની રાતે બનેલી ઘટનામાં મૃતકની ઓળખ રાકેશ આકાશ સિંહ (૨૭) તરીકે થઈ હતી. પરેલમાં રહેતો સિંહ બીકેસીમાં આવેલી ખાનગી બૅન્કમાં કામ કરતો હતો. મળતી માહિતી અનુસાર પરેલ જવા માટે સિંહ બીકેસીથી ટૅક્સીમાં બેઠો હતો. ટૅક્સી સી-લિંક પરથી લેવાની સૂચના તેણે ડ્રાઈવરને આપી હતી. ડ્રાઈવરે પોલીસને જણાવ્યું હતું કે ટૅક્સી સી-લિંક પરથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક સિંહે તેનો મોબાઈલ ફોન નીચે પડી ગયો હોવાનું કહ્યું હતું. સી-લિંક પર વાહન ઊભું રાખવાની મનાઈ હોવા છતાં ડ્રાઈવરે ટૅક્સી ઊભી રાખી હતી. મોબાઈલ લેવાને બહાને ટૅક્સીમાંથી નીચે ઊતરેલા સિંહે દરિયામાં કૂદકો માર્યો હતો. ટૅક્સી ડ્રાઈવરે તાત્કાલિક પોલીસને ફોન કરી ઘટનાની જાણ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે સિંહને બેભાન અવસ્થામાં દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ■


राजश्री 1000 Government Lottery

નાંદેડમાં લૉટરી લાગી

ડ્રૉ તારીખ : 24.10.2023

વિજેતા ટિકિટ નંબર : 22/2133

પહેલું ઈનામ ₹ 1.50 કરોડ

Govt of Goa

ડ્રૉ દર ચોથો મંગળવાર સાંજે 6.30 વાગ્યે

ટિકીટ ₹1000

રાજશ્રી દિવાળી બંપર

RAJSHREE DIWALI BUMPER

અમારો આગામી ડ્રૉ દિવાળી બંપર માત્ર ₹250 માં

શું તમે બનવા માંગો છો દિવાળી બમ્પરમાં અમારા આગામી વિજેતા?

1st Prize ₹1,00,00,000 (₹1 CRORE)

Mizoram State Lotteries

ડ્રૉ તારીખ : 20.11.2023

ટિકિટ બધા નજીકના લોટરી આઉટલેટ પર ઉપલબ્ધ

Book Now At: bookmyrajshree.com

Call Now : 022 6835 1555


# નાગપુરમાં ભાજપના પદાધિકારીની હત્યાઃ ઢાબાના બે કર્મચારી ફરાર

નાગપુરઃ નાગપુરમાં ભાજપના પદાધિકારી રાજુ ડેંગરેની પથ્થર અને બામ્બુ ફટકારી કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. હત્યા બાદ ઢાબાના બે કર્મચારી રોકડ અને કાર લૂંટી ફરાર થઈ ગયા હોવાનું પોલીસનું કહેવું છે.

રાજુ ડેંગરે નાગપુર ગ્રામીણ એકમના મહામંત્રી હતા. તાજેતરમાં રાજ્યમાં થયેલી ગ્રામપંચાયતની ચૂંટણીમાં પણ ડેંગરે ચૂંટાયા હતા. હત્યા પાછળનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના શનિવારના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ નાગપુર જિલ્લાના પાંચગાંવ ખાતે બની હતી. ડેંગરે પાંચગાંવમાં જ ઢાબા ધરાવે છે. ઢાબાના બે કર્મચારી સાથે કોઈ મુદ્દે વિવાદ થયો હતો.

કહેવાય છે કે ઢાબાના કર્મચારીઓએ બામ્બુ અને પથ્થર વડે હુમલો કરતાં ડેંગરેનું મૃત્યુ થયું હતું. હત્યા બાદ બન્ને કર્મચારી કાઉન્ટર પરની રોકડ લૂંટી ડેંગરેની કારમાં ફરાર થઈ ગયા હતા. જોકે બાદમાં કારને અકસ્માત નડતાં વિહીરગાંવ સ્થિત નદી પરના પૂલ પર કાર છોડી બન્ને આરોપી પલાયન કરી ગયા હતા.

હત્યાની વાત ફેલાતાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હૉસ્પિટલ બહાર એકઠા થયા હતા. આ પ્રકરણે કુહી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ડેંગરેની હત્યા લૂંટને ઇરાદે કરાઈ કે અન્ય કોઈ કારણસર તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# મહાપરિનિર્વાણ દિને રજા જાહેર કરવાની માગણી

મુંબઈઃ છઠ્ઠી ડિસેમ્બરે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ચૈત્યભૂમિ ખાતે મોટી સંખ્યામાં ભીમ અનુયાયીઓ માત્ર મહારાષ્ટ્રમાંથી જ નહીં પરંતુ વિદેશમાંથી પણ આવે છે. જો કે આ દિવસે તમામ કચેરીઓ ખુલ્લી હોવાથી ઘણા અનુયાયીઓ માટે લોકોનું અભિવાદન કરવું શક્ય નથી. આ પૃષ્ઠભૂમિ સામે રાજ્યના ઘણા સંગઠનો ઘણા વર્ષોથી રજા મેળવવાની માંગ કરી રહ્યા છે. ■


કર્મઠ વ્યક્તિને ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી સુભાષભાઈ રૂગનાથભાઈ દોશી

૧૯.૦૪.૧૯૪૪ - ૧૨.૧૧.૨૦૧૭

સ્થાપક

એલન કો-ઑપરેટીવ બૅંક લિમિટેડ

ગુજરાત સેવિંગ્ઝ • દોશી ગ્રુપ

આપને અમારા સૌના કોટી કોટી વંદન.

લિ. સમસ્ત દોશી પરિવારના જય જીનેન્દ્ર


# પ્રતિબંધિત પ્લાસ્ટિકમાંથી બનશે કચરાના ડબ્બા, બેન્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ જપ્ત કરેલા પ્લાસ્ટિકનો રિસાયકલ કરવાની મુંબઈ મહાનગરપાલિકાની યોજના આખરે પાટે ચઢી છે. નાગરિકો પાસેથી પ્લાસ્ટિક જમા કરવા માટે પાંચ પ્રશાસકીય વોર્ડમાં ૧૦ સેન્ટર પાલિકાએ ચાલુ કર્યા છે. અહીં જમા થયેલા પ્લાસ્ટિકને પાલિકા બિનસરકારી સંસ્થાને સુપરત કરશે, જે તેમાંથી કચરાના ડબ્બા, કમ્પોસ્ડ બોક્સ જેવા ઉત્પાદનો બનાવશે.

પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે, જેમાં પાંચ સભ્યોની બનેલી સ્કવોડ પોતાના વિસ્તારમાં ફરે છે. પાલિકાની આ સ્કવોડમાં મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા પોલીસ કૉન્સ્ટેબલનો પણ સમાવેશ થાય છે, તેઓ પણ રેડ દરમિયાન સાથે હોય છે. જપ્ત કરેલા પ્લાસ્ટિકનો કોઈ ઉપયોગ કરવાનો હોતો નથી અને તે પાલિકાના વેરહાઉસમાં એમ જ પડી રહ્યો હોય છે. તેથી પાલિકાએ બિનસરકારી સંસ્થા મળીને આ પ્લાસ્ટિકનો રિસાયકલ કરીને ઉપયોગ કરવાની યોજના બનાવી હતી.

ગયા મહિને કોલાબા અને મરીન લાઈન્સ, મુલુંડ, ગોરેગામ અને કાંદિવલીમાં બનાવવામાં આવ્યા હતા. પાલિકાના અધિકારીના કહેવા મુજબ પ્લાસ્ટિકથી થતા નુકસાન બાબતે આ બિનસરકારી સંસ્થા લોકોમાં જાગૃતતા લાવવાનું કામ પણ કરશે. જપ્ત કરેલા પ્લાસ્ટિકનું વર્ગીકરણ કરીને તેને રિસાયકલ કરવામાં આવશે.

નોંધનીય છે કે પહેલી જુલાઈ, ૨૦૨૨ના પ્લાસ્ટિક પર પ્રતિબંધિત મૂકવામાં આવ્યો હતો, તે ઝુંબેશને પાલિકાએ ફરી શરૂ કરી છે. જો કોઈ દુકાનદાર પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે, તેને ૫,૦૦૦ રૂપિયાથી લઈને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે છે.

પાલિકાએ ૨૧ ઑગસ્ટથી ૩૧ ઑક્ટોબર, ૨૦૨૩ સુધીમાં ૨,૧૫૯ કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું અને ૫૪ લાખ રૂપિયા દંડ પેઠે વસૂલ કર્યા હતા. ■

## સંસ્થા સમાચાર

### વિલેપારલામાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં નૂતન વર્ષ માંગલિક કાર્યક્રમ

શ્રી વિલેપારલા સ્થાનકવાસી જૈન સંઘ, વિરાણી ઉપાશ્રયે પૂ. શ્રી ધીરગુરુદેવની નેત્રાનંદકારી નિશ્રામાં મહાવીર નિર્વાણ કલ્યાણક એવં તપસ્વી પૂ. રતિલાલજી મ.સા.ના અવતરણ દિને રવિવારે દિવાળીના નવ સુવર્ણ લગડી ભાગ્યવિજેતા કાર્યક્રમ સવારે ૯.૩૦ થી ૧૧ કલાકે યોજાશે. નૂતન વર્ષ મહામાંગલિક અને ભક્તામર પાઠ તા. ૧૪ ને મંગળવારે સવારે ૭ થી ૮ કલાકે યોજાશે. તા. ૧૫ના બુધવારે આયંબિલ તપ અને ભાઈ-ભગિની જાપ શ્રી કિશોરભાઈ સંઘવીની સ્મૃતિમાં રાખેલ છે. તા. ૧૮ ને શનિવારે જ્ઞાનપંચમી આરાધના સવારે ૯.૩૦ થી ૧૧ કલાકે તા. ૧૯ને રવિવારે ઉપકારી ગુરુસ્મરણ સ્વીકાર કાર્યક્રમ સવારે ૯.૩૦ થી ૧૧ કલાકે યોજાશે. જ્યારે ચોમાસી પાખી આરાધના તા. ૨૬ ને રવિવારે તેમજ ચાતુર્માસ વિહાર વળામણા તા. ૨૭ ને સોમવારે સવારે ૭.૩૧ કલાકે યોજાશે. ■

### સંજાણ મેમોરિયલ કોલમ લોકલ કમિટિ એન્યુઅલ સંજાણ ડે - વાર્ષિક સંજાણ દિવસ

બુધવાર, ૧૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ વાર્ષિક સંજાણ દિવસ (એન્યુઅલ સંજાણ ડે) સાથે મળીને ઉજવવા અમે સંજાણ મેમોરિયલ કોલમ લોકલ કમિટીના ઉપક્રમે આપ સહુને મિત્રો-સગાંસંબંધીઓ સાથે આમંત્રિત કરીએ છીએ. વર્ષો પહેલા પારસી જરથોસ્તીઓએ સંજાણની આ પવિત્ર ભૂમિ પર પગ મૂકી ભારતને પોતાની કર્મભૂમિ બનાવી હતી.

આપણા ભવ્ય વારસા અને સંસ્કૃતિને યાદ કરવા માટેનો આ શ્રેષ્ઠ દિવસ છે. આ ઉપરાંત દેશ-વિદેશમાં રહેતા આપણા સ્વજનોને સંજાણની પવિત્ર ભૂમિ પર મળવાની સુંદર તક પ્રાપ્ત થાય છે. સવારે ૮.૦૦ વાગે પહેલું જશન નારગોલ, સરોંદાના મોબેદસ દ્વારા અને ૯.૦૦ વાગે બીજું જશન ઉદવાડાના વડા દસ્તુરજી ખુરશેદજી દસ્તુર અને અન્ય મોબેદો દ્વારા રજૂ કરવામાં આવશે. ત્યાર બાદ બે યથા અહુવૈરિયો અને એક અશેમ વોહુની હમબંદગી કરવામાં આવશે. પારસી કેન્દ્રિત કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે અને અંતે સહુને માટે પારસી જમણ રાખવામાં આવેલ છે. આપ સહુના સાથ-સહકારની અપેક્ષા છે. ■

# લોકોના ખર્ચે બનેલી એનએમએમસીની મિલકતો મહિનાઓથી ધૂળ ખાય છે

નવી મુંબઈ: નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલી કરોડો રૂપિયાની મિલકતો મહિનાઓથી નકામી પડી રહી છે. લગભગ ૫૦ જેટલી ઇમારતો જેમને માટે બંધાઈ છે, તેમના વપરાશ વગર જાળવણી માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરી રહી છે.

એનએમએમસી તેના દરેક આઠ વૉર્ડમાં રહેવાસીઓ માટે કોમ્યુનિટી હોલ, વિવિધલક્ષી ઇમારતો, વ્યાયામશાળાઓ, પુસ્તકાલયો, બજારો, નાઇટ શેલ્ટર વગેરે જેવી સંખ્યાબંધ ઇમારતોનું નિર્માણ કરે છે. તેમાંથી કેટલાકનું ઔપચારિક ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું છે પરંતુ તેનો ઉપયોગ થતો નથી અને અન્ય એવા પણ છે જે છેલ્લા પાંચ વર્ષથી વીઆઈપી દ્વારા ઉદ્ઘાટનની રાહ જોઈ રહ્યા છે.

મિલકતો લાંબા સમયથી નિષ્ક્રિય પડેલી હોવાથી, આવી ઇમારતોનો જાળવણી ખર્ચ વધુ પડતો હોવાની ધારણા છે જે નાગરિક સંસ્થાએ ભોગવવી પડશે.

અનેક એનજીઓ આ મુદ્દે નાગરિક વહીવટીતંત્ર સાથે નિયમિતપણે ફોલોઅપ કરે છે અને મેમોરેન્ડમ સબમિટ કરે છે. જો કે હજુ સુધી નાગરિક સંસ્થા તરફથી બહુ ઓછો પ્રતિસાદ મળ્યો છે.

સામાજિક કાર્યકર નીતિન કંધારીએ ખેદ વ્યક્ત કર્યો હતો કે વાશી, કોપરખૈરાને, સાનપાડા, નેરુલ, શિરાવણે અને સીબીડી-બેલાપુરમાં નવા બજારો બનાવવામાં આવ્યા છે. હજુ તેમનું ઉદ્ઘાટન થયું નથી. ફેરિયાઓને હજુ સુધી ત્યાં તેમની જગ્યાઓ ફાળવી નથી, તેઓ રસ્તાઓ અને ફૂટપાથ પરથી વ્યવસાય કરવાનું ચાલુ રાખે છે.

એનએનએમસીના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (પ્રોપર્ટી) રાહુલ ગેથેનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે જણાવ્યું હતું કે, અમે આ બાબતને ધ્યાનમાં લીધી છે અને નીતિઓ ઘડવાની સાથે આ સંદર્ભે પગલાં લઈ રહ્યા છીએ. અમે ખાનગી એજન્સીઓ પાસેથી કેટલીક મિલકતોના કિસ્સામાં રસ હોય તેની વિગતો મગાવી છે. તેમણે ઉમેર્યું, અમે સામાજિક સંસ્થાઓની અરજીઓની પણ ચકાસણી કરી રહ્યા છીએ જે અમને કામગીરી માટે જગ્યા ફાળવવા માટે મળી છે. આ ઉપરાંત, જેઓએ હજુ સુધી કામગીરી શરૂ કરી નથી અથવા તેમને ફાળવણી કરવા છતાં તેમની બાકી રકમ ચૂકવી નથી તેમને નોટિસ મોકલવામાં આવી રહી છે. ગેથેએ જણાવ્યું, બજારોના કિસ્સામાં, કેટલાક એવા છે કે જે અમને એન્જિનિયરિંગ વિભાગ દ્વારા સોંપવામાં આવ્યા નથી. પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જગ્યાઓ સંબંધિત ઝોનલ ડીએમસી દ્વારા ફાળવવામાં આવશે કારણ કે તેઓ સ્થાનિક હોકર્સની સારી સમજ ધરાવે છે. ગેથેએ ખાતરી આપી હતી કે, અમે આશા રાખીએ છીએ કે દિવાળી પછી ઇમારતો કાર્યરત થાય જેથી રહેવાસીઓને ગુણવત્તાયુક્ત સેવાઓ મળે અને તેઓ જે હેતુથી બાંધવામાં આવ્યા હોય તે હેતુ માટે તેનો ઉપયોગ કરી શકે. ■

# ટૂંક સમયમાં અસલી કોલ્હાપુરી ચપ્પલ ક્યુઆર કોડ સ્કેન કરીને ખરીદી કરી શકાશે

મુંબઈ: પશ્ચિમ મહારાષ્ટ્રના ચાર જિલ્લાઓ - કોલ્હાપુર, સોલાપુર, સતારા અને સાંગલી - કોલ્હાપુરી ચપ્પલના ઉત્પાદન માટે પ્રસિદ્ધ છે, જેણે ૨૦૧૯માં ભૌગોલિક સંકેત (જીઆઇ) ટેગ મેળવ્યો હતો. પરંતુ તે અધિકૃત વેપારીઓને બનાવટી અને તેને સસ્તા ભાવે વેંચતા વ્યાપારીઓથી સુરક્ષિત કરવામાં વ્યવસ્થાપિત નથી.

હવે, અધિકૃત કારીગરોને સુરક્ષિત કરવા માટે, રાજ્ય સરકારે નવીન ફૂટવેરના દરેક ટુકડા પર એક ક્યુઆર કોડ ફિક્સ કરવાનો નિર્ણય લીધો છે, જેથી ઉપભોક્તાને અસલી કોલ્હાપુરી ચપ્પલની ઓળખ થઇ શકે.

લેધર ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ મહારાષ્ટ્ર (લિડકોમ), જે રાજ્ય સરકારનું એક ઉપક્રમ છે, ટૂંક સમયમાં બ્લોકચેન ટૅકનોલૉજી આધારિત ક્યુઆર કોડ ડ્રાઈવ શરૂ કરશે. એક જ સ્કેન ગ્રાહકને સપ્લાય ચેઇન, ઉત્પાદન એકમનું નામ અને સ્થાન, કારીગરનું નામ, ચામડાનો સ્ત્રોત, કારીગરને ચૂકવવામાં આવેલી રકમ અને કાચા માલની વાસ્તવિક કિંમત તેમજ જીઆઇ ટેગિંગ સંબંધિત માહિતી આપશે. ગજભીયે ઉમેર્યું હતું કે જીઆઇ ટેગ સાથે, ક્યુઆર કોડ ઉદ્યોગને ડુપ્લિકેટ ઉત્પાદનને રોકવામાં મદદ કરશે. અમે કોલ્હાપુરી ચપ્પલ તરીકે વેચાતી ડુપ્લિકેટને દૂર કરવા માટે એક પદ્ધતિ પર કામ કરી રહ્યા છીએ. ગ્રાહકો અધિકૃત ઉત્પાદનોને ઓળખી શકે છે.

સરકારી અધિકારીઓ અને ઉદ્યોગના નિષ્ણાતોના અંદાજમાં બહાર આવ્યું છે કે બજારમાં ૪૦ ટકાથી વધુ ઉત્પાદનો નકલી અથવા હલકી ગુણવત્તાની છે. ચપ્પલ ₹૨૦૦ થી ₹૨૦,૦૦૦ ની રેન્જમાં ઉપલબ્ધ છે. વાસ્તવિક સામગ્રીની સારી શરૂઆતની કિંમત ₹૬૮૦ છે. નકલી મશીન પર ઉત્પાદિત થાય છે અને ચામડાના ટુકડાઓમાંથી બનાવવામાં આવે છે, જ્યારે અધિકૃત ઉત્પાદનો સિંગલ પીસ ચામડા અને હાથથી બનેલા હોય છે. ■

# પેલેસ્ટિનિયન 'આતંકવાદી' તરફી પ્રવચન : આઈઆઈટી-બૉમ્બેમાં વિરોધ પ્રદર્શન

મુંબઈ: ઇઝરાયલ સામે પેલેસ્ટિનિયન સ્વતંત્રતા સંગ્રામ વિશે વાત કરતી વખતે આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ પ્રોફેસર અને ગેસ્ટ સ્પીકરની ધરપકડ કરવા માટે આઈઆઈટી મુંબઈની બહાર શનિવારે એક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વિરોધીઓના જણાવ્યા અનુસાર, પ્રતિષ્ઠિત સંસ્થાના માનવતા અને સામાજિક વિજ્ઞાન વિભાગના પ્રોફેસર શર્મિષ્ઠા સાહા અને અતિથિ વક્તા સુધન્વા દેશપાંડેએ ૬ નવેમ્બરના રોજ શૈક્ષણિક અભ્યાસક્રમ 'એચએસ ૮૩૫ પરફોર્મન્સ થિયરી એન્ડ પ્રેક્ટિસ' અંતર્ગત એક વાર્તાલાપ દરમિયાન કથિત રીતે ''આતંકવાદીઓ અને સશસ્ત્ર બળવા'' ને પ્રોત્સાહન આપતું ઉચ્ચારણ કર્યું હતું.

વિવેકવિચાર મંચના નેજા હેઠળ વિરોધ કરનારાઓએ દાવો કર્યો હતો કે દેશપાંડેએ પેલેસ્ટિનિયન આતંકવાદી ઝકરિયા ઝુબેદીને ગૌરવ આપ્યું હતું , જે કથિત રીતે અલ-અક્સા શહીદ બ્રિગેડનો ભાગ છે, જેને ઘણા દેશો દ્વારા આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરવામાં આવ્યું છે, અને તેણે ૨૦૧૫માં તેને મળવાનું પણ સ્વીકાર્યું હતું.

તેઓએ સાહા અને દેશપાંડેના ફોન કોલ્સ અને ઈમેઈલની ૬ નવેમ્બરની વાતચીત પાછળનો હેતુ જાણવા માટે તપાસની માગ કરી હતી અને ઉમેર્યું હતું કે પ્રોફેસરને આઈઆઈટી મુંબઈમાંથી દૂર કરવામાં આવે.

એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે આ વાત આઈઆઈટી મુંબઈમાં અભ્યાસ કરતા લોકોને દ્વેષપૂર્ણ અને ખોટાં વર્ણનો દ્વારા પ્રેરિત કરવા માટે એક ચાલ છે.

૭ નવેમ્બરના રોજ પોલીસને સુપરત કરાયેલા પત્રમાં, કેટલાક વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે સાહાએ વર્ચ્યુઅલ વાર્તાલાપ માટે દેશપાંડે જેવા વક્તાઓને આમંત્રિત કરવા માટે તેમના પદનો અયોગ્ય ઉપયોગ કર્યો હતો, જેઓ દાવો કરતા હતા કે તેઓ ''કટ્ટરપંથી ડાબેરી'' હતા.

પોલીસને સુપરત કરાયેલા પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે આવી ઘટનાઓ આઈઆઈટી મુંબઈની શૈક્ષણિક અખંડિતતા અને સલામતી માટે ચિંતાજનક પરિણામો લાવી શકે છે કારણ કે તેઓ આતંકવાદ સાથે જોડાયેલી વિચારધારાને પ્રોત્સાહન આપે છે. ■

# ઉદ્ધવ ઠાકરેની થાણે મુલાકાત પહેલાં ૯૦ ટકા બેનર્સ ફાડ્યાં

## પોલીસની મિલિભગત હોવાનો આવ્હાડનો આક્ષેપ

થાણે: શિવસેનાના નેતા સ્વ. આનંદ દિઘેએ મુંબ્રામાં શરૂ કરેલ શિવસેનાની મધ્યવર્તી શાખા પરથી શિંદે અને ઠાકરે જુથ વચ્ચે વિવાદ થયો હતો. આ વિવાદને પગલે શિંદે જૂથના પદાધિકારીઓએ જેસીબીની મદદથી શાખા જમીનદોસ્ત કરી હતી. ઉપરાંત શિંદે જૂથે નવેસરથી શાખા ઉભી કરવા માટે મંગળવારે ભૂમિપૂજા પણ કરી હતી. ત્યારે ૧૧મી નવેમ્બરના રોજ ઉદ્ધવ ઠાકરે આ જમીનદોસ્ત કરવામાં આવેલ શાખાની જગ્યાની મુલાકાત લેવાના છે. ઉદ્ધવ ઠાકરેના ૯૦ ટકા બેનર્સ ફાડવામાં આવ્યા છે. આ કામ પોલીસની મદદ વગર શક્ય નથી, એવો આક્ષેપ રાષ્ટ્રવાદીના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે કર્યો છે.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વિધાનસભ્ય જીતેન્દ્ર આવ્હાડે ઉદ્ધવ ઠાકરેના સ્વાગત માટે મુંબ્રાથી થાણે આ વિસ્તારમાં બેનર લગાવ્યા હતાં. તેમાંથી ૯૦ ટકા બેનર્સ ફાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ જિતેન્દ્ર આવ્હાડે કર્યો છે. જિતેન્દ્ર આવ્હાડે આનો એક વીડિયો એક્સ એકાઉન્ટ પર શેર કર્યો છે.

જિતેન્દ્ર આવ્હાડે કહ્યું કે, મેં જાતે મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઑફિસર સાથે ટેલિફોનિક સંપર્ક સાધી શિવસેના (ઠાકરે જૂથ) પક્ષ પ્રમુખ ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના સ્વાગત માટે મુંબ્રાથી થાણે સુધી લગાવવામાં આવેલ બેનર્સ ફાડવામાં આવશે એવી શંકા વ્યક્ત કરી હતી. ત્યારે તેમણે આવું કંઇ જ નહીં થાય, તમે નિશ્ચિત રહો, અમારું ધ્યાન બધે જ છે, એમ મને મોટા આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું. ■

# દલાઈ લામા મુંબઈમાં બૌદ્ધ ધર્મ પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેશે

મુંબઈ: કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ શનિવારે જણાવ્યું હતું કે તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામા અને શ્રીલંકા અને થાઈલેન્ડના વડા પ્રધાન આવતા મહિને મુંબઈમાં યોજાનારી બૌદ્ધ ધર્મ પરની આંતરરાષ્ટ્રીય પરિષદ 'ધમ્મ દીક્ષા'માં હાજરી આપશે. આ પરિષદ ૧૫ ડિસેમ્બરે વરલીના સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં અને ૧૬ ડિસેમ્બરે મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે યોજાશે.

૧૪ ઑક્ટોબર, ૧૯૫૬ના રોજ ડો. બી. આર. આંબેડકરે નાગપુરમાં બૌદ્ધ ધર્મ અપનાવ્યા પછી, તેમણે મુંબઈમાં ધમ્મ દીક્ષા પરિષદનું આયોજન કરવાની યોજના બનાવી હતી, પરંતુ તે વર્ષે ૬ ડિસેમ્બરે તેમનું અવસાન થયું હતું, એમ આઠવલેએ જણાવ્યું હતું. આ વર્ષે અહીં યોજાનારી કોન્ફરન્સ સાથે, આંબેડકરનું સ્વપ્ન પૂર્ણ થશે. (પીટીઆઈ) ■

# જરાંગે પાટીલના કંદિલની માર્કેટમાં ચર્ચા

મુંબઇ : મરાઠા આરક્ષણ આંદોલને મહારાષ્ટ્રમાં હલચલ મચાવી છે. આ આંદોલનનો ચહેરો એટલે મનોજ જરાંગે-પાટીલનું નામ સતત ન્યૂઝમાં રહ્યું છે. જેમ જેમ સરકાર દ્વારા આપવામાં આવેલા આશ્વાસનની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ જરાંગેની લોકપ્રિયતા વધતી જાય છે. જરાંગેની લોકપ્રિયતા આટલી બધી વધી ગઈ છે કે બજારમાં હવે તેમના નામના દિવાળીના આકાશ કંદિલ પણ આવી ગયા છે. 'મનોજ જરાંગે-પાટીલ' તેમજ 'એક મરાઠા લાખ મરાઠા' જેવા સૂત્રો લખેલા કંદિલ પાલિકાએ લગાડેલા દિવાળી સ્ટોલમાં જોવા મળ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દ્વારા 'સ્વચ્છ દિવાળી શુભ દિવાળી' આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈમાં કચરો બાળનારા

ત્યાં કચરો બાળનારાઓની ફરિયાદ કરવાની અપીલ કરી છે.

મુંબઈ મહાનગરપાલિકાના વેસ્ટ મેનેજમેન્ટ નિયમાવલી અનુસાર મુંબઈની હદમાં કચરો બાળવો ગુનો છે. કચરો બાળનારા વિરોધ દંડાત્મક કાર્યવાહી કરીને તેમની પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે. મુંબઈમાં જાહેર સ્થળે કોઈ પણ કચરો બાળતા દેખાયો તો તેની ફરિયાદ 'મુખ્યમંત્રી સ્વચ્છ મુંબઈ હેલ્પલાઈન ૮૧૬૯૬-૮૧૬૯૭' પર કરવાની અપીલ પણ કરવામાં આવી છે. એ સાથે તેના ફોટા પણ લિંક કરવાનું કહેવામાં આવ્યું છે.

ઍર પોલ્યુશન અને મુખ્યત્વે ધૂળને નિયંત્રણમાં લાવવા માટે પાલિકા અનેક ઉપાયયોજના અમલમાં મૂકી રહી છે. તો આ ઉપાયયોજનાનું ઉલ્લંઘન કરીને ઍર પોલ્યુશન કંટ્રોલના નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે પણ આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્ર શાસનના પર્યાવરણ અને વાતાવરણીય વિભાગ મારફત ૨૬ ઑક્ટોબર, ૨૦૨૩ના ઍર પોલ્યુશનને નિયંત્રણમાં લાવવા માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે, તેમાં શહેરમાં કચરો બાળવાને લગતી ફરિયાદ કરવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખુલ્લામાં કચરો બાળવો એ ભારતીય કાયદા મુજબ ગુનો છે, તે માટે કાયદામાં આકરી દંડાત્મક કાર્યવાહીની જોગવાઈ છે. છતાં નાગરિકો ખુલ્લામાં કચરો બાળીને તેનો નિકાલ લાવીને કાયદાનું ઉલ્લંઘન કરતા હોય છે. પ્રદૂષણને લગતી ફરિયાદ કરવા માટે પાલિકા દ્વારા નાગરિકોને સતત અપીલ કરવામાં આવી રહી છે, છતાં નાગરિકો તરફથી પાલિકાની આ અપીલને અત્યંત મોળો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું પાલિકાના ઘનકચરા વિભાગ સાથે સંકળાયેલા અધિકારીએ કહ્યું હતું. ૨૩ ઑક્ટોબર, ૨૦૨૩થી અત્યાર સુધી માંડ ૪૦ જેટલી ફરિયાદો આવી છે, જેમાં કચરો બાળવાથી લઈને કન્સ્ટ્રક્શન સાઈટ પર થતી ધૂળ વગેરેનો સમાવેશ થાય છે. ■

### લલિત પાટીલનું પલાયન

દ્વારા સરકારને મોકલવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું.

રાજીવ નિવતકરે, તબીબી શિક્ષણના કમિશનર, જેમણે અહેવાલનો અભ્યાસ કર્યો, તેણે પણ હૉસ્પિટલની કેદીઓની સમિતિની બેદરકારી શોધી કાઢી અને કહ્યું કે તેણે પાટીલની સ્વાસ્થ્યની સ્થિતિ વિશે વહીવટીતંત્રને જાણ કરવી જોઈએ. કમિશ્નરને હૉસ્પિટલમાં કેદીઓ વધુ સમય સુધી રોકાયા હોવાના કિસ્સાઓ મળ્યા છે, જે તેમણે કહ્યું હતું કે સમિતિની અખંડિતતા પર શંકા ઉત્પન્ન કરે છે.

યરવડા જેલમાં કેદની સજા ભોગવી રહેલા અન્ડરટ્રાયલ કેદી પાટીલને ક્ષય રોગ અને સારણગાંઠની સારવાર માટે સાસૂન ખાતે વોર્ડ ૧૬માં દાખલ કરવામાં આવ્યો હતો. બીજી ઓક્ટોબરના રોજ, તે હૉસ્પિટલમાંથી ભાગવામાં સફળ રહ્યો અને પોલીસના જણાવ્યા અનુસાર, તે પછી રાજ્ય પરિવહનની બસ દ્વારા નાસિક ગયો. બે દિવસ પછી, રાજ્યએ આ ઘટનાની તપાસ માટે તબીબી શિક્ષણ અને સંશોધનના ડિરેક્ટર, ડૉ. દિલીપ મહૈસેકરની અધ્યક્ષતામાં ચાર સભ્યોની સમિતિની રચના કરી.

કમિટીએ મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટને સુપરત કરેલા તેના રિપોર્ટમાં જેલના કેદીઓને વોર્ડ ૧૬માં દાખલ કરવા અંગે વાંધો વ્યક્ત કર્યો હતો જ્યાં કેટલાક ઉચ્ચ-પ્રોફાઇલ કેદીઓએ અધિકારીઓને લાંચ આપીને કથિત રીતે વીઆઈપી ટ્રીટમેન્ટ મેળવી હતી.

એક વરિષ્ઠ આઈએએસ અધિકારીએ કહ્યું કે, હવે રાજ્ય સંચાલિત જેજે હૉસ્પિટલમાં આવી ગેરરીતિઓનો પર્દાફાશ કરવાનો સમય આવી ગયો છે. ■

### આજે દિવાળી નિમિત્તે

ફેરફારો લાગુ કર્યા છે.

- ડો. મૂસ ચોકથી ગડકરી રંગાયતન ચોક તરફ જતાં વાહનોને ડો. મૂઝ ચોકમાં પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. અહીં વાહનો મૂઝ ચોકથી ટાવર નાકા, ટેમ્ભીનાકા થઈને જશે.

- ગડકરી ચોકથી ડો. મૂસ ચોક તરફ જતાં વાહનોને ગડકરી ચોકમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંથી વાહનો અલમેડા ચોક, વંદના સિનેમા, ગજાનન ચોક, ત્રણ પેટ્રોલ પંપ, હરિનિવાસ ચોક થઈને જશે.

- ઘંટાલી ચોકથી પૂ. ના ગાડગીલ ચોક તરફ જતાં વાહનો માટે ઘંટાલી ચોકથી પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ઘંટાલી દેવી પથ પરથી પસાર થશે.

- ગજાનન મહારાજ ચોકથી ત્રણ પેટ્રોલ પંપ તરફ જતા વાહનોને ગાડગીલ ચોક તરફ જતા સમયે કાકા સોહની પથ પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ત્રણ પેટ્રોલ પંપ, હરિનિવાસ ચોક અથવા ઘંટાલી થઈને પસાર થશે.

- રાજમાતા વડાપાંઉની દુકાનથી ગજાનન મહારાજ ચોક તરફ જતા વાહનોને રાજમાતા વડાપાંઉની દુકાનમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ગોખલે રોડ પરથી પસાર થશે. ■

## હિન્દુ મરણ

**દશા સોરઠીયા વણિક**

ખંડવા, હાલ બોરીવલી સ્વ. લક્ષ્મીચંદ માધવજી શાહ (માધાણી)ના પુત્ર ભરત શાહ (ઉં. વ. ૮૧) તે હર્ષદભાઈ તથા ભાવેશભાઈ, અનિતા અશ્વિનભાઇ, દક્ષા પ્રકાશભાઈ, હંસા શશીકાંત, નયના જયેશભાઇના પિતા. સ્વ. જયંતીભાઈ, પ્રવીણભાઈ, કિશોરભાઈ, સ્વ. કલાવતી હસમુખલાલ વખારિયા, રંજનબેન કિશોરભાઈના ભાઈ. તે સાસરાપક્ષે સ્વ. વલ્લભદાસ વિઠ્ઠલદાસ માંડવીયા ખાંડવાના જમાઈ. તા.૧૦/૧૧/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગૌ. વા ગંગાબેન કાકુભાઇ મનજીભાઇ અમલાણીના પુત્ર પોરબંદર હાલ કાંદિવલી રમણીકભાઇ (ઉં. વ. ૬૯) તે ભારતીબેનના પતિ. નીરવ તથા જીજ્ઞા જયેશકુમાર સીરોદરીયાના પિતા. કાંતિભાઈ, લક્ષ્મીદાસ તથા સ્વ. અરુણભાઈના નાનાભાઈ. ગં. સ્વ. હીરાબેન ઈશ્વરલાલ ગઢીયાના જમાઈ. તે ૧૦/૧૧/૨૩ ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવંજ દશા પોરવાલ**

કપડવંજ વાલા, હાલ વડોદરા સ્વ. મોહનલાલ અંબાલાલ પરીખ તથા સ્વ.ચંપાબેન પરીખના પુત્ર અશ્વિનભાઈ પરીખ (ઉં. વ. ૯૧) તા. ૦૮.૧૧.૨૦૨૩ ના બુધવાર શ્રીજી ચરણ પામેલ છે. તે મનોજ, અચલા, અમિત, સ્વ. સમીર તથા સ્વ. સૌનકના પિતા. આરતી, જયના અને સ્વ.પારુલના સસરા. મિત્રભાઈ, કિરીટભાઈના મોટાભાઈ. કાંતિલાલ મણીલાલ દેસાઈના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તળાજા, હાલ મુંબઈ મોતીલાલ હરગોવનદાસ દાણીના સુપુત્ર બળવંતરાય (બાલાભાઈ) (ઉં. વ. ૯૦) તા. ૧૧.૧૧.૨૩ના શનિવારે મુંબઈ શ્રીજીચરણ પામ્યા છે. તે શાંતાબેનના પતિ. પૂર્ણિમા-યોગેશ, હીના-ધીરેન, અલકા-અતુલ, સાધના-નિમેશ, નમ્રતા-હેમંત, નીતા-નીતિનના પિતાશ્રી. વિનુભાઈ, ચંદુભાઈ હિંમતભાઈ, વિમળાબેનના ભાઈ. પિયરપક્ષે સ્વ. કપિલાબેન જેઠાલાલ છગનલાલ શાહના જમાઈ. ટવીન્કલ અભિષેક, કૌશિકા, દીક્ષિત, મેઘના, અલોક, ધ્રવીન, બીજલ, સેજલ, પૂજા, પ્રિયા, ચાંદની, રાધિકા, સલોની, આશિતા, કિંજલના દાદાની પ્રાર્થનાસભા તા. ૧૬.૧૧.૨૦૨૩ ના ગુરુવારે ૫:૦૦ થી ૭:૦૦ શ્રી મુંબઈ પાટીદાર સમાજ, ફ્રેન્ચ બ્રિજ, મુંબઈ - ૪૦૦ ૦૦૭ (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કપોળ**

મોટા ખુંટવડાવાળા (હાલ કાંદિવલી) મુકુંદ સંઘવીના ધર્મપત્ની હેમલતા (ઉં. વ. ૭૩) તે ગીરજાલક્ષ્મી નારણદાસ સંઘવીના પુત્રવધુ. અંકુર, અવની મીતેન મોદીના માતુશ્રી. રેશમાના સાસુ. સ્વ. વનિતાબેન હિંમતલાલ ગોરડીયા, સ્વ. મધુમાલતી સૂર્યકાંત મહેતા, અ. સૌ. કુંદનબેન સુરેશચંદ્ર દેસાઇના ભાભી. તે પિયરપક્ષે પીપરલાવાળા સ્વ. બાવાલાલ લક્ષ્મીદાસ કાચરીયાના દિકરી. શુક્રવાર તા. ૧૦-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૩ ગુરુવારના ૫થી ૭. ઠે. સનરાઇઝ પાર્ટી હોલ, આનંદીબાઇ કાલે કોલેજ પાસે, પવાર સ્કૂલની પાછળ, સાંઇબાબા નગર, સચીન તેન્ડુલકર જીમખાનાની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ).

**દશા સોરઠીયા વણિક**

શેરગઢ હાલ મુંબઇ ગં. સ્વ. લીલમબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. જગમોહનદાસ શેઠના ધર્મપત્ની બુધવાર તા. ૮-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. તે હેમંત, હિમાંશુ અને જયશ્રીના માતુશ્રી. ચંદ્રિકા, નીતા, દિનેશકુમારના સાસુજી. તે સ્વ. શાંતિલાલ, સ્વ. જશવંતીબેન ચીમનલાલ પારેખ, રમેશભાઇ, સ્વ. છબીલભાઇ, નવીનભાઇ, હરેશભાઇના ભાઇના પત્ની. તે સ્વ. જમનાદાસ પુરુષોતમ માંડવીયાના પુત્રી. સ્વ. અમૃતલાલ, કાંતાબેન, મૃદુલાબેન, કુમુદબેનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પચ્ચીસ ગામ ભાટીયા**

માછરડાવાલા તુલસીદાસ મેઘજી આશરના પૌત્ર ચિ. હિતેષ (ઉં. વ. ૫૫) તે નિરંજના-રાજેન્દ્ર આશરના પુત્ર. અનીતાના પતિ. સીમ્મીના પિતાજી. અમીતના ભાઇ, નમ્રતાના જેઠ. તે દિવ્યલતા-ભૂપતરાય પારેખના જમાઇ. સુધીરભાઇ, ભરતભાઇ, પ્રહ્લાદભાઇ, ગિરીશભાઇ, સુધાબેન, વિમલાબેન, ગીતાબેનના ભત્રીજા. તા. ૧૦-૧૧-૨૩ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ ઘાટકોપર સ્વ. જડીબેન અને મંગળદાસ નાગરદાસ મહેતાના પુત્ર મુકેશભાઇ (ઉં. વ. ૭૨) તે જાગૃતિના પતિ. દર્શિકા હર્ષ શાહ, તૃષા એમીલ શાહના પિતા. હસમુખરાય, ઉત્તમલાલ તથા સ્વ. અમુલખરાય, નવનીતરાય, મનસુખલાલ, ધીરજલાલ, મહેશભાઇ, રમેશભાઇ તથા સ્વ. જયશ્રીબેન કિશોરભાઇ ભુવાના ભાઇ. રસનાળવાળા મોનજી જેઠા મહેતાનાં ભાણેજ. તથા સસરા પક્ષે શાંતિલાલ અમીચંદ શાહના જમાઇ. શુક્રવાર, તા. ૧૦-૧૧-૨૩ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ બડોલી, હાલ બોરીવલી કિશોર ચંદ્રશંકર જાની (ઉં.વ.૮૭) તા. ૧૦-૧૧-૨૩ને શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સુશીલાબેનના પતિ. રેણુકા અને નિમેષના પિતા. વિજયકુમાર અને ઝરણાના સસરા. ગં. સ્વ. યશોમતીબેન દિલીપભાઇ મહેતા, વિનોદભાઇ, સ્વ. ઘનશ્યામભાઇ, મહેશભાઇ, પ્રતિમાબેન અજયભાઇ જાનીના મોટાભાઇ. ધર્મ અને ધૈર્યના નાના.બડોલી નિવાસી સ્વ. પીતાંબર હરગોવિંદદાસ ભટ્ટના જમાઇ. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ગૌરીશંકર જીવાભાઇ પાઠક (ઉં. વ. ૧૦૩) મીઠા નિવાસી હાલ કાંદિવલી તા. ૧૦-૧૧-૨૩ના શુક્રવારન કૈલાસવાસી થયેલ છે. તે કિરીટભાઇ, પ્રહલાદભાઇ, કિશોરભાઇના પિતા. પ્રાર્થનાસભા તા. ૧૩-૧૧-૨૩ના સોમવારના ૪થી ૬. ઠે. બાપા સ્વામીનારાયણ મંદિર, ડાયમંડ હોલ, ૩જે માળે, એસ. વી. રોડ, દહીંસર (ઇ).

## પારસી મરણ

કેટી જહાંગીર આફખમ તે મરહુમ જહાંગીર ખોદામુરાઇ આફખમના ધણિયાની. દીનયાર અને ખારમન શાહયારીના દીકરી. તે રૂજેબહ જહાંગીર આફખમ અને સીમા ફરદીન તીરનદાજના માતાજી. તે જરીન તથા ફરદીનના સાસુજી. તે શહરૂખ, મહારૂખ તથા મરહુમો હોશંગ અને શીરીનના બહેન. તે ફરજાન, તરોનીશના બપઇજી. તે ફરશોશાત્રના મમઇજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. મકાવી મેન્શન, ચોથે માળે, ઇ-બ્લોક, રૂસ્તમ સીધવા માર્ગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦ ૦૦૧. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૨-૧૧-૨૩ના બપોરના ૩.૪૫ વાગે દાદીશેઠ અગીયારીમાં છેજી. (ફોર્ટ-મુંબઇ).

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા, હાલ મલાડ મંજુલાબેન દિપચંદભાઈ મહેતાના પુત્ર નીતિનભાઈ મહેતા (ઉં. વ. ૬૫) તે ૯/૧૧/૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે શીલાબેનના પતિ. પૂજા તથા વિશાલના પિતા. કૈલાશબેન ધન્વંતરાય, સ્વ. રશ્મિબેન લહેરચંદ, વર્ષાબેન મધુકાંત, નયનાબેન વિનોદકુમાર, શિલ્પાબેન અજયકુમાર, કૌશિક, જીતેનના ભાઈ. સાસરાપક્ષે દાઠાવાળા વિનુભાઈ જયંતીભાઈ દુર્લભદાસ શાહ તથા ધર્મેન્દ્રના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

આખા, હાલ મુંબઈ સ્વ. ખુશાલચંદ શામળજી શેઠના ધર્મપત્ની ગં. સ્વ લીલાવતી શેઠ (ઉં. વ. ૯૧) તે રમેશચંદ્રના ભાભી. સ્વ. હરેશ, કિશોર, સ્વ. મેઘના, નીતિન, ભવ્યાના માતુશ્રી. સ્વ. શિલ્પા, મંદા, પ્રીતિના સાસુ. દીપલ, જિનેશ, જેનીલ, નીરવ, આશુમિ તથા નેમિલના દાદી ૯/૧૧/૨૩ ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ માંડવી, હાલ મલાડ, સ્વ. સુશીલા શાંતિલાલ મકનજીના સુપુત્ર રોહિત કુમાર (ઉં. વ. ૭૧) તે સ્વ. શાંતિલાલ વચ્છરાજ દોશી ગામ અંજારના જમાઈ, તે શોભનાના પતિ. પ્રેરણાના પિતાશ્રી. કુમુદિનીબેન, લલિત, જીતેન્દ્ર, ભાલચંદ્ર, વિનય અને ભુપેન્દ્રના ભાઈ, શુક્રવાર તા.૧૦-૧૧-૨૩ ના રોજ અરિહંત શરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા.જૈન**

જેતપુર, હાલ મલાડ સ્વ.કંચનબેન કાંતીલાલ દોશીના પુત્રવધૂ. સ્વ.ગુણવંતભાઈના ધર્મપત્ની ગં.સ્વ. પુષ્પાબેન,ઉ.વ.૮૩, તે સરોજબેન ભુપેન્દ્રભાઈ દોશીના ભાભી, કોમલ મુકેશકુમાર અવલાણી, દીપા ચેતન દોશી, હીના મયુરકુમાર હેમાણીના ભાભુ, સ્વ.ચંદ્રકાન્તભાઈ, સ્વ. નરેશભાઈ, સતીષભાઈ પ્રાણજીવનદાસ , સ્વ. શારદાબેન રતીલાલના બેન, ધૈર્ય-પ્રાચી, સિદ્ધાંત-કૃપાલી, ભવ્ય-ખુશીના ભાભીબા તા. ૧૦-૧૧-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

બોટાદ, હાલ સાંતાક્રુઝ , સ્વ. જયંતીલાલ ચત્રભુજ ગાંધીના સુપુત્ર શ્રી નિખીલભાઈ ગાંધી (ઉ.વ.૮૧) તા. ૯-૧૧-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ઉષાબેનના પતિ, ભાવિક અને જીગ્નેશના પિતા, નીપા અને નેહાના સસરા, રાહાન, હિતાલી, હિતિકાના દાદા, સ્વ.સમતાબેન મંગળદાસ શાહના જમાઈ, સાદડી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવીનાર હાલે બારામતીના હિરેન ડુંગરશી (હરેશ) વોરા (ઉ.વ.૫૨) ૬/૧૧/૨૩ના અવસાન પામેલ છે. પુષ્પાબેન હરેશભાઈના પુત્ર. બંસરીના પતિ. ગ્રીષ્માના પિતા. જયેશ, દિપનના ભાઈ. પ્રભાબેન વસંતલાલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બંસરી હીરેન વોરા, ઇ-૩, પ્રભા એપાર્ટમેન્ટ, મોતાનગર, બારામતી, પુણે-૪૩૧૧૦૨.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

વણી હાલ સાયન મનહરલાલ નાનાલાલ મહેતા (ઉં. વ. ૯૯) તા. ૧૦-૧૧-૨૩ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જશવંતીબેનના પતિ. નીલાબેન, ઉર્વશીબેનના પિતા. તથા સ્વ.મુળજીભાઇ મણિલાલ કામદારના જમાઇ. સ્વ. લલિતાબેન અને સ્વ. કમળાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માળીયા, હાટીના હાલ ચેમ્બુર મુંબઇ કમલેશ અનીલકાંત ગોકલદાસ જુઠાણીનાં ધર્મપત્ની પ્રિતી (પ્રફુલા) (ઉ. વ. ૬૨) તે રોનકના માતુશ્રી. સ્વ. બિમલ, વિનય, હર્ષદા વિનોદ તલાજીયાના ભાભી. પૂજા તથા દર્શનાના જેઠાણી. કૃપા, મેઘલ જીગર દેસાઇ, રુષભ, વિરાજ, રિદ્ધિના મોટા મમ્મી. ગારીયાધાર નિવાસી સ્વ. જયંતીલાલ અમૃતલાલ જાગાણીના દીકરી. તા. ૧૦-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દયારામ રામજી કોઠારી તથા સ્વ. મંગળાબેન કોઠારી ગામ ભડલી અને હાલ ભટ્ટવાડી ઘાટકોપરના સુપુત્ર દિપક કોઠારી (ઉં. વ ૫૨) તે જયંતીલાલ રાઘવજી ખંભાળિયાના જમાઇ. પ્રીતિ દીપક કોઠારીના પતિ. હાર્દિકના પિતાશ્રી. વિક્રમ દયારામ કોઠારી અને સ્વ. ફાલ્ગુની ભાવેશકુમાર સતયુગાના મોટાભાઇ. સ્વ. વર્ષા વિક્રમ કોઠારીના જેઠ. શુક્રવાર તા. ૧૦-૧૧-૨૩ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ખીમજી દેવજી મૃગાણી કચ્છ ગામ સાયરાવાલાના ધર્મપત્ની ગં. સ્વ. વસંતબેન (ઉં. વ. ૭૮) તે કચ્છ ગામ વાકુંવાળા સ્વ. બચુબેન (રતનબેન) હીરજી રૂપારેલના સુપુત્રી શુક્રવાર, તા. ૧૦-૧૧-૨૩ના રામશરણ પામેલ છે. તે મહાલક્ષ્મી (સોની) મનીષ મૃગાણીના સાસુ. તે દિપક, રમાબેન નિમિત ઠક્કર તથા મનીષના માતુશ્રી. તે જીયાના દાદીમા. તે સ્વ. કનૈયાલાલ તથા સ્વ. દેવજીભાઇના બેન. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

### શરદ પવાર મોદી

આવી જ રીતે શરદ પવાર અને અજિત પવાર વચ્ચેનો સંઘર્ષ પણ ખતમ થઈ જશે. આવું થશે તો શરદ પવાર અને નરેન્દ્ર મોદીના માધ્યમથી મહારાષ્ટ્રમાં શક્તિશાળી સરકાર આવશે એમ રવિ રાણાએ કહ્યું હતું.

દિલ્હીના સ્તરે નવા રાજકીય સમીકરણો તૈયાર થઈ રહ્યા છે. અત્યાર સુધી જે રાજકીય ઘટના થઈ એ અચાનક ઘટી હતી. હવે શરદ પવાર પણ જો ભાજપની સાથે આવસે તો તાકાત મળશે અને મહારાષ્ટ્રમાં મજબૂત અને સક્ષમ સરકાર આવશે એમ પણ રવિ રાણાએ કહ્યું હતું. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# અવિરત વિકાસ, અગ્રેસર ગુજરાત



## સૌના સાથ, સૌના વિકાસનું નવું વર્ષ

### સૌના પ્રયાસો સાથે શુભ બને એવી શુભકામના

**ગરીબોને મળ્યું ગરિમામય જીવન**

રાજ્ય સરકાર દ્વારા ૭૨ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૫૪ કરોડ જનસંખ્યાને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ઘઉં, ચોખાનું વિનામૂલ્યે વિતરણ

પી.એમ. સ્વનિધિ અંતર્ગત ૪.૩૧ લાખથી વધુ જેટલા ફેરિયાઓને લોન આપવામાં આવી

**યુવા સ્વાવલંબનને પ્રોત્સાહનો**

રાજ્યના ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ₹૧૮૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત રાજ્યની ૧૧૬ શૈક્ષણિક સંસ્થાઓને કુલ ₹૧૦.૨૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી

**સ્વસ્થ ગુજરાત સશક્ત ગુજરાત**

PMJAY-મા યોજના અંતર્ગત રાજ્યના નાગરિકોને ₹૫ લાખની સહાય બમણી કરીને ₹૧૦ લાખ કરી




**વોકલ ફોર લોકલ**

વોકલ ફોર લોકલ માટે નાના-સ્થાનિક વેપારીઓના વેપાર, પરિશ્રમને પ્રોત્સાહન આપતી પહેલ

પસંદગીના ૩૩ જેટલા સ્પર્ધકોને ₹૫૦,૦૦૦ સુધીના પ્રોત્સાહિત ઈનામો

**પ્રધાનમંત્રી આવાસ યોજના**

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮ લાખથી વધુ અને (ગ્રામીણ) અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૪.૮૦ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ

**શ્રમિક પરિવારોને મળશે લાભ**

શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારવાના હેતુસર ૧૫૫ કડિયાનાકાનો વધારો કરીને ૧૭ જિલ્લામાં કુલ ૨૭૩ કડિયાનાકા પર દરરોજ અંદાજિત ૭૫૦૦૦થી વધુ બાંધકામ શ્રમિક અને તેના પરિવારને વ્યક્તિદીઠ ફક્ત ₹ ૫/- માં ભોજન આપવામાં આવશે

રાજ્ય સરકારે શ્રમિકોના માસિક વેતનમાં ૨૪.૬૩ ટકાનો કર્યો વધારો

## સૌને દિવાળીની શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રાજકોટના ઍરપોર્ટ રોડ ઉપર એટીએમ તોડવાનો પ્રયાસ: સાઇરન વાગતાં ત્રણ મિનિટમાં પોલીસ પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના એરપોર્ટ રોડ પર ખૂણે આવેલી બૅન્કનું એટીએમ તોડવાનો પ્રયાસ કરતા જ સાઇરન વાગ્યા માંડ્યું હતું. સિક્યોરિટી એજન્સી દ્વારા પોલીસને જાણ કરાતાં પોલીસ કાફલો માત્ર ત્રણ મિનિટમાં જ ઘટના સ્થળે પહોંચી જતાં એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર બે બુકાનીધારી નાસી ગયા હતા. આ અંગે પોલીસે ફરિયાદ અને કાર્યવાહી ચાલુ છે. શહેરના એરપોર્ટ રોડ પર આવેલું સ્ટેટ બૅન્ક ઓફ ઇન્ડિયાનું એટીએમ મોડી રાત્રે તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એટીએમ તોડવાનો પ્રયાસ કરતા જ અંદર લગાવવામાં આવેલું સાઇરન મોટેથી વાગવા લાગતાં એજન્સીને જાણ થઈ હતી અને બાદમાં તેઓએ પોલીસ કંટ્રોલ રૂમમાં કોલ કરી એરપોર્ટ રોડ પર એટીએમ તૂટવા અંગેનો મેસેજ આપતા જ સ્થાનિક પ્ર. નગર પોલીસ મથકના પીઆઇ ગોંડલીયા અને ડી સ્ટાફ તેમજ પીસીઆર વેન ઘટના સ્થળે માત્ર ત્રણ મિનિટમાં જ પહોંચી ગઈ હતી.પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા ત્યાં એટીએમનું શટર હથિયારથી ઊંચકેલું હતું. તેમ જ બૅન્ક અધિકારીને જાણ કરવામાં આવતા બૅન્ક અધિકારી પણ ત્યાં પહોંચી ગયા હતા. તેમજ ત્યાં સીસીટીવી કેમેરા જોવામાં આવતા બે બુકાનીધારી તેમાં નજરે પડ્યા હતા. પોલીસે મોડી રાત્રે જ શહેરમાં નાકાબંધી કરી બંનેને પકડી લેવા તજવીજ આદરી હતી. તેમજ આ એટીએમમાં લાખોની રકમ હોવાનું પણ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. બૅન્ક કર્મચારીની ફરિયાદ લેવા તજવીજ આદરી છે. બનાવની જાણ થતાં જ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ તેમજ ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતાં. તેમજ ઘટનાના સીસીટીવી ફુટેજમાં દેખાતા બન્ને શખસોને પકડી લેવા ફુટેજ જિલ્લાની પોલીસને બ્રોડકાસ્ટ કર્યા હતાં.

# પાવાગઢ મંદિરમાં પાંચમ સુધી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કર્યો

અમદાવાદ: દિવાળીના તહેવારને લઈ શક્તિપીઠ પાવાગઢ ખાતે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. કાળી ચૌદસથી લઈને દિવાળી, નવુ વર્ષ અને છેક પાંચમ સુધી દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા તહેવારોને અનુલક્ષીને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. તા. ૧૫મી નવેમ્બર સુધી પાવાગઢ મંદિરના દરવાજા વહેલી સવારે ભક્તો માટે ખોલી દેવામાં આવશે. એટલે કે, પાવાગઢ મંદિર સવારે ૫.૦૦ કલાકે દર્શન માટે ખુલી જશે. આ પાંચ દિવસે સાંજે ૭.૩૦ કલાકે નિજ મંદિરના દ્વાર દર્શન માટે બંધ થશે.

# ગાંધીનગરના ધોળાકૂવામાં ૫૬૫ વર્ષથી દિવાળીમાં રાંગળી માતાનાં ફૂલોના ગરબાની પ્રથા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પાટનગર ગાધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધોળાકુવા ગામમાં ૫૬૫ વર્ષ જુની ફુલોના ગરબાની પરંપરા આધુનિક યુગમાં પણ યથાવત્ જોવા મળે છે. દિવાળીના તહેવારોમાં ગામમાં રાંગળી માતાજીના બાધા માનતાના ૩૫ ફુટ ઊંચા અને ૨૦ ફૂટ પહોળા ગરબા થાય છે. દરરોજ ફૂલોના ગરબાને માઇભક્તો માથે લઈને ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરતા હોય છે. જેમાં આ વખતે તા.૧૨ મીને રવિવારના રોજ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં ભાગ લેશે. પ્રાપ્ત માહિતી અનુસાર ગાધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધોળાકુવા-શબ્દલપુરા ગામમાં છેલ્લા ૫૬૫ વર્ષથી પાટીદાર અને ઝાલા વંશી ઠાકોર યુવાનો અને ગ્રામજનોના સહયોગથી દિવાળીના તહેવારોમાં ભક્તિભાવપૂર્વક ફુલોના ગરબા યોજવામાં આવે છે. રાંગળી માતાજીના ફુલોના ગરબાના કાર્યક્રમને પગલે ગામને રોશનીથી શણગારવામાં આવે છે. લોકવાયકા મુજબ ૫૬૫ વર્ષ પહેલાં ગામમાં રાંગળી માતાજી સ્વંયભૂ પ્રગટ થયાનું કહેવામાં આવે છે. આથી ગ્રામજનોમાં માતાજી પ્રત્યે અનન્ય શ્રદ્ધાને લીધે લોકો માતાજીની બાધા અને માનતા રાખતા હોય છે. માતાજીના બાધા માનતાના ગરબા ગામના લોકો ઉપરાંત આસપાસના ગામના લોકો અને દેશ વિદેશમાં રહેતા માઇભક્તો રાખતા હોય છે. આથી માતાજીના બાધા કે માનતાના ફુલોના ગરબા દિવાળીના તહેવારોમાં યોજવામાં આવે છે. માઇભક્તો દ્વારા માતાજીને સુખડી, ગોળ, તેલ, ચોખા અને શ્રીફળ ચઢાવવામાં આવે છે. માણસા તાલુકાના ધોળાકુવા ગામમાં છેલ્લા ૫૬૫ વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ દિવાળીના તહેવારથી લઈને દેવદિવાળી સુધી રાંગણી માતાજીના મંદિરમાં માઈભક્તો તેમની માનતા કે બાધા અનુસાર વિવિધ પ્રકારના ફૂલોના ગરબા સાથે માના દર્શને આવી આસ્થાભેર તેમની માનતા પૂરી કરતા હોય છે.

# તહેવારોના ઉત્સાહ વચ્ચે કચ્છમાં કાળચક્ર ફરી વળ્યું: અપમૃત્યુની ઘટનાઓમાં પાંચનાં મોત

ભુજ: દિવાળીની ઉજવણીના ઉત્સાહ વચ્ચે કચ્છમાં અપમૃત્યુની બનેલી વિવિધ દુર્ઘટનાઓમાં પાંચ લોકોના અકાળે મોત નિપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી છે.

બંદરીય મુંદરા તાલુકાના છસરા નજીક ટ્રક અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં અંજારના આશાસ્પદ યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર, ધનતેરસના સપરમા દિવસે છસરા ગામની ભાગોળે આવેલા મોખાના આંતરિક માર્ગ પરથી ધોરીમાર્ગ ચડાવતી વખતે અંજારના સંજય રાજુભાઈ ચૌહાણ નામના ૩૦ વર્ષીય યુવાને રેસ વધુ દઈ દેતાં મોટરસાઇકલ ગાંધીધામ તરફ જઈ રહેલા ટ્રક સાથે ટકરાઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચવાથી સ્થળ પર જ મોત થયું હતું. હતભાગીના મૃતદેહને મુંદરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ અર્થે લઇ જઈ તેના પરિવારજનોને જાણ કર્યા બાદ પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. અન્ય અકસ્માતનો બનાવ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના સિનુગ્રા પાસે બન્યો હતો જેમાં બે મોટરસાઇકલો સામસામે ટકરાતાં એક મોટરસાઇકલ ચાલકે જીવ ગુમાવ્યો હતો, જ્યારે બીજાને અસ્થિભંગ સહિતની ઇજાઓ પહોંચી હતી. પોલીસે સિનુગ્રાની ઘાંચી શેરીમાં રહેતા ટ્રાન્સપોર્ટર મેઘરાજસિંહ નરપતસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદને ટાંકી, વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગત સાતમી નવેમ્બરની સાંજે ફરિયાદીના મોટા ભાઇ લગધીરસિંહ જશુભા સરવૈયા તેમની પુત્રીના જન્મદિવસ અને દિવાળીના તહેવારો માટે ખરીદી કરવા મોટરસાઇકલ પર જઇ રહ્યા હતા. તેઓ રામકો કંપની પાસે પહોંચ્યા ત્યારે સામેથી ધસી આવેલા મોટરસાઇકલ સાથે તેમનો અકસ્માત થતાં હેલ્મેટ પહેરી ન હોઈ, માથામાં તેમજ શરીરના અન્ય અવયવોમાં ગંભીર ઇજાઓ પહોંચતા તેમને સારવાર મળે તે અગાઉ જ મોત નીપજ્યું હતું.

અકસ્માત સર્જનારા દ્વિચક્રી ચાલકને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે લઇ જવાયો હતો. પોલીસે તેમની ફરિયાદના આધારે ઘાયલ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્રીજી ઘટનામાં ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર બનેલી કરુણાંતિકામાં પાર્કિંગ માટે રિવર્સ આવતા ટ્રેઇલર અને ટેન્કર વચ્ચે દબાઇ જતાં ચોકીદારનું અરેરાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ અંગે મુળ રાજસ્થાનના હાલે વોંધ પાસે ગુરુકૃપા અને ગાંધીધામમાં બજરંગ હોટેલ ચલાવતા રાણારામ સાવલારામ પ્રજાપતિએ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ગુરુવારે વહેલી સવારે ભચાઉ ગાંધીધામ-ધોરીમાર્ગ પર આવેલી તેમની બજરંગ હોટેલના પાર્કિંગમાં આવેલા ટ્રેઇલરને ચોકિદાર મોદલખાન રખાવી રહ્યો હતો ત્યારે ટ્રેઇલર ચાલકની બેદરકારીથી ટ્રેઇલર અને પાછળ ઊભેલા ટેન્કર વચ્ચે દબાઇ જતાં ઘટનાસ્થળે જ તેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જીવલેણ અકસ્માત સર્જનાર ટ્રેઇલર ચાલક હિરાલાલ ગોકળજી રબારી સામે ફરિયાદ નોંધી વધુ તપાસ ભચાઉ પોલીસે હાથ ધરી છે. વધુ એક અપમૃત્યુના કિસ્સામાં ગાંધીધામના જવાહરનગર વિસ્તારમાં આવેલી ભાનુ એગ્રો નામના એકમમાં ફરજ બજાવતા યુવાનનું ઊંચાઈ પરથી પડી જતા મોત નિપજ્યું હતું. ગાંધીધામના એ ડિવિઝન પોલીસ મથકે દાખલ થયેલી નોંધ અનુસાર ગત નવમી નવેમ્બરના સવારના અરસામાં શહેરના જવાહર નગરમાં આવેલા ભાનુ એગ્રોમાં કામ કરી રહેલા પીંટુ મનજી નામનો યુવાન અકસ્માતે નીચે પટકાતાં તેને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. કામદારને સારવાર માટે આદિપુરની રામબાગ હોસ્પિટલે ખસેડાયો હતો પણ સારવાર મળે તે અગાઉ યુવાનનું મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માત મોતની નોંધ કરીને આગળની તપાસ હાથ ધરી છે. જયારે ભુજ તાલુકાના કોડકી ગામમાં રહેતા યુવાને કોઇ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા દિવાળીના ઉત્સાહ વચ્ચે પરિવારમાં અરેરાટી છવાઇ જવા પામી છે. માનકુવા પોલીસ સ્ટેશનેથી ૨૯ વર્ષના અપરિણીત રાહુલ જખુભાઈ ચાવડા નામના યુવાને ગત ગુરુવારે પોતાના ઘરે પંખામાં દોરડું બાંધી આત્મઘાતી પગલું ભરી લેતા તેને સારવાર માટે ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લા પંચાયતના ફિક્સ પગારવાળા કર્મીઓ બોનસથી વંચિત રહેતાં નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પાટનગર ગાંધીનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હસ્તકના ફિકસ પગારવાળા કર્મચારીઓમાં ભારે નારાજગી પ્રવર્તે છે. છેલ્લી ઘડી સુધી તેઓ બોનસથી વંચિત રહેતા અસંતોષની લાગણી પ્રસરી છે. દિવાળીના તહેવારો શરૂ થવા આવ્યા હોવા છતાં બોનસ નહીં મળતા ફિકસ પગાર મેળવતા કર્મચારીઓના પરિવારો પણ નારાજ થયા છે. તાજેતરમાં જ રાજયના ફિકસ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. ગુજરાત એસ.ટી. નિગમના ફિકસ પગારના કર્મચીરીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી સાત હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે, પરંતુ પંચાયત વિભાગના ફિકસ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓને પગાર વધારાનો લાભ પણ મળ્યો ન હોવાની ચર્ચા ઊઠી છે. ગાંધીનગર જિલ્લા પંચાયત અને ચાર તાલુકા પંચાયતના વિવિધ વિભાગોમાં અંદાજે ૨૦૦ જેટલા કર્મચારીઓ ફિકસ પગાર ઉપર ફરજ બજાવી રહ્યા છે તેમના પગારમાં હજુ સુધી વધારો કરવામાં આવ્યો ન હોવાથી તેઓ નારાજ છે તે ઉપરાંત ખાનગી કંપની હેઠળ પંચાયત હસ્તકની કચેરીઓમાં ફરજ બજાવતા ફિકસ પગાર મેળવતા કર્મચારીઓને બોનસ પણ આપવામાં ન આવ્યું હોવાની ફરિયાદ ઊઠી છે.

# અમદાવાદની પ્રદૂષિત હવા માટે મ્યુનિસિપલ સત્તાધીશો જવાબદાર: કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની હવા ઝેરી બની રહી છે. શહેરના રાયખડ અને રખિયાલ વિસ્તારમાં હવાના પ્રદૂષણમાં અસામાન્ય હદે વધારો થયો છે. મનપા કમિશનરે પણ શહેરની પ્રદૂષિત થતી હવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા એર ક્વોલિટી ઇન્ડેક્સ સુધારવા માટે કરોડો રૂપિયા ગ્રાન્ટ આપવામાં આવી છે પરંતુ મનપા સત્તાધારી પાર્ટીએ સદર રકમનો યોગ્ય ઉપયોગ કર્યો નથી જેના કારણે શહેરની હવા પ્રદુષિત થઈ રહી છે તેવા આક્ષેપ કૉંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરમાં એર પોલ્યુશન વધવા અંગે વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે, ભાજપના સત્તાધીશો હવા શુદ્ધ કરવાના નામે કરોડો રુપિયા ખર્ચવા છતાં અમદાવાદ શહેરની પ્રજાને શુદ્ધ હવા મળતી નથી. મનપા સત્તાધારી ભાજપ એર પોલ્યુશન ઘટાડવા મળતી ગ્રાન્ટ પૈકી મોટી રકમ તેઓના માનીતા કોન્ટ્રાકટરોના લાભાર્થે વાપરવામાં આવે છે. એર પોલ્યુશનમાં વધારો થવા માટે ૩૬ ટકા રોડ ડસ્ટ, ૩૪ ટકા ઘરેલું વિવિધ ઉપયોગ, એસટીપી પ્લાન્ટ તથા ઇન્ડ્રસ્ટીઓ દ્વારા અને ૧૬ ટકા બાંધકામ પ્રવૃતિઓ મુખ્ય કારણ છે. તેમજ નાઇટ્રોજન ઓકસાઇડ વાહનોને કારણે તેમજ સલ્ફર ડાયોકસાઇડ જેવા ગંભીર અને ખતરનાક વાયુઓ ઉદ્યોગો તથા સ્મશાનો દ્વારા હવામાં ફેલાય છે જે ખુબ જ ગંભીર બાબત છે તેમજ વોલ ટુ વોલ રોડ નહી બનવાને કન્ટ્રકશન સાઇટો તથા શહેરમાં નિયમિત યોગ્ય સાફ સફાઇ નહી થવાને કારણે હવામાં ધૂળનું પ્રમાણ ખૂબ જ વધે છે, જેથી એર કવોલીટી ઇન્ડેક્ષ સુધારવા તથા એર પોલ્યુશન ઘટાડવા બાબતે છેલ્લા ચાર વર્ષમાં ખર્ચેલ રૂ.૨૭૯.૫૨ કરોડની માતબર રકમ વેડફાઇ જવા પામેલ છે અમદાવાદ શહેરનો એર કવોલીટી ઇન્ડેક્ષમાં સુધારો થાય તે માટે નેશનલ કલીન એર પ્રોગ્રામ અંતર્ગત મળતી ગ્રાન્ટની રકમ માત્ર ને માત્ર એર પોલ્યુશન ઓછું કરવા પાછળ જ વાપરી એર કવોલીટી ઇન્ડેક્ષમાં મહત્તમ સુધારો થાય તેવા નક્કર કામો માટે ખર્ચ કરવો જોઇએ. અમદાવાદ શહેરમાં એર પોલ્યુશન ઓછું કરવા બાબતના કામોમાં આ રકમ ખર્ચ કરવી જોઇએ તેની બદલે તે રકમ અન્યત્ર વાપરી એર કવોલીટી સુધારી શકાશે નહીં.

# ટીમ્બર વ્યાપારીના અપહૃત પુત્ર યશનો હત્યા બાદ ખાડામાં દાટી દેવાયેલો મૃતદેહ મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર તાલુકાના મેઘપર-બોરીચી ખાતે રહેતા જાણીતા ટિમ્બર વ્યવસાયીના પુત્ર યશ તોમરના અપહરણ અને ખંડણી માંગવાના રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા પ્રકરણના પાંચમા દિવસે આદિપુર શહેરના પંચમુખા હનુમાન મંદિર વિસ્તારની પાછળ આવેલી ગાંડા બાવળોની ગીચ ઝાડીઓ વચ્ચે દાટી દેવાયેલી ડીકંપોઝ થઈ ગયેલી હાલતમાં અપહ્યત યુવાનની લાશ મળી આવતાં ભારે ચકચાર પ્રસરી છે. મેઘપર બોરીચીની મંગલમ સોસાયટીમાં રહેતો ૧૯ વર્ષિય યશ સંજીવકુમાર તોમરનું ગત સોમવારે સવારે પ્લેઝર સ્કૂટર લઈને કોલેજ જવા નીકળ્યાં બાદ રહસ્યમય રીતે અપહરણ થયું હતું.

સાંજે અજ્ઞાત શખસે યશની માતાને ફોન કરી ૧૧મી તારીખે કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં મુંબઈ આવી સવા કરોડ રુપિયા આપી જવા જણાવ્યું હતું. યશે અપહરણ થયાનાં દોઢેક કલાક બાદ સવારે ૧૧.૨૦ કલાકે શેરચેટ નામની સોશિયલ નેટવર્કિંગ અને મેસેજિંગ એપ પર બાવળની ઝાડીની ચાર સેકન્ડની વીડિયો ક્લિપ શેર કરી ફસ ગયા તેવો મેસેજ પોસ્ટ કર્યો હતો. આ મેસેજનું લોકેશન ટ્રેસ કરી આ પ્રકરણમાં કામે લાગેલી દસ જેટલી વિવિધ પોલીસ ટુકડીઓએ આદિપુરના પંચમુખી હનુમાન મંદિર પાછળની બાવળની ઝાડીના લાંબા પટ્ટામાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

દોડધામ વચ્ચે ગત શુક્રવારની મોડી રાત્રે વીડિયો ક્લિપમાં જોવા મળેલી બાવળની ઝાડીમાંથી યશનું એક બૂટ મળી આવ્યું હતું. તેની બાજુમાં મૃતદેહ દાટવા માટે ખોદ્યો હોય તેવો તાજો ખાડો જોવા મળ્યો હતો.

દરમ્યાન, શનિવારની સવારે પૂર્વ કચ્છના પોલીસ વડા સાગર બાગમાર, મામલતદાર, નાયબ પોલીસ અધીક્ષક સહિતના અધિકારીઓના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી વીડિયો ગ્રાફી કરાવીને જેસીબી દ્વારા ખોદકામ કરાવી પાંચેક ફૂટ ઊંડા ખાડામાં દાટી દેવાયેલાં યશનો ક્ષતવિક્ષત થઇ ગયેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો ડીકમ્પોઝ થઇ ગયેલા મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે જામનગર મોકલવા તજવીજ હાથ ધરાઈ છે. યશની હત્યા કેવી રીતે નિપજાવવામાં આવી તે ઑટોપ્સી રિપોર્ટમાં સ્પષ્ટ થશે. તપાસનીશ અધિકારીના જણાવ્યા અનુસાર હતભાગી યશ નિયમિતપણે જીમમાં જતો હતો અને બોડી બિલ્ડીંગનો શોખીન હતો. તેના અપહરણ અને હત્યાની સમગ્ર ઘટનાને એકથી વધુ લોકોએ ઠંડા કલેજે યોજના બનાવીને અંજામ આપ્યો હોવાની પ્રબળ આશંકા છે.

જો કે, પાંચ-છ દિવસની તપાસમાં એકમાત્ર સ્કૂટરમાં યશ પાછળ બેઠેલાં હુડી પહેરેલાં અજ્ઞાત યુવક સિવાય બીજી કોઈ શંકાસ્પદ કડી મળી નથી. ટીમ્બર વેપારીના પુત્રના અપહરણ અને હત્યાના બનાવને અજ્ઞાત લોકોએ કયા હેતુથી અંજામ આપ્યો છે તે બાબતે પોલીસ પાસે હાલ કોઈ લીડ નથી. યશના અપહરણ અને ખંડણી અંગે સોમવારે મોડી રાત્રે તેની માતાએ અંજાર પોલીસ મથકે જાણ કરતાં પીઆઈ શૈલેન્દ્રસિંહ સિસોદીયા અને તેમનો સ્ટાફ હરકતમાં આવી ગયાં હતાં.

# ગુજરાતમાં જેલ વિભાગના કર્મચારીઓના વિવિધ ભથ્થામાં કરાયો વધારો

અમદાવાદ: ગુજરાતમાં દિવાળી પહેલા જેલ ખાતાના કર્મચારીઓના વિવિધ ભથ્થામાં વધારો કરાયો કર્યો છે. ૧૩.૨૨ કરોડનો વધારાનો ખર્ચ કરી જેલ વિભાગના વર્ગ ત્રણના કર્મચારીઓના ભથ્થામાં વધારાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારે જેલના કર્મચારીઓને અનેક ફાયદા આપ્યા છે. જેમાં ૧૯૭૯માં અપાતા ૬૦ રૂપિયાના જાહેર સુરક્ષા પ્રોત્સાહન ખાસ વળતર ભથ્થામાં ૩,૫૦૦થી ૫,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ફિક્સ પગારના જેલ સહાયક સિપાઇને ૪,૦૦૦, હવાલદારને ૪,૫૦૦ અને સુબેદારને ૫,૦૦૦ રૂપિયાનું જાહેર સુરક્ષા પ્રોત્સાહન ખાસ વળતર ભથ્થુ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે ફિક્સ પગારના કર્મચારીઓને જાહેર રજા વળતરમાં મળતા ૧૫૦ રૂપિયામાં વધારો કરીને રજા પેટે ૬૬૫ રૂપિયા ચૂકવાશે. જેલ સીપાઈ હવાલદાર સુબેદારને મળતા ૨૫ રૂપિયાના વોશિંગ એલાઉન્સમાં વધારો કરીને ૫૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ભથ્થામાં વધારા અંગે અનેક લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી.

# અમદાવાદમાં ટ્રક ચાલકે અઢી વર્ષની બાળકીને કચડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર કાંકરિયા રેલવે યાર્ડ નજીક એક ટ્રક ચાલકે બાળકીને અડફેટે લીધી હતી. જેના કારણે અઢી વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરના કાંકરિયા રેલવે યાર્ડ નજીક એક અકસ્માત સર્જાયો હતો. ટ્રક ડ્રાઈવરે યાર્ડમાં ટ્રક ઘુસાડતા એક અઢી વર્ષની બાળકીને અડફેટે લીધી હતી. બેફામ બનેલા ટ્રક દ્વારા બાળકીને કચડવાની ઘટના સામે આવતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેના કારણે ઘટના સ્થળે જ અન્ય લોકોએ ડ્રાઈવરને મેથીપાક ચખાડ્યો હતો. આ બાદ, ઇજાગ્રસ્ત ડ્રાઈવરને હૉસ્પિટલ ખેસડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગાંધીનગર વાહનોના કાચ તોડીને ચોરી કરતા શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારોમાં કારમાં કાચ તોડી ગાડીની અંદર રહેલી કિંમતી વસ્તુઓ તેમજ રોકડ સહિતની વસ્તુઓ ચોરી થવાની ફરિયાદો વધી રહી હતી, જેને લઈને પોલીસ પણ સતત કાર્યરત હતી. પોલીસ ગુનો નોંધી એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના છારાનગરમાં રહેતા નિલેશ ઉર્ફે કાલાની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે આરોપી નિલેશની પૂછપરછમાં ગાંધીનગરના માણસા તેમજ રાજસ્થાન જયપુરના કોતવાલી પોલીસ સ્ટેશનની હદમાં ચોરીઓ કર્યાનું કબૂલ્યું હતું તેમાં તે ફરાર હતો. પોલીસે ગુનો નોંધી નિલેશની ધરપકડ કરી માણસા અને રાજસ્થાન વિસ્તારના એક ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

પોલીસની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આરોપી નિલેશ તેમજ તેની સાથે ચંદ્રકાંત તમંચા નામનો અન્ય વ્યક્તિ ચોરી કરવામાં સામેલ હોય છે. આ બંને લોકો કારના કાચ તોડી અંદર રહેલી વસ્તુઓની ચોરીઓ કરતા હતા, તો સાથે જ બાઈકની ડીકી તોડી તેમાં રહેલી વસ્તુઓની પણ ચોરી કરતા હતા. પકડાયેલો આરોપી નિલેશ અગાઉ અમદાવાદ શહેર તેમજ અંકલેશ્વર ખાતે ચોરી અને દારૂના ગુનામાં પણ પકડાઈ ચૂક્યો છે.

# ગુજરાતમાં હાર્ટએટેકના કેસ વધતા રાજ્ય સરકારે શાળાઓમાં કેમ્પનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વધી રહેલા હૃદયરોગના હુમલાના પગલે શાળાઓમાં હાર્ટએટેકની ઘટના બાદ શિક્ષકોને તાલીમ આપવાનો શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે. રાજ્યના ૧.૭૫ લાખ શિક્ષકોને સીપીઆરની ટ્રેનિંગ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે શિક્ષણ પ્રધાને તમામ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આગામી તા. ૩જી ડિસેમ્બરથી તા.૧૭મી ડિસેમ્બર દરમિયાન આ મેગા તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાથમિક તબક્કે પોણા બે લાખ જેટલા શિક્ષકોને મેગા કેમ્પમાં તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટએટેકના વધી રહેલા બનાવના પરિણામે મૃત્યુનું પ્રમાણ પણ ઊંચું રહ્યું છે. નાની ઉંમરના યુવાનો હાર્ટએટેકનો શિકાર બની રહ્યા છે. ત્યારે રાજ્યની શાળામાં ભણતા બાળકોને પણ હાર્ટ એટેક આવવાના બનાવને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે તેની ગંભીરતાથી નોંધ લીધી છે. શાળામાં અભ્યાસ કરતા બાળકો પર હાર્ટએટેકનું જોખમ જોવા મળ્યું છે. હવે શિક્ષણ વિભાગે આ દિશામાં ગંભીર વિચારણા શરૂ કરી છે. હાર્ટએટેકના કિસ્સામાં દર્દીઓને સ્થળ પર જ તાત્કાલિક સારવાર મળી રહે તે માટે તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તાલીમ માટે ૩૭ જેટલી કોલેજોની પસંદગી કરવામાં આવી છે. ત્યાં મેગા કેમ્પ યોજવામાં આવશે. ઇન્ડિયન સોસાયટી એનેસ્થોલિયોજિસ્ટ દ્વારા રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સીપીઆર ટ્રેનિંગ યોજવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં રાજ્યની પ્રાથમિક શાળામાં ૧.૬૯ લાખ શિક્ષકોને ૭૦૦૦ કરતાં વધુ આચાર્યોની તાલીમનું આયોજન કરી દેવાયું છે. ત્યારબાદ માધ્યમિક શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. આ તાલીમ બાદ શિક્ષકો હાર્ટએટેકના કિસ્સામાં દર્દીઓને મદદરૂપ થઈ શકશે.

# ધોરણ-૧૦ અને ૧૨ની વર્ગદીઠ સરાસરી હાજરીમાં ઘટાડો કરવાનો નિર્ણય

અમદાવાદ: ગુજરાતની ધોરણ-૧૦ અને ૧૨ની સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યામાં છૂટછાટ આપવાનો શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે. જેમાં શહેરી વિસ્તારમાં પ્રથમ વર્ગ માટે ૩૬ના બદલે ૨૫ વિદ્યાર્થી સંખ્યા અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ વર્ગ માટે ૨૪ના બદલે ૧૮ વિદ્યાર્થી સંખ્યા જાળવવાની રહેશે. આમ, શહેરી વિસ્તારમાં ૬૦ પ્લસ ૩૬ના બદલે ૪૨પ્લસ ૨૫ વિદ્યાર્થી સંખ્યા અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ પ્લસ ૨૪ના બદલે ૪૨ પ્લસ ૧૮ વિદ્યાર્થી સંખ્યા જાળવવા આદેશ કરાયો છે. ગત વર્ષે ધોરણ-૯ અને ૧૧ના વર્ગોમાં વિદ્યાર્થી સંખ્યામાં છૂટછાટની અસર આ વર્ષે ધોરણ-૧૦ અને ૧૨માં જોવા મળતા નિર્ણય કરાયો છે. જોકે, આ નિર્ણય માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાનો રહેશે. વર્ગ વધારા માટે અગાઉની જ જોગવાઈનો અમલ કરવા નક્કી કરાયું છે. રાજ્ય શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યની દરેક માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા અંગે સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરવામાં આવેલી છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ અને ૧૨માં ઓછા વિદ્યાર્થીઓના પ્રવેશના લીધે ૨૦૨૨-૨૩ની જેમ ૨૦૨૩-૨૪માં પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યામાં છૂટ આપવામાં ન આવે તો વર્ગ ઘટાડાની કાર્યવાહી કરવી પડે તેમ હતી અને તેના કારણે શિક્ષકોના ફાજલ થવાના પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ હતા. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦ પ્લસ ૨૪ના બદલે ૪૨ પ્લસ ૧૮ તેમજ શહેરી વિસ્તાર માટે ૬૦ પ્લસ ૩૬ના બદલે ૪૨ પ્લસ ૨૫ રાખવા માટે તથા અગાઉના ઠરાવોની અન્ય જોગવાઇ યથાવત રાખવા અંગે મંજૂરી આપવાની કમિશનર શાળાઓની કચેરીએ સરકાર સમક્ષ દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત સરકાર સમક્ષ વિચારણા હેઠળ હતી. દરમિયાન, સરકાર દ્વારા આ દરખાસ્ત પર વિચારણાના અંતે નિર્ણય લેવાયો છે. જે અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના એક વર્ષ માટે જ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં વિદ્યાર્થી સંખ્યાને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦ પ્લસ ૨૪ના બદલે ૪૨ પ્લસ ૧૮ તેમજ શહેરી વિસ્તાર માટે ૬૦ પ્લસ ૩૬ના બદલે ૪૨ પ્લસ ૨૫ રાખવા શરતોને આધીન એક જ વર્ષ માટે છૂટછાટ આપવામાં આવે છે. છૂટછાટ માટે જે શરતો નક્કી કરાઈ છે, તેમાં આ ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈઓ માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાની રહેશે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૯થી ૧૨ના વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના ૨૦૧૧ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યાની જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ગાઝાની સૌથી મોટી હૉસ્પિટલમાં અંધારપટઃ અનેક દરદીનાં મોત

દેઇર અલ-બલાહ (ગાઝા પટ્ટી): ઇઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચેના શેરીયુદ્ધનો અનેક નિર્દોષ લોકો પણ ભોગ બની રહ્યા છે. ઇઝરાયલના દળોએ ગાઝાની સૌથી મોટી હૉસ્પિટલને ઘેરી લેતા ત્યાંના જનરેટરમાં પણ ઈંધણ પૂરું થયું હતું અને તેને લીધે હૉસ્પિટલમાં અંધારપટ છવાયો હતો અને તેને લીધે અધૂરા મહિને જન્મેલા એક બાળક સહિત પાંચ દરદી માર્યા ગયા હતા.

ઇઝરાયલ હમાસના ત્રાસવાદીઓનું હાલમાં મુખ્ય મથક શિફા હૉસ્પિટલ હોવાનો દાવો કરે છે અને જણાવ્યું હતું કે હમાસના ત્રાસવાદીઓ નાગરિકોનો નમાનવ-ઢાલથ તરીકે ઉપયોગ કરે છે અને હૉસ્પિટલમાં જ અનેક બંકર તૈયાર કર્યા છે. ઉત્તર ગાઝામાં શેરી યુદ્ધ ચાલી રહ્યું હોવાથી ત્યાં જીવનાવશ્યક ચીજોનો પુરવઠો પહોંચાડવો મુશ્કેલ બની ગયો છે. અનેક વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો છે અને અંધારપટ છે. ઘણાં તબીબી સાધનો પણ કામ કરતા બંધ થઇ ગયા છે. હૉસ્પિટલના ઇન્ટેન્શિવ કેરમાંના દરદીઓ જલદી મરી રહ્યા છે.

હૉસ્પિટલમાં જનરેટર ઈંધણના અભાવે બંધ પડતા પાંચ દરદી માર્યા ગયા હતા. અહીં અધૂરા મહિને જન્મેલા અંદાજે ૩૭ બાળક છે.

ઇઝરાયલ નાગરિકો યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી નાસી શકે, તે માટે દરરોજ ચોક્કસ કલાક માટે દક્ષિણ ગાઝાનો માર્ગ ખુલ્લો મૂકે છે.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે નાગરિકોને કોઇ પણ પ્રકારની હાનિ થાય, તો તેની જવાબદારી હમાસની રહેશે, કારણ કે ગાઝામાં ત્રાસવાદીઓ સામાન્ય નાગરિકોને નમાનવ-ઢાલથ બનાવી રહ્યું છે. હમાસના ત્રાસવાદીઓએ સાતમી ઑક્ટોબરે ઇઝરાયલ પર કરેલા રૉકેટ હુમલા બાદ શરૂ થયેલી લડાઇમાં અત્યાર સુધીમાં ૧૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને અન્ય સેંકડો લોકો ઘાયલ થયા છે. (એજન્સી)■

# દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવવાના આરોપસર પહેલી એફઆઇઆર

## ખેડૂત સામે પોલીસે નોંધ્યો ગુનો

નવી દિલ્હીઃ દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવવાના આરોપ હેઠળ આ વર્ષે પહેલીવાર એક ખેડૂત સામે પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. ગત નવમી નવેમ્બરે ખેડૂતે તેના ખેતરમાં પરાળી બાળી હતી. જેની માહિતી મળતા સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ખેતરમાં પહોંચ્યા હતા. પોલીસે ખેડૂત સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દિલ્હી પાસે આવેલા ઝટીકરા ગામમાં ૬૮ વર્ષીય ઓમપ્રકાશ નામનો ખેડૂત તેના પરિવાર સાથે રહે છે. નવમી નવેમ્બરે પોલીસને સૂચના મળી હતી કે એક ખેતરમાં આગ લાગી છે. સૂચના મળતાવેંત પોલીસ અધિકારીઓએ ફાયર વિભાગને જાણ કરી હતી. તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે ખેતરમાં કેટલાક ખેતમજૂરો પરાળી બાળી રહ્યા હતા. જેને પગલે સમગ્ર ગામમાં ધુમાડો ફેલાઇ ગયો હતો. પોલીસે ખેડૂત ઓમપ્રકાશ સામે વાયુ પ્રદૂષણ અધિનિયમ અને આઇપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. દિલ્હી સરકારે પરાળી બાળવાની પ્રવૃત્તિ પર સખત રોક લગાવી છે એવામાં કોઇપણ એવો વ્યક્તિ જેની આ ક્રિયામાં સંડોવણી હોય તેની સામે પોલીસ કડકમાં કડક પગલા લેશે. ■



**ગિરદી:** પટણામાં દિવાળી નિમિત્તે રજામાં ખીચોખીચ ભરેલી ટ્રેન. દેશની અનેક ટ્રેનમાં તહેવાર નિમિત્તે ભારે ભીડ જોવા મળે છે. (પીટીઆઇ)

# વર્લ્ડ કપઃ ઑસ્ટ્રેલિયાએ બંગલાદેશને આઠ વિકેટે હરાવ્યું

## ઑસ્ટ્રેલિયાનો સેમિફાઈનલમાં પ્રવેશ

પુણેઃ અહીં શનિવારે રમાયેલી આઈસીસી મેન્સ વન-ડે વર્લ્ડ કપની ઑસ્ટ્રેલિયા અને બંગલાદેશ વચ્ચેની મૅચમાં બંગલાદેશને આઠ વિકેટે પરાજય આપી ઑસ્ટ્રે લિયાએ ટૂર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

પ્રથમ બૅટિંગમાં ઉતરેલી બંગલાદેશની ટીમે તાન્ઝિદ હસનના (૩૬), નજમૂલ હોસૈન (૪૫), તૌહિદ હ્રદોય (૭૪), મોહમ્મદુલ્લા રિયાદ (૩૨), મુશફિકર રહીમ (૨૧), મહેંદી હસન મિરાઝ (૨૯), નસૂમ અહમદ (૦૭), મહેંદી હસન અણનમ (૦૨) અને તકસિન અહમત અણનમ (શૂન્ય) રનની મદદથી નિર્ધારિત ૫૦ ઑવરમાં આઠ વિકેટને ભોગે ૩૦૬ રન બનાવ્યા હતા.

ઑસ્ટ્રેલિયા વતી જૉશ હૅઝલવુડે ૨૧ રનમાં બે, સિન અબૉટે ૬૧ રનમાં બે, આદમ ઝમ્પાએ ૩૨ રનમાં બે અને માર્કસ સ્ટૉઈનિસે ૪૫ રનમાં એક વિકેટ ઝડપી હતી.

૩૦૭ રનના વિજયી લક્ષ્યાંકને પાર પાડવા ઉતરેલી ઑસ્ટ્રેલિયાની ટીમે ટ્રાવિસ હૅડના (૧૦), ડૅવિડ વૉર્નર (૫૩), મિશૅલ માર્શ અણનમ ૧૭૭ અને સ્ટિવ સ્મિથના અણનમ ૬૩ રનની મદદથી ૪૪.૪ ઑવરમાં બે વિકેટને ભોગે ૩૦૭ રન બનાવી લેતાં બંગલાદેશની ટીમનો આઠ વિકેટે પરાજય થયો હતો.

માર્શે વૉર્નર સાથે બીજી વિકેટની ભાગીદારીમાં ૧૧૬ બોલમાં ૧૨૦ રન અને સ્મિથ સાથે ત્રીજી વિકેટની અણનમ ભાગીદારીમાં ૧૩૬ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા હતા.

બંગલાદેશ વતી તસ્કિન અહમદે ૬૧ રનમાં એક, મુસ્તાફિઝુર રહમાને ૭૬ રનમાં એક વિકેટ ઝડપી હતી.

હવે ભારત જો રવિવારની મૅચમાં નૅધરલૅન્ડસને હરાવે તો તેવા સંજોગોમાં બંગલાદેશ પૉઈન્ટ ટેબલમાં આઠમું સ્થાન મેળવવાની અને વર્ષ ૨૦૨૫માં પાકિસ્તાનમાં યોજાનારી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ક્વૉલિફાય થઈ શકે છે. (એજન્સી)■



**વિજયનો આનંદઃ** ક્રિકેટ વિશ્વ કપની શનિવારે પુણેમાં રમાયેલી મેચમાં બંગલાદેશ સામે વિજયનો આનંદ માણતા ઑસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને મિચેલ માર્શ. (પીટીઆઇ)

# રાજસ્થાનમાં ભૂકંપના આંચકા

જયપુરઃ રાજસ્થાનના ટોંક અને આસપાસના વિસ્તારોમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર, ટોંકમાં લગભગ ૧૦.૩૦ વાગ્યે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. ગત સપ્તાહની શરૂઆતમાં સમગ્ર ઉત્તર ભારત જોરદાર ભૂકંપથી હચમચી ગયું હતું. આ ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં હતું અને અહીં મોટી તબાહી સર્જાઈ હતી, જેમાં ૧૫૦થી વધુ લોકોના મોત થયા હતા.

આપણી પૃથ્વી મુખ્યત્વે ચાર સ્તરોથી બનેલી છે, જેને આંતરિક કોર, આઉટર કોર, મેન્ટલ અને ક્રસ્ટ કહેવામાં આવે છે. પોપડા અને ઉપરના આવરણને લિથોસ્ફિયર કહેવામાં આવે છે. આ ૫૦ કિલોમીટર જાડો સ્તર છે, જેને ટેક્ટોનિક પ્લેટ્સ કહેવામાં આવે છે. આ ટેક્ટોનિક પ્લેટો તેમની જગ્યાએથી ફરતી અને સરકતી રહે છે. આ પ્લેટો સામાન્ય રીતે દર વર્ષે તેમના સ્થાનેથી લગભગ ૪-૫ મીમી ખસી જાય છે. તેઓ તેમના સ્થાનેથી આડા અને ઊભા બંને રીતે ખસી શકે છે. આ ક્રમમાં, ક્યારેક એક પ્લેટ બીજી પ્લેટની નજીક જાય છે અને ક્યારેક તે દૂર ખસી જાય છે. આ દરમિયાન ક્યારેક આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. આવા સંજોગોમાં જ ધરતીકંપ આવે છે અને ધરતી ધ્રૂજે છે. આ પ્લેટ્સ પૃથ્વીની સપાટીથી લગભગ ૩૦-૫૦ કિમી નીચે છે. ■

# દલ લૅકમાં હાઉસબોટમાં આગઃ ત્રણનાં મોત



**આગઃ** શ્રીનગરમાં પર્યટકોમાં લોકપ્રિય દલ સરોવર ખાતે લાગેલી આગમાં સળગી ગયેલી હાઉસબૉટ્સના અવશેષો. (પીટીઆઇ)

શ્રીનગરઃ દલ લૅકમાં હાઉસબૉટમાં લાગેલી આગમાં ત્રણ જણનાં મોત થયા હતા, એમ અધિકારીઓએ કહ્યું હતું.

શનિવારે નવ નંબરના ઘાટ નજીકથી અર્ધબળેલી હાલતમાં ત્રણ મૃતદેહ કબજે કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

મૃતકોની ઓળખ કરવામાં આવી હતી. મૃતકોમાં એક પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે. જોકે, ત્રીજા મૃતકની ઓળખ થઈ શકી નહોતી, એમ તેમણે કહ્યું હતું.

પર્યટકોનું હબ ગણાતા દલ લૅકમાં શનિવારે સવારે હાઉસબૉટમાં આગ લાગી હતી જેમાં કરોડોની મિલકત નાશ પામી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું.

આગમાં પાંચ હાઉસબૉટનો નાશ થયો હતો. જોકે, એટલી જ સંખ્યામાં તેની સાથે જોડાયેલ ઘરનો નાશ થયો હતો કે કેમ તે જાણી શકાયું નહોતું. (એજન્સી) ■

# તામિલનાડુના તિરુપત્તુર જિલ્લામાં બે બસો અથડાતા પાંચનાં મોત, ૬૦ ઘાયલ

વાણીઆંબડીઃ તામિલનાડુના તિરુપત્તુર જિલ્લામાં શનિવારે વહેલી સવારે ચેન્નાઇ-બેંગલૂરું રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રાજ્ય સરકારની બસ અને ઓમનિબસ સામસામે ધડાકાભેર અથડાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં પાંચ લોકોના મોત થયા હતા અને ૬૦ મુસાફરો ઘાયલ થયા હતા.

બનાવ અંગે એક અધિકારીના જણાવ્યા અનુસાર બન્ને વાહનોનો આગળનો ભાગ ભાંગીને ભૂક્કો થઇ ગયો હતો. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ઘાયલોને ૧૦ એમ્બ્યુલન્સ મારફત હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં મદદ કરી હતી. બેંગલુરુથી ચેન્નાઇ જઇ રહેલી સ્ટેટ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ અહીં નજીકના ચેટ્ટીપ્પનુરમાં ચેન્નાઇથી બેંગલુરુ જતી ઓમનિબસ સાથે અથડાતા ઘટનાસ્થળે જ એક મહિલા સહિત ચાર લોકોના મોત થયા હતા. જ્યારે બાદમાં ઓમનિબસ ડ્રાઇવરનું મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત સવારે લગભગ ચાર વાગ્યે થયો હતો. ઘાયલોને તિરુપતુર જિલ્લાની વાનિયમબડી સરકારી હૉસ્પિટલમાં અને વેલ્લોરની સરકારી મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ■

# મહાદેવ એપ કેસમાં ૧૮ આરોપીઓ પર ગેંગસ્ટર એક્ટ હેઠળ નોએડા પોલીસ તપાસ કરશે

નવી દિલ્હી : દેશભરમાં ચર્ચિત મહાદેવ સટ્ટાબાજીની એપ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારા ૧૮ આરોપીઓ સામે નોએડા પોલીસ ગેંગસ્ટર એક્ટ હેઠળ કાર્યવાહી કરશે. આ મામલે નોએડા પોલીસ સ્ટેશન-૩૯માં કેસ નોંધવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ઇડીની અરજી પર મહાદેવ સટ્ટાબાજીની એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે. નોએડા પોલીસે પણ એપને બંધ કરવા માટે પત્ર લખ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં નોએડાની એક પોશ સોસાયટીમાંથી મહાદેવ એપ સાથે જોડાયેલા આરોપીઓ ઝડપાયા હતા. આ કૌભાંડની તપાસમાં અનેક ફિલ્મ સ્ટાર્સ પણ અલગ-અલગ એજન્સીઓના રડાર પર છે. પકડાયેલા આરોપીઓ ઉત્તર પ્રદેશ, છત્તીસગઢના રહેવાસી છે.

આ મામલે ભાજપ છત્તીગઢના મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલને ઘેરી રહી છે. બીજી તરફ મુંબઈ પોલીસે પણ મહાદેવ એપ કેસમાં કેટલાક લોકો સામે કેસ નોંધ્યો છે. મુંબઈ પોલીસે 'મહાદેવ' સટ્ટાબાજીની એપના 'પ્રમોટર' સહિત ૩૨ લોકો વિરુદ્ધ આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડની છેતરપિંડી માટે દાખલ કરી છે. માટુંગા પોલીસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને મુખ્ય આરોપી રવિ ઉપ્પલ અને શુભમ સોની અને અન્ય વિરુદ્ધ ૨૦૧૯ થી અત્યાર સુધી છેતરપિંડી કરવા બદલ મંગળવારે નોંધવામાં આવી હતી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દાવો કર્યો હતો કે ફોરેન્સિક વિશ્લેષણ અને રોકડ કુરિયરના નિવેદનમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. એજન્સી અનુસાર, મહાદેવ બેટિંગ એપના પ્રમોટર્સે અત્યાર સુધીમાં છત્તીસગઢના મુખ્ય પ્રધાનને ૫૦૮ કરોડ રૂપિયા આપ્યા છે. એજન્સીએ કહ્યું કે આરોપોની તપાસ કરવામાં આવી રહી છે.

મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનેલી એપ હતી. જેમાં પોકર, કાર્ડ ગેમ્સ, ચાન્સ ગેમ્સ નામની લાઇવ ગેમ્સ રમવાનું પ્લેટફોર્મ આપવામાં આવતું. આ સાથે એપ દ્વારા ક્રિકેટ, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ અને ચૂંટણી જેવી રમતોમાં પણ ગેરકાયદેસર સટ્ટાબાજી કરવામાં આવતી હતી. ■

**લેન્ડ ફોર જોબ સ્કેમ**

# ઇડીએ લાલુ પ્રસાદના નજીકના ઉદ્યોગપતિની ધરપકડ કરી

પટનાઃ એકે ઈન્ફોસિસ્ટમ્સના પ્રમોટર અને લાલુ પ્રસાદના નજીકના ગણાતા ઉદ્યોગપતિ અમિત કાત્યાલની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કથિત લેન્ડ ફોર જોબ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી છે. કૌભાંડમાં કાત્યાલ અને એકે ઈન્ફોસિસ્ટમ ઈડી અને સીબીઆઈ દ્વારા તપાસ હેઠળ છે. સીબીઆઈએ આ કૌભાંડમાં પૂર્વ રેલપ્રધાન લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને બિહારના ઉપમુખ્ય પ્રધાન તેજસ્વી યાદવ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઇડીએ આરોપ મૂક્યો હતો કે લેન્ડ ફોર જોબ કૌભાંડમાં કુલ રૂ. ૬૦૦ કરોડની ઉઘરાણી કરવામાં આવી હતી.

સુત્રોના જણાવ્યા મુજબ એકે ઈન્ફોસિસ્ટમની ઓફિસ લાલુ યાદવ પરિવારના એનએફસી આવાસથી ચાલી રહી છે. ઇડીએ માર્ચમાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''પ્રોપર્ટીને કાગળ પર મેસર્સ એબી એક્સપોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ અને મેસર્સ એકે ઇન્ફોસિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડની ઓફિસ તરીકે જાહેર કરવામાં આવી છે, પરંતુ તેનો ઉપયોગ ફક્ત તેજસ્વી પ્રસાદ યાદવ દ્વારા રહેણાંક સંકુલ તરીકે કરવામાં આવી રહ્યો છે..''

સૂત્રોના જણાવ્યા મુજબ ઇડીએ શુક્રવારે કાત્યાલની અટકાયત કરી હતી અને પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. કાત્યાલને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, જ્યાં ઇડી પૂછપરછ માટે તેની કસ્ટડી માંગશે. સૂત્રોના જણાવ્યા અનુસાર કાત્યાલ લગભગ બે મહિનાથી ઇડીના સમન્સની અવગણના કરી રહ્યા હતા. દિલ્હી હાઈ કોર્ટે હાલમાં જ આ કેસમાં તેમની સામે ઈડીના સમન્સને રદ કરવાની વિનંતી કરતી તેમની અરજીને ફગાવી દીધી હતી.

કથિત કૌભાંડ જ્યારે લાલુ પ્રથમ યુપીએ સરકારમાં રેલવે પ્રધાન હતા એ સમયગાળા દરમિયાનનું છે. આરોપ છે કે ૨૦૦૪થી ૨૦૦૯ સુધી ભારતીય રેલવેના વિવિધ સેક્ટરમાં ગ્રૂપ 'ડી' પદ પર ઘણા લોકોની નિમણૂક કરવામાં આવી હતી અને તેના બદલામાં આ લોકોએ કથિત રીતે તેમની જમીન તત્કાલીન રેલવે પ્રધાન લાલુના પરિવારના સભ્યો અને એકે ઈન્ફોસિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડને ટ્રાન્સફર કરી હતી. ■

**હરિયાણામાં લઠ્ઠાકાંડ**

# યમુનાનગરમાં ચોથા દિવસે વધુ ત્રણ લોકોના મોત, મૃત્યુઆંક ૧૮ પર પહોંચ્યો

ચંદીગઢઃ હરિયાણાના યમુનાનગર જિલ્લામાં બુધવારે લઠ્ઠાકાંડને કારણે પ્રથમ મોત બાદ આજે ચોથા દિવસે વધુ ત્રણ લોકોના મોત થયા છે. આ સાથે જિલ્લામાં ઝેરી દારૂ પીને મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૮ પર પહોંચી છે. પોલીસે આ કેસમાં સાત લોકોની ધરપકડ કરી છે. જેમાં કૉંગ્રેસના નેતા અને જનનાયક જનતા પાર્ટીના નેતાના પુત્રનો પણ સમાવેશ થાય છે. રોષે ભરાયેલા ગ્રામજનો દારૂના ધંધાર્થીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.ઝેરી દારુ પીવાથી થયેલા મોતને બાબતે રાજકારણ શરૂ થઈ ગયું છે. વિપક્ષી દળો આ કાંડ માટે મનોહરલાલ ખટ્ટર સરકારની ટીકા કરી રહ્યા છે. વિપક્ષે હરિયાણા સરકાર પર અગાઉની સમાન ઘટનાઓમાંથી પાઠ ન લીધો હોવાનો આરોપ લગાવ્યો છે.

પોલીસ દ્વારા ઘરોની તલાશી લેવામાં આવી રહી છે. લોકોએ ઘરમાં દારૂ છુપાવી રાખ્યો હોવા અંગે તપાસ કરવામાં આવી રહી છે. આટલા મૃત્યુ પછી પણ લોકો છૂપી રીતે દારૂ પી રહ્યા છે. આ જ કારણ છે કે બુધવારથી શરૂ થયેલી ઘટનાઓ બાદ હજુ પણ લોકો મરી રહ્યા છે. બુધવારે સૌપ્રથમ માંડેબારી ગામમાં ઝેરી દારૂ પીવાથી છ લોકોના મોત થયા હતા. ત્યાર બાદ ગામમાં દરરોજ મોત થઇ રહ્યા છે. માંડેબારી બાદ સૌથી વધુ મોત સારણ ગામમાં થઈ રહ્યા છે. સારણ ગામમાં ઝેરી દારૂ પીવાથી બે દિવસમાં ચાર લોકોના મોત થયા છે. આ ગામમાં અન્ય બે મોત પણ થયા છે જેને પોલીસ શંકાસ્પદ કેસ માની રહી છે. સારણ ગામના લોકોના જણાવ્યા પ્રમાણે જણાવ્યું કે ગામમાં પાંચ-છ લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ કરે છે. અગાઉ પણ લોકોએ તેમની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરી હતી, પરંતુ દર વખતે દંડ ભરીને આરોપીઓને છૂટી ગયા હતા. જો સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો આજે ગામમાં આટલા મોત ન થયા હોત.■

# કાશ્મીરમાં ₹ ૮૫ કરોડના ટેરર ફંડિંગ કેસ રેકેટનો પર્દાફાશ, વરિષ્ઠ પોલીસ અધિકારીના ઘરે દરોડા

નવી દિલ્હીઃ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની મુખ્ય તપાસ એજન્સી સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ) દ્વારા બુધવાર અને શુક્રવારની વચ્ચે ટેરર ફંડિંગ રેકેટની તપાસ માટે દરોડા પાડવામાં આવ્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ કથિત ૮૫ કરોડ રૂપિયાના ટેરર ફંડિંગ રેકેટમાં સંડોવાયેલા શંકાસ્પદોમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને શ્રીનગરના એક અગ્રણી ઉદ્યોગપતિ પણ સામેલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ મામલો તાજેતરમાં દેશમાં સામે આવેલો સૌથી મોટો ટેરર ફંડિંગ કેસ હોઈ શકે છે.

તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, આ ટેરર ફંડિંગ કેસમાં ૮૫ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું અને ગુપ્ત ચેનલો દ્વારા લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. એવી શંકા છે કે આ નાણાંનો ઉપયોગ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ અને અલગાવવાદને પોષવા માટે કરવામાં આવ્યો હતો.

જમ્મુ અને કાશ્મીર પોલીસની રાજ્ય તપાસ એજન્સી એસઆઈએએ શુક્રવારે આતંકવાદી પ્રવૃત્તિઓને નાણાં પૂરા પાડવાના કેસમાં ત્રણ જિલ્લામાં દરોડા પાડ્યા હતા. એસઆઈએએ જણાવ્યું કે ખીણના શ્રીનગર, અનંતનાગ અને પુલવામા જિલ્લામાં દરોડા પાડવામાં આવ્યા હતા. એજન્સીની વિશેષ ટીમે ત્રણ જિલ્લામાં ૧૦ સ્થળોએ સર્ચ કર્યું હતું. ટીમે મોબાઈલ, લેપટોપ, સિમ કાર્ડ, પાસપોર્ટ, ચેક, પાસબુક અને ક્રેડિટ/ડેબિટ કાર્ડ સહિત અન્ય વસ્તુઓ જપ્ત કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કથિત મની-લોન્ડરિંગ નેટવર્ક દુબઈ સાથે જોડાયેલો હોઈ શકે છે. જે સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને એક અગ્રણી ઉદ્યોગપતિના પરિસરનો પણ સમાવેશ થાય છે. ■

# ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવવાની તૈયારીઓ શરૂ, લિવ ઇન રિલેશન વિશે બનશે આવો કાયદો...

દહેરાદૂનઃ દિવાળી પછી ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે યુસીસી બિલ લાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દિવાળી પછી તરત જ વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવા જઈ રહી છે, જેમાં યુનિફોર્મ સિવિલ કોડ પર ચર્ચા કરવામાં આવશે. ધારાસભ્યો સાથે ચર્ચા કર્યા બાદ આ બિલને ગૃહમાં પસાર કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે તેને કાયદો બનવામાં વધુ સમય લાગવો જોઈએ નહીં. આવી સ્થિતિમાં બેક બર્નર પર રહેલું યુસીસી ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે.

ઉત્તરાખંડ યુનિફોર્મ સિવિલ કોડના ડ્રાફ્ટમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ અને લિવ-ઇન રિલેશનશિપની નોંધણીની જોગવાઈઓ રાખવામાં આવશે. સૂત્રોનું માનીએ તો યુનિફોર્મ સિવિલ કોડનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. ડ્રાફ્ટ આ વર્ષની શરૂઆતમાં ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ રચેલી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. સમિતિએ નાગરિકોના વિવિધ વર્ગો સાથે ચર્ચા કરી અને બે લાખથી વધુ લોકો અને મુખ્ય હિતધારકો સાથે વાત કર્યા બાદ આ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને હવે તેને રજૂ કરવાની તૈયારી છે. બિલમાં લગ્ન નોંધણી, છૂટાછેડા, સંપત્તિના અધિકારો, આંતર-રાજ્ય સંપત્તિ અધિકારો, ભરણપોષણ, બાળકોની કસ્ટડી વગેરે જેવા વ્યક્તિગત કાયદાઓમાં એકરૂપતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પ્રસ્તાવિત કાયદામાં ન તો લગ્ન માટે કોઈ ધાર્મિક રિવાજોનો ઉલ્લેખ છે કે ન તો તે અન્ય ધાર્મિક વિધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાયદા હેઠળ લિવ-ઇન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત બનાવવામાં આવશે. ઉત્તરાખંડ વિધાનસભામાં જે ડ્રાફ્ટ બિલ રજૂ કરવામાં આવશે તેમાં સરકાર બહુપત્નીત્વ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની માંગ કરી રહી છે. લિવ-ઈન કપલ્સ માટે તેમના સંબંધોની નોંધણી કરાવવાની પણ જોગવાઈ છે. લાગુ કરવા માટે ઉત્તરાખંડ સરકારે ૨૭ મે, ૨૦૨૨ના રોજ એક નિષ્ણાત સમિતિની રચના કરી હતી. આ ઉપરાંત રિપોર્ટમાં મહિલાઓની લગ્નની ઉંમર વધારીને ૨૧ વર્ષ કરવાનો કોઈ ઉલ્લેખ નથી. સમિતિની ભલામણમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓની લગ્નની ઉંમર ૧૮ વર્ષ જ રાખવામાં આવે. ■

# વિક્રમ સંવત ૨૦૮૦, રાજકીય દાવપેચનું વરસ

■ વિજય વ્યાસ

આજે દિવાળી છે.

વિક્રમ સંવત ૨૦૭૯નો આજે છેલ્લો દિવસ છે, કાલે પડતર દિવસ છે ને મંગળવારથી વિક્રમ સંવતનું વર્ષ શરૂ થઈ રહ્યુ છે. વિશ્વમાં એક મહાસત્તા તરીકે ઉભરી રહેલા ભારત માટે દરેક વર્ષ મહત્વનું જ હોય તેથી ૨૦૮૦નું વર્ષ પણ મહત્ત્વનું જ હોય પણ ૨૦૮૦નું વર્ષ એ રીતે વધારે મહત્વનું છે કે, આ વર્ષ ભારતમાં લોકસભાની ચૂંટણીનું વર્ષ છે. ઈસવી સન પ્રમાણે આવતા વર્ષે એટલે કે ૨૦૨૪માં જ્યારે વિક્રમ સંવત પ્રમાણે આ વરસે એટલે કે બે દિવસ પછી શરૂ થનારા ૨૦૮૦ના વર્ષમાં નરેન્દ્ર મોદી સરકારની બીજી ઈનિંગ્સના પાંચ વર્ષ પૂરાં થશે ને લોકસભાની ચૂંટણી થવાની છે.

કોઈ પણ દેશે પ્રગતિ કરવી હોય તો રાજકીય સ્થિરતા અનિવાર્ય છે. ભારતમાં છેલ્લા અઢી દાયકા રાજકીય સ્થિરતાના છે. પહેલાં અટલ બિહારી વાજપેયીનાં છ વર્ષનું શાસન, પછી ડો. મનમોહનસિંહનું ૧૦ વર્ષનું શાસન ને છલ્લાં ૧૦ વર્ષથી નરેન્દ્ર મોદીનું શાસન છે. વાજપેયી અને મનમોહનસિંહે તો સ્પષ્ટ બહુમતી વિનાની મોરચા સરકારો ચલાવી હતી જ્યારે મોદી પાસે તો લોકસભામાં સ્પષ્ટ બહુમતી છે.

ભાજપ મોદીના નેતૃત્વમાં ૨૦૧૪ અને ૨૦૧૯માં સંપૂર્ણ બહુમતીથી લોકસભાની ચૂંટણી જીત્યો તેથી છેલ્લો દાયકો ભારત માટે મજબૂત રાજકીય સ્થિરતાનો રહ્યો. વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષમાં આ રાજકીય સ્થિરતા જળવાશે કે નહીં એ સૌથી મોટો પ્રશ્ન છે કેમ કે વાજપેયી અને મનમોહનસિંહ બંનેના કિસ્સામાં સફળતાપૂર્વક બે ટર્મ પૂરી કર્યા પછીની ચૂંટણીમાં કારમી હાર મળી હતી. નરેન્દ્ર મોદીના કિસ્સામાં તેનું પુનરાવર્તન થાય છે કે પછી ૨૦૨૪માં પણ જીતીને હેટ-ટ્રિક કરે છે એ ૨૦૮૦નો સૌથી મોટો સવાલ છે.

મોદીના નેતૃત્વમાં ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯માં સંપૂર્ણ બહુમતીથી લોકસભાની ચૂંટણીમાં જીત મેળવી હતી. બંને ચૂંટણીમાં વેરવિખેર વિપક્ષો આ વખતે ઈન્ડિયા મોરચાના રૂપમાં ભાજપ સામે એક થયા છે. ભૂતકાળમાં ૧૯૭૭માં અને ૧૯૮૯માં તમામ વિપક્ષોએ એક થઈને કૉંગ્રેસ સામે મોરચો માંડ્યો ત્યારે કૉંગ્રેસે હારનો સામનો કરવો પડેલો. અત્યારે કૉંગ્રેસ પતી ગયેલી છે અને કૉંગ્રેસના સ્થાને ભાજપ છે ત્યારે ૧૯૭૭ અને ૧૯૮૯ની વિપક્ષી એકતાની ફોર્મ્યુલા ભાજપ સામે કામ કરે છે કે નહીં તેની કસોટી પણ વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષમાં થશે.

આ બધું તો વિક્રમ સંવત ૨૦૮૦ના મધ્યમાં થશે પણ એ પહેલાં ૨૦૮૦ની શરૂઆતમાં જ પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામ આવશે. આ પૈકી ચાર રાજ્યો અત્યંત મહત્ત્વનાં છે અને લોકસભાની ચૂંટણી પર આ ચાર રાજ્યોનાં પરિણામોની બહુ અસર પડશે તેથી વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષમાં જે પોલિટિકલ થ્રીલર જોવા મળવાની છે તેનું ટ્રેલર તો વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષમાં શરૂઆતમાં જ જોવા મળી જશે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગણા તથા મિઝોરમ એમ દેશનાં ૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ ૩ ડિસેમ્બરે જાહેર થવાનાં છે તેથી બરાબર ૨૦ દિવસ પછી ભારત અને ભારતીયો માટે વિક્રમ સંવત ૨૦૮૦ની પોલિટિકલ થ્રીલર શરૂ થઈ જશે.




ભાજપ અને ભાજપ વિરોધી મોરચા ઈન્ડિયા બંને માટે આ પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામ મહત્ત્વનાં છે. આ પૈકી મિઝોરમ ટચૂકડું રાજ્ય છે પણ બાકીનાં ચાર રાજ્યો લોકસભાની ચૂંટણી માટે પણ મહત્વનાં છે. મધ્ય પ્રદેશમાં ૨૯, રાજસ્થાનમાં ૨૫, છત્તીસગઢમાં ૧૧ અને તેલંગણામાં ૧૭ મળીને લોકસભાની ૮૨ બેઠકો આ ચાર રાજ્યોમાં છે. ભાજપે ૨૦૧૯માં રાજસ્થાનમા ૨૫માંથી ૨૪, છત્તીસગઢમાં ૧૧માંથી ૯, મધ્ય પ્રદેશમાં ૨૯માંથી ૨૮ જ્યારે તેલંગણામાં ૧૭માંથી ૪ બેઠકો જીતી હતી. મતલબ કે, ભાજપે આ ચાર રાજ્યોની ૮૨ બેઠકોમાંથી ૬૫ બેઠકો જીતી હતી. ભાજપે ચાર રાજ્યોની ૮૦ ટકા બેઠકો જીતીને સપાટો બોલાવી દીધો હતો. ૨૦૨૪માં ભાજપ માટે આ દેખાવનું પુનરાવર્તન કરવું પડકારરૂપ બનશે કે નહીં તેની ખબર વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામો પરથી પડશે. વિપક્ષો માટે ને ખાસ તો કૉંગ્રેસ માટે આ ચૂંટણી અત્યંત મહત્વની છે કેમ કે ૨૦૧૮માં કૉંગ્રેસે મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢમાં પોતાની સરકારો રચી હતી. મધ્ય પ્રદેશમાં ભાજપે ખેલ પાડી દીધો તેથી તેની સરકાર ગઈ પણ બાકીનાં બે રાજ્યોમાં હજુય તેની સરકાર છે.

કૉંગ્રેસ માટે એક સારો સંકેત એ છે કે, છ મહિના પહેલાં યોજાયેલી ચૂંટણીમાં કૉંગ્રેસે કર્ણાટક ફરી કબજે કર્યું છે. ભાજપને કારમી પછડાટ આપીને કૉંગ્રેસે કર્ણાટકમાં પોતાની સરકાર રચતાં દક્ષિણના બીજા રાજ્ય તેલંગણમાં પણ પોતાની સરકાર રચવાનો થનગનાટ છે. તેલંગણમાં કે.સી. ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ને ઉખાડવા ભાજપ ક્યારનો મથે છે પણ ફાવતો નથી ત્યારે કૉંગ્રેસ ફાવે એવા સંકેત છે.

કેસીઆરની રાષ્ટ્રીય સ્તરે ચમકવાની મહત્ત્વાકાંક્ષા સળવળતાં તેમણે પોતાની પાર્ટીને તેલંગણા રાષ્ટ્ર સમિતિ(બીઆરએસ)માંથી ભારત રાષ્ટ્રીય સમિતિ (બીઆરએસ) કરી નાંખી છે. તેલંગણામાં ત્રીજી વાર ભવ્ય જીત હાંસલ કરી ખુદને રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત કરવા ઈચ્છે છે. સામે કૉંગ્રેસ કેસીઆર પરિવારના ભ્રષ્ટાચાર અને સગાવાદને મુદ્દો બનાવીને પહેલી વાર સત્તા હાંસલ કરવા માગે છે. કૉંગ્રેસ તેલંગણા કે. ચંદ્રશેખર રાવના હાથમાંથી આંચકી લેવામાં સફળ થાય તો એ બહુ મોટી વાત કહેવાય ને લોકસભામાં કૉંગ્રેસ માટે જોરદાર ફાઈટનો તખ્તો તૈયાર થઈ જશે.

કૉંગ્રેસ અને બીજા ભાજપ વિરોધી પક્ષો માટે મહત્ત્વનાં રાજ્યો મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ છે કેમ કે ભાજપને હરાવવો હોય તો આ રાજ્યોમાં તેનો સફાયો કરવો પડે. આ સફાયો કરવામાં બીજા પક્ષોની કોઈ ભૂમિકા નથી તેથી કૉંગ્રેસે જ તાકાત બતાવવી પડે કેમ કે રાજસ્થાન અને છત્તીસગઢ એ બે રાજ્યોમાં કૉંગ્રેસની સરકાર છે. કૉંગ્રેસનું નામું સાવ નંખાઈ નથી ગયું ને કૉંગ્રેસ હજુય ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે એ સાબિત કરવા કૉંગ્રેસે બંને રાજ્યોમાં સત્તા જાળવવી જરૂરી છે. કૉંગ્રેસ તેમાં સફળ થશે તો લોકસભાની ચૂંટણીમાં ભાજપ સામે મજબૂત પડકાર બનીને ઉભરશે.

કૉંગ્રેસ માટે સારો સંકેત એ છે કે, રાજસ્થાન અને છત્તીસગઢ પૈકી છત્તીસગઢમાં કૉંગ્રેસ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી છે જ્યારે રાજસ્થાનમાં ભાજપ હાવી થઈ જાય એવા સંકેત છે. તેના બદલામાં કૉંગ્રેસ મધ્ય પ્રદેશમાં ભાજપને હરાવી શકે એવી સ્થિતીમાં છે તેથી રાજસ્થાન ભાજપના હાથમાંથી જાય તો પણ કૉંગ્રેસ મધ્ય પ્રદેશનો ગઢ પાછો મેળવીને હિસાબ સરભર રાખી શકે છે.

છત્તીસગઢમાં કૉંગ્રેસના ભૂપેશ બઘેલ ધાર્યા કરતાં વધારે શક્તિશાળી સાબિત થયા પછી કેન્દ્ર સરકારે મહાદેવ એપના કૌભાંડના બહાને તેમને ભિડાવવાનો પ્રયત્ન કર્યો છે. તેની કેટલી અસર થશે એ ખબર નથી પણ બઘેલ સત્તા જાળવે એવી પબરી શક્યતા છે. બઘેલે ગાયના ગોબરને મહત્ત્વ આપવા સહિતનાં હિંદુત્વ કાર્ડ ખેલીને ભાજપના પ્રભાવને ખાળ્યો છે તેથી એ ફરી સત્તામાં આવી શકે છે.

રાજસ્થાનમાં અશોક ગેહલોતે ભાજપ સામે ઝીંક ઝીલીને અને સચિન પાયલોટના બળવાને દબાવીને કૉંગ્રેસનો ગઢ સાચવ્યો છે. ગેહલોત સામે પણ કેન્દ્રીય એજન્સીઓ ખાઈખપૂચીને પડી ગઈ છે પણ ગેહલોત મચક આપી રહ્યા નથી. અલબત્ત રાજસ્થાનમાં છેલ્લા કેટલાકં વરસોથી પાંચ વરસે સરકાર બદલાઈ જાય છે તેથી ભાજપને ગેહલોતને હરાવવાનો વિશ્વાસ છે પણ ગેહલોત હારી જ જશે એવું છાતી ઠોકીને કહી શકાય તેમ નથી.

મધ્ય પ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયાના બળવાને કમલનાથ રોકી નહોતા શક્યા તેથી કૉંગ્રેસે સત્તા ગુમાવી પણ કમલનાથે હતાશ થયા વિના જંગ ચાલુ રાખ્યો તેમાં કૉંગ્રેસ ભાજપને જોરદાર ટક્કર આપી રહી છે. કમલનાથે કેન્દ્રીય નેતાઓને મધ્ય પ્રદેશથી દૂર રાખ્યા છે અને કૉંગ્રેસની મુસ્લિમ પાર્ટી તરીકેની છાપને ધોવામાં પણ સફળતા મેળવી છે તેથી મધ્ય પ્રદેશમાં કૉંગ્રેસ જીતી શકે છે.

કૉંગ્રેસ જીતશે તો ઈન્ડિયા મોરચો મજબૂત થશે એ કહેવાની જરૂર નથી. તેના કારણે ભાજપ પર દબાણ વધશે અને લોકસભાની ચૂંટણીમાં ભાજપે નવી વ્યૂહરચના વિચારવી પડશે. ૨૦૧૮માં કૉંગ્રેસે રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી જીતી હતી. ભાજપ એ વખતે ચેતી ગયેલો અને ૨૦૧૯ની શરૂઆતમાં પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરીને દેશભરમાં દેશપ્રેમનો જુવાળ પેદા કરીને કૉંગ્રેસને ધોબીપછાડ આપેલી.

આ દેશપ્રેમના જુવાળના જોરે ૨૦૧૯ની લોકસભામાં ભાજપે ત્રણેય રાજ્યોમાં કૉંગ્રેસનાં સૂપડા સાફ કરી નાખેલાં. આ ત્રણ રાજ્યોની ૬૫ લોકસભા બેઠકોમાંથી સત્તાધારી કૉંગ્રેસને ફાળે ગણીને ત્રણ બેઠકો ગયેલી જ્યારે ભાજપે ૬૨ બેઠકો જીતી હતી.

વિક્રમ સંવત ૨૦૮૦ની શરૂઆતમાં જ આવનારાં વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોના કારણે આ વખતે પણ મોદી સરકાર કોઈ મોટું પગલું ભરે એવી શક્યતા નકારી ના શકાય. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ને ભારતમાં ભેળવવા આક્રમણ પણ થઈ શકે ને બીજાં પગલાં પણ લેવાઈ શકે.

જોઈએ ૨૦૮૦ના વર્ષમાં શું થાય છે.■

# ઈન્વેસ્ટર્સ માટે નવું વરસ શુભ-લાભનું રહે...

## ભારતીય અર્થતંત્ર અને શૅરબજાર નવી ઊંચાઈ તરફ: વિકાસમાં વિશ્વાસ બની રહે

■ જયેશ ચિતલિયા

**વિશ્વ હાલ જયારે યુદ્ધ સહિત વિવિધ આર્થિક તનાવમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ભારત એક માત્ર દેશ છે, જેના પર આ સંજોગોની તુલનાત્મક રીતે ઓછી અસર થવાની શકયતા છે. જોકે ભારત તેની ઉપેક્ષા કરીને ચાલી શકાય નહીં. ભારતના નીતિ ઘડવૈયાઓએ, રોકાણકારોએ, બિઝનેસ સાહસિકોએ પણ સાવચેત રહેવું જોઈશે. અલબત્ત, આર્થિક ફંડા સારા-મજબુત અને ભાવિનો આશાવાદ ઊંચો હોવાથી વિવિધ પડકારો વચ્ચે પણ ભારત વિકાસની નવી ઊંચાઇની દિશામાં આગળ વધશે એવી આશા રાખવી અસ્થાને નથી. આગામી વરસે ચૂંટણી છે, આપણે ભારતના ભાગ્યમાં ઉજજવળ ભાવિ લખાય એવી આશા સાથે શુભેચ્છા વ્યકત કરીએ.**




ભારતના આર્થિક વિકાસને બિરદાવવા માટે આપણી પાસે હાલ ઘણાં કારણો છે. ભારત સામે ઘણાં પડકારો પણ છે, ઓપેક અને રશિયન કાર્ટેલને કારણે ક્રૂડના ભાવ ઊંચા જઈ ત્રણ આંકડાની રકમ બતાવે એવી શકયતા છે,જોકે હાલ તો ભાવ નીચા આવતા નોંધાયા છે. જો વધુ પડતા વધે તો તેની આપણી કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ તેમ જ કરન્સી પર નકારાત્મક અસર થઈ શકે. ચોમાસાની ચોકકસ અછત ગ્રામ્ય અને કૃષિના વિકાસ પર અવળી અસર કરી શકે છે. બીજી બાજુ યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજદર ઊંચા રાખવાની નીતિ લાંબા સમય માટે જાળવી રાખે એવી સંભાવના પણ ચિંતાજનક ખરી, કેમ કે તેની અસર રોકાણ પ્રવાહ પર પડયા વિના રહી શકે નહી. શહેરી વપરાશમાં વધારો થયો છે, કિંતુ હજી ગ્રામ્ય વપરાશમાં ખાસ સુધારો થયો નથી. દેશમાં ઉત્પાદન ક્ષેત્રે હજી રોજગાર સર્જનની તાતી જરૂર છે, આ તક ઉપાડી લેવાનો સમય છે. ૨૦૨૪ની ચૂંટણીની આર્થિક નીતિઓ પર તેમ જ ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ પર અસર થઈ શકે. આપણે આપણા ભૂતકાળમાંથી શીખવાની આવશ્યકતા છે. પ્રજાને મફત આપવાની નીતિના પરિણામ આખરે બુરાં જ રહે છે. ચૂંટણી નિમિત્તે આમ ન થાય તો સારું.

### વૈશ્વિક સ્પર્ધા સામે ભારતને સક્ષમ બનાવો

આપણા દેશમાં સરકારે બિઝનેસ કરવાનું સરળ બનાવવા ઘણું કામકાજ થયું છે, કિંતુ નિયમનના અને અનુપાલનના બોજને કારણે આપણા બિઝનેસ સાહસિકો વૈશ્વિક સ્પર્ધામાં પાછળ રહી જાય છે. માનવ ઈતિહાસમાં ભારત સૌથી વિશાળ અર્થતંત્ર રહી ચૂકયું છે, જેને બ્રિટિશશાસને તળિયે પહોંચાડી દીધું હતું, પરંતુ હવે આપણો દેશ ફરી વિશાળ અર્થતંત્ર બનવા તરફ ઊભરી રહ્યો છે, ૨૦૧૦માં આપણા દેશનું અર્થતંત્ર વિશ્વમાં ૧૨ માં સ્થાને હતું, જે ૨૦૨૩માં પાંચમા સ્થાને પહોંચ્યું છે અને ૨૦૩૦ સુધીમાં તે ત્રીજા સ્થાને પહોંચી જવાની આશા છે. આ યાત્રામાં ચોકકસ પડકારો અને અવરોધો આવશે જ, કિંતુ આપણો દેશ તેની મંઝિલ હાંસલ કરશે એવો વિશ્વાસ મૂકી શકાય.

### ઈકોનોમીના ડ્રાઈવર સેકટર્સ પર ધ્યાન આપો

ભારત દસમી વિશાળ ઈકોનોમીના સ્થાને હવે પાંચમી વિશાળ ઈકોનોમી બની ગયું છે, જેનો યશ સરકારના આર્થિક રિફોર્મ્સને જાય છે. ટૂંકાગાળાના કેટલાંક પડકારોને બાદ કરતા ભારત બહેતર સંજોગોમાં છે. અલબત્ત, મોંઘવારીનો ઊંચો દર અને આગામી વરસે આવી રહેલી ચૂંટણીનું દબાણ ચિંતાનું કારણ બની શકે છે. સરકારે કેપિટલ ખર્ચ ઘટાડવાની ફરજ પડી શકે, પોલિટિકલ સિચ્યુએશન માર્કેટના સેન્ટિમેન્ટને અસર કરી શકે. ભારત સરકાર જે રીતે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ પર જોર આપી રહી છે તેને ધ્યાનમાં રાખતા તેમ જ મજબૂત કોર્પોરેટસ કામગીરી, ઉત્પાદનને પ્રોત્સાહન આપતા સરકારી પગલાં, એનર્જી ટ્રાન્સમિશન સહિતના વિવિધ કદમ ભારતના વિકાસને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ઓવરઓલ ભારતના આર્થિક ફંડામેન્ટલ્સ સારા અને વિકાસલક્ષી છે, રોકાણકાર વર્ગે ચોકકસ અનિશ્ચિતતાને ગણતરીમાં રાખી સિલેકિટવ અભિગમ સાથે ઈકોનોમીના ડ્રાઈવર કહેવાય તેવા સેકટર્સ પર વધુ ધ્યાન આપવું જોઈશે.

### રિસ્ક કેપેસિટી મુજબ રોકાણ પ્લાન કરો

ભૂતકાળમાં આપણા દેશમાં ઈકિવટી ઈન્વેસ્ટમેન્ટને વૃદ્ધિ અને સંપત્તિસર્જન માટેનું રોકાણ ગણવામાં આવતું હતું, જયારે કે નિયમિત આવક અને કેશ ફલો માટે બોન્ડસ અને બૅન્ક ડિપોઝિટસને સંકુચિત રોકાણ માનવામાં આવતું હતું, છેલ્લા ૧૫ વરસમાં આ અભિગમમાં પરિવર્તન આવ્યું છે. ૨૦૨૩માં નીચા વ્યાજદરનો તબકકો કે દોર પૂર્ણ થવા આવ્યો હોવાનું કહી શકાય. ફુગાવાના ઊંચા દરે રિઝર્વ બૅન્કને ફરજ પાડી કે તે ઈન્ફલેશન રેટ કરતા ડિપોઝિટસ પરના વ્યાજદર ઊંચા કરે. નીચા વ્યાજદરોના સમયમાં શેરોના ભાવ સતત ઊંચા રહે કે ઊંચા જાય એ સંભવ નથી અથવા કહો કે ખાસ કરીને નફાશકિતની વૃદ્ધિ કરતા શેરોના ભાવ વધુ પડતા ઊંચા જવાનું ચાલુ રહી શકે નહી. રોકાણકારો સાવચેત રહે એમાં સાર છે, હવે ટૂંકા અને મધ્યમ ગાળા માટે રોકાણકારોએ પોતાની રિસ્ક કેપેસિટી અને કેશ ફલોની સ્થિતિને ગંભીરપણે ધ્યાનમાં રાખવી જોઈશે. હવે જે રોકાણ પાસેથી તમને પાંચેક વરસ નિયમિત આવક કે કેશ ફલોની જરૂર નથી તે જ રોકાણને ઈકિવટીમાં મૂકવું જોઈએ. નિયમિત ખર્ચને પહોંચી વળવા અને નજીકના સમયના ધ્યેય હાંસલ કરવા અર્થે ડિપોઝિટસ અને બોન્ડસમાં રોકાણ કરવું હિતાવહ રહેશે. યુવા રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં સ્ટોકસના વેલ્યૂએશન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમનું રોકાણ ભલે લાંબા ગાળાનું હોય, કિંતુ તેની પાસેથી વધુ પડતા વળતરની અપેક્ષા રાખવાનું ટાળવું જોઈએ. આપણે ૧૧ વરસ એવા જોયા છે, જેમાં સેન્સેકસ ફેબ્રુઆરી ૧૯૯૨માં ૪૨૫૦ હતો, જે માર્ચ ૨૦૦૩માં ૩૦૦૦ ના લેવલે પહોંચ્યો હતો, ૧૯૯૦ના સમયમાં ભારતમાં વ્યાજદરો ખૂબ ઊંચા હતા, એ સમયે સરકારી બોન્ડસમાં ૧૪ ટકા અને એએએ (ટ્રિપલ એ, જે બહુ સલામત ગણાય) ધરાવતી કોર્પોરેટ ડિપોઝિટસ પર ૧૮ ટકા વ્યાજ છુટતું હતું, આ સમય યુવા રોકાણકારોએ જોયો નથી, એટલે જ ઈકિવટીઝમાં રોકાણ કરતી વખતે ઓવર કોન્ફિડન્સ રાખવો જોઈએ નહીં.

### ભારત ગ્રીન હાઈડ્રોજન કેપિટલ બનશે

૨૦૨૩ના વરસને ભારત માટે ઐતિહાસિક કહી શકાય, કારણ કે આ વરસને વિશ્વ સાથે ઘણાં સંબંધ રહ્યાં છે. આ વરસે ભારત જી-૨૦ સમિટનું આયોજક-હોસ્ટ બન્યું. અહીં એ નોંધવું જરૂરી છે કે વિશ્વ ૨૦૫૦ સુધીમાં કાર્બન ન્યૂટ્રલ થવાનું લક્ષ્ય ધરાવે છે, જેના પરિણામે આ સદીમાં વિશ્વમાં જબરદસ્ત સુપરિવર્તન જોવા મળશે. હવેના સમયમાં ગ્રીન શબ્દ પ્રચલિત થતો જાય છે, જે હાઈડ્રોજન પેદા કરવાનું લક્ષ્ય રાખે છે, આ ગ્રીન હાઈડ્રોજન ઘણાં અર્થમાં ગેમ ચેન્જર્સ સાબિત થશે, આ પ્રોસેસમાં જે વીજળી વપરાશે તે રિન્યુએબલ સોર્સમાંથી વપરાઈ હશે. આમ મૈત્રીપૂર્ણ પર્યાવરણ આકાર પામશે. આગામી સમયમાં આશા છે કે વીજળીનો ઉત્પાદન ખર્ચ વપરાશકારો માટે હાલ કરતા ચોથા ભાગનો થશે, ભારતમાં ગ્રીન પાવરનું ઉત્પાદન કરવા વધુ ઉદ્યોગો આગળ આવશે, આ નવા ઉદ્યોગો નવું રોકાણ લાવવામાં નિમિત્ત બનશે. આને પગલે સ્ટોરેજ અને ટ્રાન્સમિશન ઈકો-સિસ્ટમ વિકાસ પામશે. ઈન શોર્ટ, ભારત વિશ્વ માટે ગ્રીન હાઈડ્રોજન કેપિટલ બનશે. આપણે પણ પ્રજા તરીકે દેશના વિકાસ માટે મહેનત કરીએ. ■

# કોઈ કકળાટને કાઢો રે લોલ...

■ સંજય છેલ

**ટાઇટલ્સ: તહેવાર ને વહેવાર ક્યારેય નહીં બદલાય. (છેલવાણી)**

લાઇફમાં જેમ 'સુખ' પહેલાં 'દુઃખ' આવે છે એમ દિવાળી પહેલાં કાળી-ચૌદસ પધારે છે, જેને નરક-ચતુર્દશી, રૂપ-ચૌદસ વગેરે પણ કહેવાય છે. એ દિવસે વહેલા ઊઠવા માટે વડીલો વડે ખાસ કહે કે-મોડા ઊઠશો તો કાગડો તમારું રૂપ લઈ જશે ને એનું રૂપ તમને આપી જશે! પણ અમને ઊંઘ એટલી પ્યારી છે કે ભલે કાગડો રૂપ લઈ જાય પણ અમે કદીયે વહેલા ઊઠ્યા નથી ને કોઇ કાગડો હજી સુધી અમારું રૂપ લઇને 'લેખક' બની ગયો નથી! કહે છે કે કાળી ચૌદસે અમુક લોકો, સ્મશાનમાં મેલીવિદ્યાની સાધના કરે છે. 'સાંસ-બહુ'ની સીરિયલોવાળી એક નિર્માત્રી, દર કાળી ચૌદસે સ્મશાનમાં જાય છે, એવું અમે પોતે જોયું-જાણ્યું છે! એ પ્રોડ્યુસરના જીવનમાંથી કકળાટ ગયો કે નહીં ખબર નથી પણ એની સિરિયલોમાં તો કકળાટ કાયમ ચાલુ જ હોય છે!

વળી, કાળી ચૌદસે પૂરી-ખીર-વડાં વગેરેનો ખાસ 'કકળાટ' બનાવીને ચાર-રસ્તે મૂકવામાં આવે છે. કહે છે કે 'જેટલું તેલ બળે એટલો કકળાટ ટળે!' પણ તેલનાં ભાવને જોતાં 'વધુ તેલ વધારે બળે તો કકળાટ વધે' એવી હાલત છે! જોકે કકળાટ દૂર થતો હોય તો છેક આરબ કંટ્રીના તેલના કૂવામાંથી, તેલ ઉધાર લઇને બાળવામાંયે અમને વાંધો નથી!

કહે છે- 'કકળાટ'ને ચાર રસ્તે મૂક્યા પછી પાછા વળીને જોઇએ તો 'કકળાટ' પાછો ઘરમાં આવે! પણ ચાર રસ્તે તો કેટકેટલાં ઘરોનાં, કેટકેટલા પ્રકારના કકળાટો ભેગા થતા હશેને? તો પછી જો પાછા વળીને આપણે જોઇએ તો આપણો જ 'કકળાટ' પાછો આવે કે બીજાના કોઇ ઘરનો? વળી ચાર-રસ્તે બધાં કકળાટો ભેગા થઈને કહેતા હશે કે,પહું સાસુ-વહુનો કકળાટ છું.ર કે 'હું પતિ-પત્નીવાળો કકળાટ.' કે 'હું ભાઈ-ભાઈનો કકળાટ!' વગરે..વગેરે..

જોકે ઘર ઉપરાંત બીજા ઘણાંયે કકળાટ સમાજમાં ચાલતા જ હોય છે, જેમ કે-

### 'મોંઘવારીનો કકળાટ':

મોંઘવારીનો કકળાટ સતત ચાલુ રહે એ બાબતે આઝાદીથી આજ'દી સુધી બધી પાર્ટી ને બધી સરકારોમાં કમાલનો સંપ છે. કોઇપણ સરકાર આવે પણ પેટ્રોલ, ડીઝલના ભાવ વધે જ વધે ને પછી બીજી ચીજોનો ભાવ પણ વધે જ. મોંઘવારીના કકળાટનું કોરસ અનંતકાળથી ચાલ્યા જ કરે છે ને ચાલ્યા જ કરશે.

### ન્યૂઝ ચેનલોનો કકળાટ:

આજકાલ ન્યૂઝ ચેનલો, એકના એક ન્યૂઝ વારંવાર ચલાવે, ન્યૂઝ-એન્કરો મોટે મોટેથી બૂમો પાડે, એનાં એ ૪-૫ લોકો 'ચર્ચા'ના નામે એકબીજા પર ગાળાગાળી કે બૂમાબૂમ કરે ને લોકો પાછાં એ કકળાટ વધારેને વધારે જુવે પણ ખરાં! ન્યૂઝ-ચેનલ પર તો રોજ 'કાળી ચૌદસ' ને



હરપળ 'કકળાટ'!

### ફિલ્મ લાઈનનો કકળાટ:

આજકાલ થિએટરમાં ફિલ્મો નથી ચાલતી પણ ફિલ્મો પરના કકળાટ વધુ ચાલે છે. કદી ફિલ્મના વિરોધને લઈને કે ક્યારેક હીરો-હિરોઇનના લફડાં કે બ્રેક-અપને લઈને કે પછી કલાકારોના દાયકાઓ જૂના સ્ટેટમેંટને લઈને, કચકડાનો કકળાટ નિરંતર ચાલે જ રાખે છે. સરકાર, ફિલ્મી કકળાટ પર 'મનોરંજન ટેક્સ' લગાવે તો નવાઇ નહીં લાગે

**ઇંટરવલ: બે દીવા ઝાઝા બળે ત્યારે દિવાળી થાય છે..(બેફામ)**

### સોશિયલ મીડિયાનો કકળાટ:

જ્યારથી ભગવાને અંગૂઠો આપ્યો છે અને સ્માર્ટ મોબાઈલ ફોન શોધાયો છે, વોટ્સએપ-ફેસબુક-ટિવટર વગેરે સોશિયલ મીડિયા પર ખોટી અફવાઓ, ખોટા મેસેજીસ ફોર્વડ કરીને, રાજકીય પાર્ટીવાળાઓ દેશને અને આપણી બેરોજગાર જુવાનીને સતત બિઝી રાખે છે.

ઘણીવાર તો વિજય માલિયા જેવા મોટા ભાગેડુ ગુનેનારોને પકડી ના શકનાર આપણું પોલીસ ખાતું, કોઇ રાજકીય કટાક્ષ કરનારને તરત જ પકડી પાડે છે! કયારેક તો ફક્ત કોઇ રમૂજી મેસેજને ફોર્વર્ડ કરનારનીયે રાતોરાત ધરપકડ થઇ જાય છે! આમ સોશિયલ મીડિયાના કકળાટને લીધે પોલીસતંત્ર સદા સાવધ રહી શકે છે, એ ઉજળી એની બાજુ!

ઉપરાંત 'સોફા પર બેઠાં બેઠાં વજન કેમ વધારવું?' વગેરના વિચિત્ર વિડિયો કે અડધી રાતે 'ગુડ-નાઇટ'ના અચાનક મેસેજો મોકલી મોકલીને, આપણે શાંત જીવનમાં અલગ જ કકળાટ આમંત્ર્યો જ છેને?

### એજ્યુકેશનનો કકળાટ:

સ્કૂલ, કોલેજો એવાં સ્થળો છે જ્યાં ભણતર સિવાય પણ ઘણું બધું શીખવવામાં આવે છે. હવે તો કોચિંગ ક્લાસમાં જવાનું પહેલું પગથિયું શાળા-કોલેજ છે. પણ ત્યાં પેપર લીક થવાનો, એડમિશનનો, ડોનેશનનો, મોંઘી ફીઝનો, બાળકો પર 'વધુ પડતાં ભણતરના ભાર'નો કકળાટ સતત ચાલે જ રાખે છે. એ બધા કકળાટને ઓછો કરવા વિશે 'સ્પે. કકળાટ કોર્સ' બનાવી શકાય એવું અમારું નમ્ર સૂચન છે.

### ટ્રાફિકનો કકળાટ:

ટ્રાફિક આપણાં જીવનમાં એવું વણાઇ ગયું છે કે જો એ ના હોય તો આપણને ધ્રાસ્કો પડે કે 'હાય હાય શહેરમાં કરફ્યુ નંખાયો?' કે 'ફરી કોવિડનું લોકડાઉન શરૂ થયું કે શું?' કારણ વગર હોર્ન વગાડીને કકળાટ કરવો એ તો દરેક ભારતીયનો જન્મ સિદ્ધ અધિકાર બની ગયો છે!

### હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટનો કકળાટ:

મર્ડર-કિડનેપ કે જમીન-મિલ્કતના કેસો ઉપરાંત હવે રાજકીય કેસોને લઈને વકીલો, જજસાહેબો, સરકાર અને મીડિયા વચ્ચે સતત કકળાટ ચાલ્યા જ કરે છે. હાઈ કોર્ટ-સુપ્રીમ કોર્ટના જજની બદલી કે નિમણૂકનો કકળાટ હવે 'ન્યૂઝ' નથી, 'ન્યૂ-નોર્મલ' બાબત છે. વળી કોર્ટની બહાર જો કકળાટ મૂકવાની સ્પે. પરવાનગી અપાય તો કદાચ ત્યાં એવી ધક્કામુક્કી થાય કે ૧૦૦-૨૦૦ લોકો નક્કી ચગદાઇ મરે!

.તો સૌને પોતપોતાના જીવતરના કકળાટ મુબારક. ■

**એંડ ટાઇટલ્સ:**

**આદમ: કકળાટ કાઢ્યો?**
**ઈવ: વેઇટ, શરૂ કરું છું!**

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# હવે શિંદે જૂથમાં ડખો

## ગજાનન કીર્તિકરે રામદાસ કદમને ગણાવ્યા ગદ્દાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનામાં રહેલા આંતરિક વિખવાદને કારણે ભાગલા પડ્યા અને શિંદે જૂથ અલગ થયું હતું, પરંતુ હવે શિંદે જૂથમાં નેતાઓમાં આંતરિક ડખા થઈ રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. શિંદે જૂથના બે ટોચના નેતાઓ વચ્ચે શનિવારે વિખવાદ હોવાનું બહાર આવ્યું હતું. સંસદસભ્ય ગજાનન કીર્તિકરે પીઢ નેતા રામદાસ કદમની અત્યંત આકરા શબ્દોમાં ટીકા કરી છે.

રામદાસ કદમે એવી ટીકા કરી હતી કે ગજાનન કીર્તિકરે પાર્ટીની પીઠમાં ખંજર ન મારવું જોઈએ, જેના પર હવે ગજાનન કીર્તિકરે એવી ટીકા કરી છે કે રામદાસ કદમ તો ગદ્દાર છે. રામદાસ કદમે કહ્યું હતું કે ગજાનન કીર્તિકર શિંદે જૂથમાં છે અને તેમનો દીકરો ઠાકરે જૂથમાં છે. ફક્ત લોકસભાની ઉમેદવારી પત્રક ભરીને ઘરે બેસી રહેશો નહીં. પક્ષ સાથે બેઈમાની ન થાય તેનું ધ્યાન રાખો. તમારો વિરોધ કરવાનું કોઈ કારણ નથી, પરંતુ એક જ ઓફિસમાં પિતા અને પુત્ર બંને બેસે છે. શું કરે છે તે આખી દુનિયા જોઈ રહી છે. દીકરો ઠાકરે જૂથમાં અને તમે શિંદે જૂથમાંથી ઉમેદવારી નોંધાવશે અને પછી દીકરાને બિનવિરોધ જીતાડી દેશો. આવું કાવતરું ન થાય તે આવશ્યક છે. પક્ષની પીઠમાં ખંજર મારશો નહીં.

કદમની ટીકાથી ચીડાયેલા ગજાનન કીર્તિકરે તેમની ટીકા કરતાં કહ્યું હતું કે રામદાસ કદમની ગદ્દારીનો ઈતિહાસ ઘણો લાંબો છે. ૧૯૯૦માં હું મલાડ વિધાનસભાની ચૂંટણી લડી રહ્યો હતો ત્યારે રામદાસ કદમ ખેડમાંથી ચૂંટણી લડી રહ્યા હતા. મારા મલાડ વિધાનસભા વિસ્તારના કાંદિવલીના બધા કાર્યકર્તાને તેઓ ખેડમાં લઈ ગયા હતા અને મને પાડવાનો પ્રયાસ કર્યો હતો. ખેડ-ભરણા નાકાથી ભોર-પુણે સુધી શરદ પવારની કામમાં બેસીને રામદાસ કદમ એનસીપીમાં પ્રવેશ કરવા માટે ચર્ચા કરી રહ્યા હતા તે વસ્તુ તેમણે ભૂલવી ન જોઈએ, ખેડના શિવસૈનિકો પણ આ વસ્તુ ભૂલ્યા નથી. આટલું જ નહીં, કાંદિવલી પુર્વમાં મનપાના વોર્ડમાંથી તેમનો સગો ભાઈ સદાનંદ કદમ શિવસેનામાંથી લડી રહ્યો હતો ત્યારે તેમને જીતાડશો નહીં એવી દમદાટી બધા કાર્યકર્તાને કદમ કરતા હતા, એમ પણ તેમણે કહ્યું હતું.

અનંત ગીતેને હરાવવા માટે પણ કદમે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રયાસ કર્યા હતા એવો ધડાકો કરતાં તેમણે કહ્યું હતું કે કોંકણના નિષ્ઠાવાન શિવસૈનિકો પડખે ઊભા રહ્યા હોવાથી જ ગીતે લોકસભામાં પહોંચી શક્યા હતા.

રામદાસ કદમના પુત્ર સિદ્ધેશને લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા થઈ રહી છે અને તેથી તેઓ વિવિધ માર્ગે ખોટા અહેવાલો વહેતા કરી રહ્યા છે. તેમની દબાણને શિંદે વશ થઈ રહ્યા નથી. એટલે જ હવે તેઓ લોકોના મનમાં ભ્રમ તૈયાર કરવાનો પ્રયાસ કરે છે. તેમણે પોતાનું આવું વર્તન તત્કાળ રોકી દેવું જોઈએ, એમ પણ ગજાનન કીર્તિકરે કહ્યું હતું. ■

# કાંદિવલીમાં મીઠાઇની દુકાનમાંથી લાખો રૂપિયાનો નકલી માવો જપ્ત

મુંબઈ: ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ દિવાળી નિમિત્તે નાગરિકોને સારી ગુણવત્તા વાળી શુદ્ધ મીઠાઇ અને દિવાળીનો નાસ્તો મળે તે માટે છેલ્લા અનેક દિવસોથી ભેળસેળયુક્ત ખોરાકને પકડવા ઝુંબેશ હાથ ધરી છે. એફડીએએ ગુરુવારે કાંદિવલી પશ્ચિમમાં દહાણુકરવાડી ખાતે મેસર્સ ગુલાબ ફૂડ પ્રોડક્ટ્સની જગ્યાએ છાપો માર્યો હતો જેમાં સાડા ત્રણ લાખ રૂપિયાનો નકલી ભેસળયુક્ત માવો જપ્ત કરવામાં આવ્યો હતો.

એફડીએ દ્વારા છેલ્લા અનેક દિવસોથી હાથ ધરવામાં આવેલી ઝુંબેશમાં અનેક મીઠાઇ દુકાનોમાં છાપા મારીને મોટા પ્રમાણમાં ભેળસેળયુક્ત પદાર્થો જપ્ત કરવામાં આવી રહ્યા છે. કાંદિવલી પશ્ચિમ ખાતે દહાણુકરવાડી વિસ્તારમાં આવેલા રેણુકા નગરમાં જય ભારત સોસાયટીના મેસર્સ ગુલાબ ફૂડ પ્રોડક્ટ્સ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ■



**ધુમ્મસનું સામ્રાજ્ય:** હાલમાં વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. પ્રશાસન તરફથી પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટેના પગલાં લેવાયા છે ત્યારે અમુક અંશે ધુમ્મસનું પ્રમાણ ઓછું થયું છે. (તસવીર: અમય ખરાડે)

**મહાડની ફેક્ટરીમાં આગ**

# ડીએનએ ટેસ્ટ પછી મૃતદેહો પરિવારજનોને સોંપાયા

## કંપનીના વરિષ્ઠ અધિકારીઓ વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો

અલિબાગ: રાયગઢ જિલ્લાના મહાડ સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની બ્લુ જેટ હેલ્થકેરની ફેક્ટરીમાં લાગેલી આગમાં જીવ ગુમાવનારા ૧૧ કર્મચારીના મૃતદેહ ડીએનએ ટેસ્ટ પછી તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. બીજી બાજુ, મૃતકોના કુટુંબીજનોને વળતર પેટે ૩૦ લાખ રૂપિયા આપવાનું કંપનીએ નક્કી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મહાડમાં એમઆઈડીસી ખાતે આવેલી આ ફૅક્ટરીમાં ત્રીજી નવેમ્બરે આગ લાગી હતી. આગમાં ૧૧ જણનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે સાત ગંભીર રીતે ઘવાયા હતા.

આગમાં સળગી ગયેલા મૃતદેહોની ઓળખ મેળવવા માટે ડીએનએ ટેસ્ટ કરાવવામાં આવી હતી. શુક્રવારે મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. અંતિમ વિધિ માટે મૃતદેહોને તેમના વતન લઈ જવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ કંપની દ્વારા દરેક મૃતકના કુટુંબીજનોને ૩૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી અને શુક્રવારથી રૂપિયા આપવાની શરૂઆત પણ કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે આગમાં ૧૧ જણે જીવ ગુમાવતાં પોલીસે કંપનીના વરિષ્ઠ અધિકારીઓ વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ પ્લાન્ટની દેખરેખની જવાબદારી જેમને સોંપાઈ હતી એ વરિષ્ઠ અધિકારીની ત્રણ દિવસ અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. અન્ય બે અધિકારીનાં નામ પણ એફઆઈઆરમાં નોંધવામાં આવ્યાં હતાં.

જખમી કર્મચારીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪, ૩૦૮ અને અન્ય સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ) ■

# શેર્સમાં રોકાણ પર ઊંચા વળતરની લાલચે ૬૫ લાખની છેતરપિંડી: આઠ સામે ગુનો

થાણે: શેર્સમાં રોકાણ પર ઊંચા વળતરની ખાતરી આપી નવી મુંબઈના ફરિયાદી અને તેનાં સગાં સાથે ૬૫ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે આઠ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં જણાવાયા અનુસાર કામોઠેમાં રહેતા ફરિયાદી અને તેનાં સગાં પાસેથી ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન કથિત રીતે રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આ પ્રકરણે કામોઠે પોલીસ સ્ટેશનમાં શુક્રવારે ફરિયાદ નોંધાવાઈ હતી.

મુંબઈના બાન્દ્રા વિસ્તારમાં રહેતા આરોપીઓએ તેમની કંપની મારફત શેર્સમાં રોકાણ કરવા ફરિયાદી અને તેનાં સગાંસંબંધીને સમજાવ્યાં હતાં. રોકાણ કરેલી રકમ પર આકર્ષક વળતરની લાલચ પણ આપવામાં આવી હતી. આરોપીની વાતમાં આવી ફરિયાદી અને તેનાં સગાંસંબંધીઓએ ૬૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

જોકે બાદમાં ફરિયાદીએ રોકાણ કરેલી રકમ પરના નફાની વાત કરતાં આરોપીએ ઉડાઉ જવાબ આપવા માંડ્યા હતા. ફરિયાદીને વળતર અથવા મૂળ રકમ પણ પાછી આપવામાં આવી નહોતી. બાદમાં આરોપીના મોબાઈલ ફોન સ્વિચ ઑફ્ફ આવતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો, એવું કામોઠે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ‘પ્રેગ્નેન્ટ’ હોવાનું કહી રેલવે ટિકિટ મેળવતી મહિલા પકડાઈ

મુંબઈ: જુઠ્ઠાણાંઓ ચલાવીને બુક કરવામાં આવેલી રેલવે ટિકિટ પર પ્રવાસ કરવો ગુનો છે, પણ ધસારાના સમયે ટ્રેનોમાં ટિકિટનું જુઠ્ઠાણું ચલાવીને અમુક લોકો વિવિધ પ્રકારના નુસખા અજમાવતા હોય છે. પશ્ચિમ રેલવેએ આવા જ એક જુઠ્ઠાણાનો પર્દાફાશ કર્યો છે. લાંબા અંતરની ટ્રેનોમાં તપાસ કરતી ફ્લાયિંગ સ્કવોડની સામે પાંચ મહિલા પ્રવાસી માટે પ્રેગ્નેન્સીના બનાવટી મેડિકલ સર્ટિફિકેટ પર સિનિયર સિટિઝન ક્વોટામાં ટિકિટ બુક કરાવવાનો મામલો સામે આવ્યો છે. આ ટિકિટ અવંતિકા એક્સપ્રેસ માટે બુક કરવામાં આવી હતી. રેલવે પોલીસે બનાવટી સર્ટિફિકેટ બનાવનારાઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પશ્ચિમ રેલવેના ચર્ચગેટ ફ્લાયિંગ સ્કવોડ મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર અવંતિકા એક્સપ્રેસમાં સીટોની ઉપલબ્ધતાની તપાસ કરી રહી હતી. એ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે પાંચ મહિલાએ સિનિયર સિટિઝનના ક્વોટામાં ટિકિટ બુક કરાવી હતી. વસઈના પ્રવાસી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ)માંથી બુક કરાવી હતી. એવું પણ જાણવા મળ્યું હતું કે તમામ પીએનઆર એક જ મોબાઈલ નંબર નોંધાવીને બુક કરાવવામાં આવ્યા હતા. આ જ મહિલાઓની રિટર્ન ટિકિટ પણ એ જ મોડસ ઓપરેન્ડીથી બુક કરાવવામાં આવી હતી. જોકે આ બાબત ધ્યાનમાં આવતા સ્ક્વૉડે જે ઠેકાણે ટિકિટ બુક કરાવવામાં આવી હતી તેની વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે. ■

# મુંબઈના રસ્તાઓ પર પહેલી ડિસેમ્બરથી ક્લીન અપ માર્શલ દેખાશે

મુંબઈ: કોરોનાનું જોખમ હટી ગયા બાદ પાલિકાએ મુંબઈમાં ક્લીનઅપ માર્શલને કોન્ટ્રેક્ટ વધાર્યો નહોતો. આ કારણે માર્ચ, ૨૦૨૨ના રોજ મુંબઈના રસ્તાઓ પર ક્લીનઅપ માર્શલ દેખાવાનું બંધ થઇ ગયા. હવે ૨૧ મહિના બાદ મુંબઈના રસ્તાઓ પર ફરી એક વાર ક્લીનઅપ માર્શલ દેખા દેશે. પાલિકાના કમિશનર આઈ. એસ. ચહલે મુંબઈનાં ૨૪ વોર્ડમાં ક્લીનઅપ માર્શલની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. શહેરમાં ૧લી ડિસેમ્બરથી રસ્તાઓ પર ક્લીનઅપ માર્શલ તહેનાત કરવામાં આવશે. આ માહિતી પાલિકાના નાયબ કમિશનર ચંદા જાધવે આપી હતી. જાધવના જણાવ્યા અનુસાર રસ્તા અને સાર્વજનિક સ્થાનોએ ગંદકી ફેલાવવાથી રોકવા માટે મુંબઈમાં ફરી એક વાર ક્લીનઅપ માર્શલની નિમણૂક કરવાનો ફેંસલો લેવામાં આવ્યો છે. મુંબઈના માર્ગો પર અંદાજે ૨૧ મહિના બાદ ક્લીનઅપ માર્શલ જોવા મળશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થોડા દિવસો પહેલાં પાલિકાના મુખ્ય વિસ્તારોની માફક નાના માર્ગો, ગલીઓ અને સાર્વજનિક શૌચાલયોની સાફસફાઈને લઇને નારાજગી વ્યક્ત કરતાં આ ક્ષેત્રોમાં ખાસ ધ્યાન આપવાની તાકીદ કરી હતી. મુખ્ય પ્રધાનના નિર્દેશ બાદ ક્લીનઅપ માર્શલની ફરી એક વાર નિયુક્તિ કરવાનો પાલિકાએ નિર્ણય લીધો છે. પાલિકા છેલ્લા આઠ મહિનાથી ક્લીનઅપ માર્શલને નીમવા માટેના પ્રયાસ કરી રહી છે. આ વખતે ૧૦૦૦ ક્લીનઅપ માર્શલ નિયુક્ત કરવાની યોજના છે. પહેલા તબક્કામાં ૭૨૦ ક્લીનઅપ માર્શલની નિયુક્તિ કરવામાં આવશે. ત્યાર પછી બાકીના ક્લીનઅપ માર્શલને મંજૂરી આપવામાં આવશે. હાલમાં પ્રત્યેક વોર્ડમાં ૩૦થી ૩૫ માર્શલની નિમણૂક કરવામાં આવશે. આ માર્શલ ખાનગી સંસ્થાઓ દ્વારા નિયુક્ત કરવામાં આવશે. ક્લીનઅપ માર્શલ દ્વારા જે દંડ વસૂલવામાં આવશે, એમાંથી ૫૦ ટકા રકમ પાલિકાને મળશે. ■

# હાઇ કોર્ટનો જાલનાની શાળા દ્વારા બરતરફ કરાયેલા સાત શિક્ષકોની ફેરનિમણૂક કરવાનો આદેશ

જાલના: બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે જાલનામાં અંગ્રેજી માધ્યમની શાળાના મેનેજમેન્ટ દ્વારા બરતરફ કરાયેલ સાત શિક્ષકોને રાહત આપી હતી.

જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને વાય જી ખોબરાગડેની બેન્ચે શુક્રવારે એમએસ ઇંગ્લિશ સ્કૂલ, જાલનાના મેનેજમેન્ટ દ્વારા બરતરફ કરાયેલા સાત શિક્ષકોની ફેરનિમણૂક કરવાનો આદેશ આપ્યો હતો.

આ શિક્ષકોએ બીજા ૪૨ શિક્ષકો સાથે, શાળા મેનેજમેન્ટ દ્વારા ચૂકવવામાં આવતા નજીવા અને અનિયમિત પગાર અંગે એડવોકેટ તલહાર અજય મારફતે રિટ પિટિશન દાખલ કરી હતી .

૬ થી ૨૬ વર્ષ સુધીના સેવા સમયગાળો ધરાવતા શિક્ષકોએ દાવો કર્યો હતો કે વાર્ષિક ધોરણે કામચલાઉ નિમણૂકના ઓર્ડર મળ્યા હોવા છતાં, તેઓને કોઈપણ પૂર્વ સૂચના અથવા કારણ બતાવ્યા વિના શાળા દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા. તેઓએ દાવો કર્યો હતો કે તેઓને અનિયમિત રીતે નાણાં ચૂકવવામાં આવી રહ્યાં છે અને ૧૨,૦૦૦ રૂપિયાથી લઈને ૩૦,૦૦૦ રૂપિયા સુધીની દંડની રકમ સમયાંતરે લેવામાં આવી હતી.

પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં બેન્ચે કહ્યું કે, જો શિક્ષકો છ વર્ષથી ૨૬ વર્ષની વચ્ચે કામ કરતા હોય, જેમ કે અરજદારોની દલીલ છે, તો તે કહેવું ઘણું અયોગ્ય છે કે તેઓ હંગામી છે અને દર વર્ષે તેમને હંગામી તરીકે એપોઇન્ટમેન્ટ ઓર્ડર જારી કરવામાં આવે છે. આવી શાળાઓમાં, પ્રશિક્ષિત સ્નાતકને પ્રોબેશનનો સમયગાળો પૂરો થયા પછી નિયમિત કરવાના હોય છે. જો આ અરજદારોની તમામ દલીલો સાચી હોય, તો તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું છે.

કોર્ટે સ્કૂલ મેનેજમેન્ટની અરજીને ફગાવી દીધી હતી કે આ કેસ એમપીઈપીએસ એક્ટ હેઠળ સ્કૂલ ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રમાં આવે છે.

કામચલાઉ પગલા તરીકે, કોર્ટે બરતરફના આદેશ પર રોક લગાવી દીધી અને શાળા મેનેજમેન્ટને નવેમ્બર ૨૦૨૩ સુધીના બાકી પગાર કોર્ટમાં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો.

વધુમાં, કોર્ટે ઔરંગાબાદ વિભાગના ડિવિઝનલ ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનને શાળાની કામગીરી વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવા અને રિપોર્ટ રજૂ કરવા સૂચના આપી હતી.

સ્કૂલ મેનેજમેન્ટને ૬ ડિસેમ્બર પહેલા જવાબ સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

# તબિયત સ્થિર થતા ખડસેએ શિંદેને ફોન કરી આભાર વ્યક્ત કર્યો

મુંબઈ: થોડા દિવસ પહેલા એનસીપીના નેતા એકનાથ ખડસેને છાતીમાં દુ:ખાવો થયા બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તરત જ તેમની માટે એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી. એકનાથ ખડસેની તબિયત વિશે મુખ્ય પ્રધાનને જાણ થતાં ખડસે માટે જરૂરી મેડિકલ વ્યવસ્થા ગોઠવી હતી. હવે એકનાથ ખડસેની તબિયતમાં સુધારો થયાનું જાણવા મળ્યું છે. તબિયતમાં સુધારો થતાં ખડસેએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ફોન કરી મદદ માટે આભાર માન્યો હતો. ખડસેએ મુખ્ય પ્રધાનને લાગણી સાથે કહ્યું કે મારા જીવનનું પ્લેન લેન્ડ ન થયું હોત.

એકનાથ ખડસેની તબિયત બગડી ત્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સતારામાં તેમના ગામમાં હતા. એનસીપીના વિધાનસભ્ય અને વરિષ્ઠ નેતા એકનાથ ખડસેને છાતીમાં દુ:ખાવો ઊપડતાં ખડસેની પુત્રી રોહિણી ખડસેએ મુખ્ય પ્રધાનનો સંપર્ક કરી તેમને આ બાબત જાણ કરી હતી. ત્યાર બાદ શિંદેએ તરત જ એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી હતી. એર એમ્બ્યુલન્સની વ્યવસ્તા કરવા માટે ખડસેએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો અભાર વ્યક્ત કર્યો હતો.

ખડસેએ કહ્યું મારી માટે આ બાબત કોઈ ગંભીર ન હતી. મારી માટે એર એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થતી ન હતી. પરિવારે મંગાવેલી એક એમ્બ્યુલન્સ પણ નાસિકમાં ફસાઈ ગઈ હતી. તમારા લીધે મને એર એમ્બ્યુલન્સ મળી ત્યારબાદ મને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યો અને મારી એન્જિયોપ્લાસ્ટી થઈ. મારા હૃદયમાં બે બ્લોકેજ હતા. ઓપેરેશન દરમિયાન કાર્ડિયાક અરેસ્ટ આવતા મારું હૃદય બંધ થઈ ગયું હતું. ત્યારે મને બે મિનિટ શોક ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. જો તમે મને મદદ ન મોકલી હોત તો મારી લાઈફનું પ્લેન ટેક ઓફ થઈ ગયું હોત અને તે ક્યારેય લેન્ડ થયું ન હોત. હું તમારો આભાર માનું છું અને તમને દિવાળીની શુભકામનાઓ. ■

# અંડરગ્રાઉન્ડ મેટ્રો-૩ માટે માર્ચ સુધી રાહ: સર્ટિફિક્શન સહિત અનેક પ્રક્રિયા માટે વિલંબ

મુંબઈ: મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) એ સ્પષ્ટતા કરી હતી કે આરે - બીકેસીથી ‘કોલાબા-બાંદ્રે-સીપ્ઝ મેટ્રો ૩’નો પ્રથમ તબક્કો ડિસેમ્બરના અંત સુધીમાં શરુ થશે. જો કે, એમએમઆરસીના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભીડેએ જાહેરાત કરી છે કે આ તબક્કે માર્ચ ૨૦૨૪ સુધીમાં સેવામાં મૂકવામાં આવશે. તેથી મુંબઈમાં પ્રથમ સબવે મેટ્રો દ્વારા મુસાફરી કરવાનું મુંબઈકરોનું સ્વપન વિલંબિત થયું છે.

એમએમઆરસીએ ૨૦૧૬માં ૩૩.૫ કિલોમીટર લાંબી મેટ્રો લાઇન ‘મેટ્રો ૩’નું કામ હાથ ધર્યું હતું. આ કામ પાંચ વર્ષમાં એટલે કે ૨૦૨૧માં પૂર્ણ થવાની ધારણા હતી. જો કે, એમએમઆરસીની ટેક્નિકલ સમસ્યાઓ, આરે કારશેડ વિવાદ, પુનર્વસન વગેરેને કારણે આ સમયમર્યાદાને પૂર્ણ કરી શક્યું નથી. પરિણામે, પ્રોજેક્ટ પૂર્ણ થવાની તારીખ ડિસેમ્બર ૨૦૨૩ તરીકે જાહેર કરવામાં આવી હતી. આ સંદર્ભે, એમએમઆરસીએ છેક્ષ છેલ્લા દોઢથી બે વર્ષમાં કામને વેગ આપ્યો છે. તે મુજબ પ્રથમ તબક્કાનું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. પ્રથમ તબક્કાના સંચાલન માટે નવ મેટ્રો ટ્રેન તૈયાર કરવામાં આવી છે પ્રથમ તબક્કાના અમલીકરણ માટે અશ્વિની ભીડેએ માહિતી આપી હતી કે જરૂરી પરીક્ષણો શરૂ કરવામાં આવશે અને રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) પાસેથી પ્રમાણપત્ર લેવામાં આવશે. આરડીએસઓ પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા પછી, એમએમઆરસીએ મેટ્રો રેલ સુરક્ષા કમિશનર પાસેથી સલામતી પ્રમાણપત્ર મેળવવું પડશે. એકંદરે આ પ્રક્રિયામાં સમય લાગશે. તેથી, તેમણે સમજાવ્યું કે પ્રથમ તબક્કો માર્ચ ૨૦૨૪ સુધીમાં સેવામાં મૂકવામાં આવે તેવી શક્યતા છે. ભુયારી મેટ્રો શરૂ થયાના થોડા વર્ષોમાં ૧.૭ મિલિયન મુસાફરો આ મેટ્રો દ્વારા મુસાફરી કરશે. ■

# મલાડમાં સાપ કરડવાથી વૃદ્ધનું મૃત્યુ

મુંબઈ: મુંબઈના મલાડમાં ૬૧ વર્ષીય વ્યક્તિનું સાપના કરડવાથી મૃત્યુ થયું હોવાની ઘટના સામે આવી છે.

દિંડોશી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના શુક્રવારે બપોરે બની હતી અને મૃતકની ઓળખ પુણેના રહેવાસી ઝફર હુસૈન તરીકે કરવામાં આવી છે. હુસૈન તેમના પુત્રના લગ્નની ખરીદી કરવા માટે મલાડ પૂર્વના રાહેજા વિસ્તારમાં તેમના સંબંધીના ઘરે આવ્યા હતા. જ્યારે તેઓ બાથરૂમમાં ગયા ત્યારે કોબ્રા જાતિના સાપે તેમને ડંખ માર્યો હતો. ત્યારબાદ તેઓ દોડીને બહાર આવ્યા હતા. સાપે ડંખ માર્યા બાદ તેમને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. સાપ કદાચ બારીમાંથી અંદર આવ્યા હોવાનો અંદાજ સંબંધીએ વ્યક્ત કર્યો હતી. ■

# લિંગાયત, મારવાડી, અન્ય જાતિઓના પણ કુણબી રેકોર્ડ: સરકારની મુશ્કેલી વધી

મુંબઈ: મરાઠા-કુણબી સમુદાયના પૂર્વજોના જૂના રેકોર્ડ શોધવા માટે રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. લિંગાયત, મારવાડી અને અન્ય કેટલીક જાતિઓના નાગરિકોના પૂર્વજોના કુણબી રેકોર્ડ મળી રહ્યા છે. જો ઓબીસીમાં અનામત ન ધરાવતી જ્ઞાતિઓ પણ તેની માંગણી કરે તો સરકાર સમક્ષ મુશ્કેલી ઊભી થાય તેવી શક્યતા છે.

કુણબી-મરાઠા રેકોર્ડની સંખ્યા ૧૯ હજારને વટાવી ગઈ છે અને બેથી ત્રણ લાખ નાગરિકોને તેનો લાભ મળવાનો અંદાજ છે.

હાલમાં કલેક્ટર અને મહેસૂલ વિભાગની કચેરીઓમાં કુણબી રેકોર્ડ ટ્રેસ કરવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. કૃષિ કુણબીઓ અનુસાર, હવે લિંગાયત, સાળી, માળી, કોળી, મારવાડી, યલમ વગેરે જેવી કેટલીક જાતિઓમાં પણ કુણબી રેકોર્ડ જોવા મળે છે. આ રેકોર્ડ લાતુર સહિત મરાઠવાડાના કેટલાક જિલ્લાઓમાં મળી આવ્યા છે. જ્યારે ઓબીસી ફેડરેશનના પ્રમુખ બબનરાવ તાઈવાડેનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, “કુણબી રેકોર્ડ મળી આવ્યા છે, તેથી મહેસૂલ સત્તાવાળાઓને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવાનો કોઈ અધિકાર નથી.” જો તેઓને અનામતનો લાભ આપવો હોય તો જ્ઞાતિના આગેવાનો અથવા સરકારે રાજ્ય પછાત વર્ગ આયોગને દરખાસ્ત મોકલવી જોઈએ જેથી તેઓનું પછાતપણું તપાસવામાં આવે. જ્યારે મંડલ કમિશન અમલમાં આવ્યું ત્યારે રાજ્યમાં ઓબીસીમાં ૨૭૨ જાતિઓ હતી. આ સંખ્યા હવે ૪૦૦ પર પહોંચી ગઈ છે.

કાનૂની પ્રક્રિયા દ્વારા પછાત જાતિઓને અનામત આપવાનો અમારા માટે વિરોધ કરવાનું કોઈ કારણ નથી; પરંતુ જો પછાતપણાની તપાસ કર્યા વિના જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે તો તે જાતિ માન્યતા તપાસમાં અમાન્ય ઠરશે. ■

# શરદ પવાર મોદી સાથે આવવા માટે માની જશે

## ભાજપ સમર્થક વિધાનસભ્યનો મોટો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીના સ્થાપક શરદ પવાર અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની ઉદ્યોગપતિ પ્રતાપરાવ પવારના પુણેના બંગલા પર શુક્રવારે મુલાકાત થઈ અને ત્યાંથી સીધા જ અજિત પવાર દિલ્હીમાં ગૃહપ્રધાન અમિત શાહને મળવા માટે પહોંચી ગયા હતા. આ બધાને પગલે રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર જાગી હતી. આ બધાની વચ્ચે ભાજપ સમર્થક અપક્ષ વિધાનસભ્ય રવિ રાણાએ મોટો દાવો કર્યો હતો કે શરદ પવાર લોકસભાની ચૂંટણીમાં મોદીની સાથે આવી જશે એના આ સંકેત છે.

તેમણે શનિવારે કહ્યું હતું કે મેં પહેલાં જ કહ્યું હતું કે રાજ્યમાં દિવાળીની આસપાસ મોટો બોમ્બ ફૂટવાની શક્યતા છે. શરદ પવાર મહારાષ્ટ્રના જ્યેષ્ઠ નેતા છે. અજિત પવારે શરદ પવારની મુલાકાત લીધી તેના પરથી મને એવું લાગી રહ્યું છે કે ૯૯.૯૯ ટકા શરદ પવાર માની ગયા છે.

હવે થોડો ઝટકો લાગવો જોઈએ. ત્યારબાદ શરદ પવાર પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન આપશે. ભાજપની સાથે આવી જશે.

(જુઓ પાનું ૪) ▸▸

લલિત પાટીલનું પલાયન

# સાસૂન હૉસ્પિટલના ડીનને પાણીચું અન્ય ડૉક્ટર સસ્પેન્ડ

પુણે : ડ્રગ ડીલર લલિત પાટીલ પુણેની સાસૂન જનરલ હૉસ્પિટલમાંથી ભાગી ગયાના એક મહિનાથી વધુ સમય પછી, તબીબી શિક્ષણ વિભાગે ડીન ડૉ. સંજીવ ઠાકુરને પાણીચું અને પાટીલની સારવાર કરી રહેલા ડૉ. પ્રવીણ દેવકાતેને સસ્પેન્ડ કર્યા હતા . એક તપાસ અહેવાલનું વિગતવાર વિશ્લેષણ, જે રાજ્ય દ્વારા નિયુક્ત સમિતિએ એક સપ્તાહ પહેલા સબમિટ કર્યું હતું, તેમાં ઠાકુર, દેવકાતે અને અન્ય પ્રથમ દૃષ્ટીએ જવાબદાર હોવાનું જણાયું હતું, એમ વિભાગ (જુઓ પાનું ૪) ▸▸


# આજે દિવાળી નિમિત્તે થાણેમાં ટ્રાફિકમાં ફેરફાર

થાણેઃ થાણે શહેરમાં રવિવારે રામ મારુતિ રોડ, ગડકરી રંગાયતન ચોક વિસ્તારમાં રાજકીય પક્ષો દ્વારા દિવાળીના દિવસે સવારે કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમ માટે થાણે પોલીસે ટ્રાફિકમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ કર્યા છે. રવિવારે સવારે ૬ થી બપોરે ૨ વાગ્યા સુધી ટ્રાફિક ડાયવર્ઝન ચાલુ રહેશે. જેથી વૈકલ્પિક માર્ગ પર ટ્રાફિક જામ થવાની સંભાવના છે.

તલાવપાલીના ચિંતામણી ચોક ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. થાણે, કલ્યાણ, ડોમ્બિવલીના ઘણા કોલેજ યુવાનો આ કાર્યક્રમ માટે ભેગા થાય છે, જેથી આ વિસ્તારમાં ભારે ભીડ થાય છે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિક જામ ટાળવા માટે થાણે ટ્રાફિક પોલીસે

(જુઓ પાનું ૪) ▸▸


પ્રગટ થઈ ચૂક્યો છે





# મુંબઈમાં કચરો બાળનારા સામે લેવાશે આકરા પગલાં

### કચરો બાળવાની ફરિયાદ કરવા હેલ્પલાઈન નંબર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ અનેક ઉપાયયોજનાને અમલમાં મૂકી છે. છતાં દિવાળીના તહેવાર દરમિયાન પ્રદૂષણનું સ્તર વધવાની શક્યતા છે તેને ધ્યાનમાં રાખીને પાલિકાએ રસ્તા પર ગમે ત્યાં કચરો બાળનારા સામે આકરા પગલા લેવાની ચીમકી આપી છે. એટલું જ નહીં પણ પાલિકાએ મુંબઈગરાને રસ્તા પર ગમે

(જુઓ પાનું ૪) ▸▸


**PAC n DELIVER**

**INTERNATIONAL COURIER**

Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**

Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



શ્રી વિલેપારલા સ્થાનકવાસી જૈન સંઘ - વિરાણી ઉપાશ્રય

પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે



ભગવાન મહાવીર
નિર્વાણ કલ્યાણક પ્રવચન



તા. ૧૨-૧૧-૨૦૨૩, રવિવાર : સવારે ૯-૩૦ થી ૧૧ કલાકે

મહાવીર સ્વામી પહોંચ્યા નિર્વાણ... ગૌતમ સ્વામી પામ્યા કેવળજ્ઞાન

નૂતન વર્ષ : ભક્તામર પાઠ અને મહા માંગલિક

તા. ૧૪-૧૧-૨૦૨૩, મંગળવાર : સવારે : ૭ થી ૮ કલાકે

પુણ્યશ્લોકી શ્રી કિશોરભાઈ ભીમજીભાઈ સંઘવી

સ્મૃતિદિન : ભાઈબીજ : તા. ૧૫-૧૧-૨૦૨૩, બુધવાર

ગુણાંજલિ પ્રવચન : સવારે : ૯-૩૦ થી ૧૦-૩૦ કલાકે

: જ્ઞાનપંચમી આરાધના :

તા. ૧૮-૧૧-૨૦૨૩, શનિવાર, સવારે : ૯-૩૦ થી ૧૧ કલાકે

: ઉપકારી ગુરુઋણ સ્વીકાર :

તા. ૧૯-૧૧-૨૦૨૩, રવિવાર, સવારે : ૯-૩૦ થી ૧૧ કલાકે

: ચાતુર્માસ પાખી આરાધનાઃ

તા. ૨૬-૧૧-૨૦૨૩, રવિવાર, સવારે : ૯-૩૦ થી ૧૧ કલાકે

: ચાતુર્માસ પરિવર્તન :

તા. ૨૭-૧૧-૨૦૨૩, સોમવાર, વિહાર વેળા સવારે : ૭-૩૧ કલાકે

વિલેપારલા સંઘમાં કાયમી ભક્તામર - વ્યાખ્યાન - સમૂહ સામાયિક
લોગસ્સ જાપ પ્રભાવનામાં ૧ કરોડના ફંડથી ધર્મોત્સાહ

કલકતા ચાતુર્માસ વિહાર શુભેચ્છા સમારોહ

તા. ૩-૧૨-૨૦૨૩, રવિવાર, સવારે : ૯-૩૦ થી ૧૨ કલાકે

અધ્યાત્મ સૌરભ : (જ્ઞાનસાર વિવેચન) - વિમોચન

સ્થળ :- શ્રી ઘાટકોપર હિંગવાલા લેન જૈન સંઘ

પૂ. ગુરુદેવ પૂના, કોલ્હાપુર, બેલગામ, બૅંગ્લોર, ચેન્નાઈ થી કલકતા તરફ પધારશે.



SPECIAL OFFERS IN COMPANY OUTLETS
40-60% DISCOUNT ON SELECTIVE PRODUCTS
Multiple Corporate Gifting Range
A Range of more than 8500 products

શા કેશવજી લાધા, કંસારા ચાલ, મુંબાદેવી પાયધુની સ્થિત, ૧૮૫ વર્ષ અને ૮ પેઢીથી ચાલ્યો આવતો પારિવારિક વ્યવસાય ધરાવતી વિશ્વસનીય કંપની, હવે

**BHALARIA**®

સમગ્ર યુરોપ, અમેરિકા,કેનેડા,ચાઇના,જાપાન,હોંગકોંગ,તાઇવાન, કોરિયા જેવા અનેક દેશો માં પ્રસિદ્ધ, ૮૦ કરતા વધારે દેશોમાં નિકાસ કરતી તથા સંખ્યાબંધ સરકારી અને વાણિજ્ય સંસ્થાઓ તરફથી એવોર્ડ્સથી નવાજિત કંપની આપની સેવામાં. ક્રોમિયમ તથા નિકલનો અધિક વપરાશ કરીને ઉચ્ચ ગુણવત્તાના વાસણોના ઉત્પાદક.

BIGGEST Diwali OFFERS

● Houseware ● Tri-Ply Cookware ● Kitchenware ● Tableware ● Hotelware



**BHALARIA METAL CRAFT PVT. LTD.**

+91 844 77 46766

For Corporate and Trade Enquiries visit our Company Outlets
Bhalaria Experience Store

Available on : www.bhalaria.in
amazon Flipkart

Newly Opened!
**ઘાટકોપર (પશ્ચિમ) :** દુકાન નં.10/11, શોપ ઝોન, એમ.જી. રોડ, કલર્સની પાછળ, ઘાટકોપર (પશ્ચિમ) ૪૦૦૦૮૬ +91 7977830212

**બોરીવલી (પશ્ચિમ):** ૩, પરાગ, ચંદાવરકર રોડ, જોયલુક્કાસ ની સામે, બાટાની બાજુમાં, બોરીવલી (પશ્ચિમ) ૪૦૦૦૯૨ +91 7977830212

**વિલે પાર્લે (પશ્ચિમ) :** દુકાન નં. ૨, તુલસી વિલા, ૨૭, બજાજ રોડ, હરિયા સ્ટોરની સામે, વિલે પાર્લે (પશ્ચિમ) ૪૦૦૦૫૬. (રવિવાર બંધ) +91 9819164179

**સુરત :** ભાલરીયા એક્સપિરિયન્સ જી-૮, વેસુ પોઈન્ટ, વેસુ મેઈન રોડ, HDFC બેંક ની બાજુમાં, વેસુ, ૩૯૫૦૦૭ +91 9624249873

**ઉમરગામ :** ગામ ટીંભી, સંજાણ- ઉમરગામ રોડ, જિલ્લો-વલસાડ ૩૯૬૧૫૦, ગુજરાત +91 7623825314


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**






# ધ વન પર્સન્ટમેન

## રિઝવાન સાજન




**મુંબઈની** સાંકડી ગલીઓની એક રૂમની ચાલમાં રહેતો એક યુવાન ૧૬ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવી દે છે, ૧૮ વર્ષની વયે વિદેશ જાય છે. અહીં પૈસા કમાય છે અને પરિવારને સધ્ધર કરે છે. આ યુવાનની જિંદગી માંડ પાટા પર ચડી હોય છે ત્યારે પરિસ્થિતિઓ બદલાય છે અને તેણે ફરી મુંબઈ આવી નાનામોટા કામ કરવા પડે છે. પણ યુવાનને ખબર છે કે તે આવા કામ માટે નથી બન્યો. આથી ફરી હિંમત કરી તે વિદેશની ધરતી પર નસીબ અજમાવવા નીકળી પડે છે. સખત મહેનત કરી એવા ઊંચા મુકામ સર કરે છે જેની કોઈએ કલ્પના પણ કરી નહીં હોય. હિન્દી ફિલ્મનો ૮૦ કે ૯૦ના દાયકાનો પ્લોટ યાદ આવી ગયો ને ? ના પણ આ કોઈ લેખકની કલમની કરામત નથી, પરંતુ એક મહેનતું, ઈમાનદાર અને જાંબાઝ વ્યક્તિના જીવન સંઘર્ષની કથા છે.

■ **મુંબઈ સમાચાર ટીમ**

સામાન્ય કુટુંબમાં જન્મેલો, મુંબઈની સાંકડી ગલીઓની એક રૂમની ચાલમાં રહેતો એક યુવાન ૧૬ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવી દે છે, ૧૮ વર્ષની વયે વિદેશ જાય છે. અહીં પૈસા કમાય છે અને પરિવારને સધ્ધર કરે છે. આ યુવાનની જિંદગી માંડ પાટા પર ચડી હોય છે ત્યારે પરિસ્થિતિઓ બદલાય છે અને તેણે ફરી મુંબઈ આવી નાનામોટા કામ કરવા પડે છે. પણ યુવાનને ખબર છે કે તે આવા કામ માટે નથી બન્યો. આથી ફરી હિંમત કરી તે વિદેશની ધરતી પર નસીબ અજમાવવા નીકળી પડે છે. સખત મહેનત કરી એવા ઊંચા મુકામ સર કરે છે જેની કોઈએ કલ્પના પણ કરી નહીં હોય. હિન્દી ફિલ્મનો ૮૦ કે ૯૦ના દાયકાનો પ્લોટ યાદ આવી ગયો ને ? ના પણ આ કોઈ લેખકની કલમની કરામત નથી, પરંતુ એક મહેનતું, ઈમાનદાર અને જાંબાઝ વ્યક્તિના જીવન સંઘર્ષની કથા છે. આ વ્યક્તિનું નામ છે રિઝવાન સાજન. જી હા એ જ રિઝવાનભાઈ જે ડેન્યુબ ગ્રૂપના ફાઉન્ડર અને ચેરમેન છે અને વન પર્સન્ટ્ મેન તરીકે ખ્યાતિ ધરાવે છે. રિઝવાનભાઈની કંપની મિડલ ઈસ્ટની ટોપ કંપનીમાંની એક છે અને બિલ્ડિંગ મટીરિયલ્સ, સપ્લાય, હાઉસહોલ્ડ ફર્નિશિંગ, ડેકોર ઈન્ડસ્ટ્રી અને રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીમાં તેમનો દબદબો છે. આ સાથે ડેન્યુબ હોસ્પિટાલિટી સોલ્યુશન્સ, સ્ટાર્ઝ મીડિયા (ફિલ્મફેર), અમેરિકન એસ્થેટિક સેન્ટર, કાસા મિલાનો પણ તેમના જ વેન્ચર છે. આજે મિડલ ઈસ્ટ અને નોર્થ આફ્રિકાના દેશોમાં જે MENA Regionના નામે ઓળખાય છે, તેમાં ૭૫ લોકેશન્સ પર તેમનું કામ ચાલી રહ્યું છે. તેમને ત્યાં ૪૫૦૦ લોકો કામ કરે છે અને ૧.૫ બિલિયન યુએસડી તેનું વાર્ષિક ટર્ન ઓવર છે. છ વાર ફોર્બ્સ મિડલ ઈસ્ટમાં તેમનું નામ ટોપ બિઝનેસ લીડર ઈન ધ યુએઈમાં આવ્યું છે અને તેઓ આ યાદીમાં સાતમા ક્રમે પણ રહી ચૂક્યા છે.


**નાનકડી** રકમ સાથે રિઝવાનભાઈએ બિલ્ડિંગ મટિરિયલ્સના વ્યાપારમાં ઝંપલાવ્યું. તેમને સમજાયું કે તેઓ બિલ્ડિંગ મટીરિયલ્સ સેલ્સના કામમાં માહેર છે અને તેમનો અનુભવ પણ છે આથી તેમણે ૧૯૯૩માં ડેન્યુબ બિલ્ડિંગ મટીરિયલ્સ નામની કંપની શરૂ કરી. જે નાનકડો છોડ આજે વટવૃક્ષ બની ગયો છે અને આજે ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના સૌથી મોટી કંપની બની ગઈ છે.



આ ટોપ કંપનીના માલિક આપણી મુંબઈના છે. ઘાટકોપરની ચાલમાં મોટા થયેલા રીઝવાનભાઈએ મુંબઈ સમાચાર સાથે પોતાની જીવન સફરના અમુક પ્રસંગો શેર કર્યા હતા ત્યારે તે સાંભળીને સમજી શકાય કે શૂન્યમાંથી સર્જન કરનારાઓ જીવનમાં કેવા સાહસો કરતા હોય છે અને અવરોધોનો સામનો કરી પ્રગતિની કેડી કંડારતા હોય છે તેનો ખ્યાલ આવે છે.

ખૂબ જ નિખાલસ અને હસમુખ સ્વભાવના રિઝવાનભાઈ એ દિવસો યાદ કરતા કહે છે કે મારા પિતાની આવક ખૂબ જ ઓછી હતી. અમે ઘાટકોપરની ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા. પિતાજીને ઘર માટેની લોટરી લાગી અને ઝૂંપડપટ્ટીમાંથી નાનકડી ચોલમાં શિફ્ટ થયા. તે સમયે પરિવાર માટે ઘરનું ઘર હોવાનો આનંદ કેવો હોય તે રિઝવાનભાઈને ખબર છે. નજીકની સરકારી સ્કૂલમાં રીઝવાનભાઈ ભણવા જતા. પોકેટમની કંઈ ખાસ મળે નહીં એટલે રોજ સમોસું ખાવું કે અન્ય છોકરાઓની જેમ મજા કરવી પોસાય તેમ ન હતી. જોકે રીઝવાનભાઈની વાતોથી લાગે છે કે તેઓ નાની ઉંમરથી જ જવાબદારીઓ સમજતા (જુઓ પાનું ૩) ▶▶





**૧૮મા** જન્મદિવસે જ અંકલનો પત્ર મળ્યો અને તેમણે તેમને કુવૈત આવવા કહ્યું. રિઝવાનભાઈ માટે આ ખૂબ જ સારી તક હતી અને તેમણે તે ઝડપી લીધી. તેમના અંકલનો કુવૈતમાં બિલ્ડિંગ મટીરિયલ્સનો બિઝનેસ હતો. સેલ્સમેનશિપમાં માહેર રિઝવાનભાઈએ અંકલના આ બિઝનેસને ફેલાવવામાં મદદ કરી અને આ કામ કરતા રિઝવાનભાઈને પોતાનામાં જે લીડરશિપના ગુણો છે તનો પણ અહેસાસ થયો. પરિવાર પણ સારું જીવન પસાર કરતો થયો. ત્યારબાદ બહેનના લગ્ન થયા ને તે બાદ રિઝવાનભાઈના પણ લગ્ન થયા. જીવન સારું પસાર થઈ રહ્યું હતું ત્યાં ફરી કસોટીનો સમય આવ્યો. ૧૯૯૧માં ગલ્ફવોર ફાટી નીકળી ને રિઝવાનભાઈએ ફરી મુંબઈ આવવાનો નિર્ણય લીધો. મુંબઈમાં બાન્દ્રામાં સારું ઘર લીધું અને પરિવાર સાથે રહ્યા. અહીં ફરી નવા ધંધામાં હાથ અજમાવ્યો, પણ મન બીજે જતું હતું. તેમને પોતાની તાકાત અને આવડતનો ખ્યાલ હતો. તેમને થયું કે આ કામ માટે તો તેઓ નથી.





# દુબઈનો ઈતિહાસ, ભૂગોળ અને આબોહવા....

■ મુંબઈ સમાચાર ટીમ

જ્યાં ૩૦ વર્ષ પહેલા ધૂળ ઉડતી હતી, ત્યાં અત્યારે વિશ્વની શ્રેષ્ઠ ઇમારતો, રસ્તાઓ અને અત્યાધુનિક મેટ્રો દોડતી જોવા મળે છે. જ્યાં એક સમયે ફક્ત એક કે બે માળના મકાનો જોવા મળતા હતા ત્યાં હવે નજર ના પહોંચે તેવી ભવ્ય અને ગગનચુંબી ઇમારતો છે વિશ્વભરના પ્રવાસીઓ અને વેપારીઓ જ્યાં દોડી જાય છે. તેવા દુબઈનો ઈતિહાસ પણ દુબઈ જેવો ભવ્ય છે.

દુબઈમાં સૌ પ્રથમ માછલી અને મોતીનો વ્યવસાય ઘણો ફૂલ્યો ફાલ્યો હતો પરંતુ જાપાને કૃત્રિમ મોતી બનાવતા મોતીનો બિઝનેસ સાવ પડી ભાંગ્યો અને તે જ અરસામાં તેલની શોધ પણ થઇ જે દુબઈ માટે આશીર્વાદરૂપ સાબિત થઇ ત્યારે ઘણા લોકોએ મોતીનો વ્યવસાય છોડીને તેલ ક્ષેત્રમાં વ્યવસાય કરવાનું શરૂ કર્યું, તેમજ જ્યારે ૧૯૭૧માં બ્રિટનથી આઝાદી મળી ત્યારબાદ તેલનું ઉત્પાદન વધ્યું જેનાથી આ દુબઇની અર્થવ્યવસ્થામાં ઘણા મોટા ફેરફારો થયા અને દુબઇ કાચા તેલનું હબ બની ગયું.

દુબઈના અર્થતંત્રના મૂળમાં વેપાર રહે છે, આ શહેર વિશ્વના બે સૌથી મોટા બંદરો અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય હવાઈ કાર્ગો હબનું સંચાલન કરે છે. આ ઔદ્યોગિક રોકાણ આકર્ષવા માટે ૧૯૮૦માં જેબેલ અલી ફ્રી-ટ્રેડ ઝોનની સ્થાપના કરનાર શેખ ઝાયેદ પાછળથી સંયુક્ત આરબ અમીરાતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને શેખ રશીદ પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બન્યા હતા.




દુબઈનું વિઝન શેખ રશીદનું હતું જે તેમના બાદ આવનાર શેખ મોહમ્મદે પૂર્ણ કર્યું હતું અને આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે. શેખ ઝાયેદે યુએઈના રાજ્યોને એકીકૃત કરવામાં અને તેલની સંપત્તિ દ્વારા તેમને સમૃદ્ધ બનાવવામાં ભૂમિકા ભજવી હતી, તો બીજી તરફ શેખ રશીદે તેલના કારણે આગળના ભવિષ્યમાં કેટલો ફાયદો થશે અને દુબઈ કેવી રીતે હરણફાળ ભરશે તે વિશે વિચાર્યું અને તેનો અમલ કર્યો જેના પરિણામ સ્વરૂપે થોડા જ સમયમાં દુબઈ વૈશ્વિક નકશામાં ઉભરાઇ આવ્યું હતું. દુબઈમાં એવી કોઇ બાબત નથી કે જે અશક્ય હોય. દુબઇના નિયમો અને નીતિઓ ખૂબજ મજબૂત છે. દુબઇ હંમેશાથી રૂઢિચુસ્ત સમાજ રહ્યો છે. તેમની પરંપરાઓ હજુ જૂની વિચારસરણી પ્રમાણે જ છે. પરંતુ તે પ્રવાસીઓની સુવિધા માટે ઘણી આધુનિક છે.

દુબઈ યુનાઈટેડ આરબ અમીરાતના પર્સિયન ગલ્ફ કિનારે આવેલું છે અને લગભગ દરિયાની સપાટીથી એ ૫૨ ફૂટ ઉપર છે. દુબઈ દક્ષિણમાં અબુ ધાબી, ઉત્તરપૂર્વમાં શારજાહ અને દક્ષિણપૂર્વમાં ઓમાનની સાથે તેની સરહદો જોડાયેલી છે.

દુબઈ અરેબિયન રણની અંદર છે. પરંતુ દુબઈની ટોપોગ્રાફી યુએઈના દક્ષિણ ભાગ કરતા તદ્દન અલગ છે, દુબઈનું લેન્ડસ્કેપ રેતાળ રણ છે, જેના કારણે ત્યાં વર્ષના દસ મહિના ગરમી રહે છે. પૂર્વમાં સબ્ખા તરીકે ઓળખાતો દરિયાકાંઠો છે.

દુબઈમાં કોઈ નદીઓ કે ઉદ્યાનો નથી, જો કે દુબઈમાં એક કુદરતી પ્રવેશદ્વાર છે. દુબઈ ગલ્ફ જેનો વિકાસ એ રીતે કરવામાં આવ્યો છે કે હાલમાં ત્યાંથી મોટા જહાજો આરામથી પસાર થઇ શકે છે. દુબઈમાં ઘણા પર્વતો પણ આવેલા છે પરંતુ આ તમામ પર્વતો મોટાભાગે રેતીના જ હોય છે. સિસ્મોલોજીકલ રીતે દુબઈ ખૂબ જ સ્થિર વિસ્તાર છે. તેથી ભૂકંપની શક્યતા નથી. આ ઉપરાંત દરિયાની ઊંડાઇ વધારે હોવાના કારણે અહીં સુનામી આવવાની સંભાવના પણ સાવ નહિવત્ છે. અહીંના રણ પ્રદેશમાં તમને ખજૂરના ઊંચા ઊંચા વૃક્ષો અને ફૂલોના બગીચા જોવા મળશે. જો કે હવે દુબઈ સરકારે આયાત કરીને નવા વૃક્ષો ઉગાડવાના પણ શરૂ કર્યો છે.

હવામાનની વાત કરીએ તો દુબઈમાં ગરમ અને શુષ્ક વાતાવરણ હોય છે. દુબઈમાં ફક્ત બે જ ઋતુઓ છે એક શિયાળો અને બીજો ઉનાળો. ઉનાળો એટલો આકરો હોય છે. દુબઈમાં ઉનાળો એપ્રિલના છેલ્લા સપ્તાહની આસપાસ શરૂ થાય છે અને ઓક્ટોબરના પ્રથમ સપ્તાહની આસપાસ સમાપ્ત થાય છે. આ સમય દરમિયાન અત્યંત ગરમ હવામાન, ગરમ પવન ફૂંકાતા હોય છે. જો કે સમુદ્રની નજીક હોવાને કારણે દુબઈનું તાપમાન ઉનાળામાં કુવૈત સિટી અને રિયાધ જેવા અન્ય ગલ્ફ શહેરોની સરખામણીમાં થોડું હળવું હોય છે. જેના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ જોવા મળે છે. અહીં વારંવાર ધૂળની ડમરીઓ ઉડતી રહે છે અને ધૂળના તોફાનો આવતા હોય છે. આ સમય દરમિયાન તાપમાન નિયમિતપણે ૩૮ સિલ્સિયસથી ઉપર વધે છે અને રાતોરાત લગભગ ૨૬ સેલ્સિયસ સુધી ઘટી જાય છે. દુબઈમાં સૌથી વધુ તાપમાન જુલાઈ ૨૦૨૩માં નોંધાયું હતું જે ૪૯.૦ સેલ્સિયસ હતું. જ્યારે દુબઈમાં સૌથી ઓછું નોંધાયેલું તાપમાન બે ઓઈ સેલ્સિયસ જેટલું નોંધાયેલું છે. વાતાવરણ આટલું ગરમ હોવા છતાં અહીની સરકાર એટલી સરસ સુવિધાઓ આપે છે કે દુનિયાભરના લોકો અહીં આવવા માટે આકર્ષાય છે. ■



# દુનિયાના નક્શા પર દુબઈ ટૂરિઝમનો વધી રહેલો દબદબો...

■ મુંબઈ સમાચાર ટીમ

ગુજરાતી પ્રજાના ત્રણ મહત્ત્વના શોખ જેમાં પહેલો શોખ અને ટેલેન્ટ એટલે બિઝનેસ, બીજો શોખ એટલે ચટાકેદાર ભોજન અને ત્રીજો પણ મહત્ત્વનો શોખ એટલે રખડપટ્ટી... વેકેશન પર ઉપડી જવાનું... દર થોડાક સમયે વેકેશન પર ના જાય તો ગુજરાતી પ્રજાને ચેન ના પડે... એમાં પણ વાત જો વિદેશ ફરવા જવાની હોય તો દુબઈનું નામ સૌથી પહેલાં આવે. આ જ વર્ષે સતત બીજી વખત ટૂરિઝમની દ્રષ્ટિએ દુબઈને ટૂરિઝમની દ્રષ્ટિએ સૌથી બેસ્ટ શહેર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ટૂરિઝમની દ્રષ્ટિએ દુનિયાના દસ સૌથી બેસ્ટ શહેરોની યાદી તૈયાર કરવામાં આવી હતી અને આ યાદીમાં સતત આ વર્ષે દુબઈએ પહેલા નંબરે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. આ લિસ્ટમાં ઈન્ડોનેશિયાનું બાલી, ત્રીજા સ્થાને લંડન, ચોથા સ્થાને રોમ અને પેરિસ પાંચમા નંબરે આવે છે.

દર વર્ષે મોટી સંખ્યામાં પર્યટકો દુબઈ ફરવા આવે છે અને નવા આંકડા પરથી એવું જોવા મળે છે કે દુબઈ ફરવા આવનારા ભારતીયો પર્યટકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ એમ ત્રણ મહિનામાં દુબઈ ફરવા આવનારા ભારતીયોની સંખ્યા ૬.૧૨ લાખનો આંકડો વટાવી ચૂકી છે અને વાર્ષિક સરેરાશને ધ્યાનમાં લઈને જો અંદાજ લગાવવામાં આવે તો આ સંખ્યામાં ૬૨.૭૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન આ પ્રમાણ ૩.૭૬ લાખ જેટલું હતું.



આ માહિતી દુબઈ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ એન્ટ ટૂરિઝમ (DET) દ્વારા આપવામાં આવી હતી.

૨૦૨૩ના પહેલાં ત્રણ મહિનામાં ૪૬.૭ લાખ ઈન્ટરનેશનલ ટૂરિસ્ટ્સે દુબઈની મુલાકાત લીધી હતી અને ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન આ પ્રમાણ ૩૯.૭ લાખ જેટલું હતું. આ બંનેની સરાસરી કાઢીએ તો દુબઈમાં ઈન્ટરનેશનલ ટૂરિસ્ટ્સની સંખ્યામાં પણ ૧૭ ટકાનો વધારો જોવા મળ્યો છે.

જાન્યુઆરી, ૨૦૨૨થી જુન, ૨૦૨૨ સુધીના છ મહિનાના સમયગાળામાં દુબઈ ફરવા આવનારાઓ ભારતીય પર્યટકોનો આંકડો ૮.૫૮ લાખને પાર કરી ગયો છે અને ગયા વર્ષની સરખામણીએ આ આંકડો બમણો થઈ ગયો છે. દુબઈના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમી એન્ડ ટૂરિઝમ (DET) દ્વારા આ આંકડાઓ આપવામાં આવ્યા હતા.

DET દ્વારા આપવામાં આવેલા આંકડા અનુસાર ૨૦૨૦માં કોરોના મહામારી બાદ ૨૦૨૧ના પહેલાં છ મહિનામાં ૪.૦૯ લાખ ભારતીયો દુબઈ પરિભ્રમણ કરવા માટે આવ્યા હતા. જાન્યુઆરીથી લઈને જૂન વચ્ચે ૭૧.૨ લાખ વિદેશી ટૂરિસ્ટ દુબઈ ફરવા આવ્યા હતા જે ગયા વર્ષની સરખામણીએ ત્રણ ગણા વધુ હતા. ૨૦૨૧માં જાન્યુઆરીથી જુન વચ્ચે ૨૫.૩ લાખ જેટલા હતા.

પર્યટકોની સંખ્યામાં વૃદ્ધિ દુબઈની અર્થવ્યવસ્થાને વેગવાન અને સતત આગળ વધારવામાં નિમિત્ત બને છે. દુબઈ જનારા ભારતીયોની સંખ્યામાં જોવા મળતી વૃદ્ધિ દુબઈ અને ભારત વચ્ચેના ગાઢ થઈ રહેલાં સંબંધો તરફ ઈશારો કરી રહી છે તો ઈન્ટરનેશનલ ટૂરિસ્ટની સંખ્યામાં જોવા મળેલો ઉછાળો એ દુબઈ દુનિયાનું સૌથી વધુ જોવાતું ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનીને પોતાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યની પ્રાપ્તિના પથ પર છે. ■

સતત પર્યટકોની સંખ્યામાં જોવા મળી રહેલાં વધારા અંગે દુબઈના ક્રાઉન પ્રિન્સ અને દુબઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ચેરમેન શેખ હમદાન બિન મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમે પણ રાજીપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ૨૦૨૩ના પહેલાં ત્રણ મહિનામાં હાંસિલ કરવામાં આવેલી આ ઉપલબ્ધિ એ તરફ ઈશારો કરી રહી છે કે દુનિયાના પ્રમુખ પર્યટન સ્થળોમાં દુબઈ ખૂબ જ ઝડપથી દુનિયાના નકશા પર પોતાની એક આગવી છાપ ઊભી કરી રહ્યું છે. ટૂરિઝમ સેક્ટર દુબઈની અર્થવ્યવસ્થાનો એક મજબૂત સ્થંભ તો છે જ પણ એની સાથે સાથે દુબઈ દુનિયાની માર્કેટ પર, કલ્ચર પર અને રિજનમાં એક બ્રિજનું કામ કરે છે.

DET દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર દુનિયાના દરેક ભાગમાંથી દુબઈ આવનારા પર્યટકોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સીઆઈએસ અને પૂર્વીયુરોપ, એમઈએનએ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાથી આવનાર ઈન્ટરનેશનલ ટૂરિસ્ટની સંખ્યા ૨૦૧૯ના પહેલા ત્રિમાસિક આંકડાને પાર કરી ચૂકી છે, જ્યારે દક્ષિણ એશિયા અને પશ્ચિમી યુરોપથી આવનારા ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સની સંખ્યા પ્રી-કોવિડ લેવલની નજીક પહોંચી ગઈ છે.

દુબઈ જ નહીં કોઈ પણ દેશ કે શહેર માટે ટૂરિઝમ એ અર્થવ્યવસ્થામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. દુબઈ પણ છલ્લાં કેટલાક વર્ષોમાં ફરનારાઓ ટૂરિસ્ટ્સની પહેલી પસંદગી બની ગયું છે, એ વાતમાં કોઈ શંકા જ નથી... ■





## દુબઈમાં સિંગલ વિન્ડો પૉલિસીને કારણે ઉદ્યોગોને મળ્યું મોકળું મેદાન



■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈ યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)નું મહત્ત્વનું શહેર છે. દુબઈ, અબુધાબી, શારજાહ, ઉમ્મુલ કૈન, રાસ-અલ ખૈમા, અજમાન અને અલ ફુજેરા અમિરાત છે. દુબઈના રાજા એ યુએઈના વડા પ્રધાન અને ઉપ રાષ્ટ્રપતિ છે. જોકે, યુએઈના ઉદ્ભવના ૧૫૦ વર્ષ પહેલા દુબઈ અસ્તિત્વમાં આવ્યું હતું. ૧૯૬૦ સુધી તો વૈશ્વિક સ્તરે દુબઈનું નામ લેવાતું નહોતું, પરંતુ ''૮૦-''૯૦ના દાયકા પછી પરિવર્તનનો પવન ફૂંકાયો અને વેપાર-વાણિજ્યને ક્ષેત્રે દુનિયામાં નામ બનવા લાગ્યું, કારણ સ્પષ્ટ હતું બિઝનેસ પૉલિસી.

બિઝનેસ ફ્રેન્ડલી પૉલિસીથી એક આડ વાત કરીએ. દુબઈમાં શોપિંગ ફેસ્ટિવલના શુભારંભથી દુબઈના અર્થતંત્રમાં પ્રાણ પુરાયો હતો, તેમાંય વળી સિંગલ વિન્ડો પૉલિસીને કારણે ઉદ્યોગોને નવા રોકાણની સાથે રોજગારીમાં વધારો થયો હતો.

વાસ્તવમાં, દુબઈમાં 'ઈઝ ઓફ ડુઈંગ' પૉલિસીને કારણે નવા વેપાર-ઉદ્યોગોની ક્ષિતિજો વિસ્તરી હતી. વર્ષ ૧૯૯૫માં દુબઈમાં શોપિંગ ફેસ્ટિવલનો આરંભ કર્યો હતો, ત્યારપછી મોલ કલ્ચર અને ગગનચુંબી ઈમારતોનું પ્રમાણ વધ્યું હતું, તેથી દુબઈ ગ્લોબલ સિટી તરીકે ઓળખાવા લાગ્યું હતું.

એ પછીના વર્ષોમાં એટલે કે વર્ષ ૧૯૯૯માં દુબઈને ઈન્ટરનેટની સિટી બનાવવાની શરૂઆત થઈ હતી, તેનાથી ઉદ્યોગપતિઓ અને વેપારીઓને રોકાણ કરવા માટે નવી તકો મળી. ખાસ તો સિંગલ વિન્ડો પૉલિસીને કારણે એક જ વખતમાં તમામ પ્રકારની મંજૂરી મળવા લાગી તેનાથી વેપારીઓ હોય કે બિઝનેસમેનને લાઈસન્સરાજ કે અન્ય ભ્રષ્ટાચારનું પ્રમાણ નહીંવત રહ્યું હતું.

વેપાર, વાણિજ્યથી અલગ છેલ્લે હેલ્થની વાત કરીએ તો કોવિડ-૧૯ની મહામારી વખતે પણ દુનિયાભરના દેશોએ વિદેશીઓની એન્ટ્રી માટે દરવાજા બંધ કર્યા હતા, પરંતુ દુબઈ મહેમાનોનું સ્વાગત કરતું હતું. દુબઈમાં એક્સ્પો ૨૦૨૦ને જોરદાર પ્રતિભાવ મળ્યો હતો. કોરોના મહામારીના સંકટને કારણે અર્થવ્યવસ્થાને નુકસાન થયું હતું, પરંતુ ફરી બેઠું થઈ ગયું હતું.

### દુબઈવાસીઓ છે શિસ્તપ્રિય

દુબઈનું નામ પડે એટલે સૌથી પહેલા તમારા દિમાગમાં બે વાત ચોક્કસ આવે, જેમાં એક તો દુબઈના અમીર શેખ અને બીજી લકઝરી લાઈફ. દુનિયાના દરેક મહાનગરમાંથી કરોડોપતિ ગરીબ બની ગયાના સમાચાર જાણવા મળ્યા હશે, પરંતુ તમને દુબઈમાંથી એવું ક્યારેય જાણવા મળ્યું નહીં હોય એના પાછળના મજાના કારણ છે.

દુનિયાના અનેક દેશમાં તેલના કૂવાઓ છે, જ્યારે દુબઈમાં પણ છે. આમ છતાં દુબઈના નાગરિકો જેવી શિસ્તપ્રિયતા બીજે ક્યાંય જોવા મળશે નહીં. શિસ્ત માટે દુબઈના નીતિ નિયમોનું કારણ પણ જવાબદાર છે. દુનિયાના વિકસિત અને મોર્ડન શહેર ન્યૂ યોર્ક અને લંડન, પેરિસની તુલનામાં દુબઈમાં ક્રાઈમ રેટનું પ્રમાણ નહીંવત છે, જેને તમે ઝીરો પણ કહી શકો.

જાહેર સ્થળો કે પરિવહન ક્ષેત્રમાં કે પછી રસ્તાઓ પર પણ તમે જો કોઈ બેગ ભૂલી જાઓ તો તમને તમારી બેગ ચોક્કસ પાછી મળશે. એ જ રીતે ચોરી-લૂંટફાટ કે પછી વેપાર-બિઝનેસમાં છેતરપિંડીના ચાન્સ જ નથી. કાયદા એટલા સખત છે કે કોઈ પણ વ્યક્તિ ગુનો કરવાનું વિચારી શકે નહીં.

જાહેર પરિવહન ક્ષેત્રે પણ તમને લોકો શિસ્તપ્રિય પ્રજા જોવા મળશે. કારનગરી કહેવાય છે, પરંતુ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવાનું ક્યારેય કોઈ વિચારતું નથી. દુબઈમાં સૌથી ઓછા ગુનાનો દર છે, જ્યારે દુનિયાના સૌથી સુરક્ષિત તરીકે સાતમું સ્થાન ધરાવે છે. ગુનાની દૃષ્ટિએ કહો કે પછી આધ્યાત્મિક દૃષ્ટિએ આ શહેરમાં દરેક ધર્મના લોકો માટે કોઈ પણ જાતના પ્રતિબંધ નથી. દરેક વર્ગના લોકો માટે વિના રોકટોક બિઝનેસ, વેપાર કરવા ભરપૂર તકો મળી રહે છે, તેથી દુબઈનો ઔદ્યોગિક રીતે વિકાસ થયો છે. ■

### મહિલાઓ માટે પણ સેફ સિટી

સ્થાનિક મહિલાઓની સાથે ટૂરિસ્ટ મહિલાઓ માટે પણ દુબઈ સેફ સિટી માનવામાં આવે છે. દુબઈના સખત કાયદા તથા વિદેશી લોકોની સુરક્ષા કરવાની ભાવનાની પ્રતિબદ્ધતાને કારણે દુનિયાના શહેરોમાં દુબઈમાં મહિલાઓ પણ પોતાને વિશેષ સુરક્ષિત અનુભવે છે. એક સરકારી અધિકારીએ કહ્યું હતું કે નાની મોટી ચોરી, કૌભાંડ કે પછી ભ્રષ્ટાચારના કેસ બને છે, પરંતુ તેનું પ્રમાણ વધારે હોતું નથી. માનવ અધિકારોનું ઉલ્લંઘન કરતા પણ લોકો ડરે છે, જ્યારે કોઈ તેનું પાલન ન કરે તો તેનું ભાન કરાવે છે.



(પહેલા પાનાનું ચાલુ) ▸▸

થઈ ગયા હતા. સ્કૂલ ભણતા હતા ત્યારે જ એકવાર તેણે પિતાજી પાસેથી રૂ. ૫૦૦ ધંધા માટે માગ્યા. થોડી આનાકાની બાદ પિતાજીએ ૫૦૦ રૂપિયા આપ્યા. આ ૫૦૦ રૂપિયા લઈ રીઝવાનભાઈ પહોંચી ગયા મસ્જિદ બંદર. અહીંથી તેઓ હોલસેલના ભાવે નોટબુક્સ લઈ આવતા અને પછી પોતાના જ ક્લાસમેટ્સના ઘરે જઈ તેમની મમ્મીઓને વિનંતી કરી તે વેચતા અને દિવસે દહાડે રૂ.૧૦૦ કમાઈ લેતા. આ રીતે તેમણે દિવાળીના ફટાકડાથી માંડી ઘણા નાના કામ કર્યા ને કિશોરાવસ્થામાં જ પરિવારને મદદ કરવાનું શરૂ કરી દીધું. લગભગ સોળેક વર્ષની ઉંમરે રીઝવાનભાઈએ ખૂબ મોટો આઘાત સહન કરવો પડ્યો. તેમના પિતાનો દેહાંત થયો. તે બાદ પરિવારની જરૂરિયાતો સંતોષવા તેમણે પાર્ટટાઈમ નોકરી કરી અને કોલેજમાં ભણવાનું પણ ચાલુ રાખ્યું. પરિવારની જરૂરિયાતો સંતોષાતી હોવાથી જીવન થોડું પાટે ચડ્યું હતું. જોકે રીઝવાનભાઈના એક અંકલ કુવૈતમાં રહેતા હતા અને તેમને રિઝવાનભાઈએ વાત કરી હતી કે તેમની કુવૈત આવવાની ઈચ્છા છે, તે સમયે અંકલે કહ્યું હતું કે તું ૧૮ વર્ષનો થઈ જા પછી આપણે વિચારીએ. તેમના ૧૮મા જન્મદિવસે જ અંકલનો પત્ર મળ્યો અને તેમણે તેમને કુવૈત આવવા કહ્યું. રિઝવાનભાઈ માટે આ ખૂબ જ સારી તક હતી અને તેમણે તે ઝડપી લીધી. તેમના અંકલનો કુવૈતમાં બિલ્ડિંગ મટીરિયલ્સનો બિઝનેસ હતો. સેલ્સમેનશિપમાં માહેર રિઝવાનભાઈએ અંકલના આ બિઝનેસને ફેલાવવામાં મદદ કરી અને આ કામ કરતા રિઝવાનભાઈને પોતાનામાં જે લીડરશિપના ગુણો છે તનો પણ અહેસાસ થયો. પરિવાર પણ સારું જીવન પસાર કરતો થયો. ત્યારબાદ બહેનના લગ્ન થયા ને તે બાદ રિઝવાનભાઈના પણ લગ્ન થયા. જીવન સારું પસાર થઈ રહ્યું હતું ત્યાં ફરી કસોટીનો સમય આવ્યો. ૧૯૯૧માં ગલ્ફવોર ફાટી નીકળી ને રિઝવાનભાઈએ ફરી મુંબઈ આવવાનો નિર્ણય લીધો. મુંબઈમાં બાન્દ્રામાં સારું ઘર લીધું અને પરિવાર સાથે રહ્યા. અહીં ફરી નવા ધંધામાં હાથ અજમાવ્યો, પણ મન બીજે જતું હતું. તેમને પોતાની તાકાત અને આવડતનો ખ્યાલ હતો. તેમને થયું કે આ કામ માટે તો તેઓ નથી. આ અરસામાં તેમના એક મિત્રએ તેમને દુબઈ આવી જવા કહ્યું ને રિઝવાનભાઈએ તક ન ગુમાવતા દુબઈ આવવાનું નક્કી કર્યું.

જોકે તેમનો સાહસિક સ્વભાવ કંઈક ઔર મેળવવા માગતો હતો. તેમની થોડી બચત થઈ. તેમણે પત્નીને કહ્યું કે આ બચતમાંથી હું તને એક રકમ આપું છું, તેનાથી તારે હમણા ઘર ચલાવવું પડે છે. પત્ની-પરિવારનો પૂરો સાથ મળ્યો ને નાનકડી રકમ સાથે રિઝવાનભાઈએ બિલ્ડિંગ મટિરિયલ્સના વ્યાપારમાં ઝંપલાવ્યું. તેમને સમજાયું કે તેઓ બિલ્ડિંગ મટીરિયલ્સ સેલ્સના કામમાં માહેર છે અને તેમનો અનુભવ પણ છે આથી તેમણે ૧૯૯૩માં ડેન્યુબ બિલ્ડિંગ મટીરિયલ્સ નામની કંપની શરૂ કરી. જે નાનકડો છોડ આજે વટવૃક્ષ બની ગયો છે અને આજે ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના સૌથી મોટી કંપની બની ગઈ છે. તે બાદ હોમ ફર્નિશિંગ, બાથરૂમ એન્ડ કિચન ફિટિંગ્સ, એલ્યુમિનિયમ કોમ્પોસાઈટ પેનલ્સ વગેરેના બિઝનેસમાં ઝંપલાવ્યું.

તે બાદ કન્સ્ટ્રક્શનના બિઝનેસમાં ઝંપલાવ્યું. પૈસાની અછતવાળા પરિવાર માટે ઘરનું ઘર ખરીદવું કેટલું અઘરું છે તે રિઝવાનભાઈને કોઈએ સમજાવવાની જરૂર ન હતી. પોત આ વાતનો અનુભવ યુવાવયે જ કરી ચૂક્યા હતા કે નાનકડું કે મોટું ઘરનું ઘર હોય તે કોઈનું પણ સ્વપ્ન હોય.

આથી તેમણે એક સ્કીમ બહાર પાડી. વન પર્સન્ટ સ્કીમ. આ સ્કીમ અંતર્ગત પ્રોજેક્ટ જ્યારે ૬૦ ટકા પૂરો થાય ત્યારે બૅન્ક બાકીની ૪૦ ટકા રકમ આપે. આ સ્કીમથી ગ્રાહકો, કંપની અને બૅન્ક ત્રણેયને ફાયદો પણ થતો અને ત્રણેય માટે સરળતા પણ રહેતી. જોકે સૌથી વધારે ફાયદો ગ્રાહકોને થતો. તેમણે બૅન્ક પાસેથી લોન લેવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડતું નથી. તેમણે ડેવલપરને દર મહિને પોતાના ફ્લેટની કુલ કિંમતના માત્ર એક ટકા કિંમત આપવાની રહે છે. ૮૫ ટકા જેટલા પગારદાર લોકો માટે આ સ્કીમ બહુ મોટી રાહત સાબિત થઈ. અત્યાર સુધીમાં તેમણે હજારો લોકોના ઘરના ઘરનું સ્વપ્ન પૂરું કર્યું છે. તેમની આ સ્કીમ બાદ તેઓ વન પર્સન્ટ મેન તરીકે જાણીતા થયા છે. દુબઈની આ પહેલી અને એક માત્ર કંપની છે જેણે આવી સ્કીમ ઓફર કરી હોય. દુબઈ સહિત યુએઈમાં રિયલ એસ્ટેટ બિઝનેસ ખૂબ વિકસ્યો છે અને તેમાં ૧૯૯૩માં સ્થપાયેલી ડેન્યુબ કંપનીનું નામ મોખરાનું છે. આ નામ અંગે તમને જણાવી દઈએ કે આ એક નદીનું નામ છે. કંપનીને આ નામ આપવા માટે પણ રિઝવાનભાઈએ મહેનત કરવી પડી હતી. ડેન્યુબના ઘર સ્થાનિકો સાથે દેશ-વિદેશના રોકાણકારોમાં પણ ઘણા લોકપ્રિય છે. તેમની પ્રોપર્ટીના લોકેશન્સથી માંડી લક્ઝુરિયસ લૂક, ડિઝાઈન અને એમેનેટીસ લોકોને પહેલી નજરે જ આકર્ષી લે છે. તમને એ પણ જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૩માં દુબઈમાં પ્રોપર્ટીમાં થયેલા કુલ રોકાણમાં ૨૦ ટકા જેટલો હિસ્સો ભારતીયોનો છે.

ભારત સાથે હૃદયથી જોડાયેલા રિઝવાનભાઈ કહે છે કે ભારત અને યુએઈના સંબધો ખૂબ જ મજબૂત બની રહ્યા છે. ભારત પ્રગતિના પંથે જઈ રહ્યું છે, તેનો ખૂબ આનંદ છે. દુબઈ વિશે તેમણે જણાવ્યું હતું કે અહીં તમામ ધર્મના લોકો ખૂબ જ સંપીને રહે છે. દિવાળી હોય કે ઈદ કે ગુરુનાનક જયંતી બધા તહેવારો એક સાથે મળીને ઉજવીએ છીએ અને એકબીજાના સુખ-દુ:ખમાં ઊભા રહીએ છીએ. જોકે મુંબઈ અને ગુજરાત સાથેનો નાતો હજુ એટલો જ તાજો છે. પોતાના બાળપણના એ દિવસો યાદ કરતા રિઝવાનભાઈ કહે છે કે વેકેશન પડે એટલે અમે એકવાર ગુજરાતમાં અમારા માતા-પિતાના વતને ચોક્કસ આવતા હતા. આટલી ટોચ પર પહોંચેલા રિઝવાનભાઈને તમે મળો તો ખૂબ જ મળતાવડા, સાવ સાદા અને વિનમ્ર એવા પોતાના કોઈ માણસને મળતા હોય તેવો અનુભવ થાય. હંમેશાં મદદ કરવા તૈયાર રિઝવાનભાઈ સમાજે જે આપ્યું તેને પાછું આપવામાં માને છે. તેમની સમાજસેવાકીય પ્રવૃત્તિની યાદી લાંબી છે. શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રોમાં તેઓ ખાસ કાર્યો કરે છે. પવિત્ર માસ રમઝાન નિમિત્તે તે હજારો લોકોને જમાડવાનો કાર્યક્રમ યોજે છે. તેમણે આવા કાર્યો માટે ખાસ ડેન્યુબ વેલફેર સેન્ટર ખોલ્યું છે. જે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવાના કામ કરે છે.

રિઝવાનભાઈ ફિલ્મો અને સંગીતના જબરા શોખિન છે. ઘણા બોલીવૂડ ફિલ્મસ્ટાર સાથે તેમનો ઘરોબો છે. તેમણે ફિલ્મફેર મેગેઝિનની ફ્રેન્ચાઈઝી પણ લીધી છે, જેની હજારો કોપી વેચાય છે. તો સાથે તેઓ ફિલ્મફેર મિડલ ઈસ્ટ અચિવર એવૉર્ડ્સ પણ ઓર્ગેનાઈઝ કરે છે.

રિઝવાનભાઈ કહે છે કે અમે દુબઈમાં આવીને વસી ગયા છીએ અને દુબઈ હવે અમારામાં વસી ગયું છે, પણ અમે ભારતીયતાનો રંગ પણ જાળવી રાખ્યો છે. તેઓ દુબઈને એક બહુ મોટા ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે જુએ છે અને આ સાથે યુવાનોને ખાસ સલાહ આપે છે કે પોતાની લગન, મહેનત અને આત્મવિશ્વાસથી કામ કરશો તો જીવનમાં ક્યારેય નાસીપાસ નહીં થાઓ. ■




**મિ. રિઝવાન સાજન**

ફિલ્મો અને સંગીતના જબરા શોખિન છે. ઘણા બોલીવૂડ ફિલ્મસ્ટાર સાથે તેમનો ઘરોબો છે. તેમણે ફિલ્મફેર મેગેઝિનની ફ્રેન્ચાઈઝી પણ લીધી છે, જેની હજારો કોપી વેચાય છે. તો સાથે તેઓ ફિલ્મફેર મિડલ ઈસ્ટ અચિવર એવૉર્ડ્સ પણ ઓર્ગેનાઈઝ કરે છે. રિઝવાનભાઈ કહે છે કે અમે દુબઈમાં આવીને વસી ગયા છીએ અને દુબઈ હવે અમારામાં વસી ગયું છે, પણ અમે ભારતીયતાનો રંગ પણ જાળવી રાખ્યો છે.



**મિ. રિઝવાન સાજન**

તેમની એલ્યુકૉપનેલ વર્ટિકલમાં કામકાજની સમીક્ષા કરી રહ્યા છે. દરમિયાન આપણે તેની સફર વિશે વાત કરીએ. પૈસાની અછતવાળા પરિવાર માટે ઘરનું ઘર ખરીદવું કેટલું અઘરું છે તે રિઝવાનભાઈને કોઈએ સમજાવવાની જરૂર ન હતી. પોતે આ વાતનો અનુભવ યુવાવયે જ કરી ચૂક્યા હતા કે નાનકડું કે મોટું ઘરનું ઘર હોય તે કોઈનું પણ સ્વપ્ન હોય. આથી તેમણે એક સ્કીમ બહાર પાડી. વન પર્સન્ટ સ્કીમ. આ સ્કીમ અંતર્ગત પ્રોજેક્ટ જ્યારે ૬૦ ટકા પૂરો થાય ત્યારે બૅન્ક બાકીની ૪૦ ટકા રકમ આપે. આ સ્કીમથી ગ્રાહકો, કંપની અને બૅન્ક ત્રણેયને ફાયદો પણ થતો અને ત્રણેય માટે સરળતા પણ રહેતી. જોકે સૌથી વધારે ફાયદો ગ્રાહકોને થતો. તેમણે બૅન્ક પાસેથી લોન લેવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડતું નથી. તેમણે ડેવલપરને દર મહિને પોતાના ફ્લેટની કુલ કિંમતના માત્ર એક ટકા કિંમત આપવાની રહે છે. ૮૫ ટકા જેટલા પગારદાર લોકો માટે આ સ્કીમ બહુ મોટી રાહત સાબિત થઈ. અત્યાર સુધીમાં તેમણે હજારો લોકોના ઘરના ઘરનું સ્વપ્ન પૂરું કર્યું છે.



# દુબઈનું આર્થિક-બિઝનેસની રીતે મહત્ત્વ

■ મુંબઈ સમાચાર ટીમ

દુનિયામાં સુવિધાઓ અને ધનવૈભવની વાત આવે છે, ત્યારે દુબઈના ઉલ્લેખ વિના તે અશક્ય છે. દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય મુસાફરોની દૃષ્ટિએ વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે અને સમગ્ર મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા માટે મુખ્ય પરિવહન કેન્દ્ર તરીકે સેવા આપે છે. દુબઇમાં દરેક મોટી બ્રાન્ડ અને ખર્ચાળથી મોંઘી વસ્તુઓ ઉપલબ્ધ છે, જે વિશ્વભરના સમૃદ્ધ લોકોમાં પ્રખ્યાત છે, પરંતુ દુબઈ સમૃદ્ધ હોવાનું કારણ શું છે, તે જાણવું ખૂબ જ રસપ્રદ છે. જો દુબઈ તેલને લીધે સમૃદ્ધ છે, તો તેલ તો દુબઈમાં માત્ર ૫૦ વર્ષ પહેલાં મળી આવ્યું હતું.






જો તમે અહીંના ઇતિહાસમાં ડોકિયું કરો તો તમને જાણવા મળશે કે વર્ષ ૧૭૭૦થી ૧૯૩૦ ના દાયકાના અંત સુધી, અહીંના લોકોની આવકનો મુખ્ય સ્રોત મોતી ઉદ્યોગ હતો. માછીમારોના ગામોના રહેવાસીઓ મોતીની શોધમાં પર્સિયન ગલ્ફના દરિયામાં ડૂબકી મારતા હતા અને શરૂઆતના વેપારની આ રીત હતી. એક સામાન્ય રણ પ્રદેશ દુબઇએ ૧૯૮૫માં પ્રથમ ફ્રી ઝોનની સ્થાપના કરી. તેનું નામ જાફઝા એટલે કે જેબલ અલી ફ્રી ઝોન રાખવામાં આવ્યું. તે વિશ્વનો સૌથી મોટો કરમુક્ત વિસ્તાર છે જેનો વિસ્તાર ૫૨ ચોરસ કિમી (૨૦ ચોરસ માઇલ) માં ફેલાયેલો છે. પરિણામે, તે વૈશ્વિક ઉદ્યોગો માટેનું એક મુખ્ય આકર્ષણ બન્યું. આ વૈશ્વિક વ્યવસાયો આજે અમીરાતના ૩૦ મફત ઝોનનો લાભ લે છે જે કરમાં છૂટ આપે છે, કસ્ટમ ડ્યુટી લાભ આપે છે. દુબઇમાં હાલમાં કોઈ વ્યક્તિગત આવકવેરો નથી. યુએઇ કેબિનેટના સોના, હીરા અને કિંમતી ધાતુઓ પર લાગુ કરવામાં આવતા વેટ માટે રિવર્સ ચાર્જ મિકેનિઝમે સોના અને હીરા ઉદ્યોગના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

આજે દુબઇ હીરા ઉદ્યોગમાં પણ આગવું નામ ધરાવે છે, પણ ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં દુબઇ ન તો હીરાનું નિર્માતા હતું કે ન તો હીરા ઉદ્યોગમાં જાણીતું હતું. ૨૦૦૨માં દુબઇ ડાયમન્ડ એક્સચેંજની અહીં સ્થાપના કરવામાં આવી અને ૨૦ વર્ષમાં દુબઇ ડાયમંડ ઉદ્યોગમાં પણ ચમકી ગયું છે.

દુબઈ કારકિર્દીની તકો પૂરી પાડતું વાઇબ્રન્ટ શહેર છે. અબુધાબી અને શારજાહ સહિત એ ભારતીયો માટે આર્થિક પ્રગતિ સાધવા ઉપલબ્ધ ઉપયુક્ત સ્થાન છે. દુબઈના વિઝા સહેલાઈથી મળી જાય છે. આવી અનુકૂળતા અમેરિકા કે યુરોપમાં નથી. યુએઈની વસતિમાં માત્ર અગિયાર ટકા સ્થાનિકો છે. બાકીના ૮૯ ટકા બહારના છે. આરબોએ વિચારશીલ રીતે દેશની પ્રગતિની બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરી છે. તેથી તો દર એક આરબે નવ વિદેશીઓ માટે યુએઈ આવક અને વસવાટનો ઉત્તમ વિકલ્પ બન્યું છે. કરોડથી ઓછી વસતિવાળા યુએઈમાં સેટલ થવા ઇચ્છનારાએ યુએઈનો, ખાસ તો દુબઈનો વિચાર કરવામાં કાંઈ ખોટું નથી.

આપણે બધા દુબઈને એક બિઝનેસ સિટી તરીકે જોઈએ છીએ, જ્યાં કોઈ પણ વ્યક્તિ કમાઈ શકે છે અને શ્રીમંત બની શકે છે. ભારત, પાકિસ્તાન, નેપાળ અને બંગલાદેશના મોટાભાગના રહેવાસીઓ અહીં કામ માટે જાય છે અને ખૂબ પૈસા કમાય છે. ઘણા લોકો દુબઈમાં બિઝનેસ કરવા માંગે છે, કારણ કે દુબઈની સરકાર નવા વ્યવસાયોને વિકસાવવામાં મદદ કરે છે, કરમુક્ત વ્યવસાય શરૂ કરવાની મંજૂરી આપે છે. નાગરિકો ઉપરાંત દુબઈ વિદેશીઓને પણ બિઝનેસ સ્થાપવાની છૂટ આપે છે. સામાન અને સામગ્રી ત્યાં સસ્તામાં ઉપલબ્ધ છે, જે વ્યવસાયને પ્રોત્સાહન આપે છે. દુબઇનો પર્યટન ક્ષેત્રનો સારો વિકાસ થયો છે, જે પણ બિઝનેસ વૃદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

દુબઇના અર્થતંત્રમાં તેલ અને ગૅસનું યોગદાન મહત્ત્વનું છે. દુબઈમાં આકર્ષક નજારો છે, જે તેને મુલાકાત લેવા માટે આકર્ષક બનાવે છે. વિદેશી મુલાકાતીઓ અહીંના સ્થાનિક ભોજનની મજા માણવાના શોખીન છે, તેથી હોટેલ અને રેસ્ટોરન્ટ બિઝનેસ પણ અહીં કરી શકાય છે. દુબઇમાં વધતા જતા વિદેશીઓના આગમનને કારણે રિયલ એસ્ટેટ બિઝનેસ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

દુબઈમાં બિઝનેસની કોઈ કમી નથી અને મોટાભાગના લોકો નોકરીની શોધમાં આવે છે. ત્યાંના વ્યવસાયોને સર્વિસ ક્લાસના લોકોની જરૂર હોવાથી તેઓ એજન્સીઓનો સંપર્ક કરે છે. તેથી અહીં જોબ એજન્સી સેવાનો પણ સારો વિકાસ થયો છે. આ ઉપરાંત દુબઇમાં પ્રવાસન અને યાત્રા એજન્સી સેવા, આયાત નિકાસ વ્યવસાય પણ ફૂલ્યાફાલ્યા છે. સોનાના ઝવેરાતનું મક્કા ગણાતા દુબઈમાં જ્વેલરી બિઝનેસની પણ પુષ્કળ તક છે. આ ઉપરાંત પરિવહન સેવા, ફોટોગ્રાફી સેવા અને બાર અને પબ ક્લબ કલ્ચર નોકરીની વિશાળ તકો આપે છે અને લોકોને આર્થિક પ્રગતિ કરવા અહીં આવવા પ્રેરે છે. દુબઇના કાયદા ઘણા કડક છે, તેથી રજિસ્ટ્રેશન વગર અહીં તમારો બિઝનેસ ક્યારેય શરૂ કરવો નહીં.

દુબઇના વિકાસમાં અહીંની સરકારની દૂરંદેશીતાપૂર્ણ નિર્ણયો, નીચો અપરાધ દર, ટૅક્સ ફ્રી અર્થવ્યવસ્થાએ મોટો ફાળો આપ્યો છે. ■

# દુબઈ મેં યે નહીં દેખા તો કુછ નહીં દેખા...

## આ રહ્યાં ફરવા લાયક સ્થળો...

■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈ જનારાઓ ટૂરિસ્ટ્સ અને એમાં પણ ખાસ કરીને ભારતીય ટૂરિસ્ટના આંકડાઓ જોઈને જો તમે પણ દુબઈ ફરવા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો અહીં અમે તમારા માટે દુબઈમાં ફરવાલાયક સ્થળોની માહિતી તો લઈ આવ્યા જ છીએ, પણ એની પહેલાં દુબઈ ફરવા જવા માટેના બેસ્ટ ટાઈમ વિશે વાત કરી લઈએ, જેથી શેખ અને શોહરતના આ શહેરમાં તમારું વેકેશન એકદમ યાદગાર બની જશે. જો તમે પણ દુબઈ જવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો અમે અહીં તમને એના વિશેની કેટલીક માહિતી આપવા જઈ રહ્યા છીએ. સૌથી પહેલાં તો દુબઈ ફરવા જવાના બેસ્ટ ટાઈમ વિશે વાત કરીએ તો દુબઈ ફરવા માટે શિયાળાનો સમય એકદમ પરફેક્ટ છે, કારણ કે આ સમયે દુબઈનું હવામાન ટૂરિઝમની દૃષ્ટિએ એકદમ અનુકૂળ છે. નવેમ્બરથી એપ્રિલ દુબઈ ફરવા માટેનો એકદમ બેસ્ટ ટાઈમ છે અને એમાં પણ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં તો સૌથી વધુ લોકો દુબઈ ફરવા આવે છે. આનું કારણ છે દુબઈમાં આયોજિત થનારો શોપિંગ ફેસ્ટિવલ... આ સમયગાળા દરમિયાન અહીં દુનિયાના ખૂણે-ખૂણેથી ટુરિસ્ટ ફરવા આવે છે. શિયાળામાં અને એમાં પણ ખાસ કરીને નવેમ્બરથી એપ્રિલ વચ્ચે દુબઈનું વાતાવરણ એકદમ આહલાદક હોય છે. બીજી બાજું જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં યોજાતા દુબઈ ફેસ્ટિવલને કારણે આ શહેરની રોનકમાં ચાર ચાંદ લાગી જાય છે.

દુબઈ એ દુનિયાભરના ટૂરિસ્ટ માટે હોટ એન્ડ મોસ્ટ ફેવરેટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બની ગયું છે. અહીં આવેલી ઊંચી ઊંચી ઈમારતો, શોપિંગ મોલ, ખાડી, રણ, એડવેન્ચર, આઈલેન્ડ જેવા અનેક વિવિધ ફેક્ટર્સ છે જે ટુરિસ્ટને પોતાની તરફ આકર્ષે છે. અહીં આવનારા ટૂરિસ્ટમાં સોલો ટ્રાવેલર, ફેમિલી હોય કે ફ્રેન્ડ્સ હોય... દરેક ક્લાસના ટૂરિસ્ટ માટે અહીં કંઈને કંઈ છે જ. જો તમે પણ દુબઈ વેકેશન પર જવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો બુર્જ ખલીફાની સાથે-સાથે જોવાલાયક અન્ય ઘણાં બધાં પર્યટનસ્થળોની યાદી અહીં આપવામાં આવી છે-

**દુબઈ મોલ :** હવે દુબઈ જાવ અને ત્યાંના મોલની મુલાકાત ના લો તો કેવી રીતે ચાલે? દુબઈના મોલની મુલાકાત વિના તમારો દુબઈફેરો ફોગટ છે. દુબઈ મોલની મુલાકાત લઈને તમને ફુલ પૈસા વસૂલની ફિલિંગ આવશે. અહીંનો આટલો અદ્‌ભુત અને સુંદર નજારો તમે ભાગ્યે જ કોઈ અન્ય મોલમાં જોયો હશે. દુબઈ મોલ શહેરમાં આવેલા અનેક મહત્ત્વના અને જાણીતા મોલમાંથી એક છે એટલે દુબઈની મસ્ટ વિઝિટ પ્લેસમાંથી છે આ એક પ્લેસ...



### બુર્જ અલ આરબ

બુર્જ ખલિફાથી આગળ વધીએ અને વાત કરીએ બુર્જ અલ આરબની તો આની સ્થાપના ૧૯૯૯માં કરવામાં આવી હતી અને દુબઈના આ બુર્જનો નજારો ખૂબ જ અદ્‌ભુત છે એટલે એને વર્ણવવા માટે કોઈ શબ્દ જ નથી. આ સુંદર બુર્જ અલ આરબની ગણતરી દુબઈની પ્રીમિયમ હોટેલ્સમાં થાય છે અને તેને સેઇલના આકારમાં ડિઝાઇન કરવામાં આવ્યું છે અને અહીં વન નાઈટ સ્ટે કરવા માટે આશરે ૧૭,૫૧,૪૩૬ રૂપિયા ખર્ચવા પડી શકે છે.



### દુબઈ મ્યુઝિયમ

દુબઈ મ્યુઝિયમની ગણતરી એ દુબઈનું સૌથી જૂના મ્યુઝિયમમાં કરવામાં આવે છે. આ મ્યુઝિયમ અમીરાતના ઈતિહાસની ગાથા તો વર્ણવે જ છે પણ સાથે સાથે તેની સુંદરતામાં વધારો પણ કરે છે. આ મ્યુઝિયમમાં તમને દુબઈ સંબંધિત જૂની બધી જ કથા, દંતકથાનો અદ્‌ભુત સમન્વય જોવા મળશે. મ્યુઝિયમની એન્ટ્રી ફી ૫૮ રુપિયા પ્રતિ વ્યક્તિ છે અને ૬ વર્ષથી નીચેના બાળકો માટે ૨૦ રૂપિયાની ફી ચૂકવવા પડશે.



### બુર્જ ખલીફા

દુનિયાના કોઈ પણ ખૂણેથી આવનારો પર્યટક દુબઈમાં પગ મૂકે એટલે સૌથી પહેલો સવાલ એ પૂછે કે અહીંથી બુર્જ ખલીફા કેટલી દૂર છે? એની ઊંચાઈ કેટલી છે? એનો બેસ્ટ વે ક્યાંથી જોવા મળે છે વગેરે વગેરે... જો તમારા મનમાં પણ આ બધા સવાલો છે તો તમારી જાણ માટે કે બુર્જ ખલીફા એ ૧૬૩ માળની મોટી ગગનચૂંબી ઈમારત છે. આ સ્કાય સ્ક્રેપરની ગણતરી દુનિયાના સૌથી ઊંચી ઇમારતમાં કરવામાં આવે છે. બુર્જ ખલીફાની ઊંચાઈ એટલી વધુ છે કે જો તમે તેનાથી ૧૦૦ કિલોમીટર દૂર હશો તો પણ તમે એનો દિદાર કરી શકો છો. આ ઈમારતના આંતરિક ભાગોના નિર્માણમાં ૨૪ કેરેટ સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. જો તમારે આ ઈમારતમાં ૧૨૪મા માળ સુધી જવું હોય તો એ માટે તમારે ૪૧૦૨ રૂપિયા ખર્ચવા પડશે જ્યારે ૧૨૫માથી ૧૪૮મા માળની ટિકિટ આશરે ૧૦૨૫૬ રૂપિયા જેટલી છે.



### ડેઝર્ટ સફારી

દુબઈની આ ડેઝર્ટ સફારીમાંથી તમે ઘણી હોલીવૂડ ફિલ્મો કે બોલિવૂડ મૂવીમાં સ્ટંટ કરતા જોયા હશે. અહીંની ડેઝર્ટ સફારી લોકોને ખૂબ આકર્ષે છે. દુબઈ સફારી એ એક સાહસ છે જે તમારા હૃદયને ઝડપી બનાવી શકે છે. અહીં જીપ કે જીપ્સી, ઊંટની સવારી, ક્વોડ બાઇક, સેન્ડ બોર્ડિંગ વગેરે રેતીના ટેકરા પર ચલાવવામાં આવે છે. જો તમે અહીં ડેઝર્ટ સફારી માટે જિપ્સી લો છો તો તમારે ૬ લોકો માટે ૩૯૦૭ રૂપિયા ચૂકવવા પડશે.



### દુબઈ ફાઉન્ટન

બુર્જ ખલીફા પછી દુબઈમાં કોઈ જોવાલાયક અને માણવાલાયક બીજું કોઈ ડેસ્ટિનેશ હોય તો તે છે દુબઈ ફાઉન્ટન. દુબઈ ફાઉન્ટન બુર્જ લેકની મધ્યમાં ૨૪ એકર વિસ્તારમાં બનેલ છે. ઉપરાંત, તે ભવ્ય બુર્જ ખલીફાની સામે છે, જે તેને જોવાની મજા વધારે છે. અમને વિશ્વાસ છે કે મોટા મોટા ફુવારામાંથી નીકળતા પાણી અને તેમાં દેખાતી રંગબેરંગી લાઇટ્સ પરથી તમે તમારી નજર દૂર કરી શકશો નહીં. ■

# દુબઈની જાહોજલાલીની કુંજી છે સ્પોર્ટ્સ




■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈ દુનિયામાં કઈ રીતે ફેમસ થઈ ગયું એ વિશે કલ્પના કરો તો નવાઈ લાગશે, પરંતુ તેલથી નહીં, પણ ગ્લોબલ ટૂરિઝમથી વિશેષ કમાણી કરે છે. ગ્લોબલ ટૂરિઝમમાં એક નહીં એક-બે ફેક્ટર મહત્ત્વના છે. ટૂરિઝમની સાથે ગ્લોબલ સ્પોર્ટસનો પણ મોટો ફાળો છે. રમતગમત સિવાય બોલીવૂડનું પણ જોરદાર કનેક્શન છે.


વાત કરીએ તો ગ્લોબલ સ્પોર્ટસની તો દરેક રમતગમત માટે જમ્બો સ્ટેડિયમની સાથે દરેક પ્રકારની સુવિધા પણ મળી રહી છે. દુબઈએ તમામ રમતગમતને પ્રોત્સાહન આપે છે, જેમાં ઘોડાની રેસથી લઈને કાર રેસિંગ સુધી અને ક્રિકેટના સ્ટેડિયમનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, આર્ટિફિશિયલ ફાર્મલેન્ડ બનાવવામાં આવ્યા છે અને મિનિ ફોરેસ્ટ પણ ડેવલપ કરવામાં આવ્યા છે. દરિયાના પાણીની પીવા યોગ્ય બનાવવા માટે મશીનની મદદ લેવામાં આવી છે, જ્યારે આજની તારીખે સ્પોર્ટસની દુનિયા માટે આધુનિક રીતે હરણફાળ ભરી છે. દુબઈના મુખ્ય સ્ટેડિયમમાં દુબઈ સ્પોર્ટસ સિટીનો સમાવેશ થાય છે, જેમાં ૨૫,૦૦૦ બેઠકવાળું દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું નામ પહેલું લેવાય છે. ૧૮ હોલ એલ્સ ક્લબ, આઈસીસી ગ્લોબલ ક્રિકેટ એકેડેમી, દુબઈ આંતરરાષ્ટ્રીય હોકી સ્ટેડિયમનો સમાવેશ થાય છે. ઉપરાંત, સેવેન્સ સ્ટેડિયમ, જેમાં ક્રિકેટ, ફૂટબોલ, નેટબોલ, રગ્બી અને ટેનિસ સહિત અન્ય રમતો વિશેષ રમાય છે.

એના સિવાય દુબઈની મહત્ત્વની ચેમ્પિયનશિપમાં અરેબિયન ગલ્ફ લીગ, અબુ ધાબી ગોલ્ફ ચેમ્પિયનશિપ, મુબાડાલા વર્લ્ડ ટેનિસ ચેમ્પિયનશિપ, દુબઈ ડેઝર્ટ ક્લાસિક, દુબઈ ટેનિસ ચેમ્પિયનશિપ, રગ્બી સેવન્સ અને દુબઈ વર્લ્ડ કપનો સમાવેશ થાય છે, જ્યારે યુનાઈટેડ આરબ અમિરાટ્સ (યુએઈ) પણ અનેક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટૂર્નામેન્ટની મેજબાની કરે છે. ભૂતકાળમાં શાહજહા કપથી લઈને અનેક ક્રિકેટ મેચની પણ મેજબાની કરે છે, તેથી ક્રિકેટપ્રેમીઓને પણ દુબઈનું વિશેષ વળગણ રહે છે.

દુબઈનું સૌથી મોટું નજરાણું દુબઈ પિક્ચર ફ્રેમ છે, જે દુનિયાની મોટી ફ્રેમ છે, જે સંયુક્ત આરબ અમીરાતની રાજધાનીમાં જબીલ પાર્કમાં આવેલી છે. આ એક એવી વિશાળ ફ્રેમ છે, જેની એક તરફ તમે ભૂતકાળને સમાવી લેતા જૂના શહેરને જોઈ શકો છો અને બીજી બાજુ આધુનિક દુબઈને. આ આર્કિટેક્ચરલ અજાયબી સમાવિષ્ટ દુબઈ ફ્રેમ ૧૫૦ મીટર ઊંચાઈના બે વિશાળ સ્તંભો છે, જે ટોચ પર ૯૩ મીટર લાંબા સ્કાય ડેક (બ્રિજ) દ્વારા જોડાયેલા છે. આ ઉપરાંત, આજની તારીખે પણ દુનિયાના મોર્ડન ઝૂ, મોર્ડન ગેલેરી અને સ્કાય ડાઈવિંગનું લોકોને વિશેષ વળગણ છે, જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ કારણસર દુનિયાભરમાંથી લોકો ટૂરિસ્ટ આવે છે અને હોટેલોમાં પણ રોકાય છે. ટૂરિસ્ટ ઈન્ડસ્ટ્રીમાં સ્પોર્ટસનું વિશેષ પ્રદાન રહ્યું છે, જ્યારે તેના કારણે અબજો ડોલરનું રોકાણ થાય છે. એટલે ટૂરિસ્ટના માફક સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીને કારણે દુબઈમાં ૩૬૫ દિવસ લોકોની ચહલપહલ રહે છે એ વાત ચોક્કસ છે.

### દુબઈનું બોલીવૂડ સાથે પણ છે કનેક્શન

બોલીવૂડ જ નહીં, પરંતુ હોલીવૂડની ફિલ્મોના શૂટિંગ દુબઈમાં થાય છે, જ્યારે અનેક અભિનેતા-અભિનેત્રીઓના પસંદગીના ડેસ્ટિનેશન છે. એનાથી મોટી વાત કરીએ તો તાજેતરમાં દુબઈના મધ્યથી અડધો કલાકના અંતરે ૧૭ લાખ ચોરસ ફૂટમાં બોલીવૂડ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પાર્ક પણ દુબઈ પાર્કસ એન્ડ રિસોર્ટ યોજનાનો એક ભાગ છે. અલગ અલગ ઝોનમાં બોલીવૂડ બુલવોર્ડ, મુંબઈ ચૌક, રસ્ટિક રેવિન, રોયલ પ્લાઝા અને બોલીવૂડ ફિલ્મ સ્ટુડિયોનો સમાવેશ થાય છે. ■





Maharashtra
मेga
Holidays
DIRECTORATE
MAHARASHTRA
TOURISM
એક મોટો
બ્રેક લો
પરિવર્તન માટે, રોક-કટ
અજાયબીઓથી આશ્ચર્યચકિત થાઓ.
તહેવારોની આ મોસમમાં મહારાષ્ટ્રની
ભવ્ય ગુફાઓમાં કલાના પ્રાચીન વારસાને
ઉજાગર કરો અને અવિસ્મરણીય
યાદોને જીવનભર ટકાવી રાખો
starkin
અજંતા ગુફાઓ/ઈલોરા ગુફાઓ/એલિફન્ટા ગુફાઓ/ભાજા ગુફાઓ/
બેડસે ગુફાઓ/કારલા ગુફાઓ અને ઘણું બધું
Send 'Hi' to +91 94038 78864 @maha_tourism @MaharashtraTourismOfficial
www.maharashtratourism.gov.in

# અહીંનો ગુજરાતી સમાજ તમને સતત કરાવે છે ગુજરાતીપણાનો અહેસાસ

**દુબઈ** સહિતના યુએઈના પ્રાંતો એક ખૂબ જ સુરક્ષિત, સમૃદ્ધ અને સારી રોજગારી આપતા દેશો છે. અહીં વિવિધ ધર્મ, જાતિ, સમુદાયના લોકો આવ્યા છે અને વસ્યા છે. અહીં તમને તમારા ધર્મ કે પરંપરાઓ અનુસરવાની પૂરી સ્વતંત્રતા છે અને સુવિધા પણ છે અને લગભગ એટલે જ અહીં વસતા ભારતીયોને સતત ભારતીયપણાનો અહેસાસ થાય છે અને હોમસિકનેસ ઓછી ફીલ થાય છે.
આજે આપણે વાત કરશું અહીં વસતા વિવિધ ગુજરાતી સમાજ અને તેમણે ત્યાં પણ વસાવેલા ગુજરાતની. ''જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત''. આ પંક્તિની સાર્થકતા તમને આમ તો વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં જણાશે, પણ દુબઈમાં તો ખાસ.





■ **મુંબઈ સમાચાર ટીમ**

દુબઈને સિટી ઓફ ગોલ્ડ તરીકે જ ઓળખવામાં આવે છે. સોનાની આ નગરીમાં હજારો ગુજરાતી સોની પરિવારો રહે છે. મોટે ભાગે સોનીકામ સાથે સંકળાયેલા છે, જોકે તેમની નવી પેઢી હવે નવી કારકિર્દી તરફ પણ જઈ રહી છે, પરંતુ હજુ સોનીકામ સાથે જોડાયેલા લોકોની સંખ્યા વધારે છે. સોની સમાજમાં બે વિભાગ છે શ્રીમાળી સોની સમાજ અને પરજિયા સોની સમાજ. આ બન્ને સમાજના લોકો દુબઈમાં લગભગ છએક દશક કે તેના કરતા વધારે સમયથી વસ્યા છે.

સમસ્ત શ્રીમાળી સોની સમાજના લગભગ ૪૦૦ જેટલા રજિસ્ટર્ડ સભ્ય છે. પોતાના સમાજ સાથે સંપર્ક રહે, કોઈને જે પણ પ્રકારની મદદની જરૂર હોય તો ઊભા રહી શકાય અને સાથે મળીને તહેવારો ઉજવી શકાય તે માટે તેઓ વિવિધ સ્તરે કામ કરે છે. અહીં ચુંદડી મનોરથથી માંડી શરદ પૂનમમાં દૂધપૌઆ સાથે ઉજાણી થાય છે. દિવાળીમાં સ્નેહમિલન થાય છે, પિકનિક થાય છે, પરીક્ષામાં ઉતીર્ણ થતા વિદ્યાર્થીઓનું સન્માન થાય છે. ટૅકનોલૉજીનો ઉપયોગ કરી આ સમાજના લોકો વોટ્સ એપ સહિતના સોશિયલ મીડિયા પ્લેફોર્મથી જોડાયેલા રહે છે અને કોઈની ગમે તેવી જરૂરિયાત હોય તેને પૂરી કરે છે. આ સાથે ભારતના લોકો સાથે પણ જોડાયેલા છે. જોકે તેઓ માત્ર પોતાના સમાજ કે ગુજરાતીઓને મદદરૂપ થાય છે તેમ નથી, પણ જેવી તેમની શક્તિ હોય તે પ્રમાણે સૌ માટે મદદરૂપ થવાની કોશિશ કરે છે.

**આવી જ** પ્રવૃત્તિઓ પરજિયા સોની સમાજ કરે છે, જે અહીં મોટી સંખ્યામાં વસે છે. અહીં ૬૦ વર્ષથી નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. જ્યારે ધૂળિયા મેદાન હતા ત્યારથી અહીં આ સમાજ નવરાત્રીના નવ દિવસ રાસગરબાનું આયોજન કરે છે. તાજેતરમાં જ અહીંયા ખૂબ જ ધામધૂમ અને ભક્તિભાવથી હવનનું આયોજન થયું હતું જેમાં ૭૦૦થી ૮૦૦ લોકોએ ભાગ લીધો હતો. તેમનું આયોજન જોઈને તમને અહીં જાણે એક ભારત વસતું હોય તેમ જ લાગે. આ સમાજનું પણ સંગઠન છે જેમાં અલગ અલગ જવાબદારીઓ માટે ખાસ સભ્યો જહેમત ઉઠાવે છે. ખાસ કરીને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે એક કમિટી છે, તે ખૂબ જ ચોકક્સાઈપૂર્વક પોતાનું કામ કરે છે.



આવું જ સંગઠન છે અહીંના જૈન સમાજનું. અહીંના જૈન સમાજનું એક મુખ્ય સંગઠન છે અને તેઓ ત્રણ અલગ અલગ પાંખ ધરાવે છે. ધાર્મિક પ્રવૃત્તિઓ માટે, સામાજિક કાર્યો માટે અલગ અલગ પાંખ છે અને એક જીતોની દુબઈ પાંખ છે. સૌથી મજાની વાત તો એ છે કે અહીં જૈન ધર્મના તમામ ફીરકા શ્વેતાંબર જૈન, દિગંબર જૈન, સ્થાનકવાસી અને દેરાવાસી જૈન સમાજ સાથે મળી તમામ પ્રવૃત્તિઓ કરે છે. પર્યુષણ, આંબેલ, સાધુસંતોના રહેવા કરવાની વ્યવસ્થા સાથે નવી પેઢીમાં ધર્મ પારયણતા આવે તે માટે ખાસ વર્ગો વગેરેનું આયોજન કરવામાં આવે છે.

કોરોના સમયે આ સંગઠને કોઈ જાતિ, ધર્મ, દેશ, ભાષાને ધ્યાને ન લેતા માત્ર જરૂર હોય ત્યાં મદદનો હાથ લંબાવ્યો હતો. તેમણે વડીલો અને બાળકો વચ્ચે લાગણીનો સેતુ બંધાયેલો રહે તે માટે રિશ્તે નામનો પણ એક કાર્યક્રમ શરૂ કર્યો છે. જેમાં સિનિયર્સ પોતાના અનુભવોથી જૂનિયર્સને ગાઈડ કરે અને જૂનિયર્સ તેને ટૅકનોલૉજીથી માંડી આજના વિશ્વનો પરિચય આપે.

આ રીતે જ પટેલ સમાજ પણ ખાસ કરીને વર્ષ ૨૦૦૩થી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. ખાસ કરીને સોના અને હીરાના બિઝનેસ સાથે જોડાયેલો આ સમાજ જ્યારે જેને જેવી જરૂર ઊભી થાય તે પ્રમાણે મદદ કરવા દોડી જાય છે. વિવિધ કાર્યક્રમો યોજે છે અને તેમાં જે ઈચ્છે તે ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા રાખે છે.

તેઓ જે દેશમાં રહે છે તે દેશ, તેના નિયમો તેની પરંપરાનું પણ એટલું જ સન્માન કરે છે. અહીંના કાયદો અને વ્યવસ્થા સૌને ગમે છે. અહીં વ્યક્તિની ઓળખ તેની જ્ઞાતિ કે ધર્મ નથી. આ ગુજરાતીઓ પણ જ્ઞાતિના સીમાડામાંથી બહાર નીકળી એક થઈ રહે છે. એ તો કેવો ''ગુજરાતી જે હો કેવળ ગુજરાતી'' આ પંક્તિને તેઓ સાર્થક કરે છે. જે દેશમાં રહેતા હોય તેના રંગમાં રંગાઈ જવાનું અને પોતાના મૂળ વતનના રંગોને પણ તેમાં ઘોળી લેવાના તે અહીં વસતા ભારતીયો પાસેથી શિખવા જેવું છે. ■

# ગરબા ઑક્સિજન છે દુબઈમાં રહેતા આ બન્ને બંધુઓ માટે

**મુંબઈ** સમાચારે તાજેતરમાં જ ગરબા વર્કશોપ અને બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધાનું આયોજન કર્યું હતું, જેમાં વાચકો સહિત મુંબઈની જનતાએ ઉત્સાહભેર ભાગ લીધો અને ઈનામો પણ જીત્યાં. આ આયોજન મુંબઈ સમાચાર સાથે મળીને જેમણે કર્યું હતું તે બે ભાઈઓ છે દુષ્યંત સોની અને અમિત સોની.



■ **મુંબઈ સમાચાર ટીમ**

મુંબઈ સમાચારે તાજેતરમાં જ ગરબા વર્કશોપ અને બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધાનું આયોજન કર્યું હતું, જેમાં વાચકો સહિત મુંબઈની જનતાએ ઉત્સાહભેર ભાગ લીધો અને ઈનામો પણ જીત્યાં. આ આયોજન મુંબઈ સમાચાર સાથે મળીને જેમણે કર્યું હતું તે બે ભાઈઓ છે દુષ્યંત સોની અને અમિત સોની. યુવાનવયે તેમણે બે અલગ અલગ ક્ષેત્રોમાં મથામણ કરી છે અને બન્નેમાં સફળતાના પંથે ચાલી રહ્યા છે. મૂળ બગસરાના આ બન્ને ભાઈઓનો જન્મ અને ઉછેર આપણા મુંબઈમાં. તેમના પિતા કુવૈત હતા અને ત્યાંથી મુંબઈ આવી વસ્યા હતા. કુવૈતથી મહેનત કરી લાવેલી કમાણી ધંધામાં નાખી પણ પાર્ટનરના બદઈરાદા કામ કરી ગયા ને હાથમાંથી મૂડી ગઈ ને ધંધો પણ. જોકે હારે એ બીજા. બન્ને ભાઈઓ કિશોરાવસ્થામાં જ સોનીકામમાં લાગી ગયા. દુબઈમાં લગભગ પાંચેક વર્ષથી તેમણે પાર્ટનરશિપમાં ફેક્ટરી ચાલુ કરી જે સોનાના ઘરેણા બનાવી અન્ય શૉ રૂમને સપ્લાય કરે છે. આ કામ આસાન ન હતું. આ માટે બન્ને ભાઈઓએ ૧૮-૧૮ કલાકની મહેનત કરી છે. દિવસરાત એક કર્યા છે અને એટલો જ ભોગ આપ્યો છે પરિવારે. પરિવારની વાત કરીએ તો બન્ને ભાઈઓની પત્ની સંબંધોમાં સગી બહેનો છે. દુબઈમાં નવું કામ પણ વિકસે અને પરિવાર સાથેનું કનેક્શન પણ જળવાઈ રહે તે માટે બન્ને ભાઈઓએ બે બે મહિનાનો વારો કાઢ્યો છે. એક પરિવાર દુબઈ રહે ત્યારે બીજો પરિવાર મુંબઈમાં બાળકોનું ધ્યાન રાખે તે રીતે તેમણે બાળકોને ભણાવ્યાં. હવે ત્યારે બાળકો મોટાં થયાં ત્યારે આખો પરિવાર દાદી-દાદી સાથે દુબઈમાં રહે છે. પરિવાર સાથેનો આ અતૂટ નાતો તેમને બળ આપે છે, હિંમત આપે છે અને ગમે તે પરિસ્થિતિમાં ઝઝૂમવાની ખુમારી આપે છે. આ રીતે પરજિયા સોની ભાઈઓએ પોતાના પરંપરાગત ધંધામાં જમાવટ કરી છે, જોકે હજુ ઘણું કરવાનું બાકી છે તેમ અમિતભાઈ કહે છે.

હવે કરીએ બીજા ક્ષેત્રની વાત. એક કામ હોય છે જે તમે તમારું ને પરિવારનું પેટિયું રળવા કરતા હોવ છો અને બીજું કામ એ તમારું સ્વપ્ન હોય છે કે તમારો શોખ કે પેશન. ઘણીવાર એવું બને કે આ બન્ને એક જ હોય એટલે કે તમારું પેશન કે શોખ જ તમારી કમાણીનું મુખ્ય સાધન બને ત્યારે ક્યારેક એવી પરિસ્થિતિ પણ આવે કે તમારે સપના છોડી હકીકત સ્વીકારવી પડે ને શોખ કે જેની તલબ હોય તે પાછળ છૂટી જાય. દુષ્યંત સોની સાથે પણ આવું જ કંઈક બન્યું. અભિનેતા થવાના સપના જોયા ને તેને સાકાર કરવાની મહેનત પણ કરી પણ પરિસ્થિતિએ સાથ ન આપ્યો ને જવાબદારીઓ માથે આવી. જોકે તેઓ ડગ્યા નહીં. જેવી તક મળી કે તરત ઝડપી અને કામધંધા સાથે ફરી કલાજગતમાં ડગ માંડ્યા અને આનું નિમિત્ત બન્યું મુંબઈ સમાચાર. દુષ્યંત એ સમયને યાદ કરતા જણાવે છે ૧૯૯૭માં મુંબઈ સમાચારે ગરબા હરીફાઈનું આયોજન કર્યું હતું અને તેમાં તેઓ વિજેતા બન્યા. દુષ્યંત-અમિતનું ગરબા સાથેનું આ જોડાણ ૩૦ વર્ષથી છે

**દુષ્યંત** સોની સાથે પણ આવું જ કંઈક બન્યું. અભિનેતા થવાના સપના જોયા ને તેને સાકાર કરવાની મહેનત પણ કરી પણ પરિસ્થિતિએ સાથ ન આપ્યો ને જવાબદારીઓ માથે આવી. જોકે તેઓ ડગ્યા નહીં. જેવી તક મળી કે તરત ઝડપી અને કામધંધા સાથે ફરી કલાજગતમાં ડગ માંડ્યા

અને ૨૫ વાર તો તેમણે સ્પર્ધાઓ જીતી ટ્રોફી પોતાને નામ કરી છે. મુંબઈમાં તે સમયે યોજાતા તમામ ગરબા ગ્રાઉન્ડ પર આ બન્ને ભાઈઓ રમ્યા છે, વર્ષો સુધી પહેલા જ ક્રમાંકે ઈનામો જીત્યાં છે અને આ તમામ ગરબા ગ્રાઉન્ડમાં તેઓ જજ તરીકે પણ સેવા આપી ચૂક્યા હશે. આવું જવલ્લે જોવા મળતું હોય છે. હવે તેઓ જજ તરીકે કાર્યરત છે અને પાંચ વર્ષથી ગરબા વર્કશોપ કરી નવી જનરેશનને ગરબા શિખવાડે છે એ પણ ફ્રી ફ્રી ફ્રી. મુંબઈમાં તો ખરા જ પણ તેઓ દુબઈના ઈન્ડિયા કલબમાં પણ તેઓ ગરબા શિખવાડે છે અને યુવનો મોટી સંખ્યામાં આવે છે. તેઓ નવરાત્રિ દરમિયાન સ્પર્ધાઓનું પણ આયોજન કરે છે. કોરોનાની મહામારીના સમયમાં જ્યારે આખા વિશ્વમાં સોંપો પડી ગયો હતો ત્યારે સ્વાભાવિક છે કે કલાજગતમાં પણ શાંતિ છવાઈ હતી. આ વખતે ઓટીટી પ્લેટફોર્મ આવ્યું. ત્યારે દુષ્યંત અને અમિતે પણ ગરબાને ઓટીટી જેવું પ્લેટફોર્મ આપ્યું. તેમણે ઑનલાઈન ગરબા કોમ્પિટિશનનું આયોજન કર્યું. ડિજિટલ ગ્લોબલ ગરબા. ઘરેથી જ ગરબા રમતો વીડિયો અપલોડ કરવાની આ કોમ્પિટિશનમાં ૨૫૦૦થી ૩૦૦૦ જેટલી એન્ટ્રી આવી અને ૩૩ જ્યુરીએ તે જોઈ ૨૦૦ વિનર્સ પણ જાહેર કર્યા. વર્ષ ૨૦૨૦ ને ૨૦૨૧માં આ આયોજન કર્યુ. આ સમય દરમિયાન તેમના બે ગીત પણ ટી સિરીઝ પર રિલીઝ થયા. પોતાને જેમ પોતાની ધર્મ અને સંસ્કૃતિ અને તહેવારો પ્રત્યેની લાગણી તેમને અન્યોને પણ હોય તે સમજી બન્ને ભાઈઓ તેમની ફેક્ટરીના મહારાષ્ટ્રીયન વર્કસ માટે ખાસ ગણેશોત્સવનું ધામધૂમથી આયોજન પણ કરે છે.

આજે પણ દુષ્યંત સોનીની આંખોમાં અભિનય અને કલાજગત સાથે જોડાવવાનું સપનું રમતું દેખાય છે અને તેને સાકાર કરવાનો પ્રયાસ તેઓ કરી રહ્યા છે. ■



# અમદાવાદની આ માનૂનીએ યુએઈમાં ગુજરાતને ધબકતું રાખ્યું છે

■ **મુંબઈ સમાચાર ટીમ**

ગુજરાતના ગરબા હોય કે ગુજરાતનું જમણ હોય જ્યાં જ્યાં ગુજરાતી વસે ત્યાં તે જોવા મળે છે, પણ ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ-વડોદરામાં એક બીજો પણ તહેવાર છે જે ખૂબ જ ઉત્સાહથી મનાવાય છે અને તે છે ઉત્તરાયણ અથવા મકરસંક્રાંતી. આ દિવસે ભૌગોલિક ફેરફાર તો થાય છે, પણ તે સાથે એક ખાસ પરંપરા જોડાયેલી છે અને તે છે પતંગ ચગાવવાની. આ પતંગ ચગાવવાની મજા અમદાવાદથી દુબઈ સાથે લઈ ગયેલી એક ગુજરાતી મહિલાએ દુબઈ સહિત યુએઈના ઘણા દેશોને કાઈટ ફૅસ્ટિવલનું આયોજન કરતા કરી દીધા છે. આ મહિલાનું નામ છે સોનલ રાવલ. ક્લાસિક કોન્સેપ્ટના નામે ઈવેન્ટ મેનેજમેન્ટ ચલાવતા સોનલબેને દુબઈ અને યુએઈના ઘણા ભાગોમાં ભારતીયતા અને ગુજરાતીપણાને ધબકતું રાખ્યું છે.

મૈં ઝિંદગી કા સાથ નિભાતા ચલા ગયા...આ ગીતની પંક્તિ

**હાઈલાઈટ્સ**

- દુબઈમાં એકલા હાથે શરૂ કરી ઈવેન્ટ્સ મેનેજમેન્ટ કંપની
- દુબઈ-સાઉદી અરેબિયામાં કાઈટ ફૅસ્ટિવલનું ભવ્ય આયોજન કરે છે
- ભારતીયોનું પ્રતિનિધિત્વ કરવા દુબઈથી અબુધાબી ચાલતાં ગયાં
- ૫૦ વર્ષ પછી પહાડો ચડ્યાં ને સાહસો ખેડ્યાં

સોનલબેનને અનુરૂપ છે. મૂળ હળવદના અને અમદાવાદમાં ઊછરીને મોટા થયેલાં સોનલબેન લગ્ન કરી દુબઈ આવ્યાં. અહીં આવ્યાના થોડા સમયમાં જ તેમણે એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં નોકરી જોઈન કરી. તે સમયે ઈન્ડિયા અસોસિયશન દ્વારા ફ્રીમાં ટાઈપ રાઈટિંગ શિખવાડવામાં આવતું હતું. હંમેશાં નવું શિખવાના શોખિન સોનલબેને આ ક્લાસ જોઈન કર્યા અને તેમની આ આવડતે તેમને એક જાણીતી અમેરિકન કંપનીમાં સેક્રેટરીની પોસ્ટ મેળવવામાં મદદ કરી. તે બાદ તેમણે બીજી સારી કંપનીઓમાં પણ જોબ કરી. થોડા સમય બાદ પરિવાર તેમ જ બે સંતાનની જવાબદારીને લીધે તેમણે બ્રેક લીધો. ફરી જ્યારે કામ કરવાનું મન થયું ત્યારે સીધું સાહસ કર્યું ને શરૂ કરી



**બસ** ત્યારથી સોનલબેન ગુજરાતી સાહિત્ય, ગીત-સંગીત, હાસ્યના શૉનું દુબઈમાં આયોજન કરે છે અને દુબઈમાં ગુજરાતીપણાને જીવંત રાખે છે. જોકે માત્ર ગુજરાતી જ નહીં તેઓ દરેક ભાષાના કાર્યક્રમો કરે છે અને કલા સિવાય સ્પોર્ટ્સ અને બિઝનેસ ઈવેન્ટ્સને પણ સફળતાપૂર્વક ઑર્ગેનાઈઝ કરે છે. શાહબુદ્દીનભાઈ રાઠોડથી લઈ આજના સ્ટેન્ડ અપ કૉમેડિયન્સના શૉ તેમણે કર્યા છે. ડાયરાનો રંગ પણ જમાવે છે.

કોર્પોરેટ ગિફ્ટ આઈટમ્સની કંપની. આ બધા વચ્ચે તેઓ ગુજરાતને મિસ કરતા હતા અને તેમને થયું કે જેમ હું કરું છું તેમ અહીં રહેતા તમામ ગુજરાતીઓ કરતા જ હશે. બસ ત્યારથી તેઓ ખાસ કરીને ગુજરાતી સાહિત્ય, ગીત-સંગીત, હાસ્યના શૉનું દુબઈમાં આયોજન કરે છે અને દુબઈમાં ગુજરાતીપણાને જીવંત રાખે છે. જોકે માત્ર ગુજરાતી જ નહીં તેઓ દરેક ભાષાના કાર્યક્રમો કરે છે અને કલા સિવાય સ્પોર્ટ્સ અને

(જુઓ પાનું ૧૦) ▸▸

# વઢવાણના આ વેપારીએ દુબઈમાં ખોલી છે સોનાની સુપરમાર્કેટ

■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈમાં સોનું લેવાનું સરનામું તમે કોઈને પૂછો તો પહેલું નામ આવે કે બાફલેહમાં ચોક્કસ જજો અને ત્યાંથી જ લેજો. આ હોલસેલ અને રિટેઈલ ગોલ્ડ જ્વેલરીની ચેઈન બધે નામના ધરાવે છે અને લોકોનો વિશ્વાસ જીતી ચૂકી છે. અહીં લોકો કિલો સોનું લેવા હોલસેલ સ્ટોરમાં આવે તો દસ ગ્રામ લેવા રિટેઈલ સ્ટોરમાં આવે, પણ દુબઈમાં સોનું લેવાનું સરનામું અટલે બાફલેહ જ્વેલર્સ. તમામ પ્રકારની ડિઝાઈન તેમ જ અલગ અલગ કેરેટ્સવાળું સોનું એક જ છત નીચે મળતું હોવાથી આને ચોક્કસ સોનાનું સુપર માર્કેટ જ કહેવાય ને! હવે તમને જાણીને નવાઈ લાગશે કે એક નાનકડી દુકાનમાંથી આટલું મોટું સામ્રાજ્ય ઊભું કરનાર બીજું કોઈ નહીં પણ આપણા વઢવાણના વતની રમેશભાઈ વોરા છે, જે આ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ લગભગ ૩૨ વર્ષથી તેમના પાર્ટનર ક્યુવૈદર બાફલેહ સાથે ધંધો કરે છે અને શૂન્યમાંથી સર્જન તેમણે કરી બતાવ્યું છે.

રમેશભાઈ પોતાના સંઘર્ષ વિશે વાત કરવાનું પસંદ નથી કરતા. તે તેને જીવન જીવવાની રીત જ કહે છે અને તેને જીવનનો એક ભાગ જ માને છે. તેમ છતાં થોડી ઘણી વાતો તેમણે કરી છે. મૂળ સુરેન્દ્રનગરના વઢવાણના રમેશભાઈ એ દિવસોને યાદ કરતા કહે છે કે મારે કંઈક મોટું કરવું હતું અને એટલે મેં સપનાના શહેર મુંબઈની વાટ પકડી. લગભગ ૧૯૭૧ આસપાસ ભણતર પૂરું કરી તેઓ મુંબઈ ગયા. જોકે અહીં શરૂઆતના છ મહિના તેમના જીવનના સૌથી કઠિન દિવસોમાંના એક રહ્યા તેમ કહી શકાય. અહીં ટકી રહેવા તેમણે ઘણો સંઘર્ષ કર્યો. આ સમય દરમિયાન પોતે ક્યાં રહે છે તે પરિવારને જણાવ્યું જ નહીં, કારણ કે તેઓ તેમની તકલીફો જણાવવા માગતા ન હતા. જીવનમાં ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે તેમને ઝવેરી બજારમાં નોકરી મળી. તે બાદ શારજહામાં નોકરીની તક મળતા અહીં આવ્યા.

પહેલા શારજહામાં તેઓ જ્યારે આવ્યા ત્યારે શેરિંગ અપાર્ટમેન્ટમાં રહેતા હતા. તેમની ઓફિસ પહેલા માળે અને ઘર ત્રીજા માળે. તે બાદ લગ્ન થયા અને બે બેડ રૂમના શેરિંગ અપાર્ટમેન્ટમાં શિફ્ટ થયા તે પણ એક પરિવાર સાથે શેર કરવાનો હતો. જોકે બન્ને પરિવાર વચ્ચે સારા સંબંધો વિકસ્યા જે આજે પણ અકબંધ છે.)

BAFLEH JEWELLERY

> **રમેશભાઈ** જૈન ધર્મ પાળે છે અને દુબઈમાં પણ તમામ ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે. આંબેલ હોય કે પ્રતિક્રમણ કે તપસ્યા તેઓ તમામ નિયમો અનુસરે છે. તેમના પત્ની તપસ્યા કરવામાં મોખરે હોય છે. આ સાથે તેમની ઓફિસમાં તમામ ધર્મના લોકો મોટી સંખ્યામાં કામ કરે છે, પરંતુ બિનશાકાહારી ભોજન ઓફિસમાં લાવી શકાતું નથી.

ત્યાર બાદ ૧૯૯૨માં બાફલેહ પાર્ટનર સાથે માત્ર ૨૦૦ ક્વેરફૂટની જગ્યામાં દુકાન ખોલી ધંધો શરૂ કર્યો. જોકે આજે વઢવાણના આ દીર્ઘદષ્ટિવાળા વેપારીએ પોતાનું સામ્રાજ્ય બહોળું ફેલાવ્યું છે. આજે તેમની પાસે દુબઈનો સૌથી મોટો હોલસેલ શો રૂમ છે અને આ સાથે દસ રિટેઈલ સ્ટોર છે. લગભગ ૩૦૦ જણના સ્ટાફ સાથે તેમની કંપનીનું નામ ટોપ ફાઈલ હોલસેલરમાં આવે છે. એક ભારતીય અને ગુજરાતી તરીકે આપણે સૌને અભિમાન થાય કે રમેશભાઈએ એકલપંડે આ પાયો નાખી આવડી મોટી ઈમારત ચણી છે.

તેમના સ્ટોરની વિશેષ વાત તો એ છે કે અહીં તમને આઠેક દેશની જ્વેલરી ડિઝાઈન મળી રહેશે અને તેમાં પણ એટલી વેરાયટી કે તમે જોઈને થાકી જશો. આ સાથે અહીં એક જ છત નીચે તમને ૧૮, ૨૧,૨૨ કેરેટની જ્વેલરી મળશે અને આ સાથે ડાયમન્ડ જ્વેલરીની પણ વાઈડ રેન્જ જોવા મળશે. અહીંથી ઈન્ડિયા, તૂર્કીયે, ઈટાલી, ચીન, હોંગકોંગ, મલેશિયા, ઓસ્ટ્રેલિયામાં માલ એક્સપોર્ટ થાય છે એટલું જ નહીં સૌથી વધારે માલ તેઓ એક્સપોર્ટ કરે છે. આ સાથે સૌથી વધારે સોનું ભારતમાં એક્સપોર્ટ કરવા બદલ તેમને ભારત સરકારે એવોર્ડ્સથી નવાઝ્યા પણ છે.

આ બધુ રમેશભાઈની અથાગ મહેનત, તેમણે વિકસાવેલા સંબંધો, તેમની દીર્ઘદષ્ટિ, પાર્ટનરનો સંગાથ, પરિવારનો સાથ અને તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતી ટીમની મહેનતનું પરિણામ છે.



**હાઈલાઈટ્સ**

- આખા વઢવાણમાં તેમના એકના ઘરે જ મુંબઈ સમાચાર આવતું હતું
- એક છત નીચે તમામ ડિઝાઈન, કેરેટેસનું સોનું મળી રહેશે
- દર મહિને વતન વઢવાણની લે છે મુલાકાત ને કરે છે સત્કાર્યો
- વ્યસ્તતા વચ્ચે પણ જૈનધર્મના તમામ નિયમોનું કરે છે પાલન


> **લગભગ** ૩૦૦ જણના સ્ટાફ સાથે તેમની કંપનીનું નામ ટોપ ફાઈલ હોલસેલરમાં આવે છે. એક ભારતીય અને ગુજરાતી તરીકે આપણે સૌને અભિમાન થાય કે રમેશભાઈએ એકલપંડે આ પાયો નાખી આવડી મોટી ઈમારત ચણી છે.


> **મૂળ** સુરેન્દ્રનગરના વઢવાણના રમેશભાઈ એ દિવસોને યાદ કરતા કહે છે કે મારે કંઈક મોટું કરવું હતું અને એટલે મેં સપનાના શહેર મુંબઈની વાટ પકડી. લગભગ ૧૯૭૧ આસપાસ ભણતર પૂરું કરી તેઓ મુંબઈ ગયા. જોકે અહીં શરૂઆતના છ મહિના તેમના જીવનના સૌથી કઠિન દિવસોમાંના એક રહ્યા તેમ કહી શકાય.

પરિવાર વિશે વાત કરતા રમેશભાઈ જણાવે છે કે મારા પત્નીએ પણ એટલો જ સાથ આપ્યો છે. મોરના ઈંડા ચિતરવા ન પડે તેમ તેમનો પુત્ર પણ આ ક્ષેત્રમાં ૨૦૦૮થી છે અને તેણે મુંબઈથી ડાયમન્ડ જ્વેલરી ડિઝાઈનિંગ વગેરે શિખી ધંધામાં જાણે એક નવી પાંખ ઉમેરી છે. તેમના પત્ની અને પુત્રવધુ પર આ ધંધામાં એટલો જ સક્રિય સહયોગ આપે છે. પોતે આવ્યા તે સમયનું દુબઈ અને આજના દુબઈને જોતા તે કહે છે કે હું આવ્યો ત્યારે તે ગુજરાતના કચ્છનું નાનકડું ગામડું હોય તેમ લાગતું હતું, પરંતુ ૧૯૮૫થી અહીંના શાસકોએ વિકાસની નેમ લીધી છે અને આજે તે વિશ્વને અચંબો પમાડે તેવું બની ગયું છે. અહીં કામ કરવાની, વેપારધંધા વિકસાવવાની સવલતો તો છે જ, પણ તે સાથે કાયદો અને વ્યવસ્થા જે રીતે જળવાઈ છે તે નોંધનીય છે. ઘર પરિવારની મહિલાઓ રાત્રે બાર વાગ્યે પણ એકલી ફરે તો કોઈ ચિંતા હોતી નથી. ટ્રાફિક નિયમનથી માંડી નાગરિ સુવિધાઓ ખૂબ જ સારી છે. ક્વોલિટી ઑફ લાઈફ અહીં છે.

રમેશભાઈ જૈન ધર્મ પાળે છે અને દુબઈમાં પણ તમામ ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે. આંબેલ હોય કે પ્રતિક્રમણ કે તપસ્યા તેઓ તમામ નિયમો અનુસરે છે. તેમના પત્ની તપસ્યા કરવામાં મોખરે હોય છે. આ સાથે તેમની ઓફિસમાં તમામ ધર્મના લોકો મોટી સંખ્યામાં કામ કરે છે, પરંતુ બિનશાકાહારી ભોજન ઓફિસમાં લાવી શકાતું નથી. આ સાથે દિવાળી જેવા તહેવારો ખૂબ જ ધામધમૂથી ઉજવાય છે, સ્ટાફ સાથે તેમના પરિવારોને પણ સામેલ કરવામાં આવે છે. તેમની સાથે જોડાયેલા દેશવિદેશના વેપારીઓ પણ આવી ઉજાણીઓમાં આવવાનું પસંદ કરે છે. ભારતીયતા અને ગુજરાતીપણું હજુ અકબંધ રાખ્યું છે, તેમ તેમની સાથે વાત કરતા સહેજે જણાઈ આવે.

હવે વાત કરીએ રમેશભાઈ અને તેમના વતન વઢવાણ સાથેના અનેરા સંબંધની. પણ તે પહેલા રમેશભાઈ મુંબઈ સમાચાર સાથેના સંબંધોને વાગોળે છે. રમેશભાઈના ઘરે વર્ષોથી મુંબઈ સમાચાર આવતું હતું અને આનંદ સાથે આશ્ચર્યની વાત તો એ છે કે આખા વઢવાણ શહેરમાં માત્ર તેમના એક જ ઘરે મુંબઈ સમાચાર આવતું હતું. આ વાતને યાદ કરતા રમેશભાઈ કહે છે કે માત્ર અમે જ મુંબઈ સમાચાર છાપું ઘરે મંગાવતા હતા તે મહત્વની વાત નથી, પરંતુ માત્ર એક નકલ પહોંચાડવાની વ્યવસ્થા તમારા સંચાલકો-માલિકો એ સમયે કરતા હતા તે વાત વધારે મહત્વની છે. હવે વાત કરીએ વઢવાણ અને રમેશભાઈના અકબંધ સ્નેહસંબંધોની તો વિશ્વના ગમે તે ખૂણામાં રહો, વતન આખરે વતન હોય છે અને તે યાદ આવ્યા વિના રહેતું નથી. જોકે રમેશભાઈએ માત્ર વતનને યાદ નથી કર્યું, વતનને આપ્યું પણ છે. તમે નહીં માનો પણ રમેશભાઈ દર મહિને એકવાર દુબઈથી વઢવાણ આવે છે. વતન સાથેનો અતૂટ સંબંધ અને વતન માટે કંઈક કરી છૂટવાની ભાવના તેમને અહીં ખેંચી લાવે છે. અહીં તેમણે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ઘણા કામ કર્યા છે. અહીં તેમણે તેમનાં માતા-પિતા વોરા ભોગીલાલ શાંતિલાલ અને શારદાબેન વોરાના નામે હોસ્પિટલ બંધાવી છે. એક વ્યક્તિ પોતાની કોઠાસૂઝ, સખત મહેનત, આશાવાદ, સારા સ્વભાવ અને નીતિમત્તાથી કેટલું મેળવી શકે અને તે મેળવ્યા બાદ કોઈ ભાર કે અભિમાન ન રાખતા કેટલું સરળ અને સાદું જીવન જીવી શકે તે તમે રમેશભાઈ વિશે જાણો ત્યારે ચોક્કસ સમજી શકશો. ■

# આ વેપારી પિતાપુત્રની જોડીએ દુબઈમાં અલગ અલગ બિઝનેસમાં કાઠું કાઢ્યું છે

## ચેતન-કુશલ ભટ્ટ

■ મુંબઈ સમાચાર ટીમ



દુબઈની ખૂબ જ જાણીતી એવી મીના બજારમાં એક દુકાન છે. પ્રાઈમ લોકેશનમાં આવેલી આ દુકાનનું નામ છે ઈરકાન મેન્સ વેર. આ દુકાનમાં અંદર જશો તો નીચે અલગ અલગ કપડાના તાકા છે અને ઉપર ટેઈલર માસ્ટર બેઠા છે તમારું માપ લઈ તમારા કપડા સિવવા. અહીં રેડીમેઈડ શેરવાની જોઈ તમે ખુશ થઈ જશો. લગ્ન પ્રસંગ હોય, પૂજાવિધિ હોય કે પછી કોઈ પાંરપારિક તહેવાર. દુબઈના ભારતીય પુરુષો એક સરનામે આવે છે અને તે છે ઈરકાન મેન્સ વેર.

હવે આ સ્ટોરના જે માલિક છે તે ખૂબ જ યંગ એવો એક ગુજરાતી યુવાન છે કુશલ ભટ્ટ પણ કુશલ ભટ્ટની આ સફરની વાત કરીએ તે પહેલા વાત કરવી છે તેના પિતા ચેતન ભટ્ટની કારણ કે આ પિતાના અનુભવે દિકરાને પાંખો ફફડાવી નવી દિશામાં ઉડવાનું સાહસ અને બળ આપ્યું છે.

ચેતનભાઈનો પરિવાર મૂળ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરના મુળીનો વતની છે. ચેતન ભટ્ટ પોતાનો એલચી સહિતના મસાલાનો બિઝનેસ ધરાવે છે. આ ક્ષેત્રમાં તેમનું ખૂબ જ મોટું નામ છે. તેમનો જન્મ મુંબઈના માટુંગામાં થયો અને અભ્યાસ પૂરો કર્યા બાદ તેમણે મંગળદાસ માર્કેટમાં કપડાના વેપારી તરીકે કામ કર્યું હતું. અહીં કામ કરતાં સમયે તેમને એક જ્યોતિષીએ કહ્યું હતું કે છ મહિનામાં તમારી વિદેશયાત્રા થશે અન તેમની વાત સાચી પડી. ચેતનભાઈને ૧૯૮૨માં લંડન જવાનો મોકો મળ્યો અને તેઓ લંડન ગયા. અહીં ત્રણ વર્ષ રહ્યા અને ફરી મુંબઈ આવ્યા. તે બાદ ૧૯૯૦માં તેઓ દુબઈ આવ્યા. આ દરેક સમયે તેમણે ફૂડ સ્ટફના બિઝનેસ સાથે સંકળાયેલા કુમારભાઈ શ્રીમાંકર સાથે જ કામ કર્યું અને દુબઈમાં પણ તેમને ત્યાં જ ૧૫ વર્ષ જોબ કરી. તેમના માટે તેઓ એક પરિવાર સમાન જ હતા. તેઓ દુબઈ ગયા તે એ સમય હતો જ્યારે ગલ્ફવોર ચાલી રહી હતી. ચેતનભાઈના માતા-પિતાને આ સ્થિતિમાં દીકરો બીજા દેશમાં રહે તે વાતની સ્વાભાવિક ચિંતા થતી હતી, પરંતુ ચેતનભાઈએ તેમને હિંમત આપી. તેમણે અહીં લગભગ ૧૫ વર્ષ જોબ કરી. ફૂડ સ્ટફ બિઝનેસમાં તેમના બહોળા અનુભવે તેમને હામ આપી અને ૨૦૦૫માં તેમણે બિઝનેસમાં ઝંપલાવ્યું. ગુરુજીના આશીર્વાદ મળ્યા અને તેમણે પર્લ લાઈન નામ સૂચવ્યું અને ચેતનભાઈએ પર્લ લાઈન ટ્રેડિંગ એલસીસી નામે બિઝનેસ શરૂ કર્યો. તેમણે એલચીની બે મોટી બ્રાન્ડ એમ્પેરર અકબર બ્રાન્ડ અને એલિફન્ટ બ્રાન્ડને આગળ વધારવામાં દિવસરાત એક કરી નાખ્યા. ચેતનભાઈ કહે છે કે એક સમયે સો ટન જેટલી એલચી માંડ વેચાતી ત્યારે હવે ૩૦૦૦થી ૪૦૦૦ ટન જેટલી એલચીનું વેચાણ થાય છે. બર્માથી દુબઈ દાળ લાવનારા ચેતનભાઈ પહેલા વેપારી છે. દાળ બજારને પણ સમજ્યું. તેમ જ અન્ય મસાલા, સૂકો મેવો વગેરે ફૂડ સ્ટફમાં પણ ધીકતો ધંધો તેમણે કર્યો છે. ચેતનભાઈ કહે છે કે મેં અહીં આવી તનતોડ મહેનત કરી, સમય આપ્યો હવે તેનુ ફળ મળ્યું છે. જોકે તમને જણાવી દઈએ કે ચેતનભાઈ તેમની આ સફર વિશે જણાવે ત્યારે તેમના ચહેરા પર કે તેમની વાતોમાં નામનું પણ મોટાપણું છલકાતું નથી. ખૂબ જ શાંત અને નમ્રભાવે તેઓ દરેક વ્યક્તિ સાથે વાત કરે છે.

હવે ફરી આપણે કાપડના ધંધાની વાત કરીએ અને વાત કરીએ કુશલની. તો પિતાનો મંગળદાસ માર્કેટનો અનુભવ દિકરાને કામ આવ્યો. ચેતનભાઈનો દિકરો મોટો થયો. તેણે અમેરિકામાં બીબીએનો અભ્યાસ કર્યો. ફરી દુબઈ આવી તેણે પિતા પાસે ઈચ્છા વ્યક્ત કરી કે તે પિતાએ જમાવેલા નહીં, પરંતુ ટેક્સટાઈલ્સ બિઝનેસમાં કંઈક કરવા માગે છે. તે બાદ તેણે એથનિક મેન્સ વેરનો કોન્સેપ્ટ પિતા સમક્ષ મૂક્યો. જે પિતાએ પાસ કર્યો અને તેણે આ બિઝનેસમાં ઝંપલાવ્યું. કુશલે મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું કે મારા પિતા એક સમયે આ ધંધા સાથે જોડાયેલા હતા. મને પણ તેમાં રસ પડ્યો અને તેમનું માર્ગદર્શન લઈ મેં આ ધંધામાં ઝંપલાવ્યું અને ઈરકાન એથનિક મેન્સ વેરની શરૂઆત થઈ. ઈરકાન એક તૂર્કીશ નામ છે જેનો અર્થ થાય છે મજબૂત પુરુષ. કુશલના આ કલેક્શનમાં તમને ભારતીયતાની છાંટ મળશે. એકથી એક ચડિયાતું કલેક્શન અહીં મળશે. આ માટે કુશલ તેના ડિઝાઈનર અને ટીમને પણ શ્રેય આપે છે. કુશલના આ મેન્સવેર સેલિબ્રિટીમાં પણ લોકપ્રિય છે. કુશલ હાલમાં દુબઈમાં વધારે સ્ટોર ખોલી પોતાની બ્રાન્ડને વધારે મોટી અને લોકપ્રિય કરવા માગે છે તેમ જ આગળ જતા તે ભારતમાં પણ પોતાનું કલેક્શન લોંચ કરવા અંગે વિચારશે તેમ તેણે જણાવ્યું હતું.



### હાઈલાઈટ્સ

- પિતાનો કાપડના વેપારનો અનુભવ પુત્રને કામ આવ્યો
- પિતાએ એલચી સહિતના મસાલામાં નામ બનાવ્યું
- પુત્રએ નવી દિશામાં આગળ વધી એથનિક મેન્સવેરમાં ધંધો જમાવ્યો
- દુબઈમાં ભારતીય તેમ જ ગુજરાતી સંસ્કૃતિને જીવંત રાખવામાં અગ્રેસર

ચેતનભાઈની બીજી એક ઓળખ તેમની સામાજિક પ્રવૃત્તિઓ છે. કોઈપણ સાહિત્ય, સંગીત કે કલાને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરવું હોય તો ચેતનભાઈ મોખરે હોય છે. પોતાનાથી બનતી મદદ તેઓ કરે છે. દુબઈ કોઈ નવું નવું આવે તો તેને માર્ગદર્શન આપવાનું, મદદ કરવાનું તેમને ગમે છે. અમુક સમયે તેમણે લોકોને પોતાની ઘરે રાખીને પણ મદદ કરી છે. આ બાબતે તેઓ જણાવે છે કે મને પહેલેથી જ આવી પ્રવૃત્તિઓ કરવી ગમે છે. લોકોને ભેગા કરી તેમની સાથે મજા માણવી અને આ સાથે આપણી સંસ્કૃતિને જીવતી રાખવી, નવી પેઢી સુધી પહોંચાડવાનો મને શોખ છે. આ સાથે તેમણે જણાવ્યું કે દુબઈમાં વેપારીવર્ગ કરતા પણ વધારે સર્વિસક્લાસ રહે છે. આ લોકો પોતાને વતનથી દૂર અહીં કામ કરતા હોય છે. તેમને પણ મનોરંજન મળી રહે, પોતાનાપણું લાગે તે જરૂરી છે. દુબઈ અંગે તેઓ જણાવે છે કે અહીંની વ્યવસ્થા ખૂબ જ સરળ છે. અહીં આવીને રહેતી વ્યક્તિ જીવનમાં આગળ જાય છે, પાછળ પડતો નથી. અહીં થોડા સમય રહ્યા બાદ કેનેડા, યુકે, યુએસએ પણ ઘણા લોકો સેટલ થાય છે. જીવન જીવવાની અહીં આસાની છે એટલે એકવાર જે અહીં આવે તેને બીજે જવું ગમતું નથી, તેમ ઉમેરતા ચેતનભાઈ કહે છે ઈસ્ટ ઓર વેસ્ટ દુબઈ ઈઝ ધ બેસ્ટ.



# દુબઈના પાવર સેક્ટરમાં આ ગુજરાતીનો પાવર

## દીપક શેઠ

એવો કોઈ દેશ નથી જ્યાં ગુજરાતી નહીં વસતા હોય. થોડા સમય પહેલા જ આ વાત ભારતના વિદેશી બાબતોના કેન્દ્રીય પ્રધાન એસ. જયશંકરે કહી હતી. સૌ કોઈ જાણે છે કે ગુજરાતીઓએ દુનિયાના નકશામાં હશે તેટલા તમામ દેશો ખેડી કાઢ્યા હશે અને કાઠું કાઢ્યું હતું. મોટે ભાગે ગુજરાતીઓ વિદેશ વેપાર અર્થે જાય છે અથવા તો આજકાલ સર્વિસ સેક્ટર અને અભ્યાસ કરવા જનારા યુવાન ગુજરાતીઓની સંખ્યા પણ ઘણી છે. પણ ગુજરાતીઓ બીજા દેશમાં જઈ ત્યાંની સરકારી સેવાઓનો ભાગ બને તેવું ઓછું જોવા મળે છે અથવા તો આવા લોકોની જાણકારી આપણા સુધી ઓછી પહોંચી છે. આજે અમે તમને એક એવા જ ગુજરાતીનો પરિચય કરાવીએ જેમણે દુબઈ ઈલેક્ટ્રિસિટી એન્ડ વોટર ઓથોરિટી સાથે કામ કર્યું છે અને અવોર્ડ પણ મેળવ્યા છે. તેમનું નામ છે દીપક શેઠ. કેન્યામાં જન્મેલા દીપકભાઈ ૧૯૬૮માં જામનગર આવી સેટલ થયા. મધ્યમવર્ગીય પરિવારમાં હોય તે તમામ મુશ્કેલીઓ વેઠી મોરબીની એલ ઈ કૉલેજમાંથી એન્જિનિયરિંગ કરી તેમણે કારકીર્દીની શરૂઆત કરી. આંખોમાં મોટા સપના લઈ તેઓ પહેલા એસ્સાર કંપનીમાં જોડાયા. તે સમયની ભારત સરકારની આર્થિક ઉદારીકરણની નીતિએ ટેલિકોમ અને પાવર (ઊર્જા) સેક્ટરમાં વિદેશી કંપનીઓના રોકાણને આવકાર્યું. પાવર સેક્ટરમાં ઝંપલાવનારા એસ્સાર ગ્રૂપ સાથે કામ કરી પહેલો ગેસ બેઈઝ્ડ પાવર પ્રોજેક્ટ પૂરો કર્યો. તે બાદ વિદેશ ભણી મીટ માંડી અને મિડલ ઈસ્ટની મોટી પાવર કંપની દુબઈ ઈલેક્ટ્રિસિટી અને વોટર ઓથોરિટીમાં ૨૦૦૨માં કામ શરૂ કર્યું. દીપકભાઈ કહે છે કે અહીં સખત મહેનત અને નિષ્ઠાથી કામ કરીએ તો બધા માટે સફળતાની એક સમાન તક ઉપલબ્ધ છે. તેમણે અહીં પોતાના કામ અને કૌશલ્યના જોરે બે અવોર્ડ પોતાને નામ કર્યા. આ સાથે દુબઈના વિકાસની હરણફાળના સાક્ષી પણ બન્યા. પણ પછી વતન અને પરિવારની યાદ આવી અને ફરી જામનગર આવી એસ્સાર ગ્રૂપમાં જોડાઇ ગયા. જેમનામાં કૌશલ્યો અને સાહસ બન્ને હોય તેમના સપનાઓની કોઈ સીમા હોતી નથી આ સાથે તેઓ કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી નવા જોખમો ખેડતા રહે છે. દીપકભાઈ પણ આમાના એક. આખરે આ ગુજરાતીએ પણ બિઝનેસની વાટ પકડી. ફરી ગયા દુબઈમાં શરૂ કર્યો પોતાનો બિઝનેસ. ઘણા ઉતાર-ચઢાવ જોયા અને તે બાદ યુએઈ અને ઈન્ડિયામાં અલ બોર્ઝ ગ્રૂપની સ્થાપના કરી. હાલમાં ઘણા પ્રતિષ્ઠિત એવા સ્કેફોલ્ડિંગ (સ્કીલ ડેવલપમેન્ટ)ના પ્રોજેક્ટ્સ તેમની કંપની પાસે છે. આ સાથે બીજા દેશોમાં પાવર પ્લાન્ટ્સ સ્પેર્સ સપ્લાય કરવામાં આવે છે તેમ જ આ કંપની બીજી ઘણી પાવર પ્લાન્ટ્સને લગતી સેવાઓ પૂરી પાડે છે.

> **આ**જે અમે તમને એક એવા જ ગુજરાતીનો પરિચય કરાવીએ જેમણે દુબઈ ઈલેક્ટ્રિસિટી એન્ડ વોટર ઓથોરિટી સાથે કામ કર્યું છે અને અવોર્ડ પણ મેળવ્યા છે. તેમનું નામ છે દીપક શેઠ.

દીપકભાઈ તેમના જીવનની આ સફરથી ઘણા ખુશ છે. જીવનમાં આવતી અડચણો અને મુશ્કેલીઓનો તેઓ હિંમત અને સૂઝબૂઝથી સામનો કરે છે. તેઓ આપત્તીમાં પણ અવસર જૂએ છે અને યુવાનોને સલાહ આપે છે કે સાહસ કરો, સફળતા પોતાનો રસ્તો આપોઆપ શોધી લેશે.




### ઐતિહાસિક પળ

આપણા સૌના લાડકા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતીઓના ગૌરવસમા અખબાર મુંબઈ સમાચારના દ્વિશતાબ્દી મહોત્સવની ઊજવણી નિમિત્તે બીકેસી ખાતે આવેલા જિયો કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું હતું અને એ સમયે તેમણે દુનિયાભરમાં વસતા ગુજરાતીઓને એક તાંતણે જોડવાની અપીલ મુંબઈ સમાચારને કરી હતી. આ વર્ષે દિવાળી દુબઈની વિશેષાંક બહાર પાડીને મુંબઈ સમાચારે એ દિશામાં એક પગલું માંડ્યુ છે.

# એક અનેરું વ્યક્તિત્વ, દુબઈમાં દબદબો અકબંધ છે

## અનિલ ધાનક

■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈ પર્યટકો માટે આકર્ષણ ધરાવતો દેશ છે. ડાલામથ્થા ગુજરાતીઓ દુબઈની ગોલ્ડ માર્કેટમાં રાજ કરે છે. દુબઈ ગોલ્ડ સૂકમાં એક આખો દિવસ પર્યટકો ખરીદી માટે અચૂક સમય ફાળવે છે. અને પર્યટકોને ટુર ગાઈડ એક જગ્યા પર લઈ જઈ અને સુચના આપે કે 'બે કલાક માર્કેટમાં ફરવા માટેનો સમય છે. ફરીથી આ મોટી વીંટી વાળા શોરૂમ એ ભેગા થવું. આ મોટી વીંટી વાળો શોરૂમ એટલે ''કંઝ જ્વેલર્સ''. અને એ શોરૂમના માલિક એટલે અનિલ ધાનક.

સવારથી લઇ અને રાત સુધી પોતાના ૧૦ શોરૂમ વચ્ચે શૂટેડ બૂટેડ, પ્રતિભાશાળી, જાજરમાન વ્યક્તિ સતત ગ્રાહકો અને સ્ટાફ વચ્ચે હૂંફાળી કડીરૂપ કાર્યરત જોવા મળે.



મૂળ સૌરાષ્ટ્રના બગસરા ગામના અને લગભગ અડધી સદીથી દુબઈ ગોલ્ડ જ્વેલરી બિઝનેસ સાથે જોડાયેલા સોની પરિવારના બિઝનેસ ટાયકૂન અનિલભાઈના મૂળિયા દુબઈમાં ખૂબ મજબૂત છે કોઈપણ ગુજરાતી ક્યારેય પણ મૂંઝાય તો પહેલો સહારો અનિલભાઈનો હોય દુબઈ ગવર્મેન્ટ સાથે પણ ખૂબ જ સારા સંબંધો ધરાવતા અનિલભાઈ કોઈપણ પ્રશ્નનું નિરાકરણ લાવી શકે છે.

સતત કાર્યરત રહેતા અનિલ ધાનક ગોલ્ડ સૂકના પ્રવેશદ્વાર પાસે જ કોર્નર પર મોટો શોરૂમ ધરાવે છે અને તેમના ડિસ્પ્લેમાં પડેલ મોટી સોનાની વીંટી અંદાજિત ૮૫ કિલો સોનું અને તેમાં જડિત સાડા પાંચ કિલોનો ડાયમંડ તેમના શોરૂમની એક ઓળખ છે. કંઝ જ્વેલર્સમાં પગ મુકતા જ અભિભૂત થઈ જવાય એટલી ડિઝાઇનની જ્વેલરી ઉપલબ્ધ છે. નાના મોટા સૌ કોઈને પોતાની જરૂરિયાત મુજબની વસ્તુઓની જ્વેલરી ખૂબ સુંદર અને અકલ્પનીય ડિઝાઇનમાં છતાં એકદમ વ્યાજબી કિંમતમાં અહીં મળી રહે છે. એકદમ વિનયી અને વિવેકી સ્ટાફ જ્યારે તમારી સાથે ડીલ કરે ત્યારે તમને પોતાને પોતીકાપણું લાગે. અનિલભાઈને ગુજરાતીઓ પ્રત્યે અનેરો સ્નેહ છે.અંગત રીતે દરેક ગ્રાહકો પર ધ્યાન દેવાય તેવા તેમના પ્રયત્નો હોય છે. વિશેષ કહું તો અનિલભાઈ તેમની મહેમાનગતિ, આગતા સ્વાગતા,ગોલ્ડ ક્વોલિટી, રિઝનેબલ રેટ, ડિઝાઇનિંગ, વગેરે માટે વધુ વિખ્યાત છે. હાલ અનિલભાઈના દીકરા પણ બિઝનેસમાં ખભે ખભા મેળવી અને મહેનત કરે છે અનિલભાઈની ઘણી ખરી જવાબદારીઓ પોતાના ખભે ઉપાડી અને પિતાના પગલે ધંધાનો વિકાસ કરી રહ્યા છે. ભાગ્યે જ એવો કોઈ ગુજરાતી હશે જેણે તેમના શોરૂમ પાસે ઊભા રહી અને ફોટો પડાવી સોશિયલ મીડિયામાં અપલોડ નહીં કર્યો હોય.ફોટો અપલોડ કર્યા પછી કશું કહેવાનું રહેતું નથી કે આપ ક્યાં ફરીને આવ્યા છો.એ દુબઈ જ હોઈ શકે.

**મૂળ** સૌરાષ્ટ્રના બગસરા ગામના અને લગભગ અડધી સદીથી દુબઈ ગોલ્ડ જ્વેલરી બિઝનેસ સાથે જોડાયેલા સોની પરિવારના બિઝનેસ ટાયકૂન અનિલભાઈના મૂળિયા દુબઈમાં ખૂબ મજબૂત છે કોઈપણ ગુજરાતી ક્યારેય પણ મૂંઝાય તો પહેલો સહારો અનિલભાઈનો હોય દુબઈ ગવર્મેન્ટ સાથે પણ ખૂબ જ સારા સંબંધો ધરાવતા અનિલભાઈ કોઈપણ પ્રશ્નનું નિરાકરણ લાવી શકે છે.



અનિલ ધાનક દિવસ આખો બિઝનેસમાં વ્યસ્ત રહે છે. હાર્ડકોર બિઝનેસમેન પાછળ એક સોફ્ટ હાર્ટેડ અનિલભાઈને માણવા જેવા છે. જીવનમાં બહુ ઓછી વ્યક્તિઓથી પ્રભાવિત થવાય પરંતુ તેમની જીવન જીવવાની ફિલોસોફી, બીજા વ્યક્તિ સાથેના વ્યવહારની ફિલોસોફી, સમાજ માટે શું કરવું જોઈએની વાતો... તમે સાંભળો એટલે અર્થસભર અસ્ખલિત શબ્દોના પ્રવાહમાં તમે તણાતા જ જાવ અને એક અહોભાવની લાગણી જન્મે.

અનિલભાઈનું મિત્ર વર્તુળ પણ સિલેક્ટેડ અને 'એ' ક્લાસ છે. બોલીવૂડની ભાગ્યે જ એવી કોઈ સેલિબ્રિટી હશે જે અનિલભાઈના અંગત વર્તુળમાં નહીં હોય. અનેક હિન્દી ફિલ્મોમાં પણ તમે આ શોરૂમ નિહાળ્યો હશે. બોલીવૂડની સેલિબ્રિટી પરિવારના સભ્ય તરીકે અવારનવાર કંઝ જ્વેલર્સની મુલાકાત લેતા હોય છે. વાર તહેવારે પરિવાર સાથે અનિલભાઈની મુલાકાત લેતા હોય છે.

સમાજ માટે, સંસ્કૃતિની જાળવણી માટે બનતા પ્રયત્નો કરવાના પણ પ્રસિદ્ધિથી દૂર રહેવાનું.કાર્ય કરતા જવાનું ફળ ઉપરવાળો આપે જ છે તેવી તેમની પોતાની ફિલોસોફી છે.

દુબઈ ફરવા જાવ અને કંઝ જ્વેલર્સની મુલાકાત નહીં લો તો સંપૂર્ણ દુબઈ તમે નથી જોયું તેવું હું ખાતરીપૂર્વક કહી શકું. ■

## યંગ જનરેશનનો નાયાબ ડાયમંડ



*અર્જુન અનિલભાઇ ધાનક એટલે ગોલ્ડ સુક દુબઈનો જ્વેલરી માર્કેટમાં યંગ જનરેશનનો નાયાબ ડાયમંડ. કંઝ જ્વેલર્સના તમામ રિટેલ હોલસેલ બિઝનેસને પોતાના પિતાના અનુભવને ધ્યાનમાં લઈને અનુસરીને સંભાળી લીધો છે. એક વાત જાણીએ છીએ મહાભારતના અર્જુનની જેને લક્ષ્યમાં માત્ર પક્ષીની આંખ દેખાઈ હતી. આ વાત છે દુબઈના ગોલ્ડ સુકના ભાનક પરિવારના અર્જુનની, તેનું લક્ષ્ય પણ બહુ જ સ્પષ્ટ છે ગ્રાહકોનો સંતોષ, તેના હૃદયમાં સ્થાન અને નીતિપૂર્વક ગોલ્ડ જ્વેલરી બિઝનેસમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરવું.*

*ખૂબ જ ડાયનામિક પર્સનાલિટી, સાલસ સ્વભાવ અને ગ્રાહકો સાથેનું ડિલિંગ. આ ત્રિવેણી સંગમને કારણે કંઝ જ્વેલર્સ નંબર વન પર છે.*

*બે પેઢીની મહેનત અને ઊભું થયેલું સામ્રાજ્ય નવી પેઢીના હાથમાં આવે એટલે સ્વાભાવિક છે કે જૂની પેઢીને થોડી ચિંતા રહે પરંતુ પિતાના નક્ષે કદમ પર ચાલતા અર્જુનને બિઝનેસ કરતા જુઓ એટલે નિશ્ચિત થઈ જવાય.*

*અત્યારે નવી નવી ડિઝાઈન માર્કેટમાં મૂકવી આવશ્યક છે અને તે મોનોપોલી જળવાઈ રહેવી જોઈએ. અર્જુન ધાનક અંગત રીતે ધ્યાન દઈ અને લોકોની અપેક્ષા કરતાં પણ વિશેષ ડિઝાઇન પોતાના શોરૂમ માટે ડિઝાઇન કરે છે.*

*અર્જુનને બચપણથી જ ધર્મ અને નીતિનું જ્ઞાન મળ્યું છે.ધર્મ અને નીતિ જ્યારે બિઝનેસ સાથે જોડાય ત્યારે તે ધંધાને ચાર ચાંદ લાગે છે.સ્વભાવે શાંત અને નિખાલસ અર્જુન સવારથી રાત સુધી પોતાના બિઝનેસમાં સખત અને સતત મહેનત કરે છે. બિઝનેસમાં પિતાની ઘણી ખરી જવાબદારી અર્જુને બખૂબી ઉપાડી લીધી છે.*

*આવનારા વર્ષોમાં અર્જુન ધાનક ગોલ્ડ જ્વેલરી બિઝનેસને દુબઈ તથા અન્ય કન્ટ્રીમાં ટોપ ઉપર લઈ જવા માંગે છે. કંઝ જ્વેલરમાં જ્યારે તમે પગ મૂકો ત્યારે ખૂબ બધા ગ્રાહક ગ્રાહકોથી ઘેરાયેલા અર્જુન ધાનકને શાંત રીતે અને તમામ ગ્રાહકોને સંતોષ મળે તે રીતે ડીલ કરતા જોતા ભવિષ્યના મોટા ગોલ્ડ જ્વેલરી ડીલર ડિસ્ટ્રિબ્યુટરને જોયાની પ્રતીતિ થાય. ખૂબ ઉજજવળ ભવિષ્ય સાથે કંઝ જ્વેલર્સને નવા આયામ સર કરતા આપણે જોઈ શકીએ છીએ.*







# અબુધાબીમાં ગુજરાતી સમાજને ધબકતો રાખનાર


## તુષાર પટ્ટણી



■ મુંબઈ સમાચાર ટીમ

દુબઈની બાજુમાં ધબકતું રમણીય અબુધાબી. દુબઈનો દબદબો છે તો અબુધાબી અદભુત છે. ૨૧ હજારથી વધારે ગુજરાતીઓ અબુધાબીની શાન છે અને એના મુગટનું મોરપીંછ એટલે અજંતા જ્વેલર્સના માલિક તુષાર પટ્ટણી. મૂળ રાજકોટ પાસે નાનકડું એવું નવાગામ નામે ગામડું. ૧૯૬૮ માં પિતાની આંગળી પકડી અને સાઉદી અરેબિયાથી દુબઈ રોજગાર અર્થે ગયા, આંગળીઓમાં હુન્નર અને હૈયામાં હામ, પછી નસીબ કરે એનું કામ. કંઈક આવું જ તુષારભાઈ સાથે બન્યું. શરૂઆત હંમેશા તકલીફથી જ થાય.પરંતુ નીતિથી અને મહેનતથી કાર્ય કરો એટલે નસીબે ચમકવું જ પડે. પિતાજીની નાનકડી શરૂઆત આજે ૫૫ વર્ષ પછી અજંતા જ્વેલર્સ નામે ઝળહળે છે.

ગુજરાતી સમાજની ધરોહર સમા તુષારભાઈ છેલ્લા ૫૫ વર્ષથી અબુધાબીમાં ગોલ્ડ જ્વેલરી બિઝનેસ સાથે સંકળાયેલા છે. સ્વભાવના સાલસ, નિખાલસ અને મળતાવડા તુષારભાઈ દિવસ આખો ગ્રાહકો થી ઘેરાયેલા રહે છે. પરંતુ ગુજરાતી તહેવારો કે સંસ્કૃતિની વાત આવે ત્યારે સમગ્ર ગુજરાતી સમાજ માટે સંસ્કૃતિની જાળવણી કરવા સુંદર કાર્યક્રમનું આયોજન પણ કરે છે.સાથે મળી અને દરેક તહેવારો ઉજવાય છે. કાર્યક્રમનું આયોજન થાય છે.લોકો હળેમળે છે અને આનંદ કરે છે.



તુષારભાઈનું માનવું છે કે કોઈપણ દેશમાં જઈ અને વસો પરંતુ માતૃભાષા કે માતૃભૂમિને ક્યારેય ભુલાય નહીં.દેશમાં રહેતા હોય ત્યારે આપણે તમામ તહેવારો ઉજવતા જ હોઈએ છીએ. લોકોને, સગા-સંબંધીઓને મળતા હોઈએ છીએ.પરંતુ હજારો કિલોમીટર દૂર વિદેશમાં કદાચ પરિવાર સાથે ન હોય ત્યારે ગુજરાતી સમાજ ભેગો થાય એટલે આપણે દેશમાં હોઈએ તેવું જ લાગે.પરિવારની લાગણીનો અનુભવ થાય. વળી સંસ્કૃતિ પણ સચવાય. આજે પણ બહારથી આવતો કે અબુધાબીમાં રહેતો કોઈપણ ગુજરાતી તકલીફમાં હોય તો તેની જીભે પહેલું નામ તુષાર પટ્ટણીનું આવે. કોઈપણ પ્રકારની મુશ્કેલીમાંથી તેઓ રસ્તો કાઢી શકે છે. પરદેશમાં વસવા છતાં વતનમાં તેમના દાદાના નામની સ્કૂલ આજે પણ ઘણા વર્ષોથી તેઓ જ સંભાળે છે.અને શાળાની જરૂરિયાતનું પૂરતું ધ્યાન રાખે છે. પરિવારમાં પત્ની જેઓ ગૃહિણી છે અને ઘર ઉપરાંત બાળકોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી પરિવારને મજબૂત બનાવ્યો છે.બે સંતાનો અને તે પણ ગોલ્ડ બિઝનેસ સાથે જોડાઈ ગયા છે. સંપૂર્ણ અંગ્રેજી માધ્યમમાં ભણેલા છોકરાઓ શુદ્ધ ગુજરાતી બોલી શકે છે અને સવાર-સાંજ ઠાકોરજીની પૂજા પણ કરે છે. છેલ્લા૧૫ વર્ષથી તુષારભાઈ ના ખભ્ભે ગુજરાતી સમાજની જવાબદારી છે.અબુધાબીનો ગુજરાતી સમાજ એક સરસ કમિટી દ્વારા તમામ ગુજરાતીઓની જરૂરિયાત, મુશ્કેલીઓ, સેવાઓ માટે ખૂબ કાળજી લે છે.




તુષાર પટ્ટણીની એક મુલાકાત તેના સ્વભાવને કારણે સામેવાળાની કાયમની આદત બની જાય છે મળવા જેવા માણસ તરીકે તેના જીવનમાં કાયમ અંકિત રહે છે.

ત્રણ પેઢીથી જ્વેલરીના ધંધા સાથે સંકળાયેલા છે.ઠાકોરજીની અસીમ કૃપા છે, પરંતુ નાનામાં નાના માણસને પણ તુષારભાઈને મળવું સરળ છે.■

# દુબઈ કે યુએઈમાં સ્ટડી કે બિઝનેસ કરવા ઈચ્છતા હો તો જાણી લેજો

## ગોલ્ડન વિઝા




■ મુંબઈ સમાચાર ટીમ

દુનિયાના ગ્લોબલ ટૂરિસ્ટ સિટીમાં દુબઈનું નામ મોખરાનું છે, પરંતુ ત્યાં કે પછી યુએઈમાં સ્થાયી થવા માટે ગોલ્ડન વિઝાની પૉલિસી સૌથી પહેલી કામ આવે છે. 'ગોલ્ડન વિઝા'ની પૉલિસી પણ સ્પોન્સરશિપ સિસ્ટમ અન્વયે યુએઈમાં પહેલી યોજના અમલી બનાવી હતી, જેમાં વિદેશી લોકોને ફક્ત હંગામી ધોરણે રહેવાની મંજૂરી આપે છે. જો તમે દુબઈમાં રહેવા ઈચ્છતા હો તો આ મહત્ત્વની માહિતી જાણી લેવાનું જરૂરી છે.

વાસ્તવમાં 'ગોલ્ડન વિઝા' પૉલિસી મુખ્યત્વે રોકાણકારો, રિસર્ચર્સ, સ્ટુન્ડન્ટસ અને ટેલેન્ટેટ વિદ્યાર્થીઓને યુઈએમાં પાંચથી દર વર્ષ માટે રહેવા પરમિટ આપે છે. યુએઈએ દેશમાં પ્રતિભાશાળી લોકોને રાખવાના ઉદ્દેશથી ગોલ્ડન વિઝાનો પ્રારંભ કર્યો છે, તેથી તેના માટે કોઈ પણ અરજી કરી શકે છે. સામાન્ય રીતે વિદેશી નાગરિકને એમ્પ્લોયર તમને સ્પોન્સર કરી શકે છે, જેમાં તમને બે-ત્રણ વર્ષ રહેવાની મંજૂરી આપી છે. જોકે, યુએઈ ગોલ્ડ વિઝા અંગે તમને પાંચથી દસ વર્ષ રહેવા માટે રેસિન્ડેન્સી આપે છે.

ગોલ્ડન વિઝા કોઈ પણ વ્યક્તિને મળી શકે છે, પરંતુ સરકાર તમને સિક્યોર બનાવે છે, જેમ કે અહીં રહેનારી વ્યક્તિ પોતાનો બિઝનેસ કે રિસર્ચ સંબંધમાં પાંચથી દસ વર્ષ સુધી યુએઈમાં રહી શકે છે. તેના મારફત વ્યક્તિને યુએઈમાં ૧૦૦ ટકા ઓનરશિપ મળે છે. આ વિઝા લેનારી વ્યક્તિને નેશનલ સ્પોન્સર શોધવાની જરૂરિયાત પડતી નથી.

ગોલ્ડન વિઝાની અરજીની પ્રક્રિયા પણ સરળ છે. યોગ્ય પેપરવર્ક કર્યા પછી પોતાના બિઝનેસને આગળ વધારવા માટે તૈયારી દાખવવાની રહે છે. યોગ્ય માપદંડના આધારે રહેવા માટેની પરવાનગી મળે છે. એના સિવાય રોકાણકારો કે રિસર્ચર કે ટેલેન્ટેડ લોકોને દસ વર્ષના વિઝા માટે પાત્ર છે, જ્યારે બિઝનેસમેન અને વિદ્યાર્થીઓને પાંચ વર્ષના વિઝા આપવામાં આવે છે.

ગોલ્ડન વિઝાની પાત્રતા માટે ખાસ તો ૧૦ વર્ષના વિઝાની અરજી કરનારા રોકાણકારોને યુએઈની એક ફર્મમાં મૂડી રૂપે ઓછામાં ઓછા ૨૦ કરોડનું રોકાણ કરવાનું રહે છે, જ્યારે બીજી બાજુ પાંચ વર્ષના વિઝા માટે રોકાણકારોએ ઓછામાં ઓછું ૧૦ કરોડનું રોકાણ કરવાનું રહે છે. ઉપરાંત, આર્ટિસ્ટ ઍન્ડ કલ્ચરલ સેક્ટરના પ્રતિભાશાળી લોકોને યુએઈના વૈજ્ઞાનિક પરિષદ અને સાંસ્કૃતિક અને યુવા મંત્રાલય જેવા અધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવે છે. મિનિમમ ગ્રેડ ૯૫ ટકા અને ગ્રેજ્યુએશનમાં ઓછામાં ઓછા ૩.૭૫થી સરેરાશ ગ્રેડ પોઈન્ટવાળા વિદ્યાર્થીને પાંચ વર્ષ માટે યુએઈ રિસેન્ડન્સ વિઝા માટે અરજી કરી શકે છે.

તમારી જાણ ખાતર જણાવી દઈએ કે યુએઈના ગોલ્ડન વિઝા ધરાવનારા ભારતીયોની યાદીમાં બોની કપૂરના પરિવારમાં જાહન્વી કપૂર, અર્જુન કપૂર, ખુશી કપૂર અને અંશુલા કપૂરને દસ વર્ષના વિઝા આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, સંજય દત્ત, સંજય કપૂર અને સલમાન ખાનને પણ ગોલ્ડન વિઝા આપવામાં આવ્યા છે.■

# દુબઈને હરણફાળ ભરાવી વડા પ્રધાન શેખ

## મોહમ્મદ બિન રશીદ અલ મકતુમે

■ મુંબઈ સમાચાર ટીમ

દુબઇમાં હાલના પ્રેસિડન્ટ શેખ મોહમ્મદ બિન રશીદ અલ મકતુમ જેમનો જન્મ જુલાઈ ૧૫, ૧૯૪૯, દુબઈ, સંયુક્ત આરબ અમીરાતમાં થયો. મોહમ્મદ દુબઈના શાસક અને ૧૯૫૮થી ૧૯૯૦ સુધી મકતુમ રાજવંશના વડા શેખ રશીદ બિન સઈદ અલ મકતુમના ત્રીજા પુત્ર છે. મોહમ્મદે દુબઈમાં પોતાનું શિક્ષણ પૂરું કર્યા બાદ તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટી ઈંગ્લેન્ડમાં અંગ્રેજીનો અભ્યાસ કર્યો અને બાદમાં તેણે લશ્કરી તાલીમ મેળવી હતી.

૧૯૬૮માં યુનાઇટેડ કિંગડમે જ્યારે આ દેશને આઝાદ કર્યો તે સમયે મોહમ્મદ તેના પિતા સાથે સ્ટેટ્સ કાઉન્સિલની એક સમિટમાં ગયા હતા અને આજ સમિટમાં સંયુક્ત આરબ અમીરાતના સાત શેખોના સંઘની રચના થઇ. ૧૯૭૧માં તેમને સંરક્ષણ પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને ફેડરલ યુનિયન ડિફેન્સ ફોર્સ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું. આ સમય દરમિયાન ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં જ તેમના પિતા બીમાર થયા પછી મોહમ્મદ અને તેના ત્રણ ભાઈઓએ દુબઈની સરકાર તરીકે જવાબદારીઓ સંભાળી હતી. આ સમયગાળા દરમિયાન તેમની સૌથી નોંધપાત્ર સિદ્ધિઓમાં જેબેલ અલી બંદરની આસપાસ ફ્રી-ટ્રેડ ઝોનનો વિકાસ હતો જે હજારો ઔદ્યોગિક કંપનીઓ માટે વ્યાપારનું કેન્દ્ર બની ગયું હતું.



૨૦૦૬માં મોહમ્મદ દુબઈના અમીર બન્યા ત્યાં સુધીમાં અમીરાતની નાણાકીય ક્ષમતાએ તેને ફેડરેશનની અંદર કોઇપણ દેશની ભાગીદારી વગર કામ કરવાની મંજૂરી આપી હતી. જો કે મોહમ્મદના શાસનના થોડા વર્ષો બાદ દુબઈને ૨૦૦૭-૦૮માં જોરદાર ઝટકો લાગ્યો જેમાં વૈશ્વિક નાણાકીય કટોકટીએ દુબઇની અર્થવ્યવસ્થાને બરબાદ કરી દીધી. ૨૦૦૯માં અમીરાતે જાહેરાત કરી હતી કે તે તેના તાત્કાલિક ખર્ચાઓને પહોંચી વળવામાં અસમર્થ હશે, જેમાં ૧૦૦ બિલિયનથી વધુના દેવાની ચૂકવણી દુબઇએ કરવાની હતી પરંતુ પ્રેસિડન્ટ શેખ મોહમ્મદે ધીમી પરંતુ મક્કમ ગતિએ કામ કરવાનું ચાલુ રાખ્યું અને તેમને અબુ ધાબીમાંથી મળતા કાચા તેલ પર યોજનાઓ બનાવી અને દુબઈની પ્રગતિમાં એક છોગુ ઉમેરતા ૨૦૧૦માં વિશ્વની સૌથી ઊંચી ઈમારત બનાવી બુર્જ ખલીફા જેને જોવા માટે આજે દુનિયાભરના લોકો આવે છે. આ ઉપરાત તેમની રિયલ એસ્ટેટ, બંદર અને તેલની યોજનાઓએ દુબઇને એકદમ સ્થિર બનાવી દીધું. એટલું જ નહિ ૨૦૦૬થી અતુયાર સુધીના તેમના શાસનકાળ દરમિયાન તેમને લોકોને એટલી સુવિધાઓ આપી કે હાલમાં દુબઇમાં સ્થિત કે પછી કમાવા જતા લોકોએ કોઇપણ પ્રકારનો ટૅક્સ ચૂકવવો પડતો નથી. ■

(છઠા પાનાથી ચાલુ) અમદાવાદની આ માનૂનીએ યુએઈમાં ગુજરાતને

બિઝનેસ ઈવેન્ટ્સને પણ સફળતાપૂર્વક ઑર્ગેનાઈઝ કરે છે. શાહબુદ્દીનભાઈ રાઠોડથી લઈ આજના સ્ટેન્ડ અપ કૉમેડિયન્સના શૉ તેમણે કર્યા છે. ડાયરાનો રંગ પણ જમાવે છે. તેમણે ૧૯૯૮થી દુબઈમાં કાઈટ ફૅસ્ટિવલની શરૂઆત કરી હતી. ત્યારબાદ સાઉદી અરેબિયામાં કાઈટ ફેસ્ટિવલ કર્યા છે, જેમાં ૨૦થી વધારે દેશના કાઈટ ફ્લાયર્સને બોલાવ્યા હતા. તેમની આ કાબેલિયત જોઈ અબુધાબીની સરકારે તેમને અહીં કાઈટ ફૅસ્ટિવલનું આયોજન કરવા નિમંત્રણ આપ્યું છે. આપણે જે બેથી ચાર કલાકના કે એક બે દિવસના કાર્યક્રમોની નિરાંતે મજા માણી તાજામાજા થઈ જઈએ છીએ તેનાં આયોજન માટે ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીએ દિવસરાત એકઠા કર્યા હોય છે. આ કામ સહેલું નથી ત્યારે બીજા દેશમાં એક મહિલાએ આ સિદ્ધિ મેળવી છે તે પ્રશંસાને પાત્ર છે જ. દુબઈમાં ૪૫ વર્ષથી રહેતાં સોનલબેન કહે છે કે દરેકે પોતાના ભાગનો સંઘર્ષ તો કરવો જ પડે છે, પણ અહીં નવું કામ શરૂ કરવું સહેલું છે. વિવિધ પરવાનગીઓ મેળવવાથી માંડી આયોજન કરવા માટે અહી સુવિધાઓ છે. આ સાથે અહીંયા છે સુરક્ષા. કોઈ ડર વિના કામ કરી શકાય છે અને આ માટે જ અહીંના શાસકો પ્રત્યેના પોતાના અહોભાવને પ્રગટ કરવા અને તમામ ભારતીયોનું પ્રતિનિધિત્વ કરવા તેઓ દુબઈથી અબુધાબી સુધી ચાલતા ગયા હતા. વાત એમ હતી કે અહીંના સુલતાન (May Peace Be Upon Him) હીસ હાઈનેસ ઝહીદ બિન સુલતાન અલ નાહયાન ૧૯૯૮માં બીમાર પડ્યા હતા. ત્યારે તેમણે તેમના સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે ૧૬૦ કિમીનું અંતર ચલતા ચાલતા ચાર દિવસમાં પૂરું કર્યું હતું અને અબુધાબી ગયા હતા. આ ચાર દિવસ તેમને પોલીસનું રક્ષણ પણ આપવામાં આવ્યું હતું.

આમ તો મહિલાની ઉંમર પૂછાય નહીં ને જણાવાય પણ નહીં, પરંતુ અમે તમને ખાસ જણાવીશું કે સોનલબેન હાલમાં ૬૫ વર્ષના છે. હા, એ વાત ખરી કે તેમને મળશો તો તમે માનશો નહીં. આ જણાવવાનું કારણ તેમનો બીજો એક ચહેરો છે જે તમારી સામે લાવવો છે. ૫૦ વર્ષની ઉંમરે જ્યારે લોકો અને ખાસ કરીને મહિલાઓ નિવૃત્ત થવાની વાત કરતી હોય છે ત્યારે સોનલબેને પોતાના રમત ગમત અને સાહસો ખેડવાના શોખ સાથે સેકન્ડ ઈનિંગ શરૂ કરી. અમદાવાદમાં હોકી પ્લેયર રહી ચૂકેલા સોનલબેન માઉન્ટ એવરેસ્ટ જેવા પહાડો ચડવાથી સાઉથ આફ્રિકાના સૌથી ઊંચા પહાડ કિલીમંજારો ચડ્યા છે આ સાથે ડોલ્ફિન સાથે તરણ કરવાની, ચીનની દીવાલ ચડવાની, સાઇકલમાં પ્રવાસો કરવાની, ૫૨ માળની બિલ્ડિંગ ચડવાની, મેરેથોનમાં ભાગ લેવાની, રિવર રેફ્ટિંગ જેવી અનેક પ્રવૃત્તિઓ કરી છે અને તેમાં પ્રાઈઝ પણ જીત્યા છે. આ મોટાભાગની પ્રવૃત્તિઓ તેઓ ચેરિટી માટે કરે છે. ૪૦ દેશનું ખેડાણ કરી ચૂકેલા સોનલબેનની હજુ સાહસો કરવાની ઈચ્છા છે અને આ યાદી લાંબી છે.

લાઈફ આફ્ટર ૫૦ને તે વધારે એન્જોય કરી રહ્યા છે અને કામ અને શોખ બન્નેના કોમ્બિનેશનવાળું જીવન જીવી રહ્યા છે. તેઓ મહિલાઓને ખાસ સલાહ આપે છે કે તમે ચહેરા પર શું લગાડો છો તે મહત્ત્વનું નથી, પરંતુ શરીરમાં શું નાખો છો અને સ્વાસ્થ્યને કેટલું જાળવો છો તે મહત્વનું છે. પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં તેઓ એક જ સિદ્ધાંત સાથે કામ કરે છે કે કોઈને નડવું નહીં અને પોતાના કામનો આનંદ લેવો. ■

# ગુજરાતીઆ માટે ભારત બહાર બીજુ ઘર:દુબઈ

■ મુંબઈ સમાચાર ટીમ

ગુજરાતીમાં કહેવત છે કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!,,જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત! કવિતા જ્યારે પંક્તિ મટીને કહેવત બની જાય ત્યારે જાણવું કે કવિ અમર થઈ ગયો. પારસી વેપારી અરદેશરે આ એક કાવ્ય પછી કશુંય ન લખ્યું હોત તોયે ગુજરાત, ગુજરાતીઓ અને ગુજરાતી ભાષા- ત્રણેય એમનાં સદાકાળ ઋણી રહેશે. દુબઈમાં હાલમાં ૫૦૦૦૦ કરતા પણ વધારે ગુજરાતીઓ રહે છે. જરા ધ્યાનથી વાંચજો હો, ભારતીયોની સંખ્યા નથી કહેતી હું....ફક્ત ગુજરાતીઓની જ વાત કરું છું અને હા તમે બરાબર જ વાંચ્યુ દુબઈમાં ૫૦૦૦૦ કરતા પણ વધારે ગુજરાતીઓ રહે છે. હવે તો ઘણી બધી ઓનલાઇન એપના કારણે દુબઈમાં બેઠા બેઠા હજારો ગુજરાતીઓ ઓનલાઈનના તાંતણે બંધાયા છે.

આજે પણ જ્યારે વિશ્વના કોઈ ખુણે રહેતા ગુજરાતીના સંપર્કમાં આવીએ ત્યારે તેમણે વિદેશમાં વસાવેલી તેમની એક નાનકડી ગુજરાતી દુનિયા અચુક આપણને જોવા મળે છે. તો આજે આપણે વાત કરીએ દુબઇમાં વસતા ગુજરાતીઓની કે જેમણે દુબઈમાં પણ એક આખું ગુજરાત ઊભું કરી દીધું એટલું જ નહિ તેમણે બધાએ ત્યાં ભેગા મળીને તહેવારો ઉજવવાના શરુ કર્યા અને એકબીજા સાથે આત્મીયતાથી બંધાયા.

દુબઈ વિશ્વભરના લોકોને આકર્ષે છે. અહી અલગ અલગ દેશના ઘણા લોકો પણ રહે છે પરંતુ ભારતીયોની સંખ્યા બીજા બજા કરતા ઘણી વધારે છે તેમાં પણ ગુજરાતીઓ તો તમને મળી જ જાય. તેમાં પણ ખાસ કરીને ગોલ્ડના બિઝનેસમાં અને પેટ્રોકેમિકલના બિઝનેસમાં તો ગુજરાતીઓનો દુબઇમાં પણ દબદબો જોવા મળે છે. અરે એટલું જ નહી આપણા ગુજરાતીઓતો દુબઈમાં પણ તમને ગુજરાતી થાળીની મોજ કરાવી દેશે. ગુજરાતી થાળી પીરસતી રેસ્ટોરેન્ટ અહીં તમને આરામથી મળી જશે. અને જો તમે અહી જમ્યા તો ઘરના જમવાનો પણ સ્વાદ પણ ભૂલી જશો. તમારા ઘરથી હજારો માઇલ દૂર જ્યારે તમને એકદમ તમારા ઘર જેવું જ જમવાનું મળી રહે તો ભયો ભયો, બોલો આનાથી વધારે આનંદની વાત કંઇ હોઇ શકે. ગુજરાતીઓની ભાષા પણ એટલી મીઠી હોય કે ગુજરાતીઓ ખારી વસ્તુને પણ મીઠું કહીને બોલાવે છે. તેમની જીભ પર ભારોભાર સન્માન હોય છે અને મહેમાનને આવકાર્યા બાદ જતી વેળાએ પણ આવજો કહીને ફરી આવવાનું આમંત્રણ આપે એજ તો ગુજરાતી. એટલું જ નહીં, ગુજરાતીઓએ દુબઈમાં ધર્મનો પણ ડંકો વગાડ્યો છે. દુબઈમાં મંદિર પણ બનાવવામાં આવ્યું છે જ્યાં ગુજરાતીઓ રંગેચંગે પોતાના ધાર્મિક મહોત્સવો પણ ઉજવે છે. જ્યારે પણ કંઇ પ્રસંગ હોય કે ઉત્સવ હોય ત્યારે તમામ ગુજરાતીઓ તેમની આગવી શૈલી પ્રમાણે એક જગ્યાએ ભેગા મળીને તેનો આનંદ ઉઠાવે છે. પછી તે દિવાળી હોય કે મકર સંક્રાતિ કે પછી હોળી વિદેશમાં પણ તેઓ પોતાની પરંપરા છોડતા નથી. તેમાંય વળી નવરાત્રીનું તો પૂછવું જ શું ગુજરાતીઓએ તો દુબઇવાસીઓને પણ ગરબા રમતા શીખવી દીધું છે. ■

# આ કાઠિયાવાડી ચા હવે દુબઈમાં પણ ધૂમ મચાવશે

## દર્શન દાસાણી



**ચા** કાં તો ઘરમાં બને અને કાં તો ટપરી પર વેચાય. અથવા તો જ્યાં બધુ જ વેચાતું હોય તેવી હોટેલોમાં મોંઘીદાટ ચા મળે. ચાના કોઈ દિવસ કાફે હોય..?ન હોય. તો જે ન હોય તે ઊભું કરવાને તો વેપારીબુદ્ધિ કહેવાય ને. આ વાત સમજવા માટે દર્શનભાઈને ઘણો સમય લાગ્યો અને ૨૦૧૩માં ટી પોસ્ટનો જન્મ થાય તે પહેલા અલગ અલગ ધંધા અને ખેતી સુધ્ધાં કરી નાખી.

■ મુંબઈ સમાચાર ટીમ

આપણા લોકલાડીલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ એક સમયે રેલવે સ્ટેશન પર ચા વેચતા અને આજે વિશ્વના સૌથી સક્ષમ અને મજબૂત નેતા બની દેશને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે. ચા હવે ɪવકાસનું પ્રતિક બની ગયું છે.

જોકે આપણે જે ચાવાળાની વાત કરવાના છીએ તેમણે આ ધંધાને એક નવો જ રંગ આપ્યો છે. શરૂઆતમાં અનેક મુશ્કેલીઓ વેઠી અને તે સાથે મિત્રોની ટીખ્ખળ અને ટીકા પણ સહન કરી. પણ સૌરાષ્ટ્રમાં જન્મેલા આ યુવા ઉદ્યોગસાહસિકે પોતાના મનની વાત સાંભળી ને આજે કરોડોની કમાણી કરે છે અને સેંકડોને નોકરી આપે છે. તો ચાલો આપણે મળીએ અમરેલીના આ ચાવાળાને જેમનું નામ છે દર્શન દાસાણી અને જેમની ટી પોસ્ટમાં તમે ચોક્કસ ચાની ચુસ્કીઓ લીધી જ હશે.

ચા કાં તો ઘરમાં બને અને કાં તો ટપરી પર વેચાય. અથવા તો જ્યાં બધુ જ વેચાતું હોય તેવી હોટેલોમાં મોંઘીદાટ ચા મળે. ચાના કોઈ દિવસ કાફે હોય..?ન હોય. તો જે ન હોય તે ઊભું કરવાને તો વેપારીબુદ્ધિ કહેવાય ને. આ વાત સમજવા માટે દર્શનભાઈને ઘણો સમય લાગ્યો અને ૨૦૧૩માં ટી પોસ્ટનો જન્મ થાય તે પહેલા અલગ અલગ ધંધા અને ખેતી સુધ્ધાં કરી નાખી. પણ મન જેમાં સંતોષ અનુભવે તેવું કંઈ થતું ન હતું. પણ દરેક ટર્નિંગ પોઈન્ટ પહેલા એક ટર્ન આવે આ ટર્નથી જે સાચી દિશામાં વળે તેમને રસ્તો જડે ને પછી પ્રગતિની કેડી કંડારાય. આવું જ થયું અને આ પણ થયું એક ચાની ટપરી પર. આ વાતને યાદ કરતા દર્શનભાઈ કહે છે કે અમે મિત્રો સાથે મળી રોજ રાજકોટમાં આવેલા કેકેવી હોલ પાસેની ટપરી પર ચા પીવા જઈએ. એક દુકાનની બહાર એક લારી પર ચા પીવાની લગભગ અમને રોજની ટેવ. બન્યું એવું કે ત્યાં બાજુમાં એક કોમ્પ્લેક્સ વેચાતું હતું. મને વળી મજાક સૂઝી ને મેં લારીવાળાને કહ્યું કે તમે જ લઈ લો ને આ કોમ્પ્લેક્સ. સ્વાભાવિકપણે તે મારી વાત હસી કાઢશે તેવી મારી અપેક્ષા હતી, પણ તેણે ગંભીરતાથી કહ્યું કે સાહેબ મારી તો બહુ ઈચ્છા છે, પણ તેનો માલિક રૂ. પાંચ કરોડ કહે છે અને મારી પહોંચ રૂ. સાડાચાર કરોડ સુધીની છે. તમે જો ડીલ કરાવી આપો તો હું તો તૈયાર જ છું. તેમના આ જવાબે દર્શનભાઈના હોશ ઉડાડી દીધા અને તે બાદ તેમને હાશ પણ થઈ કારણ કે તેમને રસ્તો મળી ગયો.

આ રસ્તો એટલે ટી પોસ્ટ. તેમણે નક્કી કરી લીધું કે હું તો ભઈ ચા વેચીશ. સામાન્ય રીતે દરેક જગ્યાએ કોફી માટે વ્યવસ્થિત લાઉન્જ હોય છે. ઘણા મોટા આઉટલેટ્સ છે, પરંતુ ચા માટે ટપરી હોય છે. જ્યાં મોટે ભાગે એક ચા વારંવાર ગરમ થતી હોય, બેસવાની જગ્યા ન હોય, ગંદકી હોય, હાઈજિનના નામે કંઈ ન હોય. આથી ચા બેસી ને આરામથી પી શકાય, સ્વછતા હોય, સ્વાદમાં વરાયટી હોય તેવો કોન્સેપ્ટ તેમના મનમાં હતો. તેમણે પહેલી ચાની દુકાન રાજકોટમાં ખોલવાનો વિચાર કર્યો. ચા પીવા સિવાય ચા વિશે કંઈ ખબર ન હતી, પરંતુ ઈરાની ચાની હોટલોના દેખાવથી પ્રભાવિત હતા. તેમણે પોતાની દુકાન ડિઝાઈન કરવામાં પણ એટલો સમય લીધોને રૂ. પાંચ લાખમાં તૈયાર થતી દુકાન તેમને રૂ. ૨૫ લાખમાં પડી. તે બાદ એસેસરીથી માંડી બધું લેવામાં માથે પરસેવો વળી ગયો. જોકે મહેનતના ફળ મીઠા તેમ પહેલી ટી પોસ્ટ ખૂલી ને ત્યારે જ મનને એટલો સંતોષ થયો કે નક્કી કરી નાખ્યું કે આવી સો તો ખોલી જ નાખીશ. જોકે સો તો શું આજે ગુજરાત, મહારાષ્ટ્ર,રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં તેમના ૨૨૫ જેટલી ટી પોસ્ટ છે. દેશમાં પાંખો ફેલાવી હવે તેમણે વિદેશ તરફ પ્રયાણ કર્યું છે અને તેની શરૂઆત કરી છે સિટી ઓફ ગોલ્ડ દુબઈથી. દુબઈ જ શા માટે તેમ પૂછવામાં આવતા દર્શનભાઈ કહે છે કે અહીં ગુજરાતીઓ અને ભારતીયો મોટા પ્રમાણમાં છે. મને પહેલેથી જ ઈચ્છા હતી કે જ્યારે પણ હું દેશના સીમાડા વટી વિદેશ જઈશ ત્યારે શરૂઆત દુબઈથી જ કરીશ. અહીંના ખૂબ જાણીતા ડેસ્ટિનેશન જેએલટી ખાતે તેમની પહેલી ટી પોસ્ટ તેમણે શરૂ કરી છે. અત્યારે તેઓ અહીં લગભગ ૩૫ જેટલી ટી પોસ્ટ ખોલવાની ઈચ્છા ધરાવે છે. ચા સાથે ખાવા ગમે તેવા સ્નેક્સ પણ તમને મળે છે. આ સાથે ફ્રી વાઈફાઈ, સ્વચ્છ સુંદર એમ્બિયન અને ધીમે ધીમે ચાલતું મ્યુઝિક ચાની ચુસ્કીને વધારે તાજગીસભર બનાવી દે છે. દર્શનભાઈએ માત્ર હાઈફાઈ ચાની ટપરી નથી ખોલી, ચાની ક્વોલિટી જાળવી રાખી છે. તે માટે એક સિસ્ટમ સેટ કરી છે અને તે પ્રમાણે જ કામ થાય છે. ટી પોસ્ટનું વાતાવરણ જોઈ અને ચાની ચૂસકી ભરતા ભરતા વાતો કરવાની મજા જ કંઈક જુદી છે.

ચાની આટલી વેરાયટી હોઇ શકે? અહીં મળતા ગરમા ગરમ ગુજરાતી નાસ્તા એકવાર દાઢે વળગે પછી કાયમની મીટીંગ પ્લેસ ટી પોસ્ટ જ બને છે. વ્યાજબી ભાવે શુદ્ધ, સાત્ત્વિક, સ્વાદસભર નાસ્તા અને સોડમ સાથે કરંટવાળી ચા ટી પોસ્ટની ગુડવિલ છે.

ગમે તેટલા પ્રયાસો બાદ સફળતા ન મળે તે એકવાર ચાલી જાય, પરંતુ સફળતા મળ્યા બાદ જો વચ્ચે બ્રેક લાગે તો સ્થિતિ વધારે ગંભીર બની જાય. આવો સમય પણ આવ્યો જ્યારે કોરોના નામની વિકરાળ મહામારીએ વિશ્વને ભરડામાં લીધું. દર્શનભાઈને એક વાર તો થયું કે આ સાકાર થઈ ગયેલા સપનાને ક્યાંક અધવચ્ચે જ તૂટતું જોવાનો વારો તો નહીં આવે ને. જોકે આ સમયે પણ તમામ કર્માચારીઓને સાચવી લીધા અને ધીમે ધીમે ફરી ટી પોસ્ટ પર ચાની સોડમ ઊડતી થઈ. ઘોર અંધારામાંથી ફરી અજવાળું થયું અને આ અજવાળું આ વર્ષે લગભગ રૂ. ૧૨૫ કરોડને આંબી ગયું છે. તેમની આ વર્ષની નેટવર્થ રૂ. ૧૨૫ કરોડ થઈ હોવાનું તેઓ જણાવે છે.

દર્શનભાઈએ પહેલી નોકરી મેડિસિન સાથેની કરી હતી. મેડિસિન એક એવી વસ્તુ છે જે કોઈ હસતા હસતા ન લે આથી આ નોકરીમાં કંઈ ફાવ્યું નહીં ને તેમણે છોડી દીધી. મારે તો ખુશીઓ આપે તેવો ધંધો કરવો છે તેવી તેમની ઈચ્છા હતી. હવે તેમણે આવો જ બિઝનેસ કર્યો છે. તેમની ટી પોસ્ટ પણ ચા પી કોઈ તાજુમાજુ થાય છે, કોઈ રિલેક્સ થાય છે, કોઈ મિત્રો સાથે મસ્તી કરે તો કોઈ બિઝનેસ મીટિંગ પણ કરે. અહીં પ્રેમના પ્રપોઝલ પણ અપાઈ તો ક્યારેક એકાંતનો આનંદ પણ લેવાય. અહીં સાહિત્યકારો, ગાયકો, સંગીતકારો આવી પોતાના પ્રોગ્રામ્સ પણ કરે, સ્ટેન્ડપ કોમેડી પણ થાય. પણ બધું તેમની ચા જેવું સ્ટાન્ડર્ડ અને હાઈ ઈન ક્વોલિટી.

કોઈ કામ નાનું કે મોટું નથી હોતું, તેમ આપણે વારંવાર કહીએ કે સાંભળીયે છીએ, પરંતુ કરતા સમયે તો મૂલવ્યા વિના રહેતા નથી અને લગભગ એટલા માટે જ કેટલાય નવા ઉદ્યોગસાહસિકો, કલાકારો, ચિત્રકારો, લેખકોની કારકિર્દીનો સૂરજ ઊગતા પહેલા જ આથમી જાય છે. એક સારા, સમૃદ્ધ ઘરનો ભણેલોગણેલો છોકરો નાનકડી દુકાન ખોલી ચા વેચે? આ સવાલનો જવાબ મોઢેથી દેવામાં દર્શનભાઈ જો પડ્યા હોત તો લગભગ ટી પોસ્ટનો પહેલો સ્ટોર પણ ન ખૂલ્યો હોત, પરંતુ તેમણે કહેણીથી નહીં કરણીથી જવાબ આપ્યો. આજે તેમનો અહીં સુધીનો પ્રવાસ જ એ સવાલનો જવાબ છે. તો તમે શાનો વિચાર કરો છો મારો ચાની એક ચુસ્કી ને શરૂ કરો આવી જ કોઈ નવી દિશામાં ઉડાન. ■




# અલ ઈમાદ દુબઈની સહુથી મોટી કાર રેન્ટલ કંપની કઈ રીતે બની?

## ઉઝેર ગઝલફર



■ મુંબઈ સમાચાર ટીમ

કરછી મૂળના ગઝલફર પરિવારનો દુબઇમાં કાર રેન્ટલ કંપની તરીકે દબદબો છે. આ કંપનીનો માલિક એવો મેમણ પરિવાર પાર્ટિશન પછી કચ્છમાંથી કરાચી પાકિસ્તાન જઈ વસ્યો અને ત્યાંથી દેશાવર ખેડી ધંધા વિકાસ અર્થે દુબઈ પહોંચ્યો. બહુ સામાન્ય કુટુંબ, પણ મહેનત કરવાની પૂરેપૂરી તૈયારી. ગઝલફર પરિવાર દુબઈ પહોંચી અને ડ્રાઇવિંગના વ્યવસાયમાં જોડાયો. ૨૦૦૮માં દુબઈ જ્યારે વિકાસની હરળફાળ ભરી રોજ નવાં શિખરો સર કરતું હતું ત્યારની આ વાત છે. પરિવારને વિચાર આવ્યો કે દુબઈમાં વ્યવસાય કે ફરવા માટે આવતા લોકોની સૌથી મોટી જરૂરિયાત ટ્રાન્સપોર્ટેશનની છે. ઓછા સમય માટે આવતા લોકો પોતાની કાર ખરીદી અને તેનું મેન્ટેનન્સ, પાર્કિંગ, ઇન્સ્યોરન્સ ઉપરાંત ઘણી બાબત સંદર્ભે ઝંઝટમાં પડવા ના માગતા હોય તો તેમના માટે આપણે શું કરી શકીએ અને અંકૂર ફૂટ્યા અલ ઈમાદના

**''અલ ઈમાદ''** પોતાની માલિકીની ૬,૦૦૦ કાર ધરાવે છે.સમગ્ર યુએઈમાં એક દિવસથી લઈ અને એક વર્ષ સુધી કાર ભાડે આપે છે.





કાર ભાડે દેવાનો બિઝનેસ શરૂ કરવાનો આ વિચાર અમલમાં મૂક્યો ને ત્રણ કારથી કંપનીની શરૂઆત થઈ. આ શરૂઆત ત્રણેક કાર ઈકોનોમી ક્લાસની કારથી કરી, કારણ તે લોકોનું લોજિક એવું હતું કે એક કે બે દિવસ આવવાવાળી વ્યક્તિની બહુ મોટી કારની ડિમાન્ડ નથી હોતી. વળી ફેમિલી કાર તરીકે નાની કાર દરેક રીતે પોસાય પણ ખરી. તેમની શરૂઆત બહુ સારી થઈ અને ધીમે ધીમે કંપની વિકાસ કરતાં કરતાં હાલ ''અલ ઈમાદ'' પોતાની માલિકીની ૬,૦૦૦ કાર ધરાવે છે.સમગ્ર યુએઈમાં એક દિવસથી લઈ અને એક વર્ષ સુધી કાર ભાડે આપે છે.

દુબઈ ફરવા જાવ કે ધંધાના વિકાસ અર્થે જાઓ ત્યારે આમ તો કોઈ સમસ્યા નડતી નથી, પરંતુ સૌથી મોટી સમસ્યા ટ્રાન્સપોર્ટેશનની રહે છે. એવા સંજોગોમાં એક દિવસના અંદાજિત ૭૦ દિરહામથી લઈ અને અલગ અલગ પેકેજમાં કાર ભાડે મળે છે. એક વીક, ૧૫ દિવસ, એક મહિનો કે વધુ સમય, તે પ્રમાણે ભાડામાં ફેરફાર થઈ શકે છે. વળી જો ડ્રાઇવર સાથે કાર જોઈતી હોય તો પણ ઉપલબ્ધ છે. અને તમારી પાસે ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ લાઇસન્સ હોય તો વિધાઉટ ડ્રાઇવર પણ કાર ભાડે મળે છે. માની લ્યો તમારી પાસે ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ લાઇસન્સ નથી તો ''અલ ઈમાદ તમને ત્યાં માત્ર ગણતરીની મિનિટોમાં ઇન્ટરનેશનલ લાઇસન્સ કરાવી આપે છે. જેની ગવર્નમન્ટની ફી અઢીસો દિરહામ જેવી છે. આ ઉપરાંત તેમના ગ્રાહકોમાં ફક્ત ફેમિલી જ નથી હોતા, પરંતુ તેમાં કંપનીઓ પણ છે. અલ ઈમાદ કંપનીનો ધ્યેય બજારમાં એવી કારો મૂકવાનો છે કે જેના કારણે લોકોને આરામદાયક મુસાફરી મળી રહે તેમજ ગ્રહકોની માનસિક શાંતિ મળી રહે એ મહત્ત્વનું છે. તેથી કંપની તેની કારોનું નિયમિતપણે ચેક કરે છે કે તે તેમના ગ્રાહકોની સલામતી માટે યોગ્ય છે કે નહિ.

**''અલ ઈમાદ''** તમને ત્યાં માત્ર ગણતરીની મિનિટોમાં ઇન્ટરનેશનલ લાઇસન્સ કરાવી આપે છે. જેની ગવર્નમન્ટની ફી અઢીસો દિરહામ જેવી છે. આ ઉપરાંત તેમના ગ્રાહકોમાં ફક્ત ફેમિલી જ નથી હોતા, પરંતુ તેમાં કંપનીઓ પણ છે. અલ ઈમાદ કંપનીનો ધ્યેય બજારમાં એવી કારો મૂકવાનો છે કે જેના કારણે લોકોને આરામદાયક મુસાફરી મળી રહે તેમજ ગ્રહકોની માનસિક શાંતિ મળી રહે એ મહત્ત્વનું છે.તેથી કંપની તેની કારોનું નિયમિતપણે ચેક કરે છે

કાર ભાડે લીધા બાદ પાર્કિંગ કે અકસ્માત કે કાર બગડી જવા જેવા પ્રશ્નોમાં ભાડે લેનાર વ્યક્તિને કોઈ તકલીફ રહેતી નથી. બધી જ કાર ઓનર જવાબદારી લેતા હોય છે. દંડની રકમ પણ કાર ઓનર ભરી આપે છે. અલ ઈમાદ કંપનીના પાયા ફૂરકાનભાઈએ નાખ્યા છે, પરંતુ હાલ તેની બીજી પેઢી એટલે કે યંગ એન્ડ ડાયનેમિક પર્સનાલિટી ઉઝેર અને તેમના મોટા ભાઈ સંભાળે છે.

હવે તમને કરીએ મજાની વાત તો આ મૂળ કચ્છી મેમણ પરિવારે ''મુંબઈ સમાચાર પરિવાર સાથે આત્મિયતાથી જોડાઈ અને ખાસ મુંબઈ સમાચારના દર્શકો અને વાચકો માટે લાગણી વ્યક્ત કરતા એક સરસ ઓફર આપી છે. તેમની ઓફર પ્રમાણે અલ ઈમાદનો ''મુંબઈ સમાચાર''ની વેબસાઈટ અને youtube ચેનલ પર પોસ્ટ થનારો વીડિયો કોઈ મને દેખાડશે અથવા તો ''મુંબઈ સમાચાર''નું નામ આપશે તેને એક વીક કાર રેન્ટમાંથી બે દિવસ ફ્રી કાર આપવામાં આવશે અને વધારે દિવસ માટે કાર રેન્ટ પર જોઈતી હશે તો વધારે દિવસ ફ્રી કરી દેવામાં આવશે. આ ગઝલફર પરિવારની ઝિંદાદિલી દર્શાવે છે.

દુબઈમાં મેમણ પરિવારની કહાની સાંભળ્યા પછી એક વાત તો નક્કી છે કે સારા વિચાર સાથે મહેનત કરવાની તૈયારી હોય તો એક નાનકડો વિચાર બહુ મોટા ધંધાના પાયા નાખી શકે છે. તેનું જીવતું જાગતું ઉદાહરણ ''અલ ઇમાદ'' કંપની છે.

ઉઝેર અને તેમના ભાઈને મળ્યા પછી એક વાત ચોક્કસ લાગે છે કે આવતાં વર્ષોમાં આ કંપની સમગ્ર યુએઈ ઉપરાંત બહારના બીજા દેશમાં પણ વિશ્વની અગ્રીમ રેન્ટલ કાર કંપનીમાં નામના ધરાવતી હશે તેમાં કોઈ શક નથી.


#kanzjewels
Our Glitter
Your Grace
Shine with Dubai Gold
Kanz®
JEWELS DUBAI
Treasure of timeless beauty®
BRANCHES IN DUBAI
Deira Gold Souk
Tel: +971 4 235 3111
Meena Bazaar
Tel: +971 4 386 2222
Gold & Diamond Park
Tel: +971 4 340 0557
Ithra - Gold Souk Extension
Hind 5 Building - Tel: +971 4 225 3002
info@kanz.ae
www.kanz.ae